

# શ્રાવક જન તો તેને રે કહીએ...

:સંયોજક:

પ.પૂ. મુનિ શ્રી મહોદયસાગરજી મ.સા. 'ગુણબાલ'

॥ શ્રી આદિનાથાય નમઃ ॥

ॐ હ્રીં શ્રી આર્ય-જય-ધર્મ-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણસાગરસૂરિ
સદ્‌ગુરુભ્યો નમો નમઃ

# શ્રાવક જન તો તેને રે કહીએ...

[સુશ્રાવક-શ્રાવિકાઓને ચાતુર્માસમાં તેમજ શેષકાળમાં પણ ખાસ ગ્રહણ કરવા યોગ્ય શ્રાવકની દિનચર્યાને અનુસરતા નિયમોની રૂપરેખા તેમજ શ્રાવકના ૨૧ ગુણો, ૧૨ વ્રતો તેમજ પચ્ચખ્ખાણ કે નિયમનું મહત્વ દર્શાવતી કથાઓ, તથા શ્રાવક જીવનને યોગ્ય આરાધનાને અનુરૂપ માહિતી દર્શાવતું પુસ્તક એટલેજ **શ્રાવક જન તો તેને રે કહીએ....**]

卐 卐

: સંયોજક :

અચલગચ્છાધિપતિ, યુગપ્રભાવક

**પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.**

**ના વિનેય મુનિશ્રી મહોદયસાગરજી 'ગુણબાલ'**

卐

: પ્રકાશક :

દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ ગ્રન્થ પ્રકાશન કેન્દ્ર

## શ્રાવક જન તો તેને રે કહીએ...

### સૂચના

- પુસ્તકને રખડતું મૂકી આશાતના કરવી નહિ.
- ઉપર ઉપરથી જોઇ જવાને બદલે અક્ષરશઃ મનન પૂર્વક અવશ્ય બે-ત્રણ વાર વાંચવું.
- યથાશક્તિ વ્રત-નિયમો લઇ સંયોજક તથા પ્રકાશકનાં શ્રમને સફળ બનાવો.


| પ્રથમાવૃત્તિ | મુલ્ય | દ્વિતીયઆવૃત્તિ |
|---|---|---|
| સં. ૨૦૩૪ | રૂા. ૫-૦૦ | સં. ૨૦૩૮ |
| ૫૫૦૦ નકલ | | ૧૫૦૦ નકલ |

પ્રકાશન ક્રમાંક

૪૫


### પ્રાપ્તિ સ્થાન


**શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ**
૧૧૪/ઝવેરી મેન્શન, ૧ લે માળે,
કેશવજી નાયક રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૯.

**શ્રી દીપક આર. ગાલા**
એ ૪, અરિહંત એપાર્ટમેન્ટ,
૧ લે માળે; ગોખલે રોડ,
મુલુંડ (ઇસ્ટ),
મુંબઇ-૪૦૦ ૦૮૧.

**શ્રી આ. ર. જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ**
નાંગલપુર (ટીંઠ),
તા. : માંડવી - કચ્છ.

**લક્ષ્મીચંદ એન્ડ કું.**
શારદા ચેમ્બર્સ નં. ૧,
ગાલા નં. ૬, અન્ડર ગ્રાઉન્ડ,
ભાતબજાર કુવારા સામે,
મુંબઇ-૪૦૦ ૦૦૯
ફોન : ૩૪૪૫૫૬



મુદ્રક : કેશવજી હીરજી ગોગરી, હર્ષા પ્રિન્ટરી,
૧૨૨, ડો. મહેશ્વરી રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૯. ફોન : ૮૬૫૬૮૮-૮૬૫૫૬૯

વાત્સલ્ય વારિધિ,
યુગપ્રભાવક અચલગચ્છાધિપતિ

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

# ગુણસાગરસૂરીશ્વરજી

મહારાજાસાહેબ



મેળવવા જેવો મોક્ષ... લેવા જેવું સંયમ...
ને છોડવા જેવો સંસાર

# પ્રકાશકીય નિવેદન

## દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ ગ્રન્થ પ્રકાશન કેન્દ્ર.

જગદ્‌ગુરુ, અનેક નૃપ પ્રતિબોધક, પ્રૌઢ પ્રતાપી, અનેક તીર્થોના પ્રેરક અને ઉદ્ધારક, વિધિપક્ષ (અચલ) ગચ્છ જંગમ તીર્થ યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ મ. સા. ની ચતુર્થ જન્મ શતાબ્દી વર્ષની સ્મૃતિ નિમિત્તે અચલગચ્છાધિપતિ અચલગચ્છ દિવાકર, કચ્છ કેસરી, તીર્થપ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગર-સૂરીશ્વરજી મ. સા. પ્રેરણાથી અમોએ શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ 'દ્વારા સંચાલિત' દાદાશ્રી કલ્યાણ સાગરસૂરિ ગ્રન્થ પ્રકાશન કેન્દ્રની સ્થાપના કરી.

આ સંસ્થાની સાહિત્યકૂચ દિન પ્રતિદિન વિકાસ ભણી આગેકૂચ કરી રહેલ છે. લગભગ ૪૫ જેટલા પ્રકાશનો બહાર પડી ચૂકયા છે. કેવળ ટૂંકા ગાળામાંજ પોણા બે લાખ નકલો બહાર પડી ચૂકી છે. આજથી ૪ વર્ષ પહેલાં અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.**ના ઘાટકોપરના સં. ૨૦૩૪ના ચાતુર્માસમાં વિદ્વાન પ્રવચનકાર પૂ. મુનિશ્રી મહોદયસાગરજીના રોચક પ્રવચનો સાંભળી કઇ આત્માઓ વ્રતો નિયમો લેવા કટિબદ્ધ થયા. ત્યારે શ્રાવકોને વ્રતો-નિયમો લેવામાં અનુકુળતા રહે એ માટે 'આરાધના દીપિકા' અને 'દેશવિરતિ દીપિકા' નામની પુસ્તિકાઓનું પ્રકાશન કરવામાં આવ્યું. જોત જોતામાં એ નકલો ખપી ગઇ.... માંગ વધતી જતી હોવાનું લક્ષમાં રાખીને બન્ને પુસ્તિકાઓનું એકત્રીકરણ કરી થોડા સુધારાવધારા કરી તેમજ સુંદર બોધદાયક કથાઓ, ૨૧ ગુણાનો ચાર્ટ, પ. પૂ. અચલગચ્છાધિપતિશ્રી રચિત ૧૬ ભાવનાઓ, અષ્ટપ્રવચન માતા આદિ આરાધનાને યોગ્ય લેખાંકો મૂકી 'શ્રાવક જન તો તેને રે કહીએ' એ નામ રાખી આ નૂતન પુસ્તક આપ સૌની સમક્ષ મૂકતાં હર્ષ અનુભવી રહ્યા છીએ.

સં. ૨૦૩૮નાં મહાલક્ષ્મી નગરે અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.** આદિ ઠાણા ૧૨ના તિરૂપતિ એપાર્ટમેન્ટમાં સમાજ રત્ન સુશ્રાવક શ્રી ઘમંડીરામજી ગોવાણી તથા ખંભાલાહીલ જૈન સંઘનાં ઉપક્રમે કરાવાયેલ યાદગાર ચાતુર્માસની રંગભીની યાદને કાયમ રાખવા પૂ. મુનિશ્રી મહોદયસાગરજી મ. સા. દ્વારા સંપાદિત આ નૂતન પ્રકાશન પ્રકાશિત કરીએ છીએ.

આ પુસ્તક દ્વારા સૌ કોઇ સાચા શ્રાવકનું સ્વરૂપ જાણી યથા યોગ્ય વ્રતો નિયમો ધારણ કરી માનવ જીવનને સફળ બનાવે એજ-શુભાભિલાષા.

**—શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના ટ્રસ્ટીઓ.**

# પુસ્તક વિષે કંઈક....

શ્રાવક એટલે સંસારનો દ્વેષી !

શ્રાવક એટલે સંયમનો પ્રેમી !

શ્રાવક એકલે મુક્તિનો અભિલાષી !

સંસારમાં અનાદિકાળથી જીવ સ્વભાવ છોડી પરભાવમાં રાચે છે. એમાંથી મુક્ત થઈ સાચી દિશામાં પ્રગતિ કરી શકે, વિરાધક ભાવમાંથી આરાધક ભાવમાં આવવા માટે, અનંતકાળની અજ્ઞાનતાનો છેદ ઉડાડી, સહજાનંદી સિદ્ધસ્વરૂપી એવું નિર્વાણ પદ પ્રાપ્ત કરવા માટે શ્રી જિનેશ્વર ભગવંતોએ જે આચાર માર્ગ બતાવ્યો છે એ માર્ગને અનુસરનારો જીવ તે જ જૈન.

શ્રી જિનેશ્વર દેવને નમનારો, પૂજનારો, તેમના જ ધ્યાનમાં રહેનારો, તેમના ઉપદેશને, આચારને, આચારના ફળ સ્વરૂપ સિદ્ધ પદને અને સિદ્ધ પદની પ્રાપ્તિમાં સહાયભૂત થનાર સાધુ ધર્મને આદર આપનારો, હૃદયમાં બહુમાન પૂર્વક મન–વચન–કાયાથી પ્રણામ કરનારો તે જૈન. આવા જૈન સદ્‌ ગૃહસ્થને શ્રાવક નામથી ઓળખવામાં આવે છે.

શ્રાવકનું જીવન એટલે આરાધના સભર જીવન

શ્રાવકનું જીવન એટલે ઉપાસનાથી યુક્ત જીવન

શ્રાવકનું જીવન એટલે સ્વાધ્યાય અને ધ્યાનનો સંગમ....

શ્રાવકનું જીવન એટલે....

પ્રભુ ભક્તિ

સર્વ જીવ મૈત્રી અને આત્મ શુદ્ધિનો ત્રિભેટો

ઘડીયાળના કાંટા કેટલી વફાદારી પૂર્વક આપણને સમય બતાવી રહ્યા છે? પણ આપણે એ સમય નામની અમૂલ્ય વસ્તુનું મૂલ્ય સમજ્યા નથી. વહેલી પરોઢે પથારીમાં બેઠા થતાં જ અર્ધો કલાક છાપાના વાંચન દ્વારા દુનિયાની પંચાત કરવા આપણી પાસે સમય છે....અડધો કલાક 'ઓલઇન્ડીયા' કે 'સિલોન' સાંભળવામાં પણ આપણને જરાય વાંધો આવતો નથી.... 'ચા'નો કપ હાથમાં જ રાખી પા અર્ધો કલાક ગામ ગપાટા મારવા માટે આપણે તૈયાર! હાય ! તો પછી ધર્મની આરાધના માટે.... બે ઘડીના સ્વાધ્યાય માટે.... વ્રતો નિયમો લેવા પાળવા માટે, એક અડધો કલાક પ્રભુ

ભક્તિ માટે ફાળવવો હોય તો આપણાથી એમ કેમ બોલાય કે 'No time'! 'સમય' તો સદાય આ પૃથ્વી પર સ્વનિયમાનુસાર એકધારી ગતિએ રહેવાનો જ છે આપણે આપણા જીવન પ્રવાહને આડો-અવળો વેડફી રહ્યા છીએ.

યાદ રાખજો. અહીં માનવ રૂપી દેહના કોડિયામાં અંતરને અજવાળવા અને માનવતાના દીવડા જગમગાવવા જ્ઞાનનું, ધ્યાનનું, ત્યાગનું અને ધર્મનું જ દીવેલ પૂરાય છે. યાદ કરી લેજો કે માનવ જીવન હીરા અને રત્નોથી પણ અત્યંત મોઘેરૂં છે—પણ મોંઘારત માનવતાની છે, તન અને મનની નહીં! કિંમત કોડિયાની નહીં, દીપકની છે!

આ પુસ્તિકા આપણા હાથમાં આવી છે. તો ચાલો, આજથી જ જીવનમાં માંગલ્યનું પરોઢ જગાવીએ....

અનાદિકાળની પાપવાસનાઓનો હવન કરીએ....

શ્રદ્ધા-સ્નેહ-સમર્પણની વેદી બનાવીએ....

અચલગચ્છાધિપતિશ્રીના વિનેયરત્ન વિદ્વાન પ્રવચનકાર પૂ. મુનિશ્રી મહોદયસાગરજી મ. સા. 'ગુણબાલ' એમણે અથાગ પરિશ્રમ કરી આ પુસ્તિકાનું સંયોજન કરેલ છે.

જેમાં શ્રાવકના ૨૧ ગુણોનો ચાર્ટ, ૧૨ વ્રતોની સમજણ, કરવા યોગ્ય કાર્યોને તજવા યોગ્ય કાર્યોની સમજણ, નાનો પણ નિયમ કેટલો ફળદાયી નીવડે છે તે અંગે બોધદાયક કથાઓ, તદ્ઉપરાંત શ્રાવક જીવનોપયોગી અચલગચ્છાધિપતિશ્રીની કૃતિઓનું સંકલન કરી આ પુસ્તકને નામ પ્રમાણે યથાયોગ્ય બનાવેલ છે.

એમણે આદરેલ આ કાર્યની અનુમોદના....સહ પૂજ્યશ્રીને કોટિશઃ વંદના! એમના આશયને સાર્થક કરીએ....

ને

માનવ જીવનને સફળ બનાવીએ....

તિરૂપતિ એપાર્ટમેન્ટ,
મહાલક્ષ્મી.

—ચૈતન્ય

ગચ્છાધિપતિ ગુરૂદેવશ્રીનાં ચિરસ્મરણીય ઐતિહાસિક

## ચાતુર્માસની કેટલીક ઝલકો!

### * પૂજ્યોની પધરામણીઃ-

પ્રિય પાઠકો,

અમોને જણાવવામાં અત્યંત થાય છે કે જ્યારથી સમાજરત્ન શ્રેષ્ઠીવર્ય શ્રી ધર્મંડીરામજી ગોવાણી પરિવારની આગ્રહભરી વિનંતિને માન આપીને તિરૂપતિ એપાર્ટમેન્ટ મહાલક્ષ્મીનાં આંગણે કચ્છ કેસરી, શીઘ્ર કવિ, યુગ પ્રભાવક, તપોનિધિ, પરમ શાસન પ્રભાવક, અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.** પોતાનાં શિષ્ય-પ્રશિષ્યો સાહિત્યરત્ન પૂ. મુનિરાજ **શ્રી કલાપ્રભસાગરજી મ. સા.**, પૂ. વિદ્વાન મુનિવર્ય **શ્રી મહોદયસાગરજી મ. સા.** પૂ. મુનિવર **શ્રી સૂર્યોદયસાગરજી મ. સા.**, પૂ. મુનિ **શ્રી પુણ્યોદયસાગરજી મ. સા.** પૂ. **બાલ મુનિશ્રી ગુણરત્નસાગરજી મ. સા.**, પૂ. મુનિ **શ્રી સર્વોદયસાગરજી મ. સા.** પૂ. મુનિ **શ્રી કમલપ્રભસાગરજી મ. સા.**, પૂ. મુનિ **શ્રી ધર્મપ્રભસાગર મ. સા.**, પૂ. મુનિ **શ્રી નયપ્રભસાગર મ. સા.**, પૂ. મુનિ **શ્રી પદ્મસાગરજી મ. સા.**, પૂ. મુનિ **શ્રી ઉદયરત્નસાગરજી મ. સા**, ઠા. ૧૨ નાં પરિવાર સહિત પધાર્યા છે ત્યારથી શ્રી સંઘમાં અનેરા આનંદ ઉલ્લાસના વાતાવરણ સાથે અભૂતપૂર્વ ધર્મજાગૃતિ આવેલ છે.

### * પ્રથમ વાર ચાતુર્માસ! અને તે પણ ગચ્છાધિપતિશ્રીનું.......!!

અમારા આ ખંભાલા હીલ જૈન સંઘના વિસ્તારમાં આ સર્વ પ્રથમવાર ચાતુર્માસ થયેલ છે, અને તેમાં પણ ગચ્છાધિપતિ ગુરૂદેવશ્રીનાં ચાતુમાસથી શુભ શરૂઆત થવાથી અમારા સહુનાં હૈયામાં આનંદ સમાતો નથી!

*** સોનામાં સુગંધ :-** વળી સોનામાં સુગંધ રૂપે અમારી આગ્રહભરી વિનંતિને માન આપીને પ. પૂ. વિદુષી **સા. શ્રી પુણ્યોદયશ્રીજી મ. સા.** આદિ ઠા. ૬ ને પણ પ. પૂ. અચલગચ્છાધિપતિશ્રીની આજ્ઞા મળતાં તેઓશ્રીનાં

ચાતુર્માસનો પણ અમને લાભ મળતાં તેઓશ્રીની પ્રેરણાથી શ્રાવિકા સંઘમાં પણ અપૂર્વ ધર્મજાગૃતિ આવેલ છે અને શ્રાવિકાઓએ વિવિધ તપ આદિમાં ઉલ્લાસભેર જોડાઇને ચાતુર્માસને દીપાવવામાં સુંદર ફાળો નોંધાવ્યો છે. **ચાતુર્માસ પ્રવેશની** ભવ્યતા અષાઢ સુદ ૧૦ નાં ચાતુર્માસ પ્રવેશ દિને ઠેઠ કલ્યાણ અંબરનાથ, ડોંબીવલી થાણા વગેરે દૂર દૂરનાં મુંબઇ બહારનાં પરાઓમાંથી તથા મુંબઇનાં લગભગ તમામ પરાઓમાંથી આવેલ સંઘોનાં આગેવાન શ્રાવક-શ્રાવિકાઓ સહિત લગભગ ૨૦૦૦ ની મેદની વચ્ચે પૂજ્યશ્રીનો બેન્ડ-વાજા સહિત દબાદબા ભર્યો શાનદાર ચાતુર્માસ પ્રવેશ થયો ત્યારે હર્ષના હિલોળે ચડેલી જનતાએ કરેલા ગગનભેદી બુલંદ નારાઓ સાંભળીને તથા ક્રોડાધિપતિ શ્રીમંત શ્રાવકો પણ વયોવૃદ્ધ પૂજ્યશ્રીની ડોલી ઉપાડવા માટે જે પડાપડી કરતા હતા એ અનુપમ દશ્યને વિસ્ફારિતનેત્રે નિહાળતા અજૈન લોકોનાં હૃદયમાં પણ જૈનધર્મની અનુમોદના દ્વારા ધર્મબીજનું વપન કરાવે એવું એ અનુપણ દશ્ય આજે પણ અમારી આંખ સામે તરવરી રહ્યું છે!

**✲ ચાતુર્માસનાં ચિરસ્મરણીય ચમકારા !**

પૂજ્યશ્રીની પ્રેરણાથી આ ચાતુર્માસને ચિરસ્મણીય, સુવર્ણાક્ષરે લેખનીય અને ઐતિહાસિક બનાવે તેવી કેટલીક શુભ પ્રવૃત્તિઓ થઇ તેની કેટલીક ઝલકો શ્રી સંઘની અનુમોદનાર્થે અત્રે ટૂંકમાં રજુ કરીએ છીએ.

**✲ પ્રવચન ગંગોત્રીની વિવિધતા ભરી જલધારાઓ :-**

દર સોમ-મંગળ-બુધનાં **"શાંત સુધારસ"** તથા **"ભરહેસર-બાહુબલી આદિ જીવન ચરિત્રો"** નાં આધારે **પૂ. મુનિશ્રી મહોદયસાગરજી** મ. સા. દ્વારા અપાતા વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો દર ગુરુ-શુક્રનાં **"શ્રાદ્ધ વિધિ"** ગ્રંથનાં આધારે **પૂ. મુનિશ્રી કલાપ્રભસાગરજી** મ. સા. દ્વારા અપાતા "શ્રાવક ધર્મ" વિષેનાં મનનીય પ્રવચનો, દર શનિવારે જૈન શાસ્ત્રાનુસારી ચિત્રપટોનાં આધારે "**જૈન તત્વજ્ઞાન**"નાં વિવિધ મનનીય વિષયો પર તથા દર રવિવારે **"ક્ષમા અને ક્રોધ વચ્ચે તુમુલ યુદ્ધ"** યાને "એકપક્ષીય વેરવૃત્તિનો કરુણ અંજામ" એ વિષય પર મુનિશ્રી મહોદયસાગરજી મ. સા. દ્વારા અપાતી જાહેર પ્રવચનમાળાનું શ્રવણ કરવા માટે તારદેવ, સાત રસ્તા, વરલી, ભાયખલા, વગેરે નજીકનાં

તથા રવિવારનાં દૂરનાં પણ અનેક પરાઓમાંથી સંખ્યાબંધ તત્ત્વરસિક ભાઇ–બહેનોએ આવીને લાભ લીધો. તથા પર્યુષણ પર્યંત દરરોજ બપોરે ૨ાા થી ૩ાા સુધી **પૂ. મુનિશ્રી સર્વોદયસાગરજી** મ. સા. રમુજી શૈલિથી "**ઉપદેશ પ્રસાદ**" ગ્રંથનાં આધારે પ્રવચનો આપતા હતા.

✻ **ભીંત તોડવી પડી!** પ્રવચન માટે વિશાળ વ્યાખ્યાન હોલ પણ સાંકડો પડતાં બે હોલ વચ્ચેની ભીંત તોડીને વ્યાખ્યાન હોલને મોટો બનાવવો પડયો.

✻ **પ્રવચનશ્રવણની ફલશ્રુતિ :–** ઉપરોકત પ્રવચનોની ફલશ્રુતિ સ્વરૂપે અનેક ભાઇ બહેનોએ ક્રોધ ન કરવાની, પ્રભુદર્શન–પૂજન કરવાની ત્રિસંધ્યાએ ૧૨–૧૨ નવકાર ગણવાની, સિનેમા આદિનાં ત્યાગની, ફટાકડા ન ફોડવાની વગેરે વિવિધ પ્રતિજ્ઞાઓ લીધી તથા આસો વદ ૭ નાં દિને નાણ સમક્ષ ૬૦ જેટલા ભાઈ–બહેનોએ શ્રાવકના ૧૨ વ્રત તથા બ્રહ્મચર્ય વ્રતાદિનો સ્વીકાર કર્યો હતો! તથા વિવિધ તપશ્ચર્યાઓ ઉચ્ચારવાની તથા પદ્ગલ વોસીરાવવાની ક્રિયા કરી હતી.

✻ **પ્રાતઃકાળે સામૂહિક પ્રાર્થના ધૂન – જાપ–સ્તોત્રપાઠ :–** સંવત્સરી પર્યંત પ્રતિદિન પ્રાતઃકાળે પ્રભુપ્રાર્થના–નવકારમંત્રની ધૂન–જાપ તથા ભકતામર સ્તોત્રનો સામૂહિક પાઠ થતો. તેમજ રોજ ભકતામર સ્તોત્રના ૧ – ૧ શ્લોક પર પૂ. મુનિશ્રી મહોદયસાગરજી મ. સા. રોચક સંક્ષિપ્ત વિવેચન કરતા. પ્રાતઃકાલીન ધૂન સ્તોત્રપાઠ વખતે તથા રવિવારે સામૂહિક સ્નાત્ર તથા રાત્રે ભાવનામાં ઉપરોકત પૂ. મુનિશ્રીના સંસારી લઘુબંધુ **શ્રી દીપકભાઇ આર. ગાલા** સંગીતની માનદ સેવા આપતા અને મધુર કંઠથી શ્રોતાઓના મન હરી લેતા હતા.

✻ **સામૂહિક ચૈત્યવંદન–ગુરુવંદન :–** ઉપરોકત કાર્યક્રમ બાદ ચતુર્વિધ સંઘ સાથે મળીને સામૂહિક ચૈત્યવંદન તથા ગુરુ-વંદનની વિધિ અનેરા ઉલ્લાસ પૂર્વક થતી.

✻ **દરરોજ સંઘ પૂજન :–**ચાતુર્માસ દરમ્યાન દરરોજ વ્યાખ્યાન બાદ વિવિધ ભાવિકો તરફથી સંઘ પૂજન કરવામાં આવતું!

✻ **સળંગ અઠ્ઠમ :–** ચાતુર્માસ પ્રારંભથી અંત સુધી ચાતુર્માસની નિર્વિઘ્નતાએ પૂર્ણાહુતિ નિમિત્તે તથા શ્રી સંઘની તુષ્ટિ–પુષ્ટિ અને શાંતિ નિમિત્તે શ્રી સંઘમાં સળંગ અઠ્ઠમ તપ ચાલુ રહેલ. તપસ્વીઓનું શ્રેષ્ઠીવર્ય **શ્રી ઘમંડીરામજી ગોવાણી** તરફથી સુંદર પ્રભાવનાપૂર્વક બહુમાન કરવામાં આવતું....

✻ **તપ શું રંગ લાગ્યો !** ચાતુર્માસ દરમ્યાન નવકાર મહામંત્ર, અષ્ટમહાસિદ્ધિ, સ્વર્ગ સ્વસ્તિક. સમૂહ અઠ્ઠમ, અક્ષયનિધિ ક્ષીર સમુદ્ર, ૧૪ પૂર્વ, સમવસરણ, વર્ધમાન તપ, નવપદજી વગેરેની તપશ્ચર્યામાં સેંકડો ભાઇ–બહેનો ખૂબ જ ઉલ્લાસ-પૂર્વક જોડાયા હતા અને દરેક તપમાં એકાસણા તથા પારણા વગેરેનો લાભ શ્રેષ્ઠીવર્ય **શ્રી ઘમંડીરામજી ગોવાણી** તરફથી લેવામાં આવ્યો હતો. જ્યારે નવપદજીની ઓળી દરમ્યાન આયંબિલ કરાવવાનો તથા પારણાનો તેમજ પ્રભાવનાનો લાભ કચ્છ નવીનારનાં **શ્રી શામજીભાઈ શ્રી ડુંગરશીભાઇ** તથા **શ્રી રતનશીભાઈ અમર સન્સવાલા** એ સુંદર રીતે લીધો હતો. નવપદજી તથા વર્ધમાન તપની અંદર ૧૦૦ જેટલા આરાધકો જોડાયા હતા.

✻ **પર્યુષણનાં ચમકારા !** પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વ દરમ્યાન ૮ ઉપવાસથી ૩૦ ઉપવાસ સુધીની તપશ્ચર્યામાં કુલ ૨૦૫ જેટલા તપસ્વીઓ ઉલ્લાસભેર જોડાયા હતા. અને તેમની અનુમોદના નિમિત્તે **શ્રીમતી અંકીબેન ઘમંડીરામજી ગોવાણી** તરફથી **૨૦૫ જીવોને અભયદાન** આપવાની જાહેરાત થઇ હતી !

✻ **પ્રભાવના :–** ઉપરોકત તપસ્વીઓને તથા ૬૪ પ્રહરી પૌષધવાલા-ઓને **શ્રી ઘમંડીરામજી ગોવાણી** તથા **શ્રી શામજીભાઇ અમર સન્સવાલા** વગેરે તરફથી આકર્ષક પ્રભાવનાઓ આપવામાં આવી હતી. તદુપરાંત પર્યુષણ દરમ્યાન બંને ટાઇમ વ્યાખ્યાનમાં તથા પ્રતિક્રમણમાં શ્રી ખંભાલા હીલ જૈન સંઘ તરફથી કુલ ૭૫૦૦૦) રૂા. ની પ્રભાવનાઓ આપવામાં આવી હતી ! વ્યાખ્યાનમાં ૨ વિશાળ હોલ પણ ભરાઇને ઊભરાઈ જતા હતા !

* **૬૪ પ્રહરી પૌષધ :–** પર્યુષણ દરમ્યાન ૮ દિવસ સુધી સાધુ જીવનનાં આસ્વાદ રૂપ ૬૪ પ્રહરી પૌષધવ્રતમાં બાળકો તથા યુવાનો સહિત ૩૩ ભાઇઓ તથા ૫૫ બહેનો મળી ૮૮ જણા જોડાયા હતા !....

* **પૂજ્યશ્રીનાં દર્શનાર્થે સંખ્યાબંધ સંઘોનું આગમન !**
પર્યુષદ બાદ ચૈત્યપરિપાટી રૂપે તથા પૂજ્યશ્રીનાં દર્શનાર્થે સમસ્ત મુંબઈ તથા થાણા જિલ્લાનાં લગભગ બધા જ પરાંઓનાં શ્રી સંઘોનાં હજારો ભાઈ–બહેનો પધાર્યા હતા જેમનો શ્રી ઘમંડીરામજી ગોવાણી પરિવાર તરફથી સાધર્મિક ભક્તિ, સંઘ પૂજન આદિ દ્વારા સુંદર સત્કાર કરવામાં આવ્યો હતો. અનેરી શાસન પ્રભાવના થઈ હતી.

* **પૂજ્યશ્રીની પ્રેરણાથી વહેલી અપૂવ દાનગંગા !**
ચાતુર્માસ દરમ્યાન તથા ખાસ કરીને પર્યુષણમાં તેમજ પર્યુષણ બાદ સંઘોનાં આગમન વખતે પૂજ્યશ્રીની તથા મુનિવરોની પ્રેરણાથી ભાવિકોએ વિવિધ સત્કાર્યોમાં ઉદાર દિલે અનુમોદનીય રીતે અપૂર્વ દાન ગંગા વહેવડાવી હતી જેની કેટલીક ઝલક નીચે મુજબ છે.

● પર્યુષણ દરમ્યાન **સ્વપ્નનાં** ચડાવાની ઉપજ ૨,૭૫,૦૦૦ રૂા. થયેલ તથા ચાતુર્માસ પ્રારંભથી સંવત્સરી સુધી કુલ ઘૃત ૬,૨૫,૦૦૦ રૂા. નો થયેલ.

● પર્યુષણ દરમ્યાન **જીવદયાનો ફંડ** ૨૩,૦૦૦ રૂા. જેટલો થયેલ તે સિવાય પણ વિવિધ પ્રસંગો દરમ્યાન લગભગ ૩૫૦૦૦) રૂા. જેટલો જીવદયાનો ફંડ થયેલ .

● સંવત્સરીનાં દિવસે ૦ાા કલાકમાં જ ધાર્મિક **જ્ઞાનસત્ર** (શિબિર) માટે ૩ લાખ ૫૦ હજાર જેટલો ઐતિહાસિક ફંડ થયેલ.

● પ. પૂ. અચલગચ્છાધિપતિ શ્રીની પ્રેરણાથી કચ્છમાં માંડવી–ભુજ રોડ પર કોડાય પુલની પાસે થનાર **૭૨ જિનાલય મહાતીર્થ**માં યાત્રિકો માટેની ધર્મશાળામાં થનાર બ્લોકોમાં દરેક બ્લોકનાં ૨૫૦૦૦) રૂા. નાં નકરાથી ૨૦ જેટલા બ્લોકો નોંધાઇ ચૂકયા છે. તદુપરાંત ભોજનશાળા માટે ૫ લાખ રૂા. ની ઓફર

આવેલ છે. તથા મુખ્ય જિનાલયનાં ખાતમુહૂર્ત-શિલારોપણ માટે, તથા અંજનશલાકા તેમજ પ્રતિષ્ઠા માટે દરેક માટે લાખો રૂા. ની ઓફર આવેલ છે. તેનાં ઉપર ચડાવા હજી ચાલુ છે. તીર્થ ઉપર નામ લખવાની શરતે ૨૧ લાખ રૂા. તથા પછી ૩૧ રૂા. ની ઓફર આવેલ છે પરંતુ તે સ્વીકારવામાં આવેલ નથી.

- શત્રુંજય મહાતીર્થ ઉપર મુખ્ય ટૂંકમાં આવેલ **ગુરૂમંદિરનાં જીર્ણોદ્ધાર માટે** ૮૦ હજાર રૂા. નો ફંડ જોત જોતામાં થઈ ગયેલ છે. પ્રત્યેક દાતા પાસેથી માત્ર ૧૦૦) રૂા. સ્વીકારી ૮૦૦ દાતાઓને આ લાભ આપવામાં આવેલ છે.

- લોલાડા ગામમાં દાદાશ્રી કલ્યાણસાગસૂરિ - **ગુરુમંદિરનાં નિર્માણ માટે** ૨૦ હજાર રૂા. નો ફંડ થયેલ છે જે હજી આગળ વધી રહેલ છે.

✻ **પર્યુષણ બાદ પણ શ્રમણ શ્રમણી વૃંદમાં માસક્ષમણાદિ તપશ્ચર્યાઓ :-** તપોનિધિ પ. પૂ. અચલગચ્છાધિપતિશ્રી ૪૮ વર્ષોથી એકાસણા કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી દર ચાતુર્માસમાં એકાંતરા ઉપવાસ કરી રહ્યા છે. હાલ ૭૦ વર્ષની જૈફ વયે, શાસન-સંઘ-ગચ્છ તેમજ સમુદાયની અનેકવિધ જવાબદારીઓ વચ્ચે પણ છેલ્લા ૧૫ મહિનાથી એકાંતરા ઉપવાસની અનુમોદનીય તપશ્ચર્યા કરી રહ્યા છે. તથા પ્રતિદિન પંચપરમેષ્ઠીને ૧૦૮ ખમાસણા આપે છે. અનેક જવાબદારીઓ હોવા છતાં પણ આ ચાતુર્માસ દરમ્યાન શિષ્યોની વિનંતિથી સાધુ તથા શ્રાવક જીવનોપયોગી જે અનેકવિધ સરલ, સુબોધ પદ્યકૃતિઓની રચના કરી છે તે પ્રસ્તુત પુસ્તકમાં છાપવામાં આવેલ છે.

પૂજ્યશ્રીનાં આવા તપ:પૂત અપ્રમત્ત જીવનમાંથી પ્રેરણા પામીને પૂજ્યશ્રીનાં શિષ્ય-પ્રશિષ્યો પણ તપ-જપ, જ્ઞાન-ધ્યાન આદિ સુંદર આરાધનામય જીવન જીવી રહ્યા છે. ૯ મુનિવરોનાં વિવિધ આગમોનાં બૃહદ્‌યોગની તપશ્ચર્યા ચાલુ છે. તથા સર્વે મુનિવરો વર્ષીતપ, વીશ સ્થાનક તપ, એકાંતરા આયંબિલ, એકાશણા, બ્યાસણા, આદિ યથાશકય તપશ્ચર્યા સાથે અભ્યાસાદિમાં લીન છે.

પર્યુષણ દરમ્યાન શ્રીસંઘોની વિનંતિથી પૂજ્યશ્રીની આજ્ઞા મુજબ કેટલાક મુનિવરો તથા સાધ્વીજીઓ વિવિધ સંઘોમાં

આરાધના કરાવવા ગયા હતા. તેથી પર્યુષણ બાદ વૈયાવચ્ચશીલ પૂ. મુનિશ્રી **પુણ્યોદયસાગરજી** મ. સા., ઉગ્ર તપસ્વી પૂ. મુનિશ્રી **નયપ્રભસાગરજી** મ. સા. તથા પૂ. સા. શ્રી **રત્નયશાશ્રીજી** મ. સા.એ માસખમણ (૩૧ ઉપવાસ) જેવા ઉગ્ર તપની આરાધના સુંદર રીતે પૂર્ણ કરેલ. તે દરમ્યાન પૂ. સા. શ્રી **પુણ્યોદયશ્રીજી** મ. સા., પૂ. સા. શ્રી **મોક્ષગુણાશ્રીજી** મ. સા. તથા પૂ. સા. શ્રી **સંયમગુણાશ્રીજી** મ. સા.એ અનુક્રમે ૮, ૧૬ તથા ૧૧ ઉપવાસની તપશ્ચર્યા શાતાપૂર્વક પૂર્ણ કરેલ. તથા શ્રાવક–શ્રાવિકા સંઘમાં પણ ૨૧ અઠ્ઠાઈ થયેલ !—

* **અઠ્ઠાઈ મહોત્સવ:** ઉપરોકત તપશ્ચર્યા આદિ આરાધનાની અનુમોદનાર્થે પ્રથમ આસો સુદ ૫ થી ૭ મહાપૂજનો સહિત ભવ્યાતિભવ્ય જિનેન્દ્ર ભકિતમય અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

* **પારણાનાં અપૂર્વ ચડાવા!** ભા. વ. ૨ ના પૂ. સા. શ્રી પુણ્યોદયશ્રીજી મ. સા.ના ૮ ઉપવાસ તથા પૂ. સા, શ્રી મોક્ષગુણા-શ્રીજીના ૧૬ ઉપવાસના પારણા પ્રસંગે પ્રથમ વહોરાવવાનો લાભ પૂજ્યશ્રીના ચાતુર્માસનો લાભ લેનાર શ્રી ઘમંડીરામજી ગોવાણી પરિવારને આપવામાં આવેલ. ત્યારબાદ બીજો લાભ ૬૬૬૬ **આયંબિલ** દ્વારા શ્રી **લખમશી ઉમરશી ગાલા** પરિવાર (સા. શ્રી મોક્ષગુણાશ્રીજી મ. સા.નાં સંસારી કુટુંબીજનો) એ તથા ત્રીજો લાભ **૧૦,૦૦૧ એકાશણા** દ્વારા શ્રી **દેવજી જેઠાભાઇ** પરિવાર (સા. શ્રી પુણ્યોદયશ્રીજી મ. સા. ના સંસારી કુટુંબીજનો) એ લીધેલ. ઉપરોકત આયંબિલ તથા એકાશણા અનુક્રમે ૫ તથા ૭ વર્ષમાં કરવા–કરાવવા દ્વારા પૂર્ણ કરી આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

પ્ર. આ. સુ. ૧૨ ના પ. પૂ. અચલગચ્છાધિપતિશ્રીના વાર્ષિક તપના તથા ઉપરોક્ત ૩ માસખમણ તથા ૧૧ ઉપવાસના પારણા નિમિત્તે પ્રથમ ગુરુપૂજનનો લાભ શ્રી ગોવાણી પરિવારને આપવામાં આવ્યો હતો. દ્વિતીય ગુરુપૂજનનો લાભ રૂા. ૫૦૦૧) ના ચડાવાથી શ્રી **નાનજીભાઈ લીલાધર** (નરેડીવાલા) એ લીધેલ.

ત્યાર બાદ પ્રથમ વહોરાવવાનો લાભ શ્રી ગોવાણી પરિવારને અપાએલ બીજો લાભ રૂા. ૬૫૦૧) માં શ્રી **ચીઆસર જૈન** સંઘે, ત્રીજો લાભ ૭૦૦૦) **આયંબિલથી** શ્રી **માવજી વેલજી** મોટા રતડીઆવાલાએ તથા ચોથો લાભ **૧૪૦૦૦) એકાશણાથી**

શ્રી **રતિલાલ ઠાકરશી** ( પૂ. મુનિ શ્રી પુણ્યોદયસાગરજી મ. ના સંસારી મામા) એ લીધેલ.

* **સાલંબન ધ્યાન પ્રયોગો:-** નવપદજીની ઓળી પૂર્વેનાં બે રવિવાર દરમ્યાન સવારે ૯ થી ૧૧ દરમ્યાન ૪૦ વર્ષોથી શ્રી નમસ્કાર મહામંત્ર તથા ધ્યાનનાં અનુભવી સાધક શ્રાધ્ધરત્ન **શ્રી દામજી જેઠાભાઇ ( કચ્છ સુથરીવાલા )** એ ચિત્રો સહિતશ્રી નવકારમંત્રનાં જાપ તેમજ ધ્યાનની સુંદર સમજ આપીને ધ્યાન પ્રયોગ કરાવેલ જેનાથી શ્રોતાઓનાં હૃદયને ખૂબ જ શાંતિ તથા આનંદની અનુભૂતિ થયેલ.

* **પુનઃ સિધ્ધચક્ર પૂજન તથા સાલંબન ધ્યાનઃ-** ફરી નવપદજીની ઓળી દરમ્યાન આસો પૂનમનાં દિવસે **શ્રી જગશીભાઈ વીરા** પત્રીવાલા ( વિજય ટ્રાન્સપોર્ટવાલા ) તરફથી આયોજિત શ્રી.સિધ્ધચક્ર મહાપૂજન પ્રસંગે સુપ્રસિધ્ધ વિધિકાર તથા ૨૩ વર્ષોથી ધ્યાન યોગનાં સાધક **શ્રી બાબુભાઈ કડીવાલાએ** પણ સવારનાં ૬ાા થી ૮ દરમ્યાન સાલંબન અરિહંત ધ્યાનનો પ્રયોગ ખૂબ જ સુંદર રીતે કરાવેલ જનતાનાં આગ્રહથી ફરી બીજા રવિવારે પણ તેમણે ધ્યાન પ્રયોગ કરાવેલ.

* **જ્ઞાનસત્ર (શિબિર) નું આયોજન :-** દીવાળી વેકેશન દરમ્યાન બાળકો તથા યુવાનોની નૈતિક તેમજ આધ્યાત્મિક ઘડતર માટે, ધાર્મિક સુસંસ્કારોનું સીંચન કરવા માટે, સાંસ્કૃતિક મૂલ્યો સમજાવવા માટે કા. વ. ૨ થી ૧૦ દિવસીય, શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ સંચાલિત દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ જૈન ધાર્મિક જ્ઞાનસત્ર (૧૧મા) નું આયોજન કરવામા આવેલ. ૨૦૦ જેટલા બાળકોને પૂ. મુનિવરોએ સુંદર તાલીમ આપી હતી.

* **તૃતીય અધિવેશનની તૈયારી:-** આગામી વર્ષમાં દ્વિતીય ફાગણ સુદ ૬-૭-૮ દરમ્યાન શ્રી અખિલ ભારત અચલગચ્છીય ચતુર્વિધ જૈન 'ઘનું' તૃતીય અધિવેશન ભરવા માટે પણ આ ચાતુર્માસ દરમ્યાન ચક્રો ગતિમાન થયા છે. અને પૂજ્યશ્રીની નિશ્રામાં આગેવાન શ્રાવકોની મીટીંગો ભરાયેલ તેમાં આ ચાતુર્માસનો સંપૂર્ણ લાભ લેનાર **સમાજરત્ન શ્રેષ્ઠિવર્ય શ્રી ઘમંડી રામજી ગોવાણીની** અધિવેશનનો નવા **વરાયેલા પ્રમુખ** તરીકે સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે.!....

**✻ ચાતુર્માસને દીપાવવા સહયોગ આપનારા ભાગ્યશાળીઓ :-**

આ ચાતુર્માસને સુંદર રીતે દીપાવવા માટે શ્રી ઘમંડીરામજી ગોવાણી પરિવારે તો તન–મન–ધનથી ખૂબજ અનુમોદનીય ભાગ લીધો જ છે. પરંતુ સાથે સાથે શ્રી ખંભાલાહીલ જૈન સંઘ, શ્રી તારદેવ કચ્છી જૈન સંઘ તથા સંઘવી સુશ્રાવક શ્રી **વિસનજી લખમશી સાવલા, શ્રી ગિરીશભાઈ ગાલા શ્રી શામજીભાઈ** તથા **શ્રી ડુંગરશીભાઇ** (અમર સન્સવાલા), **શ્રી અમરચંદભાઇ** (નવનીત પ્રકાશન)

શ્રી **જેઠાલાલભાઇ** તથા શ્રી **ભવાનજીભાઈ મુરજી** (રોમન સ્ટોર્સવાલા), **શ્રી જગશીભાઈ** (વિજય ટ્રાન્સપોર્ટવાલા), **શ્રી બચુભાઈ** રામાણીઆવાલા, **શ્રી કલ્યાણજીભાઈ** નરેડીવાલા, **શ્રી લાલજીભાઈ** તથા **શ્રી સુંદરજીભાઈ** બાડાવાલા, **શ્રી લાલજી-ભાઈ ઠક્કર** વગેરે શ્રેષ્ઠીવર્યોએ પણ ખૂબ જ સુંદર રીતે સાથ સહકાર આપેલ છે. સ્થાનકવાસી ભાઈઓએ પણ સુંદર સહયોગ આપેલ છે.

**✻ પ્રસ્તુત પુસ્તક પ્રકાશન:**—આમ આ ચાતુર્માસ દરમ્યાન થયેલ ઉપર મુજબનાં અનેકવિધ શુભકાર્યોની સાથે શ્રાવકજીવનને માટે ખાસ ઉપયોગી એવા પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન થઈ રહેલ છે તે ખૂબ જ આનંદની વાત છે. સુજ્ઞ શ્રાવક–શ્રાવિકાઓ પ્રસ્તુત પુસ્તકનું મનનપૂર્વક વાંચન કરી તદનુરૂપ જીવન જીવીને માનવ–ભવને સફળ બનાવો એ જ શુભેચ્છા.

લી.

શ્રીમતી અંકીબેન ઘમંડીરામ ગોવાણી
આદિનાથ શ્વેતામ્બર જૈન દેરાસર ટ્રસ્ટ
શ્રી ખંભાલા હીલ જૈન સંઘ
શ્રી તારદેવ કચ્છી જૈન સંઘ

**✻ છ'રી સંઘ સાથે દીક્ષા પ્રસંગે થાણા તરફ વિહાર :**

ચાતુર્માસ પછી તરતજ કા. વ. ૧ નાં પૂજ્ય શ્રી અહીંથી છ'રી પાળતા સંઘ સાથે થાણા તરફ વિહાર કરશે અને ત્યાં ચાર યુવા મુમુક્ષુ ભાઈ બહેનો (૧) શ્રી દીપક સાવલા (૨) શ્રી મુકેશ દેઢીઆ (૩) કુ. રેખાબેન (૪) તથા કુ. ભાવનાબેન પૂજ્યશ્રીનાં વરદ હસ્તે કા. વ. ૧૦ નાં રોજ ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરશે. ચારે મુમુક્ષુઓનું અત્રે સિદ્ધચક્ર પૂજન પ્રસંગે શ્રી બાબુભાઇ કડીવાલાનાં હસ્તે શ્રી ઘમંડીરામજી ગોવાણી પરિવાર વગેરે તરફથી બહુમાન કરવામાં આવ્યું હતું.

## — શુદ્ધિપત્રક —

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૯ | ઘ્યાવું | ધ્યાવું |
| ૧૪ | ૬ | તે | તો |
| ૧૬ | ૧૯ | સંપટો | લંપટો |
| ૩૨ | ૨૮ | તે | તેમ |
| ૩૫ | ૬ | પાછલા | માછલા |
| ૩૫ | ૭ | નિર્વાણ | નિર્વાહ |
| ૩૭ | ૯ | વિમાસણાં | વિમાસણમાં |
| ૪૨ | ૪ | માસ | મારા |
| ૪૨ | ૫ | રજાના | રાજાના |
| ૫૨ | ૧૬ | પ્રાંતે પામી | પ્રાંતે સમાધિમરણ પામી |
| ૫૫ | ૧૨ | અનિવાય | અનિવાર્ય |
| ૫૬ | ૧૫ | અહીંથી | અહીં |
| ૫૮ | ૮ | દિવસ | દિવસે |
| ૬૦ | ૧૮ | પરંતુ વિના | પરંતુ ગુરુવંદન કર્યા વિના |
| ૬૩ | ૧૪ | ચથવા | અથવા |
| ૬૫ | ૨૨ | આચિત્ત | અચિત્ત |
| ૮૪ | ૧૨ | કે પહેલાં | પહેલાં કે |
| ૮૫ | ૩ | વિભાગમાં | વિભાગ પાડવામાં |
| ૧૦૩ | ૧ | વિરમત | વિરમણ |
| ૧૦૯ | ૧૯ | ઠરવાથી | કરવાથી |
| ૧૧૧ | ૨૩ | પરિમણાને | પરિમાણને |
| ૧૧૭ | ૪ | સુમ | કુસુમ |
| ૧૧૭ | ૨૦ | કૃ ષ | કૃષિ |
| ૧૨૧ | ૧૯ | મહિનામ | મહિનામાં |
| ૧૨૭ | ૧૮ | મદિર, | મદિરા, |
| ૧૩૨ | ૭ | ઠરરોજ | દરરોજ |
| ૧૩૨ | ૧૫ | અદિ | આદિ |
| ૧૩૨ | ૨૧ | વખ | વખતે |
| ૧૩૬ | ૪ | અસક્તિનો | અશક્તિનો |
| ૧૩૬ | ૫ | સયમી | સંયમી |
| ૧૪૦ | ૬ | સગે | સંગે |

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૪૨ | ૧૧ | રથૂલભદ્ર | સ્થૂલભદ્ર |
| ૧૪૩ | ૨૯ | સર્વ વિરત | સર્વ વિરતિ |
| ૧૫૦ | ૧૧ | કાર્યોત્સર્ગથી | કાયોત્સર્ગથી |
| ૧૫૧ | ૮ | રચિયતા | રચયિતા |
| ૧૫૮ | ૨૨ | કુંદ | કુંદ |
| ૧૬૪ | ૨ | સવા | સવી |
| ૧૬૫ | ૨૨ | નયમ | નિયમ |
| ૧૬૫ | ૨૭ | સૂજંતો | પ્રતિદિન સૂજંતો |
| ૧૬૯ | ૧ | લાડ | લાડુ |
| ૧૭૨ | ૧ | દુષ્કૃતના | દુષ્કૃતની |
| ૧૭૨ | ૩૦ | ગુર્હા | ગર્હા |
| ૧૭૩ | ૩૧ | દૃષથી | દ્વેષથી |
| ૧૭૪ | ૨૫ | મુક્ત | યુક્ત |
| ૧૭૫ | ૧૬ | અકૃષ્ટસાવથી | પ્રકૃષ્ટભાવથી |
| ૧૭૬ | ૧૩ | શ્રી | થી |

卐

---

**શ્રાવક કર્તવ્ય પદ** ( રાગ – મંદિર છો મુકિત તણા )

( રચયિતા : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.

**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.** )

હે શ્રાવકો માનો જિનાજ્ઞા, મિથ્યાત્વ તજો સમકિત ધરો
જિન દર્શન પૂજા ગુરુવંદન વાણી સુણો, સાધર્મિક ભકિત કરો
નિત્ય સવાર–સાંજે પ્રતિક્રમણ કરો, પર્વે પૌષધ સામાયિક કરો
દાન શીલ તપ ભાવ ધર્મ કરો, સ્વાધ્યાય કરો, નવકાર સ્મરો. ॥૧॥

તીર્થયાત્રા જિન રથયાત્રા કરો, પરોપકાર કરો સંવર ધરો
ઉપશમ વિવેક સમિતિ ધરો, છકાય જીવ રક્ષા કરો
અનંતકાય અભક્ષ્ય તજો, મધ માખણ માંસ દારૂ તજો
પરસ્રીગમન તજો, રાત્રિભોજન તજો, સીને નાટક તજો નીતિ તજો. ॥૨॥

ઇન્દ્રિયો જીતો, ધર્મીસંગ કરો, શાસ્ત્રલેખન સંઘ બહુમાન કરો
સત્પાત્ર પોષો ધર્મોન્નતિ કરો, જિનાલયો ઉપાશ્રયો નિર્માણ કરો
કરો જીર્ણોદ્ધાર સાધર્મી દીનોદ્ધાર, ચારિત્ર લેવા સદા મન કરો
ગૌતમ નીતિ 'ગુણ' કહે એ શ્રાવક કાર્ય કરો મુનિ થઈ શિવ કરો ॥૩॥

卐 卐 卐

# 'શ્રાવકની કરણી'

રચયિતા :
અચલગચ્છાધિપતિ, તીર્થપ્રભાવક, પ. પૂ. આ. ભ.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

મંદિર છો મુક્તિ તણા–એ દેશી
રાગ– હરિગીત

૧ નવકારમંત્ર ગણીને શ્રાવકે, ઉઠવું ચાર ઘડી રહે
કયા દેવગુરુ કયો ધર્મ કુલાચાર, મુજ એવું મનમાં લહે
સામાયિક રાઈ પ્રતિક્રમણ કરી, પચ્ચક્ખાણ યથાશક્તિ કરે
જિનદેવ દર્શન પૂજા કરે ગુરુ, વાંદે વ્યાખ્યાન સુણે ખરે ॥૧॥

૨ ભાવે ભાવના આત્મ ચિન્તન કરે હિત સ્વપરનું ચિંતવે સહી
દીક્ષા લેવા નિત્ય ભાવના કરે, દીક્ષા લેવાનું ભૂલે નહીં
સ્વ કુટુંબ મિત્ર સ્વજન આદિને દીક્ષા, ભાવના કરાવે સહી
શ્રદ્ધાથી એવું માનતા રહે, દીક્ષા વિના કલ્યાણ નહી. ॥૨॥

૩ સંજોગે દીક્ષા ન લઈ શકે તો, વ્યાપાર ધંધો નીતિયે કરે
નિત્ય ચૌદ નિયમધારી પાળે, વ્રતબાર શ્રાવકના ધરે
ચૈત્યવંદનો સ્તવનો સ્તુતિઓ, પાંચ પ્રતિક્રમણ શીખે સહી
જીવ–અજીવ, નવતત્વ દંડક, અષ્ટકર્મ જ્ઞાન લહી રાચેમાંહી ॥૩॥

૪ સ્વાધ્યાય નિત્ય કરે સૂજતા, આહારાદિ નિત્ય સાધુ ને દીયે
બત્રીશ અનંતકાય, બાવીસ અભક્ષ્ય, પ્રતિજ્ઞા કરી મુખમાં ન લીયે
દોષ જાણી રાત્રી ભોજન ન કરે, કંદમૂળ પણ ખાય નહીં
બોળ અથાણા, ત્રણ દિન ઉપરના, અથાણાનો ત્યાગ કરે સહી ॥૪॥

૫ દ્વિદલ સહ કાચા ગોરસ નહીં ખાય, વાસી અન્ન ખાયે નહીં
મધમાખણ મદિરા માંસ ન ખાવે, છ વિગઈમાંથી ધારે સહી
કાચા કૂણા ફળ નહીં ખાય આઠમાસ, પત્ર ભાજી ખાયે નહી
કીસમીસ દ્રાક્ષ ખારેક ખજૂરાદિ, આઠ માસ નહીં ખાય સહી ॥૫॥

૬ અણગલ પાણી પીએ નહીં, વસ્ત્ર અણગલ નીરે ધૂએ નહીં
ધૃતની પરે જલ વાપરે, પાણી બે બે વાર ગાળે સહી
જીવરક્ષા યત્ને કરે ઇન્ધણ ચૂલો, વાપરે જિમ પાપ નહીં
ઘી દૂધ દહીં તેલ ગોળછાસ આદિ ઉઘાડા ન મૂકે સહી ॥૬॥

૭ પાપખાણુ પંદરે કર્માદાન તજે, વ્રતોમાં દોષ લગાડે નહીં
કૂડા તોલ માપ રાખે નહીં, કૂડા લેખ ખાતા લખે ન સહી
કંદમૂળ માખણુ મધ દારૂ માંસ, આદિ વેપાર કરે નહીં
રંગણુ પાસાદિ કરાવે નહીં ગલી,
ધાઉડી, લોહાદિ વેંચે ન સહી ॥૭॥

૮ દિવસ ચરમે ચોવીહાર પચ્ચખ્ખે, શુદ્ધિ માટે પ્રતિક્રમણુ કરે
(નિત) વોસીરાવે પાપ સ્થાન, ખમાવે જીવરાશિ, અરિહંતાદિ
શરણાધરે,
પાંચ મોટા ખોટા ન બોલે શકય, અસત્ય ટાળે ચોરી કરે નહીં
બ્રહ્મચર્ય પાળે કે પર સ્ત્રી વેશ્યા, કુમારી સેવન તજે સહી. ॥૮॥

૯ આરંભ તજે પાખી આઠમાદિ પર્વે, પૌષધ કરી ધર્મ ધ્યાને રહે
ઉપવાસાદિ તપ યથાશક્તિ કરે, તપસ્વી ભક્તિનો લાભ લહે
સત્પાત્ર સાધુને દાન દીયે નિત્ય, સાધર્મિક ભકિત કરે
દીન દુઃખીયા પર દયા લાવી દુઃખ હરે, જીવો છોડાવા
મન ધરે ॥૯॥

૧૦ દાનશીલ તપ ભાવ ધર્મ સાધે, જિનમંદિરો બંધાવે સહી
તીર્થયાત્રા કરે કરાવે સંઘ સહ, જિનાજ્ઞા ભંગ કરે નહીં
ધર્મશાળા ઉપાશ્રયો કરે જિનાલય, તીર્થ જીર્ણોદ્ધાર કરે સહી
જ્ઞાન ભંડારો કરે જૈન શાસ્ત્રો લખાવે આશાતના કરે કરાવે નહીં
॥૧૦॥

૧૧ અનર્થદંડ તજે સિનેમા નાટક ટી. વી. સાત વ્યસનો તજે.
શ્રાવકનાં એકવીશ ગુણો ધરે, ગુરુ પ્રવેશ મહોત્સવ કારજે
દશ ચંદ્રવા સાત ગલણી, દેવગુરુ ફોટા, દીક્ષોપકરણુ ધરા
ધારે ન ઉદ્‌ભટવેશ ઉત્સૂત્ર, બોલે નહી પાપ ભીરુવરા ॥૧૧॥

૧૨ અંત સમયે ચાર આહાર તજી જીવો, ખમાવી પાપ વોસિરાવી દે.
ચાર શરણુ લઇ નવકાર ગણુતા મોહ તજી દેહ ત્યાગી દે
આનંદ કામદેવ કુમારપાલ, વસ્તુપાલ તેજપાલ અભયજી
તિમ સુંદરી સુલસા રેવતી મયણાદિ દષ્ટાંતો વિચારાયજી ॥૧૨॥

૧૩ પરભાવ તજી જિન ભાવે ભજી શ્રાવકો કરે આવી કરણીજો
આઠ કર્મો પાતલા પડે ધર્મોદય, થાય ક્રમે મળે મોક્ષ તો
બે હજાર આડત્રીશ શ્રાવણુ શુદિ તેરસે મુંબઈ મહાલક્ષ્મી રહી
રચી અચલગચ્છપતિ આર્ય કલ્યાણુ ગૌતમ નીતિ ગુણુસૂરિ સહી
॥૧૩॥

卐

# –: અનુક્રમણિકા :–


| પૃષ્ઠ | વિષય |
|---|---|
| ૩ | પ્રકાશકીય નિવેદન |
| ૪ | પુસ્તક વિષે કાંઈક |
| ૬ | ચાતુર્માસની ઝલકો |
| ૧૫ | શુદ્ધિ પત્રક |
| ૧૬ | શ્રાવક કર્તવ્યપદ |
| ૧૭ | શ્રાવકની કરણી |
| ૧૯ | અનુક્રમણિકા |
| ૨૦ | શ્રી ગૌતમસ્વામીનો રાસ |
| ૨૩ | ગૌતમસ્વામી – અષ્ટક |
| | 卐 卐 卐 |
| ૧ | શ્રી નવકાર મહામંત્ર |
| ૨ | આવ્યો પ્રભુ તારે દ્વાર (સ્તુતિ) |
| ૪ | કર વિચાર તો પામ |
| ૬ | મંગલ ભાવના (પ્રાર્થના) |
| ૭ | શું પ્રતિજ્ઞા એ બંધન છે??? |
| ૧૨ | ૐ હ્રીં અર્હં નમઃ (ધૂન) |
| | 卐 卐 卐 |
| ૧૪ થી ૫૪ | પ્રતિજ્ઞાની મહત્તા દર્શાવતી **કથાઓ** |
| ૧૪ | ગાંઠ તો છોડવી પડશે. |
| ૧૬ | વાહ રે ચન્દ્રયશા |
| ૧૮ | વંકચૂલની કથા |
| ૩૦ | વિજય શેઠ–વિજયા શેઠાણી |
| ૩૫ | હરિબળ માછીની કથા |
| ૪૩ | કમલની વિચિત્ર પ્રતિજ્ઞા |
| ૪૭ | દામન્નકનું દ્રષ્ટાંત |
| ૫૨ | સાવધાન!!! |
| ૫૪ | **ધર્મો રક્ષતિ રક્ષિતઃ** (સત્ય ઘટના) |
| | 卐 卐 卐 |
| ૫૫ | એ પ્રકારનાં નિયમો વિષે સમજ |
| ૫૬ થી ૭૦ | વિધેયાત્મક ૩૪ નિયમો |
| | 卐 卐 卐 |
| ૭૧ થી ૮૦ | નિષેધાત્મક ૨૨ નિયમો |
| ૮૧ થી ૮૩ | લીધેલા નિયમોની યાદી |
| | 卐 卐 卐 |
| ૮૪ થી ૧૦૫ | સમ્યક્ત્વ મૂલ શ્રાવકનાં ૧૨ વ્રતો |
| ૮૫ | અગત્યની સૂચનાઓ |
| ૧૧૩ | ૧૪ નિયમ |
| ૧૧૮ | ૩૨ અનંતકાય |
| ૧૨૦ | ૨૨ અભક્ષ્ય |
| ૧૩૭ | સોળ ભાવનાનું સોળ ઢાળિયું (પદ્ય) |
| ૧૪૬ | અષ્ટપ્રવચન માતા (પદ્ય) |
| ૧૫૧ | સમકિત સડસઠીનું ચોઢાળિયું |
| ૧૫૭ | શ્રી પુણ્યપ્રકાશ સ્તવન (પંચઢાળિયું) |
| ૧૬૩ | શ્રી વીર જિન સ્તવન |
| ૧૬૫ | શ્રાવકની કરણી |
| ૧૬૮ | ઋતુવંતી બહેનોને ખાસ સૂચના |
| ૧૭૨ | શ્રી પંચસૂત્ર (પ્રથમસૂત્ર) ભાષાંતર |
| ૧૭૬ | પ્રકાશિત પુસ્તકોની નામાવલી |

# શ્રી ગૌતમસ્વામીનો મોટો રાસ

રચયિતા : **અચલગચ્છાધિપતિ યુગપ્રભાવક પ. પૂ.**

**આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સાહેબ**

**ઢાળ ૧ લી** (મનમોહન મેરે–એ દેશી)

મહાવીર પ્રભુ ચરણે નમી મનમોહન મેરે,
કહું ગૌતમસ્વામીનો રાસ રે મન૦
રાસ બોલતાં સાંભળતાં વધે મન૦ ઋદ્ધિસિદ્ધિ પૂરે આશ રે....મન૦ ॥૧॥
જંબૂદ્વીપે ક્ષેત્રે ભરતમાં મન૦ મગધદેશ મનોહાર રે મન૦;
ત્યાં રાજગૃહી પુરી સમૃદ્ધા મન૦ રાજા શ્રેણિક રાજ્યકાર રે મન૦ ॥૨॥
ગોબર ગામ સમૃદ્ધિ ભર્યો મન૦ વસુભૂતિ વિપ્ર ગુણાધાર રે મન૦;
તસ ભાર્યા નામે પૃથ્વી વરા મન૦ સુરૂપા સુશીલા ગુણાગાર રે મન૦ ॥૩॥
પુત્ર ઈન્દ્રભૂતિ થયા નિરૂપમ મન૦ રૂપ ગુણોના ભંડાર રે મન૦
સાત હાથ વર દેહે શોભતા મન૦ ચૌદ વિદ્યા પાર કરનાર રે મન૦ ॥૪॥
જસ તેજ જોઈ સૂર્યચંદ્રમા મન૦ થયા આકાશે ભમનાર રે મન૦
નેત્રવદન હસ્તપદ કમલ મન૦ જોઈ પડયા જલે પદ્મો સાર રે મન૦ ॥૫॥
જસ રૂપ અનુપમ દેખીને મન૦ અંગહીન થયો કામદેવ રે મન૦
મેરૂ–સાગર સમ ધીર ગંભીર મન૦ જાણે કરી પૂર્વે જિનસેવ રે મન૦ ॥૬॥
મિથ્યા દેવધર્મને સેવતો મન૦ પાંચસો છાત્ર પરિવાર રે મન૦
બહુ જીવ હિંસાકર યજ્ઞોને મન૦ થાય નિરંતર કરનાર રે મન૦ ॥૭॥
ગૌતમ ગોત્ર ઇન્દ્રભૂતિનું મન૦ મિથ્યા સંગે મિથ્યા ધર્મકાર રે મન૦
ગૌતમ નીતિ 'ગુણ' સૂરિ કહે મન૦ ધર્મ નામે પાપ કરનાર રે મન૦ ॥૮॥

* * *

**ઢાળ બીજી** (સાંભળજો મુનિ સંયમ રાગે–એ દેશી)

વીર કેવલ પામ્યા એ સમયે, દેશના નિષ્ફળ થાય રે
પાવાપુરી આવ્યા સંઘ સ્થાપવા, ત્યાં સમોસરણ રચાય રે વીર૦ ॥૧॥
સમોસરણે સિંહાસને બેઠા, ચઉવિધ દેવોથી સેવાય રે
ચામરે વીંજાય ત્રણ છત્રે શોભે, પંચવિધ પુષ્પ વૃષ્ટિ થાય રે વીર૦ ॥૨॥
દેવ–દુંદુભિ વાગે સુર આવે, ઝળહળતા વિમાનોએ રે
દેખી ઇન્દ્રભૂતિ કહે યજ્ઞે આવે, પણ સુર વીર પાસે જાય રે વીર૦ ॥૩॥
અભિમાને ઈન્દ્રભૂતિ એમ બોલે, મૂઢજનોથી આવું થાય રે
પણ જાણકાર દેવો કેમ ભૂલે, મુજ સમજ્ઞાની ન કયાંય રે વીર૦ ॥૪॥
નિશ્ચય કોઇ પાખંડી પાકયો, મારાથી કેમ સહેવાય રે
અભિમાને હુંકારો કરતા, ઇન્દ્રભૂતિથી ત્યાં જવાય રે વીર૦ ॥૫॥
દેખી સમોસરણાદિ સમૃદ્ધિ, સુર ઈન્દ્રોથી સેવાય રે
આતો મહાઇન્દ્રજાલિયો લાગે, ઈન્દ્રભૂતિથી વિચારાય રે વીર૦ ॥૬॥

પાંચસો શિષ્ય પરિવર્યાં ઇન્દ્રભૂતિને, બોલાવે વીર જિનરાય રે
ઇન્દ્રભૂતિતું કેમ કુશલે આવ્યોને, સુણી નામ વિસ્મિત થાય રે વીર૦ ॥૭॥
વેદપદોથી સંશય ટાળે વીર, ગોયમે માન મૂકાય રે
ગૌતમ નીતિ 'ગુણસાગરસૂરિ'
કહે, પાંચસો સહુ શિષ્ય થાય રે વીર૦ ॥૮॥

* * *

**ઢાળ-ત્રીજી**

| | | |
|---|---|---|
| રે જીવ જૈન ધર્મ કીજીએ... | અ | હે નાથ તમારા ચરણોમાં... |
| રાખના રમકડાં... | થ<br>વા | એક પંખી આવી ઉડી ગયું... |

મહાવીર પાસે દીક્ષા લીધી,સુણી અગ્નિભૂતિ આદિ દ્વિજરાય રે
સંશય ટાળી દીક્ષા લીયે, અગિયારે ગણધર કરાય રે મહાવીર૦ ॥૧॥
દ્વાદશાંગી ત્રિપદીયે રચે, કરે જગ બહુ ઉપકાર રે
છઠ્ઠ છઠ્ઠ તપ કરે સંયમી, ઇન્દ્રભૂતિ ગણધાર રે મહાવીર૦ ॥૨॥
પાંચસો શિષ્ય મુનિ પરિવર્યાં, ઉપકાર કરે છે અપાર રે
સમવસરણે સંશય પૂછી, થાયે લોકહિતકાર રે મહાવીર૦ ॥૩॥
દીક્ષા દીયે જે જે ભાવિકને, તે તે કેવલી થાય રે,
પોતે કેવલી નહીં તોયે, કેવલ જ્ઞાન દેવાય રે....મહાવીર૦ ॥૪॥
ગૌતમ કહે મૂક્તિ પામું કે નહીં, વીર કહે અષ્ટાપદે જેહ રે,
આપ લબ્ધિએ જઇ જિન વાંદે, ચરમ શરીરી તેહ રે....મહાવીર૦ ॥૫॥
પંદરસો ઋષિ ચડી શકીએ નહીં, તો આ ચડી શકે નૈવ રે,
સૂર્યકિરણાલંબી ગોયમે ચડી, વાંદ્યા અષ્ટાપદે દેવ રે....મહાવીર૦ ॥૬॥
પુંડરિક કંડરિક અધ્યયન કહી,
દીયે વજ્રસ્વાંમી જીવને બોધ રે,
વળતાં સર્વ તાપસ પ્રતિબોધી,
સહુ લઇ કરાવે આતમશોધ રે....મહાવીર૦ ॥૭॥
ખીર લાવી પાત્રે અંગૂઠે રાખી, સર્વેને પારણું કરાવે રે,
ખીરથી પાત્ર ભરેલ જાણી, પાંચસો કેવલ પાવે રે....મહાવીર૦ ॥૮॥
સમૃદ્ધિ દેખી સમોસરણાદિ, પાંચસો કેવલી થાય રે,
ઋષિ પાંચસો વીર વાણી સુણી,
કેવલી થાય જગ જોવાય રે....મહાવીર૦ ॥૯॥
ખેદિત ગોયમને વીર કહે, આપણે તુલ્ય હોશું દોય રે,
ગૌતમ નીતિ '**ગુણ**' સૂરિ કહે,
ગોયમસ્વામી શાંતિ જોય રે....મહાવીર૦ ॥૧૦॥

卐 卐 卐

**ઢાળ ૪ થી** ('અપૂર્વ અવસર એવો ક્યારે આવશે'—એ દેશી)

જગ વિચરી ઉપકાર કરી પ્રભુ આવીયા,
ઈન્દ્રાદિ પૂજિત અંતે પાવાપુરી માંય જો;
દેવશર્માને પ્રતિબોધવા ગોયમને મોકલી,
કર્મ ખપાવી શીઘ્ર વીર મોક્ષમાં જાય જો....જગ૦ ॥૧॥
દેવાદિ ગમનાગમનથી મોક્ષ જાણીને,
ગૌતમસ્વામીનાં દુઃખનો ન રહ્યો પાર જો;
ગોયમ વિલપતા કહે દૂર મને કેમ મોકલ્યો,
આવા સમયે વીર પાળ્યો ન લોકવ્યવહાર જો....જગ૦ ॥૨॥
માન્યું શું કેવલ મારી પાસે માગશે,
થાશે બાલ પરે વસ્ત્ર હાથ ખેંચનાર જો;
સાથે મોક્ષમાં લઈ જાત તો સંકડાશ ત્યાં,
થાત શું થયા કેમ આપ સ્વાર્થ ધરનાર જો....જગ૦ ॥૩॥
તુમ સહ મુજ સ્નેહ કેવો હતો તે ન ચિંતવ્યું,
હાય થયા કેમ આવો દગો દેનાર જો;
હે ગૌતમ કહી મુજને કોણ બોલાવશે,
વીર વીર કહી થાઈશ કોને પૂછનાર જો;....જગ૦ ॥૪॥
બહુ વિલપી ગોયમે વિચાર્યું વીતરાગ એ,
વીતરાગતાનું ભાન મને કરાવનાર જો;
મન વાળી શ્રેણિ ક્ષપકે ચડી કેવલ લહે,
કેવલ મહિમા સુર કરે થયો જયજયકાર જો....જગ૦ ॥૫॥
વિચરી ઉપદેશી ઉપકાર કરી મુક્તિ વર્યા,
રાજગૃહીમાં ગોયમ બાણુ વર્ષ ધાર જો;
ગૃહી પચાશ વર્ષ છદ્મસ્થ વ્રતી ત્રીશ વર્ષ રહી,
બારવર્ષ કેવલી રહી કર્યો ઉપકાર જો....જગ૦ ॥૬॥
ગોયમ ગણધર સૌભાગ્ય નિધિ ગુણકેલિવન,
ચતુર્વિધ સંઘેશ અનંતલબ્ધિનિધાન જો;
કલ્પવૃક્ષ ચિંતામણિ કામધેનુ કામઘટ,
અષ્ટમહાસિદ્ધિ આપે ગોયમ ગુણગાન જો....જગ૦ ॥૭॥
ગૌતમ નામ સ્મરો અઢળક સર્વ સંપત્તિ મળે,
વિઘ્ન કષ્ટ દુઃખ શોક દરિદ્રતા જાય જો,
ૐ હ્રીં શ્રી અસિઆઉસા ગૌતમસ્વામિને,
નમો નમઃ એ મંત્ર પ્રતિદિન જાપ કરાય જો....જગ૦ ॥૮॥
ગૌતમ જેવા પુત્ર શિષ્ય જેહના,
ધન્ય ધન્ય તે માતતાત અને ગુરુરાજ જો;
વિનય વિદ્યાનિધિ ગૌતમ સ્વામી રાસ આ,
પ્રભાતે ગણજો પ્રતિદિન મૂકી અન્ય કાજ જો....જગ૦ ॥૯॥

ગોયમ અભિમાન દીક્ષા ચઉજ્ઞાન વિનય જુઓ,
સમયં ગોયમ મા પમાય એ વીરવાણ જો;
પચાશ સહસ શિષ્યો થયા મહાવીરથી ઘણા,
નામ સ્મરણે દુઃખજાય વિશિષ્ટ સવે જાણજો....જગ ॥૧૦॥
એહ રાસ જે ભણે ભણાવે સાંભળે,
તસ દુઃખ જાયે સંપત્તિ સમૃદ્ધિ થાય જો;
ગૌતમનીતિ 'ગુણસાગરસૂરિ' કહે સેવના,
ગૌતમ સ્વામીની અનંત શિવસુખ દાયજો જગ૦ ॥૧૧॥
અચલગચ્છીય શેઠ ધર્મંડીરામ કેવલચંદજી ગોવાણી એ,
મુંબઈ તીરૂપતિએપાર્ટે, બે હજાર આડત્રીસે ચોમાસું એ;
કરાવ્યું ત્યાં આસો વદિ પાંચમે ગૌતમ સ્વામીનો રાસ એ;
રચ્યું અચલગચ્છપતિ

**આર્યકલ્યાણ ગૌતમનીતિ ગુણાબ્ધિસૂરિએ**

✲ ✲ ✲

## શ્રી ગૌતમસ્વામી અષ્ટક

(રચયિતા : **અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.**
**(શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.)**
(અનુષ્ટુપ છંદ)

વસુભૂતેઃ સુતઃ શ્રેષ્ઠઃ, પૃથ્વીમાતુઃ સુનંદનઃ ।
ગોબરગ્રામવાસ્તવ્યઃ, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૧॥
દેવેન્દ્રૈર્માનવેન્દ્રૈર્યઃ, સંસ્તુતઃ પૂજિતો ગુણી ।
વીરે વિનયવાન્ વર્યઃ સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૨॥
અનંતલબ્ધિમાન્ યસ્મૈ, દીક્ષાં યચ્છતિ તસ્ય તુ ।
જાયતે કેવલજ્ઞાનં, સેષ્ટં યચ્છતુ ગૌતમ ॥૩॥
ત્રિપદીં પ્રાપ્ય વીરાદ્ધિ, દ્વાદશાંગીં ત્વરં વ્યધાત્ ।
ઉપકાર્યભવદ્યઃ, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૪॥
ત્રિપંચશતસાધૂનાં, પરમાન્નેન પારણમ્ ।
અકારયદ્ધિ લબ્ધ્યા યઃ સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૫॥
વીર વીર વદન વીરં, પ્રશ્નં પૃચ્છતિ યઃ સદા ।
ઉત્તરં લભતે વીરાત્ સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૬॥
યસ્ય હિ સ્મરણં સંપત્સિદ્ધિદં વિઘ્નકષ્ટહમ્ ।
શુભેચ્છાપૂરકં નિત્યં, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૭॥
આદ્યો ગણધરઃ સ્વામી, સંઘસ્ય યો મહાવ્રતી ।
**ગુણાબ્ધિસૂરયે મહ્યં**, સેષ્ટં યચ્છતુ ગૌતમઃ ॥૮॥
ૐ હ્રીં **શ્રી અસિઆઉસા**, ગૌતમ સ્વામિને નમઃ ।
મંત્રં હિ ચાષ્ટકં ગણ્યં, લક્ષ્મી–સિદ્ધિ–સમૃદ્ધિદમ્ ॥૯॥

## પ્રસ્તુત પ્રકાશનના ભાગ્યશાળી દ્રવ્યસહાયકોની નામાવલિ

| રૂપીયા | |
|---|---|
| ૧૦,૦૦૧/- | શ્રીમતિ અંકીબેન ઘમંડીરામ ગોવાણી આદિનાથ શ્વે. જૈન ટ્રસ્ટ |
| ૫૦૦૧/- | શ્રી કચ્છી જૈન સમાજ, મદ્રાસ |
| ૩૨૫૧/- | શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન હુબલી |
| ૧૦૦૧/- | શા શાંતિલાલ મગનલાલ ગોધરાવાલા |
| ૧૦૦૧/- | શા સુંદરજી ધનજી બાડાવાલા |
| ૧૦૦૧/- | સ્વ. ખીમજી દેવજી તલવાણાવાલા ના સ્મરણાર્થે હઃ લક્ષ્મીબેન ખીમજી |
| ૫૦૧/- | શા લાલજી વેલજી બાડાવાલા |
| ૫૦૧/- | સ્વ. ખેતશી લખમશી દેશલપુરવાલાના સ્મરણાર્થે હઃ લક્ષ્મીબેન ખેતશી |
| ૩૦૧/- | શા રમણીકલાલ નાનાલાલ શાહ |
| ૨૫૧/- | સ્વ. ખેતબાઇ પૂંજાભાઈ દેવપુરવાલાના સ્મરણાર્થે હઃ શા કરમશી (વેલજી) પૂંજાભાઇ |
| ૨૫૧/- | સ્વ. કરમશી હંસરાજ બીદડાવાલા ના સ્મરણાર્થે હઃ મુકેશ તથા ઝવેરી |
| ૨૫૧/- | મુમુક્ષુ દીપક કે. સાવલા ની દીક્ષા સ્મૃતિ નિમિત્તે હઃ કિશોર કલ્યાણજી સાવલા |

# શ્રી નવકાર મહામંત્ર

નમો અરિહંતાણં

નમો સિદ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવજ્ઝાયાણં

નમો લોએ સવ્વસાહૂણં

એસો પંચનમુક્કારો

સવ્વપાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિં

પઢમં હોઈ મંગલં

અચલગચ્છાધિપતિ, યુગ પ્રભાવક પ. પૂ. આ. ભ.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા રચિત

## પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ કે સ્તવના

卐

આવ્યો પ્રભુ તારે દ્વાર, ભવ સમુદ્ર ઉતાર
તું છે શરણુ દેનાર, દયા સાગર મને તાર.... (૧)
તારી મૂર્તિ પાવનકાર, દીઠે શાન્તિને દેનાર,
દુઃખ દુર્ગતિ હરનાર, કૃપા સિંધુ મને તાર.... (૨)
તું છે દુઃખિયાનો આધાર, હું છું દુઃખી નિરાધાર,
તને ધ્યાવું વારંવાર, પ્રભુ તાર, મને તાર.... (૩)
આવ્યો......... મોઝાર, કર્યા........... જુહાર,
ગુણો ગાઉં વારંવાર, તારણહાર મને તાર.... (૪)
'ગૌતમ નીતિ ગુણાધાર,' બાળ કરે છે પોકાર,
શાશ્વત સુખના દાતાર, પ્રભુ શીઘ્ર મને તાર.... (૫)

**નોંધ :–** ઉપરની ૪ થી ગાથામાં પ્રથમ પોતાના ગામનું બાદ ત્યાના મુળનાયક ભગવાનનું નામ લેવું.

## શ્રી જિનેશ્વર ભગવંતની સ્તુતિ

રાગ—મંદીર છો મુક્તિ તણાં

અરિહંત છો ભગવંત છો, સર્વજ્ઞ છો સવદર્શી છો,
તીર્થંકાર છો સિદ્ધ બુદ્ધ છો, દ્યો મુક્તિ પરમ પદસ્થ છો ॥૧॥
જયવંત રહો ત્રણ ભુવન મંગલ, ભટ્ટારક સ્વામી શ્રેષ્ઠ છો,
ભયમુક્ત દેવાધિદેવ છો, દ્યો મુક્તિ પરમ દયાલુ છો ॥૨॥
જય જગ ચિંતામણી ચુડામણિ, પરમેશ્વરા જગદીપ છો,
ભવજલધિ દ્વીપ જગૈક બાંધવ, મુક્તિ દ્યો જગનાથ છો ॥૩॥
જય જનરંજક ભવ ભય ભંજક, દીન ઉદ્ધારક દીન શરણ છો,
શિવમાર્ગસ્થ જરામરણ છેદક, મુક્તિ દ્યો ગુણસમુદ્ર છો ॥૪॥
કર્મવાદ્ધિ પ્રવહણ ગુણ કરંડક, કામવારક પૂજ્ય છો,
ગૌતમ–નીતિ ગુણ કહે દ્યો મુક્તિ, મુનિ પુષ્પ ઉદ્યાન છો ॥૫॥

શું
તમે મહાપુણ્યોદયે મળેલ
આ ચાતુર્માસને જ્વલંત રીતે સફળ
બનાવવા ઈચ્છો છો?... શું તમારું હૃદય,
આ ચાતુર્માસમાં આરાધના યુક્ત જીવન જીવી
ચાતુર્માસને ચિરકાળ પર્યંત યાદગાર બનાવવાનાં અને
મોંઘેરા માનવભવને સફળ બનાવવાનાં મનોરથો સેવી
રહ્યું છે??... શું તમારું અંતર આ સંસારના મૃગતૃષ્ણા
સમાન ક્ષણભંગુર ભૌતિક સુખો પાછળ નિરર્થક ફાંફા
મારી મારી કંટાળ્યું છે? અને સાચા આત્મિક સુખ
શાંતિને પ્રાપ્ત કરવા તલસી રહ્યું છે???....જો
"હા"...તો આજથીજ આ પુસ્તિકામાં
દર્શાવેલા, પરમકૃપાળુ શ્રી તીર્થંકર
ભગવંતોએ ફરમાવેલા મહા
લાભદાયી નિયમોને
તમારા જીવનમાં
વણી લેવા
માટે
કટિબદ્ધ
બનો.

॥ સર્વથા સહુ સુખી થાઓ ॥

# "કર વિચાર તો પામ"

**ૐ હ્રીઁ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમો નમ:**

અહો ! અનાદિકાળથી, અનંતભવોથી, કર્મની પરાધીનતાને કારણે આ ભયાનક ભવ–અટવીમાં, ૮૪ લાખ જીવયોનિઓની અંદર ફૂટબોલના દડાની માફક અત્યંત દુઃખમય અવસ્થામાં અહીં તહીં અથડાતા, રખડતા અને રઝળતા, ભમતા અને ભટકતા આ જીવાત્માને અનંત પુણ્યરાશિ એકત્રિત થાય ત્યારે મળે છે. આ મહામૂલો માનવ અવતાર !

માનવ અવતાર એટલે આ સંસારના તમામ દુઃખોમાંથી સદાને માટે છુટકારો મેળવી, અનંત આત્મિક સુખનાં ધામ એવા મોક્ષ નગરમાં પ્રવેશ કરવા માટેનું એકમાત્ર પ્રવેશદ્વાર !....માનવ અવતાર એટલે સર્વકર્મો, સર્વ પાપો અને સર્વ દુઃખોથી રહિત બનાવાનો અને આત્માના સહજ અનંત સમાધિ સુખને પામવા માટેનો જે અનન્ય ઉપાય–કેવલી ભાષિત અહિંસામય ધર્મ, તેને આચરવાની એક માત્ર સોનેરી તક !!....માનવ અવતાર એટલે અગણિત દુઃખોનું મૂળ વિભાવદશા (પુદ્ગલ રમણુતા) ને ટાળી, અનંત સુખની ખાણ સ્વભાવદશા (આત્મ રમણુતા)ની સાધના કરવા માટેનું એકમાત્ર અદ્વિતીય સાધના મંદિર !!!

માટે જ તો પરમકરુણાવંત જ્ઞાની ભગવંતો દિવ્ય શરીરવાળા દેવભવની પણ પ્રશંસા ન કરતાં હાડ–ચામથી મઢેલા અને મળ–મૂત્રથી ભરેલા એવા પણ આ માનવ દેહની ભારોભાર પ્રશંસા કરે છે અને માનવભવની પ્રત્યેક પળને ધર્મમય બનાવી દેવાનું ભારપૂર્વક એલાન કરે છે...તેમ છતાં પણ અનાદિકાલીન અજ્ઞાનતાથી ઘેરાયેલા, વિષય–વાસનાઓના વિષથી મૂર્છિત બનેલા સંસારની માયાજાળમાં ગળાબૂડ ડૂબેલા, મોહમગ્ન જીવો પ્રાયઃ કરીને જ્ઞાની ભગવંતોના એ એકાંત હિતકારી વચનોના મર્મને સમજી શકતા નથી અથવા એનો વિચાર શુદ્ધાં પણ કરતા નથી. કોઇક વિરલ આત્માઓ થોડું ઘણું સમજે છે તો પણ એક યા બીજા કારણોસર તેનું યથાર્થ રીતે આચરણ કરી શકતા નથી...સંસારની અનેકવિધ ઉપાધિ, અને જ્ઞાનીઓના વચનોના મર્મને સમજાવનાર ત્યાગી સાધુ–સાધ્વી ભગવંતોની નિયમિત હાજરીનો અભાવ વગેરે કારણોસર કેટલાક હળુકર્મી યોગ્ય જીવો પણ ધર્મ તત્ત્વથી વંચિત રહી જાય તે સુસંભવિત છે.

આવા સંજોગોમાં 'ચાતુર્માસ' એ એક મહાન આશીર્વાદરૂપ તત્ત્વ પુરવાર થાય છે. કારણ કે ચાતુર્માસમાં ચાર-ચાર મહિના સુધી નિરંતર ત્યાગી સાધુ-સાધ્વી ભગવંતોના પતિત-પાવન દર્શન, વંદન, વાણીશ્રવણાદિનો લાભ મળી શકે છે અને તેમના ઉપદેશ અને આશીર્વાદથી, પ્રેરણા અને પ્રોત્સાહનથી અનેક આત્માઓ ધર્મનો મર્મ સમજી તે માર્ગે સહેલાઇથી આગેકૂચ કરી શકે છે. માટે જ તો ચાતુર્માસને **'ધર્મની મોસમ'** કહેવામાં આવે છે....!

પરંતુ જેમ વેપારની 'સીઝન'માં સાવધાનપણે વેપાર કરનાર વેપારી અને ચોમાસાની ઋતુમાં અપ્રમત્તપણે ખેતી કરનાર ખેડૂત ધન-ધાન્યાદિ સંપત્તિને પામી આખા વર્ષ પર્યંત સુખી થાય છે; જ્યારે એનાથી વિપરીત રીતે વર્તનાર, એટલે કે વેપાર કે ખેતીની મોસમમાં આળસુ બનીને બેસી રહેનાર કે મોજ-શોખ, એશ-આરામમાં સમય ગુમાવનાર વેપારી કે ખેડૂતને વર્ષભર પસ્તાવું પડે છે.... તેવી જ રીતે ધર્મની મોસમ-ચાતુર્માસમાં અન્ય સાંસારિક કાર્યોને ગૌણ બનાવી, અપ્રમત્તપણે ત્યાગી સાધુ-સાધ્વી ભગવંતોનાં સત્સંગ દ્વારા ધર્મનો મર્મ સમજી, ધર્મ આરાધના કરી, ધર્મ સંસ્કારોને સુદૃઢ બનાવી લેનાર ભાગ્યશાળી ધર્માત્માઓ આ લોક અને પરલોકમાં સાચા આત્મિક સુખ-શાંતિને પામી અનુક્રમે સર્વ દુઃખોથી રહિત અને અનંત સુખોના ધામ એવા મોક્ષને પ્રાપ્ત કરે છે. જ્યારે એનાથી ઊલટું, ચાતુર્માસમાં પણ સંસારના ક્ષણ-ભંગુર, આભાસિક અને પરિણામકટુ એવા પૌદ્ગલિક સુખોમાં જ મશગૂલ રહેનાર, કંચન, કામિની, કુટુંબ, કાયા અને કીર્તિના વિચારોમાં જ રાત-દિવસ ગુલતાન બની ગુરુગમ દ્વારા ધર્મના મર્મને સમજવા કે તેને આચરવા માટે તદ્દન ઉપેક્ષા કરનાર બિચારો પામર જીવાત્મા પણ આ અમૂલ્ય માનવ ભવને હારી જાય છે અને ભારેકર્મી બની ચિરકાળ પર્યંત નરક-નિગોદ કે તિર્યંચ આદિ દુર્ગતિઓમાં અત્યંત કરુણાજનક દુઃખમય સ્થિતિમાં રીબાય છે! મૈયારી!.... ભલે ને પછી એ મોટો અબજોપતિ શેઠ હોય, અઢળક સમૃદ્ધિ શાળી રાજા હોય કે પછી છ ખંડ પૃથ્વીનો સ્વામી ચક્રવર્તી પણ કાં ન હોય !!!....

આપણા જીવનમાં પણ ક્યાંય આવું ન બને, અને મહાન પુણ્યોદયથી પ્રાપ્ત થયેલ માનવ ભવને અને ધર્મની ખાસ મોસમ સમાન આ ચાતુર્માસને હારી ન જવાય પણ સાર્થક બનાવી શકાય તે માટે કરુણાનિધાન જ્ઞાની ભગવંતોએ ચાતુર્માસમાં ખાસ વિશેષે કરીને અભિગ્રહો-નિયમો ગ્રહણ કરવાનું ફરમાવ્યું છે.

અહીં "શ્રાદ્ધવિધિ" શ્રાદ્ધધર્મ દિપિકા, ઉપદેશ પ્રાસાદ, ધર્મસંગ્રહ, આદિ ગ્રંથોને આધારે, વર્તમાન દેશ-કાળ આદિને નજરમાં રાખીને કેટલાક નિયમો દર્શાવવામાં આવ્યા છે. સુજ્ઞ શ્રાવક-શ્રાવિકાઓ ગુરુગમથી એની વિશેષ સમજ મેળવી. યથાશક્તિ એ નિયમોને પોતાના જીવનમાં ઊતારી ચાતુર્માસને અને માનવ જીવનને સફળ બનાવે એજ શુભેચ્છા... આ પુસ્તિકામાં મતિદોષથી કે પ્રેસદોષથી શ્રી જિનાજ્ઞા વિરૂધ્ધ કાંઇપણ લખાયું હોય તે બદલ હાર્દિક "મિચ્છામિ દુક્કડમ્"....

'ગુણબાલ'

# મંગલ ભાવના

રચયિતા :

**અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યદેવ**
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.**

હે પરમાત્મન્ ! મુંજ અંતરમાં, કૃપા એવી વરસાવી રહો;
મૈત્રી, કરૂણા, પ્રમોદ ભાવના, માધ્યસ્થ્ય યુત નિત્ય રહો. ॥૧॥

સર્વ જીવોનું શુભ કરવાની, ભાવના મુજ દિલ સતત રહો;
દુ:ખ પીડિતનાં દુ:ખ હરવાની, ભાવના ભૂત મુજ હૃદય રહો. ॥૨॥

હરૂં નહિ દુ:ખ જ્યાં લગી સર્વનાં, મુજ અંતર દુ:ખિત રહો;
સુગુણી સુખી સંતોને દેખી, દિલ મુજ હર્ષ ભરેલ રહો. ॥૩॥

દોષકારક સુધરે નહિ તો પણ, મુજ દિલ સમતા યુક્ત રહો;
ગૌતમ-નીતિ-'ગુણ' કહે ચાર એ, ભાવના મુજ દિલ સતત રહો. ॥૪॥

બાહિર દૃષ્ટિ દેખતાં, બાહિર મન ધાવે
આંતર દૃષ્ટિ દેખતાં, અક્ષય પદ પાવે

# "શું પ્રતિજ્ઞા એ બંધન છે ? ? ?"

[ "પ્રતિજ્ઞા (નિયમ) લઇએ અને તૂટી જાય એના કરતાં પ્રતિજ્ઞા ન લેવી સારી" ઇત્યાદિ બોલનારાઓ આટલું તો જરૂર વિચારે.]

---

આજે ઘણાં આત્માઓ "પ્રતિજ્ઞા (નિયમ) લેવાની શી જરૂર છે?"... "અમે તો પ્રતિજ્ઞા લીધા વિના જ અમુક રીતે વર્તીશું, પરંતુ પ્રતિજ્ઞા તો નહિ લઇએ !" .... "પ્રતિજ્ઞા એ તો બંધન છે!" ...."પ્રતિજ્ઞા લઇએ અને પછી ભાંગી જાય એના કરતાં પ્રતિજ્ઞા ન લેવી સારી" ....ઈત્યાદિ માનતા-બોલતા કે પ્રચારતા જોવા મળે છે.

તેઓએ આટલું જરૂર વિચારવું ઘટે કે-જેમ વ્યવહારમાં પણ રેડિયો કે ટી. વી. વગેરે મનોરંજનના સાધનો ઘરમાં વસાવ્યા પછી કદાચ ૧૨ મહિના સુધી તેનો ઉપયોગ બિલકુલ ન થાય તો પણ જો લાયસન્સ રદ ન કરાવ્યું હોય તો ૧૨ મહિનાને અંતે તેનો ટેકસ ભરવો જ પડે છે.....મકાન ભાડે લીધા પછી સંયોગવશાત તેનો ઉપયોગ ન કરી શકવા છતાં પણ મકાન વિધિપૂર્વક પાછું સુપ્રત ન કર્યું હોય તો તેનું ભાડું ભરવું જ પડે છે. તેવી જ રીતે દુનિયામાં થઈ રહેલાં અગણિત પાપોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ ન કર્યો હોય ત્યાં સુધી ગમે તે પળે ગમે તે પાપ કરી નાખવાની શકયતા ખુલ્લી રહેલી હોવાથી તે પાપ ન કરવા છતાં પણ તે નિમિ-તે કર્મબંધ ચાલુ જ રહે છે.... માટે જ તો નિગોદ(અનંતકાય=અનંત જીવોનું એકજ સૂક્ષ્મ શરીર) નાં જીવો હિંસા, અસત્ય, ચોરી, મૈથુન જેવા કોઈ પણ પ્રકારનાં વ્યક્ત (સ્પષ્ટ) પાપો ન કરતા હોવા છતાં પણ પ્રતિજ્ઞાપૂર્વક પાપોનાં ત્યાગનાં અભાવ (અવિરતિ) થી થતા કર્મનાં આશ્રવથી તેઓને અનંતકાળ સુધી નરક કરતાં પણ અનંત-ગણા દુઃખોવાળી નિગોદમાં જન્મ-મરણ કરવા પડે છે....... વળી પૃથ્વીકાય આદિ એકેન્દ્રિય જીવો મુખ ન હોવાથી કવલાહાર (મુખ દ્વારા કોળિયા રૂપે આહાર ગ્રહણ કરવો તે) કરી શકતા નથી. તેમ છતાં પણ પ્રતિજ્ઞા (વિરતિ) ના અભાવે ઉપવાસનું પુણ્ય પામી શકતા નથી અને અસંખ્ય વર્ષો સુધી તેમને એકેન્દ્રિય યોનિઓમાં જ જન્મ-મરણ કરવા પડે છે. માટે અવિરતિ (પાપો ન કરવાની પ્રતિજ્ઞાનાં અભાવ) થી થતા નિરર્થક કર્મબંધથી બચવા માટે પ્રતિજ્ઞા એ ખૂબ જ જરૂરી છે

વળી કેટલાક જીવો એમ પણ કહે છે કે "અમુક પાપ ન કરવું એ જાતની પ્રતિજ્ઞા લેવાથી ઊલટું મન તે વાતનો જ વારંવાર વિચાર કરવા માંડે છે માટે પ્રતિજ્ઞા લેવી નહિ." આ વાત પણ બરાબર નથી કારણ કે શરૂઆતમાં કદાચ પૂર્વના સંસ્કારવશાત્ તેમ થાય તો પણ જો તે પાપના નુકશાન સમજવા પૂર્વક તેમ ન કરવાની પ્રતિજ્ઞા લીધી હોય તો ધીરે ધીરે મન ટેવાઇ જાય છે કે મારે તો અમુક કામ ન કરવાની પ્રતિજ્ઞા જ છે એટલે હવે મારે એ બાબતનો વિચાર કરવો પણ વ્યર્થ છે......ઉપવાસનું મહત્ત્વ સમજવા પૂર્વક તેનું પચ્ચક્ખાણ લીધા પછી ગમે તેવી સુંદર રસવતી સામે આવે તો પણ 'મારે તો આજે ઉપવાસની પ્રતિજ્ઞા છે" એવા ખ્યાલથી પ્રાયઃ કરીને તે સુંદર રસવતીને ખાવાનું કે તેનો વિચાર કરવાનું પણ મન થતું નથી. આ અનુભવસિદ્ધ હકીકત છે. આ તો થઈ નિષેધાત્મક નિયમની વાત.

વળી કરવા યોગ્ય સુંદર અનુષ્ઠાનો માટે પણ "હું આમ જરૂર કરીશ" આવી પ્રતિજ્ઞા લીધી ન હોય પણ ફક્ત સંકલ્પ જ કર્યો હોય તો આપણું મન સામાન્ય નિમિત્તો મળતાં જ તરત એ શુભ સંકલ્પથી ચલિત થઈ જાય છે દા. ત. દરરોજ પ્રભુદર્શન કરવાનો માત્ર સંકલ્પ (પ્રતિજ્ઞા નહિ) કર્યો હોય તો થોડું પણ વ્યાવહારિક કાર્ય આવી પડતાં તરત જ મન નબળું પડી જાય છે. કે 'આજે તો અમુક પ્રકારના સંયોગો હોવાથી મારાથી દર્શન થઇ શકશે નહિ. કાલથી જરૂર કરીશ. આજે એક દિવસ દર્શન ન થયા તો શું ખાટું મોળું થઈ જવાનું હતું'....પણ જો પ્રભુ દર્શન કરવાની પ્રતિજ્ઞા જ લીધી હોય તો 'મારે તો સવારના મુખમાં કાંઇપણ નાખતાં પહેલાં પ્રભુ દર્શન કરવાની પ્રતિજ્ઞા છે માટે મારે તેનું પાલન કરવું જ જોઇએ' આવા વિચારથી એ શુભ અનુષ્ઠાનમાં નિયમિતતા જળવાઈ રહે છે માટે વિધેયાત્મક બાબતોની પણ પ્રતિજ્ઞા (નિયમ) જરૂર લેવી જોઇએ.

વળી પ્રતિજ્ઞાને બંધન માનનારાઓએ એટલું જરૂર વિચારવું જોઇએ કે, જેમ મોટર, રેલ્વે, વિમાન વગેરેને બ્રેક હોય, ઘોડા-બળદ વગેરેને લગામ હોય, સમુદ્ર-નદીને કાંઠાની મર્યાદા હોય તો જ તેઓ ઉપયોગી બની રહે છે. પરંતુ બ્રેક વગરની મોટર, રેલ્વે, વિમાન, લગામ વગરનાં ઘોડા-બળદ વગેરે તેમ જ કાંઠા વગરના

સમુદ્ર–નદીથી અનેક હોનારતો સર્જાય છે...તેવી જ રીતે જીવનમાં પણ ઇન્દ્રિયો અને મન ઉપર પ્રતિજ્ઞા–નિયમ રૂપી બ્રેક – લગામ કે મર્યાદા હોય તો જ તે જીવન પોતાને અને બીજા પણ અનેકોને ઉપયોગી બની શકે છે. પરંતુ નિયમ વગરનું નિરંકુશ જીવન તો અનાદિકાળના વિષય કષાયોનાં કુસંસ્કારોને કારણે સ્વ–પરને અનેક રીતે અભિશાપ રૂપ (નુકશાન કારક) બની રહે તો પણ નવાઈ નહિ. માટે ટુંકમાં પ્રતિજ્ઞા એ બંધન નથી. પણ ઊલટું રાગ દ્વેષની વાસનાઓનાં અને વિષય–કષાયનાં કુસંસ્કારોનાં બંધનોથી આત્માને છોડાવવા માટે તીક્ષ્ણ અસિધારા (તલવારની ધાર)નું કામ કરે છે. પ્રતિજ્ઞા એ તો પ્રમાદ રૂપી શત્રુની બાણવૃષ્ટિથી આત્માનું રક્ષણ કરવા માટેનું મજબુત કવચ છે. બખ્તર છે. આવી પ્રતિજ્ઞાને બંધન માનવું એ તો ખરેખર નરી આત્મવંચના જ છે.

વ્યવહારમાં પણ વેપારનાં અને સ્કુલ–કોલેજોનાં, હોટલો અને સિનેમા ટોકીઝોનાં, કલબો અને જીમખાનાઓનાં, રેલ્વે અને બસોનાં ટપાલખાતા અને બેન્કોનાં, કોર્ટ કચેરીઓ અને મ્યુનીસીપાલીટીનાં, રેશનીંગ અને દૂધ કેન્દ્રોનાં, મંડળો અને સોસાયટીઓનાં અનેક નિયમોને ડગલે–પગલે આધીન રહી જીવન જીવનારો માનવી માત્ર ધાર્મિક નિયમોને જ બંધન રૂપ કહી તેની ઉપેક્ષા કરે તો એવા એ ભારેકર્મી માનવીની માત્ર ભાવ–દયા ચિંતવવા સિવાય બીજો ઉપાય પણ શું હોઈ શકે ???

વળી "પ્રતિજ્ઞા લઇએ અને ભાંગી જાય તો?" એમ કહેનારા મૂઆ પહેલાં જ મોકાણ માંડે છે. પ્રતિજ્ઞા લીધા પહેલાં જ ભાંગી જવાની વાત કરનારાઓ "રોતા જાય એ મૂઆની જ ખબર લાવે" એ લોકોક્તિને ચરિતાર્થ કરનારા છે. પરંતુ તેઓ સાંસ્કારિક કાર્યોમાં આવું કશું જ વિચારતા નથી કે – "પ્લેનમાં બેસી ફોરેન (પરદેશ) જાઉં તો છું પણ અધવચ્ચે જ વિમાન સળગી જશે તો?....હજારો રૂપિયા ખર્ચીને ડોકટર, વકીલ કે એન્જિનીયર આદિની ડીગ્રીઓ પ્રાપ્ત કરવા માટે ભણું છું તો ખરો પણ તે ડીગ્રીઓ મળ્યા પછી હું તરતજ મરી જાઉં તો મારા બધા જ પૈસા અને સઘળીયે મહેનત નકામી તો નહિ જાય ને........મકાન તો બંધાવું છું પણ ધરતીકંપના આંચકાથી પડી જશે તો?........ દુકાન તો ખોલું છું પણ દેવાળું નીકળશે તો?........દીકરી પરણાવું

તો છું પણ થોડા જ વખતમાં રંડાપો આવશે તો ?....સ્ત્રીને પરણું તો છું પણ થોડા જ વખતમાં મરી જાય અને બધો ખર્ચ નકામો જાય તો ?

ઉપરોક્ત બધા જ પ્રસંગોમાં જો આવી રીતે ભવિષ્યના નુકશાનના વિકલ્પો કરવામાં આવે તો સંસારનું એક પણ કાર્ય બની શકે નહિ.

વેપારમાં નુકશાની આવશે તો ? એવી શંકાથી વેપારને જ નહિ કરનારો ધન પ્રાપ્તિના લાભને મેળવી શકતો નથી....મરી જવાના ભયથી જે ભણતો જ નથી તે જિંદગીભર અભણ રહી જાય છે તેવી જ રીતે પ્રતિજ્ઞા લઉં અને ભાંગી જાય તો ? એવી ખોટી આશંકાથી પ્રતિજ્ઞા નહિ લેનારો પ્રતિજ્ઞાથી (પાપોનો અટકાવરૂપ) થતા લાભથી સદાને માટે વંચિત રહી જાય છે, અને આ ચંચળ મનુષ્યભવનું ક્ષણભંગુર આયુષ્ય પૂર્ણ થતાં દુર્ગતિમાં ધકેલાઈ જાય છે. માટે પ્રત્યેક સુજ્ઞ પુરૂષોએ ઉપરોક્ત પ્રકારનાં માનસિક કુવિકલ્પોને દૂર કરી, પ્રતિજ્ઞાથી થતા લાભોનો વિચાર કરી યથાશક્તિ પ્રતિજ્ઞા સ્વીકારી તેનું સુંદર રીતે પાલન કરવા માટે તત્પર રહેવું જોઇએ.

જેમ ઘરમાં ઉપરના માળે ચઢવા માટે રાખેલી નીસરણી ઉપરથી પગ લપસતાં કોઈ પડી જાય તો પણ નીસરણી કાઢી નખાતી નથી પરંતુ પડવાથી થયેલ જખમને રૂઝાવવા માટે મલમપટ્ટી કરાવી બીજીવાર નિસરણી પર ચડતી વખતે વધારે સાવધાની રાખવામાં આવે છે.

તેવી જ રીતે સુંદર રીતે પાલન કરવાના શુભ ઇરાદાપૂર્વક લીધેલી કોઇપણ પ્રતિજ્ઞાનો કદાચ કયારેક કોઇક તીવ્રતમ અશુભ કર્મનાં ઉદયથી કે શરતચૂકથી ભંગ પણ થઇ જાય તો પણ તરત ગુરુમહારાજને નિખાલસતા પૂર્વક જણાવી પ્રાયશ્ચિત સ્વીકારી શુદ્ધ બની ફરીથી વધારે સાવધાની પૂર્વક તે પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે પુરૂષાર્થ કરવો જોઇએ.

પરંતુ ભાંગી જવાના ઇરાદાથી પ્રતિજ્ઞાને જ નહિ સ્વીકારનારો માણસ તો ખરેખર કબજીયાતના ભયથી ભોજન ત્યાગ કરનારાની પેઠે, કે જુ-લીખ પડવાના ભયથી કપડાને જ શરીર પર નહિ પહેરનારની પેઠે - હાસ્યાસ્પદ જ ગણાયને ???

વળી કેટલાક આત્માઓ કેવળ અધ્યાત્મની કોરી વાતો કરી, કહેવાતી ધ્યાન અને યોગની પ્રક્રિયાઓને કે કેવળ પ્રાર્થનાને જ વધારે પડતું મહત્ત્વ આપી વ્રત-પચ્ચક્ખાણ તરફ તદ્દન અરૂચિ દર્શાવે છે. કેટલાક તો–

" વ્રત નહિ, પચ્ચક્ખાણ નહિ, નહિ ત્યાગ કોઇ વસ્તુનો
મહાપદ્મ તીર્થંકર થશે, શ્રેણિક ઠાણાંગ જોઈ લો. "

ઇત્યાદિ કોઇક અપેક્ષાથી કહેવાયેલા ઉપરોક્ત પ્રકારનાં વાકયોને આગળ ધરી, શ્રેણિક આદિનાં દષ્ટાંત આપી કહે છે કે : શ્રેણિક મહારાજાને કોઇપણ જાતનું વ્રત-પચ્ચક્ખાણ કે કોઈપણ વસ્તુનો ત્યાગ ન હોવા છતાં પણ તેઓ પરમાત્મા શ્રી મહાવીરદેવ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા-ભક્તિના પ્રતાપે આવતી ચોવીસીમાં પદ્મનાભ નામે તીર્થંકર થશે. ઠાણાંગ નામે ત્રીજું અંગસૂત્ર આ વાતની સાક્ષી પૂરે છે માટે પચ્ચક્ખાણ લેવાની કોઈ જરૂર નથી."

તે આત્માઓએ પણ જરૂર વિચારવું ઘટે કે ઉપરોક્ત શ્લોક કેવળ ભક્તિયોગનું માહાત્મ્ય વર્ણવવા માટે જ કહેવાયું છે નહિ કે વ્રતપચ્ચક્ખાણ નિષેધ કરવા કે તેની ઉપેક્ષા કરવા.... વળી શ્રેણિક મહારાજા તો પૂર્વે બાંધેલા તથા પ્રકારનાં નિકાચિત અપ્રત્યાખ્યાનીય કષાય મોહનીય કર્મના ઉદયથી વ્રત-પચ્ચક્ખાણ લઈ શક્તા નહોતા કે કોઈપણ વસ્તુનો ત્યાગ કરી શકતા ન હતા પરંતુ તેમના હૃદયમાં તો વિરતિ (પ્રતિજ્ઞા) ધર્મ અને વિરતિધરો પ્રત્યે ભારોભાર બહુમાન હતું જરાપણ અરુચિ કે ઉપેક્ષા ન હતી અને પોતે પ્રતિજ્ઞા ન લઈ શકવા બદલ તેમના અંતરમાં ખૂબ જ પશ્ચાત્તાપ રહ્યા કરતો હતો. તેથી જ તેઓ પ્રતિજ્ઞા પ્રત્યેનાં સાપેક્ષ ભાવપૂર્વક પરમાત્મભક્તિનાં પ્રતાપે તીર્થંકર થવાનાં છે; નહિ કે વ્રત-પચ્ચક્ખાણ પ્રત્યે ઉપેક્ષા હોવા છતાં પણ....

વળી તે જ ભવમાં અવશ્ય કેવલજ્ઞાન પામી, તીર્થંકર બની, મોક્ષે જનારા અને છદ્મસ્થ અવસ્થામાં પણ મોટે ભાગે સતત આત્મધ્યાનમાં લીન રહેનાર એવા ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ પણ જે જગત-પ્રસિદ્ધ મહા પ્રતિજ્ઞા લીધી હતી અને જેના પ્રભાવે ૫ મહિના અને ૨૫ દિવસના ઉપવાસના અંતે પ્રતિજ્ઞાની બધી જ શરતો પૂર્ણ થવાથી ચંદનબાળાના હાથે તેમનું પારણું

થયું હતું એ વાત પણ ધ્યાન આદિની વાતો કરી વ્રત પચ્ચક્ખાણ ની ઉપેક્ષા કરનારા આત્માઓએ ખાસ વિચારવા જેવી છે. વળી દરેક તીર્થંકર ભગવંતોને દીક્ષા લેતી વખતે "કરેમિ સામાઇયં" ઇત્યાદિ યાવજ્જીવ સામાયિકની ભીષ્મ પ્રતિજ્ઞાનો ઉચ્ચાર કરતાંની સાથે જ પરમ વિશુદ્ધ અધ્યવસાયો થવાથી અત્યંત નિર્મળ એવું મનઃપર્યવ નામે ચોથું જ્ઞાન ઉત્પન્ન થાય છે. આ બાબત પણ પ્રતિજ્ઞાની મહત્તાને સમજવાને માટે પૂરતી નથી શું ?

માટે બહુ વિસ્તારથી સર્યું.

દરેક આત્માઓ આ લેખ મનન પૂર્વક વાંચી વિચારી, પ્રતિજ્ઞા કે નિયમ અંગેની શાસ્ત્રવિરુદ્ધ માન્યતાઓને મગજમાંથી દેશવટો આપી આગળ જણાવેલ વિધેયાત્મક અને નિષેધાત્મક નિયમોમાંથી યથાશક્તિ નિયમોનો સ્વીકાર કરી તેનું સુંદર રીતે પાલન કરી દેવદુર્લભ માનવભવને સફળ બનાવે એજ શુભેચ્છા....

॥ शिवमस्तु सर्वजगतः ॥

## —: 'ૐ હ્રીઁ અર્હં નમઃ' ધૂન :—

ૐ હ્રીઁ અર્હં નમઃ સહુ જપીએ,
આત્મ રમણતાયે આગળ ધપીએ;
ક્ષણ ક્ષણમાં બહુ કર્મો ખપીએ,
અર્હં વિણ બીજું ન આલપીએ...ૐ હ્રીઁ...(૧)

અર્હં જાપે વિઘ્ન સવિ જાવે,
દુર્ગતિ દુઃખ વિલય સવિ થાવે;
સર્પ અગ્નિ શ્વાપદ ભય નાવે,
ઋદ્ધિ સિદ્ધિ પગ પગ મળી આવે...ૐ હ્રીઁ...(૨)

સિદ્ધચક્ર બીજ મંત્ર એ મોટો,
મંત્રોમાં એનો ન મળે જોટો;
એ જપી મંત્ર દ્યો કર્મને સોટો,
ગૌતમ–નીતિ–'ગુણ' કહે ભવ ખોટો....ૐ હ્રીઁ...(૩)

# પ્રતિજ્ઞાની મહત્તા દર્શાવતી વિવિધ કથાઓ

●

- ગાંઠ તો છોડવી પડશે !
- વાહ રે ! ચન્દ્રયશા !!
- વંકચૂલની કથા.
- વિજય શેઠ અને વિજયા શેઠાણી.
- હરિબલ મચ્છીની કથા.
- કમલની વિચિત્ર પ્રતિજ્ઞા !!
- દામન્નકનું દૃષ્ટાંત.
- હસ્તમેળાપમાં શબ્દ સંભળાયો : સાવધાન !
- સામાયિકમાં અડગતા (સત્ય ઘટના)

[સામાન્ય ગણાતા નાના એવા પણ નિયમોનું દૃઢતાપૂર્વક પાલન કરવાથી આલોકમાં અને પરલોકમાં કેવા મહાન લાભો થાય છે એ આ કથાઓ તમને કહેશે.]

આ સંસારે અટવાઉં ના એવો રાહ બતાવો
જીવન પંથે ભૂલો પડું ના, સાથી બનીને આવો
નેહ નીતરતા નયનો દેજો એવા વારિ
આ તનમનના સહુએ દુઃખડાં જેથી દઉં હું ઠારી.

# ગાંઠ તો છોડવી પડશે !

સુંદર એવું એક ગામ હતું.

ગામમાં અનેક લોકો ઉદ્યમી હતા. પૈસે ટકે પણ સુખી હતા.

આજ ગામમાં એક દારૂડીઓ રહેતો હતો. બસ આખોય દિવસ પોતાના નશામાં એ ચકચૂર રહેતો. હવે તો એવી લત લાગી ગઈ હતી કે બે ક્ષણ જો મોડું થાય તે તેની નસો ખેંચાઇ જાય. ગામના લોકો પણ દારૂડીઆથી ત્રાસી ગયા હતા.... અનેક રીતે આ વ્યસન છોડાવવા પ્રયત્નો કરતા પરંતુ કોઈ ઉપાયો હજી સુધી કામ આવ્યા ન હતા.

આખો દિવસ દારૂ પીને ગમે તેમ વર્તન કરતો, લોકો પણ ખૂબ કંટાળ્યા હતા.

સૌ એમ જ કહેતા કે "બીજા હજી સુધરી જાય પણ સાળવી દારૂડીયો નહીં સુધરે!" એક વાર એ જ ગામમાં મુનિ પધાર્યા.

એમના વ્યાખ્યાન આદિના પ્રભાવથી અનેક લોકો પ્રતિબોધ પામવા લાગ્યા. ધર્મનો, શાસનનો જયજયકાર થવા માંડયો...

અનેક જણા નાની-મોટી પ્રતિજ્ઞાઓ લઇ પોતાના જીવનને ધન્ય બનાવવા લાગ્યા.

સૌને થયું ચાલો આ સાળવી દારૂડીઆને પણ વ્યાખ્યાનમાં લઇ જઇએ આટલા પ્રયત્નો કર્યા છતાં એક ઔર.

એમ વિચારી આ દારૂડીઆને સમજાવી એક દિવસ વ્યાખ્યાનમાં લઈ આવ્યા.

આ અગાઉ પૂજ્ય મુનિશ્રીને આના વ્યસનની વાત કરેલ.

મુનિશ્રીએ અતિ રોચક શૈલીથી વ્યાખ્યાન ફરમાવ્યું. આખી સભા ડોલી ઉઠી.

અંતે મુનિશ્રીએ માનવ જીવનને સફળ બનાવવા કંઇક નાના યા મોટા વ્રત પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) લેવાનું કહ્યું.

ત્યારે સૌએ ભારપૂર્વક આ સાળવી દારૂડીઆને ઉભો કર્યો.

દારૂડીઓ ઉભો તો થયો કિન્તુ મુનિશ્રીને એણે જણાવ્યું કે 'હું કોઈ પ્રતિજ્ઞા પાળી નહિ શકું ? કૃપયા દારૂ આદિની કોઈ પ્રતિજ્ઞા આપશો નહિ.

મુનિશ્રીએ કહ્યું: 'ભલે કિન્તુ નાની પ્રતિજ્ઞા તને આપું છું જેમાં તને કોઇ હરકત નહિ આવે.

મુનિશ્રીએ કહ્યું કે દોરીને ગાંઠ માર્યા પછી દારૂ પીવો નહિ. અર્થાત્ એક ગાંઠવાળી દોરી રાખવી, જ્યારે દારૂ પીવો હોય ત્યારે દોરીની ગાંઠ છોડી નાખવી.

તે પી લીધા બાદ ફરી ગાંઠ બાંધી દેવી.

આ પ્રતિજ્ઞામાં દારૂના પ્રમાણમાં કોઇ નિયંત્રણ ન હતું એટલે લોકોના અતિ આગ્રહથી, અને મુનિશ્રીના વ્યાખ્યાનની પ્રસાદી સ્વરૂપ આ પ્રતિજ્ઞા તેને માફક આવી ગઇ. તેણે તે સ્વીકારી લીધી.

આમ ગામમાં ધર્મ જાગૃતિ આણી મુનિશ્રી તો વિહાર કરી ગયા.

આ બાજુ આ સાળવીનો ગાંઠવાળો ક્રમ ચાલવા લાગ્યો. લીધેલી પ્રતિજ્ઞા પાળવા લાગ્યો.

પણ એક વખત ભારે થઈ ગઈ. ગાંઠ મડાગાંઠ બની ગઈ. ઉતાવળમાં મારી દીધી હશે તે કેમેય કરીને છૂટે નહિ. વિલંબ થતાં નસો તણાવા લાગી. જીવ જવા લાગ્યો. સ્વજનોએ બાધા તોડી નાખવા જણાવ્યું. પણ તેણે બાધા તોડવાની તો સાફ ના પાડી.

અંતે

સમાધિપૂર્વક તેના પ્રાણ નીકળી ગયા. પ્રતિજ્ઞાની અડગતાને પ્રભાવે મરીને દેવ થયો. તરત જ તે ગુરુદેવ પાસે આવ્યો.

નાની પણ પ્રતિજ્ઞા આપી પોતાને આ સ્થિતિ પર લાવી મૂકનાર ગુરુદેવની ઋણમુક્તિ માટે કામ ફરમાવવા વિનંતી કરી.

તેમની આજ્ઞા પ્રમાણે મિથ્યાદષ્ટિ બની ગયેલાને શત્રુંજયતીર્થના અધિષ્ઠાપક દેવને ભગાડી તીર્થને ભયમુકત અને અશાતનાથી મુકત કર્યું.

અને પોતે તેજ તીર્થના અધિષ્ઠાયક બન્યા...નામ કપર્દીયક્ષ...!

આમ

નાની ને નજીવી જેવી પ્રતિજ્ઞા દ્વારા પણ કેટલું સુંદર ફળ પ્રાપ્ત થયું!...

# વાહ રે ! ચન્દ્રયશા

ઘણાં લાબા સમયની આ વાત છે.

વિનીતા નગરીના ચક્રવર્તી રાજા ભરત હતા.

તેમનો એક લાડકવાયો પુત્ર હતો. જેનું નામ હતું ચન્દ્રયશા....

ધર્મ પાલનમાં ભારે ચુસ્ત... દૈનિક નિત્યક્રમમાં પણ અતિ ચુસ્ત.... અને પ્રતિજ્ઞા પાલનમાં તો ખુબ જ કટ્ટર.... જીવ ભલે જાય કિન્તુ પ્રતિજ્ઞાનો ભંગ ન કરે.

જેઓ ખરેખર ! અડગ હોય છે તેમની જ કસોટી થાય છે....

એક વખત એનીય કસોટી થઈ. આ ચન્દ્રાયશાનું નિયમ હતું કે દર પર્વ દિવસોમાં પૌષધ કરવું. અને એ પ્રતિજ્ઞા મુજબ તેઓ ચતુર્દશીના દિવસે પોતાની ધ્યાનસ્થ મુદ્રામાં હતા. પૌષધ લઇ પરમાત્માના ધ્યાનમાં લીન બની ગયેલા.

તે વખતે દેવોનો રાજા ઇન્દ્ર પોતાની સભામાં નૃત્ય જોતો હતો.

અનેક મધુર સંગીત વાદ્યો વાગી રહ્યા છે. નર્તકીઓ નૃત્ય કરી રહી છે.

તે વખતે નૃત્ય જોતા જોતા ઇન્દ્રે પોતાના અવધિજ્ઞાનનો ભરતક્ષેત્ર પર ઉપયોગ મૂકયો. તેણે ધ્યાનમાં એકકાર બની ગયેલા ચન્દ્રયશાની મુખાકૃતિ જોઇને ડોકું ધુણાવ્યું "અહા ! કેવા ધર્માત્માઓ છે ! અને અમે કેવા ભોગ સંપટો ! આમ એ બોલી ઊઠયો, અને હવે એનું મન આ નૃત્યોમાંથી ખસી ગયું.

ઇન્દ્રની ઉદાસ મુખમુદ્રા જોઈ ઉર્વશી અને રંભાએ નૃત્ય અટકાવી દીધું. વિનયપૂર્વક તેમણે ઈન્દ્રને ઉદાસીનતાનું કારણ પૂછતાં ઇન્દ્રે સઘળી વાત કરી છેવટે ઇન્દ્રે કહ્યું : "ચન્દ્રયશાની પૌષધ પ્રતિજ્ઞાને તોડવા જગતની કોઇ શક્તિ સમર્થ નથી."

ઇન્દ્રના આવા વચનો સાંભળી બન્ને નર્તકીઓ મનમા હસી. તેમણે નક્કી કર્યું કે જોઇએ તો ખરા કેવો છે ચન્દ્રયશા ? એવું તે શું છે ? અને એને પ્રતિજ્ઞાથી ચલિત કરવાનો મનોમન નિર્ણય કર્યો.

આ ચન્દ્રયશાને ચલાયમાન કઇ રીતે કરવો તેની વિચારણા કરવા લાગી....

છેવટે બન્નેએ એક યુક્તિ વિચારી અને તે મુજબ કરવા કટિબદ્ધ બની.

શ્રાવિકાઓનું રૂપ લઇને બન્ને વિનીતાનગરીના શુક્રાવતાર જિનાલયમાં પ્રભુજીની સમક્ષ ચૈત્યવન્દન કરવા લાગી. તેમના અદ્દભુત કંઠથી, ત્યાં જ પૂજા કરવા આવેલો ચન્દ્રયશા આકર્ષાયો.

સહવર્તી મન્ત્રીએ રાજાનો ભાવ જાણી લઇને મંદિરની બહાર નીકળતાં શ્રાવિકાઓને જાતિ, કુલ પૂછી લીધાં. બન્ને વિદ્યાધરીઓ છે અને યોગ્ય પતિની શોધમાં નીકળી છે. પતિ તેને જ કરવો છે જે કાયમ તેમના કહ્યા–કબજામાં હોય. તેમની કોઈ પણ વાતની અવગણના કદી ન કરે.

ચન્દ્રયશાએ આ બધી શરતો કબૂલ કરી, તેથી તેમનું લગ્ન થયું.

થોડા દિવસો તો આનંદથી પસાર થયા, પણ પર્વ તિથિ આવતાં રાજાએ પોતાની પ્રતિજ્ઞાની વાત જણાવી.

અને પૌષધ કરવાની વાત કરી.

બે રાણીઓએ પૌષધ લેવાની સાફ ના પાડી અને લગ્ન વખતે આપેલું વચન યાદ દેવડાવ્યું.

હવે રાજા શું કરે?

એક બાજુ પ્રતિજ્ઞા ભંગ; બીજી બાજુ વચન ભંગ....એકેય પરવડે તેમ ન હતું.

આથી રાજાએ જીવન ભંગ કરવાનો નિર્ણય કર્યો. પોતાની તલવાર પોતાની ગરદન પર ઝીંકી....પણ અફસોસ! ઘા ન વાગ્યો

વારંવાર ઝીંકી પણ નિષ્ફળ.

બન્ને દેવીઓ પ્રગટ થઇ. તેમણે પ્રતિજ્ઞા પાલનની ભારે પ્રશંસા કરી પોતે દેવેન્દ્રે કરેલ વાત પર પરીક્ષા કરવા માટે આવેલ તે વાત જણાવી અંતર્ધાન થઈ.

અંતે!

દૃઢતાપૂર્વક એણે પ્રતિજ્ઞાનું પાલન કર્યું.

છેવટે

દીક્ષા લીધી અને તેજ ભવમાં કૈવલ્ય પામીને મોક્ષે ગયા.

આ છે પ્રતિજ્ઞા પાલનનું મહત્ત્વ!!

# પ્રતિજ્ઞાની મહત્તા

# યાને

# વંકચૂલની કથા (સત્ય ઘટના)

વિરાટ દેશ... અને પેઢાળપુર નગર. ત્યાં રાજ્ય કરે રાજા શ્રીચૂલ. ખૂબજ પરાક્રમી, ભારે ન્યાયી અને અત્યંત પ્રજાવત્સલ.

શ્રીચૂલ રાજાને પુષ્પચૂલ નામે એક પુત્ર અને પુષ્પચૂલા નામે એક પુત્રી. ભાઈ-બ્હેન વચ્ચે અધિકું હેત. બંનેને એકબીજા વિના ચાલે જ નહિ. યુવાવસ્થાને પામેલા પુષ્પચૂલના લગ્ન એક સુંદર રાજકન્યા સાથે થયાં.

રાજકુમાર પુષ્પચૂલ પણ પિતાની માફક પ્રતાપી અને શૂરવીર હતો. પરંતુ બાલ્યાવસ્થાથી જ ખરાબ મિત્રોની સંગતે ચડી જવાથી યુવાવસ્થામાં જુગાર વગેરે સાતે વ્યસનને પૂરો થયો. વ્યસનોને આધીન બનેલો પુષ્પચૂલ પ્રજાને ખૂબ જ રંજાડતો અને અનેક વાંકા કામ કરતો આથી લોકો તેને વંકચૂલ કહીને બોલાવતા.

એક વખતની વાત છે. રાજસભામાં બેઠેલા રાજા શ્રીચૂલ પાસે કેટલાક નગરનાં આગેવાન લોકો આવ્યા. રાજાને પ્રણામ કરી ઊભા રહ્યા. તેમના મુખ ઉપર શોક અને ચિંતાની ઘેરી લાગણી સ્પષ્ટ પણે જણાતી હતી. તેઓ કાંઇક બોલવા ઇચ્છે છે એમ તેમનાં ઈંગિત – આકાર ઉપરથી સમજતાં રાજાને વાર ન લાગી. જે કાંઇ પણ કહેવું હોય તે નિર્ભયપણે કહી દેવા માટે રાજાની આજ્ઞા થતાં તેઓ બોલ્યા – "મહારાજ! કોઇ સામાન્ય માણસનો છોકરો હોય તો એને કાંઈ ઠપકો આપી શકાય અને સજા પણ કરી શકાય – પણ આ તો રાજકુમાર પુષ્પચૂલ! રોજ પ્રજાને રંજાડે તે કઇ રીતે સહન થાય? અમારાથી સહેવાયું ત્યાં સુધી સહ્યું, પરંતુ સહનશકિતની પણ મર્યાદા હોય છે... હવે અમે ખૂબ જ ત્રાસ્યા ત્યારે તમારી પાસે રક્ષણ માંગવા આવ્યા છીએ"....પ્રજાવત્સલ શ્રીચૂલ રાજાને પ્રજાનું દુઃખ જોઈ

ખૂબજ લાગી આવ્યું. નગરજનોને યોગ્ય આશ્વાસન આપી વિદાય કર્યા અને રાજસભાનું કાર્ય પતાવી પુષ્પચૂલને એકાંતમાં બોલાવ્યો અને કહ્યું, " પુષ્પચૂલ ! તારી ફરિયાદો હવે દિન-પ્રતિદિન વધતી જાય છે. તારું નામ પુષ્પચૂલ હોવા છતાં તારા વાંકા કાર્યોને લીધે તું વંકચૂલ તરીકે ઓળખાય છે. કોઈપણ ભોગે પ્રજાનું રક્ષણ કરવું એ રાજાની પ્રથમ ફરજ છે. મેં તને ઘણી વખત સમજાવ્યો છતાં તું હજીયે સમજતો નથી. હવે તને છેલ્લી વખત કહું છું કે તને સારી રીતે રહેવું હોય તો ખુશીથી અહીં રહે, નહીં તો મારા નગરમાંથી ચાલ્યો જા. હું પુત્ર વિના ચલાવી લઈશ પરંતુ રાજયની આબરુનાં કાંકરા નહિ થવા દઉં....

મૂંગે મોઢે વંકચૂલ આ બધું સાંભળી રહ્યો. પોતે ખોટું કરી રહ્યો છે અને પિતાની વાત સાચી છે એમ તેનાં સત્યપ્રિય અંતઃકરણને સતત લાગ્યા કરતું હતું. પરંતુ વ્યસનોની ગુલામીને લીધે તે સુધરવાને લાચાર હતો. તેથી થોડાજ વખતમાં તેણે નગર છોડવાની તૈયારી કરી લીધી. તેની પાછળ તેની બહેન પુષ્પચૂલા અને તેની પત્ની પણ જવા તૈયાર થયાં. પ્રજાવત્સલ રાજા શ્રીચૂલે હૈયું કઠણ કરી ત્રણેને જવા દીધા.

નગરત્યાગ કર્યા પછી મહાપરાક્રમી વંકચૂલ એક લુંટારાની ટોળીમાં ભળ્યો. થોડાજ દિવસોમાં ટોળીના આગેવાનનું મૃત્યુ થતાં બધા લુંટારાઓએ તેને શૂરવીર જાણી પોતાની ટોળીનો આગેવાન બનાવ્યો. લુંટારુ ટોળીનાં નાયક બનેલા વંકચૂલે પણ સિંહગુહા નામની પલ્લીમાં પોતાનું નાનું સરખું રાજ્ય જમાવી લીધું.

એક વખતની વાત છે. જ્ઞાનતુંગસૂરિ નામે એક જૈનાચાર્ય પોતાના શિષ્ય પરિવાર સહિત વિહાર કરતાં કરતાં જંગલમાં ભૂલા પડયા. ચોમાસાનાં દિવસો તદ્દન નજીકમાં હતા. આજુ-બાજુમાં કોઇ ગામ ન હતું અને ચોમાસામાં જીવવિરાધનાથી બચવા માટે જૈન સાધુ વિહાર ન કરે. તેથી તેઓ સિંહગુહા પલ્લીમાં આવ્યા અને વંકચૂલ પાસે તેમણે ચાતુર્માસ રહેવા માટે જગ્યાની માંગણી કરી....

વંકચૂલે કહ્યું, "મહારાજ! જગ્યાનો અહીં તોટો નથી, પણ અમે રહ્યા ચોર-લુટારુ એટલે ચોરીની સાથે બધા જ વ્યસને પૂરા. હવે તમે અહીં રહીને ધર્મનો ઉપદેશ આપી બધાનાં મન પલટાવી નાંખો તો મારી તો પલ્લી જ ભાંગી પડે. માટે એક શરતે તમને અહીં રહેવા દઉં, કે તમારે અહીં રહી તમારી ઇચ્છા મુજબ ધર્મ-ક્રિયાઓ કરવી, પરંતુ એક પણ અક્ષર ધર્મ-ઉપદેશનો આપવો નહીં." સમયજ્ઞ આચાર્ય મહારાજે કહ્યું: "કબુલ છે, પણ એક વાત અમારી પણ તમારે માન્ય રાખવી કે જ્યાં સુધી અમે અહીં રહીએ ત્યાં સુધી અમારી આસપાસ હિંસા વગેરે ન થાય...." વિવેકી વંકચૂલે તે વાત કબૂલ કરી આચાર્ય મહારાજને ચાતુર્માસ રાખ્યા.

સમયને જતાં વાર લાગતી નથી. ધર્મ ધ્યાનપૂર્વક નિર્વિઘ્નપણે ચાતુર્માસ પૂર્ણ થતાં પરિવાર સહિત આચાર્ય ભગવંતે વિહાર કર્યો. મુનિવરોની પવિત્ર દિનચર્યાથી અત્યંત પ્રભાવિત થયેલા વંકચૂલ અને તેના સાથીદારો તેમને વળાવવા ચાલ્યા. પલ્લીની હદ પૂરી થતાં બીજા માણસો પાછા ફર્યા, પરંતુ આવા પવિત્ર મહાત્માના મુખેથી એક પણ શબ્દ ધર્મ ઉપદેશ સાંભળ્યા વિના પાછા ફરવા માટે વંકચૂલનું અંતઃકરણ ના પાડી રહ્યું હતું. તે થોડે દૂર સુધી આચાર્ય મહારાજની સાથે ગયો.

પલ્લીની હદ પૂરી થયેલી જાણી તેમજ વંકચૂલની યોગ્યતાને જોઈ આચાર્ય ભગવંત બોલ્યા. "વંકચૂલ, હવે આપણી શરત પૂર્ણ થાય છે માટે તારી ઇચ્છા હોય તો આપણા આ મિલનની યાદગીરી નિમિ-તે હું તને થોડા નિયમો આપવા માંગુ છું."...........

"ભલે મહારાજ! પણ મારી પરિસ્થિતિ તો તમે જાણો છો કે હું ચોર છું. ચોરી એ જ મારી આજીવિકાનું સાધન છે અને ચોરી કરતાં હિંસાનો પણ હું ત્યાગ કરી શકું નહિ. તેથી ચોરી ન કરવી કે હિંસા ન કરવી એવા નિયમોનું પાલન મારાથી નહીં થાય બાકી એ સિવાય આપને જે યોગ્ય લાગે તે નિયમો ભલે આપો." વંકચૂલે ખુલાસો કરતાં કહ્યું.

"વંકચૂલ! ધર્મ ઉપદેશ આપનાર મુનિઓ સામી વ્યક્તિની યોગ્યતા સમજીને કહે છે. માટે તું ધારે તો સહેલાઈથી પાળી શકે તેવા ચાર નિયમો તને આપવા ઈચ્છું છું અને તે આ પ્રમાણે (૧) કોઇ પણ અજાણ્યું ફળ તારે ન ખાવું. (૨) કોઇના ઉપર શસ્ત્ર પ્રહાર કરવો હોય તો કરતાં પહેલાં સાત ડગલા પાછા હટવું. (૩) કોઇપણ રાજાની પટ્ટરાણી સાથે વિષય સેવન ન કરવું અને (૪) કાગડાનું માંસ ન ખાવું." આટલું બોલી આચાર્ય મૌન રહ્યા.

વંકચૂલે વિચાર્યું: "ખાવાની બધી છુટ છે. માત્ર અજાણ્યું ફળ જ નથી ખાવાનું ને? આ તો સારું થયું અજાણ્યું ફળ ખાતાં તો કયારેક મૃત્યુને ભેટવું પડે....ચોરી કરતાં હિંસા કરવી પડે તેનો પણ નિષેધ નથી. માત્ર ઘા કરતાં પહેલાં સાત ડગલા પાછા હટવાનું ને! તે પણ સારું. વિચારવાની તક મળે અને વળી એક વખત મારી સામે આવેલો શિકાર થોડો જ છટકી જવાનો છે?...પટ્ટરાણી સાથે વિષય સેવન ન કરવાનો નિયમ પણ શું ખોટો છે? આનાથી તો ભયંકર વેર બંધાતાં અટકી જાય....તથા નિંદનીય કાગડાનું તુચ્છ માંસ પણ મારે શા માટે ખાવું પડે?"...અને તે બોલ્યો, "મહારાજ કબૂલ છે. આ ચારેય નિયમો હું જરૂર પાળીશ. મારા પ્રાણના ભોગે પણ આ નિયમોને આંચ આવવા નહીં દઉં...."

હર્ષિત થયેલા આચાર્ય મહારાજે યોગ્ય હિતશિક્ષા સાથે ચાર નિયમો પાળવા માટે પચ્ચક્ખાણ આપ્યું અને જંગલની પલ્લીમાં પણ ચાતુર્માસ ઉપકારક નીવડયું માની સંતોષપૂર્ણ હૃદયે ત્યાંથી વિહાર કર્યો...વંકચૂલ પલ્લીમાં પાછો ફર્યો...

## (૩)

ભર બપોરનો સમય હતો. જંગલની ગીચ ઝાડીમાં વંકચૂલ અને તેના સાથીદારો બેઠા હતા સામે જ કોઈ રાજમહેલમાંથી ચોરી લાવેલા હીરા, મોતી અને ઝવેરાતનાં ઢગ પડયા હતા. સહુ થાકીને લોથ થઇ ગયા હતા. બધાને કકડીને ભૂખ લાગી હતી.

વંકચૂલે કહ્યું : "ભાઈઓ ! આ હીરા મોતીથી પેટ નહીં ભરાય, કાંઇ ખાવાનું લાવો." આજ્ઞા થતાં જ સાથીદારો જંગલમાં ઘૂમી વળ્યા અને થોડી જ વારમાં સુંદર મઝાનાં ફળો લાવી વંકચૂલ આગળ ઢગલો કર્યો. અહા ! શું એ ફળોનો આકર્ષક રંગ ! કેવી મઝાની એની સુગંધ ! ભલભલા તપસ્વીઓના મોઢામાં પણ પાણી આવી જાય....

બધા એ ફળો ખાવાને માટે ખૂબ જ તલપાપડ હતા પણ ટોળીનો નાયક શરૂઆત કરે એ પહેલાં તેઓ ખાવા માટે લાચાર હતા. તેથી બધાએ વંકચૂલને જલ્દીથી ફળો આરોગવા માટે આગ્રહ કર્યો. વંકચૂલે પણ તરત એક ફળ ઊપાડયું પણ જેવું મુખ આગળ ધર્યું ત્યાં જ ગુરુએ આપેલ નિયમ યાદ આવ્યો, "અજાણ્યું ફળ ખાવું નહિ."

તેણે સાથીદારોને પૂછયું, "ભાઇઓ આ ફળનું નામ શું ?" ત્યારે કોઇએ કહ્યું : "ખબર નથી".... બીજાએ કહ્યું: "જંગલી કાકડી જેવું લાગે છે." ત્રીજાએ કહ્યું: "ના ના આ તો બધા ફળોથી અત્યંત વધારે સુંદર ફળ હોવાથી અમૃતફળ હોવું જોઇએ." ચોથાએ કહ્યું: "આપણે નામ સાથે શો સંબંધ ? આપણને તો ભૂખ મટાડવાથી કામ. માટે હવે નામના ઝગડામાં પડવા કરતાં ખાવાની જ શરૂઆત કરો."

વંકચૂલે કહ્યું: "મારે તો નિયમ છે. અજાણ્યું ફળ ખાવું નહિ. માટે નામ જાણ્યા વગર હું તો નહીં ખાઉં તમારે ખાવું જ હોય તો તમે ખાઓ."

"ચોરને તે વળી નિયમો કેવા ?" એકે હસતાં હસતાં કહ્યું: પણ વંકચૂલ અડગ હતો. તે બોલ્યો. "ખબરદાર !....ગુરુ મહારાજે આપેલા નિયમોનો હું પ્રાણાન્તે પણ ભંગ નહિ થવા દઉં."

આખરે મોટા ભાગનાં સાથીદારો ભૂખ સહન ન થતાં એ ફળો ખાવા લાગ્યા. વંકચૂલ અને થોડા સાથીદારો એમ જ બેસી રહ્યા....પણ આ શું !!!.... થોડી જ વારમાં ફળ ખાનારા બધા જ ચોરો ટપોટપ બેભાન થઈને ઢળી પડયા અને થોડી જ પળોમાં

એમનાં પ્રાણ પંખેરાં ઉડી ગયાં.... ! આ દ્રશ્યને જોતાં જ વંકચૂલ અને બાકીનાં સાથીદારો સમજી ગયા કે આ ફળો તે બીજા કોઈ નહિ પણ કિંપાક નામે અત્યંત ઝેરી ફળો છે કે જેઓ દેખાવમાં અત્યંત મનોહર અને સુગંધી તથા ખાવામાં પણ અત્યંત સ્વાદિષ્ટ હોવા છતાં પણ પેટમાં ગયા બાદ તત્કાળ પ્રાણ હરી લે છે.

વંકચૂલે મનોમન ગુરુમહારાજનો ઉપકાર માન્યો. એને થયું. "જો ગુરુમહારાજે મને અજાણ્યું ફળ ન ખાવાનો નિયમ ન આપ્યો હોત તો આજે મારી સ્થિતિ પણ આવી જ થાત." અને તે મનોમન ઉપકારી ગુરુમહારાજને ભાવપૂર્વક વંદન કરવા લાગ્યો....

(૪)

પાછલી રાતનો સમય હતો ચોરી કરીને પાછા ફરેલા વંકચૂલે પલ્લીની મધ્યમાં આવેલી પોતાની કુટીરમાં પ્રવેશ કર્યો. પણ અંદરનું દ્રશ્ય જોતાં જ તેની આંખોના ભવાં ઊંચે ચડી ગયાં. સામે પડેલા પલંગપર પોતાની સ્ત્રીને કોઇ પર પુરૂષ સાથે ઘસઘસાટ ઊંઘતી જોઇ તેનું લોહી ઊકળી ઊઠયું. તેણે તરત જ મ્યાનમાંથી તલવાર બહાર કાઢી અને એક જ ઝાટકે બેયને ખલાસ કરવાનો વિચાર કર્યો. ત્યાં જ ગુરૂએ આપેલો નિયમ યાદ આવ્યો.... "કોઇના ઉપર પણ ઘા કરતાં સાત ડગલાં પાછા હટવું." એટલે તે સાત ડગલા પાછળ હટવા જાય છે. ત્યાં તો અચાનક ખુલ્લી રાખેલી તલવાર ભીંત સાથે અફળાણી. અવાજ થવાથી પલંગ પર સૂતેલો પુરૂષ તરત જાગી ઉઠયો અને બોલ્યો. "એ કોણ છે?.... ભાઈ, પુષ્પચૂલ !"

આ શબ્દો સાંભળતાં જ વંકચૂલે તલવાર ફેંકી દીધી અને તે બોલ્યો. "બહેન પુષ્પચૂલા ! તેં કેમ આ પુરૂષના કપડાં પહેર્યાં છે ?"

પુષ્પચૂલા બોલી, "ભાઈ આજે પલ્લીમાં નટ લોકો ખેલ ભજવતા હતા. એટલે હું તારી ગેરહાજરીની પૂર્તિ કરવા માટે તારા કપડા પહેરી ભાભીની સાથે ખેલ જોવા ગઇ હતી. મોડી

રાતે ખેલ પૂરું થયું ત્યારે આંખો ઊંઘથી ઘેરાતી હોવાથી કપડા બદલાવ્યા વિના જ ભાભીની સાથે સૂઈ ગઈ. પરંતુ આમાં મેં ખોટું શું કર્યું કે તમે આમ તલવાર લઈ લાલપીળા થયા છો?"

"બહેન! જે થયું તે સારા માટે. નહિતર તું અને તારી ભાભી બેમાંથી એક પણ જીવતા ન હોત. હું તો તને પરપુરૂષ માની બંનેને એક જ ઝાટકે ઉડાડી દેત. પરંતુ પેલા ગુરૂમહારાજનો નિયમ યાદ આવ્યો એટલે સાત ડગલા પાછો હટવા જતાં તલવાર અફળાતાં અવાજ થયો અને તું જાગી ગઇ અને તારો સ્વર સાંભળતાં જ મેં તલવાર ફેંકી દીધી.

"બહેન, ખરેખર ગુરૂમહારાજનો કેટલો મોટો ઉપકાર! જો આ નિયમ ન હોત તો હું તમારા બંનેનો ખૂની બનત અને જિંદગીભર એ પાપનાં પશ્ચાત્તાપ રૂપી અગ્નિમાં બળ્યા કરત, અહો? ગુરૂ–મહારાજ આખું ચોમાસું પલ્લીમાં રહ્યા ત્યારે તેમનો ઉપદેશ સાંભળ્યો નહિ. જો પહેલેથી આવી ખબર હોત તો આવો અણમોલ લહાવો જવા ન દેત!"

પોતાને અને પોતાનાં કુટુંબને જીવતદાન આપનાર એ ઉપકારી ગુરૂમહારાજનાં દર્શન કરવા માટે વંકચૂલ હવે તલસી રહ્યો હતો. આખરે એની આશા ફળીભૂત થઇ. એકવાર એજ આચાર્ય ભગવંત પોતાના શિષ્યો સાથે ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. વંકચૂલ તેમના પગમાં પડયો. બધી જ વાત કરી અને ગુરૂ મહારાજનાં ઉપદેશથી ત્યાં જિનમંદિર બંધાવ્યું. તેમાં મહાવીર સ્વામી ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠાપૂર્વક પધરાવી. કેટલાક સમય પછી નજીકમાં રહેલી ચર્મણ્વતી નદીમાંથી નીકળેલ પાર્શ્વનાથ ભગવાનની ચમત્કારીક પ્રતિમા પણ એજ મંદિરમાં બહારનાં ભાગમાં પધરાવી અને તે સ્થળ ચેલ્લણ પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધિને પામ્યું.

(૫)

દિવસો પસાર થયા. વંકચૂલ ચોરી કરતો હતો પણ હવે તેને ચોરીનાં ધંધા પ્રત્યે દિન પ્રતિદિન નફરત વધતી જતી હતી. આખરે તેણે છેલ્લી વાર એક મોટી ચોરી કરી લીધા પછી ચોરીનો ધંધો તજી દેવાનો નિશ્ચય કર્યો.

એક રાત્રિએ ઉજ્જૈની નગરીના રાજાના મહેલમાં ચંદન ઘોની મદદથી તેણે પ્રવેશ કર્યો. હીરા, મોતી અને સોનાના દાગીના લઈને તે પાછો ફરવા જાય છે ત્યાં જ જાગી ગયેલી મહારાણીએ તેને જોઈ લીધો અને પૂછયું: "એ કોણ છે? અહીં કેમ આવ્યો છે?"

વંકચૂલ બોલ્યો: 'હું ચોર છું અને ચોરી કરવા આવ્યો છું.' રાણી તેની યુવાની અને શૂરવીરતા જોઈને મુગ્ધ થઈ. તે બોલી: "ચોર! તું સુખેથી ધન લઈજા પણ જતાં પહેલાં તારી યુવાનીનો લાભ જરા મને આપતો જા."

વંકચૂલે કહ્યું, "બધી વાત સાચી, પણ તમે છો કોણ?" રાણી બોલી, "રાજમહેલમાં આવી સ્રી તે વળી બીજી કોણ હોય? હું રાણી છું. તારા ઉપર પ્રસન્ન થઈ છું. માટે મારી ઈચ્છા પૂરી કર્યા પછી ભલે સુખેથી તારી ઈચ્છા મુજબ તું ધન લઈ જા."

વંકચૂલને માટે આ કપરી કસોટીનો સમય હતો. ભલભલા ઋષિમુનિઓને ચલાયમાન કરી દે એવો આ પ્રસંગ હતો. એક તો રૂપ રૂપની અંબાર રાજરાણી સામેથી ભોગ સુખ માટે પ્રાર્થના કરી રહી હતી અને સાથે સાથે ઇચ્છા મુજબ ધન પણ મળતું હતું. પરંતુ સત્ત્વશાળી વંકચૂલ પોતાના નિયમમાં અડગ હતો. તે બોલ્યો: "તો તમે મારી માતા, મારે રાજરાણીનો સંગ ન કરવાનો નિયમ છે. માટે હે માતાજી, ફરીથી આવું ન બોલશો."

"ચોર! તું કયાં છો અને કોની સામે ઊભો છે તેની તને ખબર છે? અને મારી ઈચ્છાનો અનાદર કરતાં પરિણામ શું આવશે તેનો તને ખ્યાલ છે?" રાણી બોલી.

"હું સારી પેઠે જાણું છું કે તમારી ઈચ્છા પ્રમાણે ન કરતાં તમે મને પકડાવશો અને ફાંસીએ લટકાવી દેશો એમ જ ને પણ માતાજી, હું ચોર ભલે છું છતાં પણ ગુરૂમહારાજે આપેલા નિયમનો તો પ્રાણાંતે ભંગ નહિ જ કરૂં. નિયમનું પાલન કરતાં કરતાં મરવા જેવું બીજું ઉત્તમ પણ શું હોઈ શકે?" વંકચૂલે મકકમતાપૂર્વક જણાવી દીધું.

છંછેડાયેલી વિષયાંધ રાણીએ તરત પોતાનાં વાળ વિખેરી નાખ્યા, દાગીના તોડી નાખ્યા અને ચોર–ચોર કહી બૂમો પાડી. ચારે બાજુથી ચોકીદારો ધસી આવ્યા અને વંકચૂલને પકડી લીધો.

સવારે રાજસભામાં વંકચૂલને બાંધીને રાજા સમક્ષ હાજર કરવામાં આવ્યો. રાજાએ પૂછ્યું, "તું કોણ છે? અને રાજમહેલમાં શા માટે આવ્યો હતો. ?"

'રાજન્! હું વંકચૂલ નામે ચોર છું અને ચોરી કરવા માટે રાજમહેલમાં આવ્યો હતો. પરંતુ રાણી અચાનક મને જોઇ ગયા અને મને પકડાવ્યો.' નિર્ભયતાપૂર્વક વંકચૂલે જવાબ આપ્યો.

સભામાં બેઠેલા લોકોને લાગ્યું કે હમણાંજ રાજા વંકચૂલને ફાંસીએ ચઢાવી દેવાનો હુકમ કરશે. કેમકે મુદ્દામાલ હાજર છે અને ખુદ ચોર પોતે ચોરી કર્યાનું કબૂલ કરે છે. પણ....

ત્યાંતો બધાના આશ્ચર્યની વચ્ચે રાજાએ તેનાં બંધનો છોડાવી નાખ્યાં અને પોતાના સિંહાસન પાસે બેસાડયો. કારણ કે રાતનો આખો બનાવ પાસેનાં ઓરડામાંથી રાજાએ કાનોકાન સાંભળ્યો હતો. રાજાને વંકચૂલની ખાનદાની પ્રત્યે અત્યંત માન ઉપજ્યું અને તેને મહાઅમાત્યની પદવી આપી પોતાનાં જ રાજમહેલમાં રાખી લીધો.

ત્યારબાદ રાણી ઉપર રોષે ભરાયેલા રાજાએ રાણીને ફાંસીએ ચડાવી દેવા માટે હુકમ કર્યો. પણ ત્યાંજ વંકચૂલ વચ્ચે પડયો, 'રાજન્! આખી દુનિયા વિષયવશ છે. એમાંથી ઉગરે તે જ ભાગ્યશાળી. વળી મેં તો એમને 'માતાજી' કહીને સંબોધ્યાં છે તેથી હું આપની પાસેથી મારી માતાનું જીવનદાન માંગુ છું.

વંકચૂલનાં આવા ઉદારતાભર્યા વચનો સાંભળી પ્રસન્ન થયેલા રાજાએ રાણીને અભયદાન આપ્યું.

વંકચૂલ હવે લુંટારો મટી ઉજ્જૈનીપતિનો માનીતો મહાઅમાત્ય બની ગયો હતો.

નિયમની અડગતાના પ્રભાવે ઉજ્જૈનીપતિનો મહાઅમાત્ય બનેલો વંકચૂલ હવે દિનપ્રતિદિન ધર્મઆરાધનામાં વધારે ને વધારે ઓતપ્રોત બનવા લાગ્યો. જિનદાસ નામનાં એક અત્યંત ધર્મનિષ્ઠ સુશ્રાવકને તેણે પોતાનો ધર્મમિત્ર પણ બનાવ્યો હતો.

એક દિવસની વાત છે. રાજસભામાં બેઠેલા ઉજ્જૈનીપતિને કોઈએ સમાચાર આપ્યા કે કોઈ અત્યંત બળવાન શત્રુ રાજાએ ઉજ્જૈનીને ઘેરો ઘાલ્યો છે. રાજ આજ્ઞાથી મહાપ્રતાપી વંકચૂલ તુરત ચતુરંગ સૈન્ય સહિત શત્રુનો સામનો કરવા માટે સજ્જ બન્યો. ખુનખાર યુદ્ધ થયું. યુદ્ધની અંદર વંકચૂલે શત્રુ રાજાને સજ્જડ હાર આપીને જ્વલંત વિજય તો મેળવ્યો પરંતુ તેનાં શરીરે પણ શસ્ત્રનાં ગંભીર ઘા લાગ્યા હતા.

ઉજ્જૈનીના રાજમહેલમાં મૃત્યુશય્યા પર પોઢેલા વંકચૂલની ચારે બાજુ રાજા, અમાત્યો અને અનેક વૈદ્યો, હકીમો બેઠા હતા. અનેક ઉપાયો કરવા છતાં કંઇ ફરક ન પડયો. કોઈપણ ભોગે વંકચૂલને બચાવી લેવા માટે ખુદ રાજા પણ અત્યંત આતુર હતો. આખરે એક વૃદ્ધ વૈદ્ય બોલ્યા: 'રાજન્! શસ્ત્ર-ઘાથી ઘવાયેલા મહામાત્ય વંકચૂલને બચાવવાનો એક ઉપાય મને સૂઝે છે. પણ તે કહેતાં જીભ ઉપડતી નથી. આ સાંભળી હર્ષિત થયેલા રાજાએ કહ્યું: વૈદ્યજી, 'કોઈપણ ઉપાય હોય તે વિના સંકોચે બતાવો. હું કોઈપણ ભોગે તે ઉપાય જરૂર કરીશ અને જો તે ઉપાયથી વંકચૂલ બચી જશે તો તમને મોટામાં મોટું ઇનામ આપીશ.'

વૈદ્ય બોલ્યા: રાજન્! જો કાગડાનું માંસ આપવામાં આવે તો અચુક ફાયદો થાય.... ટુંક સમયમાં જ શસ્ત્રોનાં ઘા રૂઝાઈ જાય.

કાગડાનાં માંસનું નામ સાંભળતાં જ વંકચૂલનાં ચાર નિયમોથી પરિચિત રાજા પણ પળવાર તો વિચારમાં પડી ગયા. પણ બીજી જ પળે હિંમત એકઠી કરી તેઓ બોલ્યા: 'વંકચૂલ, હું જાણું છું કે કાગડાનું માંસ ન ખાવાનો તારો નિયમ છે. પણ આ તો જીવન-મરણનો સવાલ છે. નિયમમાં

પણ થોડી છૂટ હોય છે. માટે હાલ અમારી ખાતર પણ કાગડાનાં માંસનું ઔષધ રૂપે સેવન કરી લે. પછી સાજો થાય એટલે પ્રાયશ્ચિત્ત લઇ લેજે.'

આ સાંભળતાં જ વંકચૂલ બોલી ઉઠયો: 'બસ કરો, રાજન્! બસ કરો. મરણ આવશે તો હસતે મોંએ વધાવી લઈશ પરંતુ ઉપકારી ગુરૂ મહારાજે આપેલા નિયમનો તો પ્રાણાંતે પણ ભંગ થવા નહિ જ દઉં. એમણે આપેલા ત્રણ નિયમોનું અડગતાથી પાલન કરવાથી તો મારૂં આખું જીવન પરિવર્તન થઈ ગયું. પારાવાર લાભ થયા છે. માટે કૃપા કરી નિયમ ભંગ કરવાની તો વાત પણ મારી પાસે ન કરશો.'

રાજાએ વિચાર્યું કે વંકચૂલને સમજાવે તેવો કોણ છે? આખરે તેની નજર જિનદાસ ઉપર ઠરી. ધર્મમિત્ર હોવાને નાતે કદાચ વંકચૂલ તેની વાત માન્ય રાખે એમ વિચારી રાજાએ જિનદાસને બોલાવવા સેવકને મોકલ્યો.

રાજ–આજ્ઞાથી રાજમહેલ તરફ આવતા જિનદાસે રસ્તામાં એક ઝાડ નીચે બે યુવાન સ્ત્રીઓને ધ્રુસકે ધ્રુસકે રડતી દેખી રડવાનું કારણ પૂછયું.

સ્રીઓ બોલી, "અમે સૌધર્મ નામે પહેલા દેવલોકની દેવીઓ છીએ. વંકચૂલ આજે એ સ્થિતિમાં છે કે જો તે કાગડાનું માંસ ખાધા વિના મરે તો નિયમ પાલનના પ્રભાવે સૌધર્મ દેવલોકમાં દેવ બની અમારો પતિ થાય પણ જો તમે રાજાની આજ્ઞાથી તેને કાગડાનું માંસ ખવડાવી નિયમ ભંગ કરાવશો તો તે દેવ નહિ બની શકે અને અમે આવા ઉત્તમ નાથ વિના રખડી પડશું.

જિનદાસે આશ્વાસન આપતાં કહ્યું: તમે જરાપણ ચિંતા ન કરો. હું જિનનો દાસ! વંકચૂલને નિયમ પાળવામાં જ મદદ કરીશ, તોડવામાં નહિ!........ આ સાંભળી દેવીઓ ખુશ થઇ ગઇ. જિનદાસ રાજમહેલમાં ગયો. વંકચૂલને કાગડાનું માંસ ખવડાવવા માટે રકઝક ચાલુ હતી. ત્યાં જિનદાસે રાજાને કહ્યું, "રાજન્! મોડું કે વહેલું મૃત્યુ એક દિવસ બધાને આવવાનું જ છે. મોટા મોટા ચક્રવર્તીઓ પણ કોઇપણ ઉપાયથી મૃત્યુના પંજામાંથી છટકી શકતા નથી. વંકચૂલનું મૃત્યુ હમણાં થવાનું


હશે તો કાગડાનું માંસ પણ તેને બચાવી નહિ શકે. તો પછી નિયમમાં અડગ એવા વંકચૂલને આપણે તેના નિયમમાંથી શા માટે ઢીલો કરવો જોઇએ....? ઇત્યાદિ વચનો દ્વારા રાજાને સમજાવ્યા બાદ જિનદાસ શ્રાવકે વંકચૂલને સુંદર રીતે અંતિમ આરાધના કરાવી. દુષ્કૃત ગર્હા અને સુકૃતની અનુમોદના કરાવી અરિહંતાદિ ચાર શરણનો સ્વીકાર કરાવ્યો અને આખરે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં, ઉપકારી ગુરુ મહારાજને મનોમન ભાવપૂર્વક વંદન કરતાં કરતાં સમાધિપૂર્વક વંકચૂલનાં પ્રાણ ચાલ્યાં ગયાં. રાજા, અમાત્યો અને પ્રજાજનો શોકમગ્ન બની ગયા. પણ વંકચૂલ તો બારમા દેવલોકે ચાલ્યો ગયો.

વંકચૂલનાં ધન્ય જીવન સંબંધી વિચાર કરતાં કરતાં પોતાનાં ઘર તરફ પાછા ફરી રહેલા જિનદાસ શ્રાવકે ફરી તે બે સ્ત્રીઓને રડતી જોઈ અને પૂછ્યું : 'દેવીઓ' તમારા કહેવા મુજબ વંકચૂલ માંસભક્ષણ કર્યા વિના જ સમાધિપૂર્વક મૃત્યુ પામ્યો છે અને તે જરૂર દેવ થયો હશે, છતાં તમે કેમ રડો છો ?

દેવીઓ બોલી: "જિનદાસ ! હવે અમે એટલા માટે રડીએ છીએ કે તમે કરાવેલી અંતિમ આરાધનાના પ્રભાવે અત્યંત શુભ ભાવપૂર્વક મૃત્યુ પામી વંકચૂલ તો ઠેઠ બારમા દેવલોકમાં દેવ થયેલ છે. અને અમે તો છીએ સૌધર્મ નામે પહેલા દેવલોકની દેવીઓ એટલે અમારે તો આખરે તેનો વિયોગ જ રહ્યો !"

....આમ સામાન્ય ગણાતા ચાર નિયમોનું પણ દૃઢતાપૂર્વક પાલન કરવાથી એક વખતનો મહાહિંસક, વંકચૂલ જેવો લુંટારો પણ નરકમાં જવાને બદલે ઠેઠ બારમા દેવલોકમાં ઉત્પન્ન થયો.

માટે દરેક સુજ્ઞ મનુષ્ય યથાશક્તિ નિયમોનો સ્વીકાર કરી સુંદર રીતે તેનું પાલન કરી માનવભવને સફળ બનાવે. એજ મંગલ ભાવના !...



# વિજયશેઠ—વિજયાશેઠાણીની કથા

કચ્છ દેશમાં ભદ્રેશ્વર નામે મોટા નગરમાં પરમાત્મા અરિહંતના ઉપાસક અર્હદ્દાસ શ્રેષ્ઠી રહેતા હતા. તેમની પત્ની પણ તેવી જ ધર્મિષ્ઠ ને શ્રદ્ધાળુ હતી. નામ હતું અર્હદ્દાસી. તેમને વિજય નામનો દેવકુમાર જેવો એકનો એક પુત્ર હતો. તેને પણ બાલ્યકાળથી જ ધર્મપ્રત્યે સારી રુચિ હતી. તે સદા ધર્મશ્રવણ ને ગુરુમહારાજ પાસે ધાર્મિક અભ્યાસ કરતો.

વિજયકુમારે એકવાર ગુરુમહારાજના મુખે ઉપદેશમાં સાંભળ્યું કે—

**अमरः किङ्करायन्ते, सिद्धयः सर्वसङ्गताः ।**
**समीपस्थायिनी सम्पत्, शीलालङ्कारशालिनाम् ॥ १ ॥**

અર્થ :- શીલરૂપ સદાશોભન અલંકારધારી મહાનુભાવોની દેવો પણ દાસની જેમ સેવા કરે છે. બધી સિદ્ધિઓ સાથે જ રહે છે. અને સમ્પત્તિ કદી પણ દૂર જતી નથી. એક જ શીલના લાભ ઘણા.

ઈત્યાદિ ધર્મદેશનામાં શીલનું મહિમાવંતુ માહાત્મ્ય જાણી વિજયકુમારે કિશોરાવસ્થામાં સ્વદારાસંતોષ-પરદારાત્યાગવ્રત લીધું. તેમાં પણ એવો નિયમ કર્યો કે 'શુક્લપક્ષમાં સ્વસ્ત્રીનું સેવન પણ કરવું નહી.'

એ નગરીમાં ધર્મનો મહિમા મોટો. વીતરાગના સાધુ-સાધ્વીઓ જ્યાં વિચરતા હોય ત્યાં લોકો રાગમાંથી વિરાગમાં વધુ આનંદ જોઈ શકે એ સ્વાભાવિક છે.

એ જ નગરમાં ધનાવહ નામના અતિ ધનાઢ્ય ધર્મિષ્ઠ શેઠ રહેતા. તેમને ધનશ્રી નામની સુંદર સોહામણી ને ધર્મપ્રિય પત્ની હતી. તેમની રૂપ રૂપના અંબાર જેવી એક જ દિકરી વિજયા નામે હતી. તે પણ સદા ધર્મકર્મમાં તત્પર રહેતી. ગુરુ મહારાજના ઉપદેશથી તેણે વિચાર કર્યો 'શ્રમણજીવન ન લઈ શકાય તો

ગૃહસ્થજીવનમાં ય કેટલુંક તો અવશ્ય આદરી શકાય' અને તેણે પરપુરુષત્યાગવ્રત ઉપરાંત એવો નિયમ કર્યો કે 'કૃષ્ણ પખવાડીયામાં પોતાના પતિનો સંયોગ પણ છોડવો' યોગાનુયોગ સમાન ધન-વય-રૂપ અને વૈભવવાળા વિજય-વિજયાના ઠાઠમાઠથી લગ્ન થયા.

દિવસ ઢળી રહ્યો હતો. અર્હદ્દાસની હવેલી દીપિકાના ઝુમ્મરોથી ઝળહળી રહી હતી, આકાશને અજવાળવા ચાંદ પણ હસતો મરકતો આવી ઉભો હતો. વિજય-વિજયાની આજે-સોહાગ રાત હતી. આજે તેઓ દાંપત્યની દુનિયામાં મુલાયમ સમણાં જોઇ રહ્યાં હતાં. શયનકક્ષની અનોખી સાજ-સજ્જા ને મહેક બે યુવાન હૈયાના મિલનની વાટ જોઈ રહી હતી......અને એ મદભર ઘડી આવી.

નવોઢા વિજયા સોળે શણગાર સજી પારદર્શક ઘુંઘટમાં મુખ છુપાવી કો' મધુર વિચારોની સૃષ્ટિમાં વિચરતી સોનાના પલંગ પર બેઠી હતી. ત્યાં તેનો સોહામણો ને શાણો નાવલિયો આવી ઉભો. શરમના લાલ શેરડાથી તેનું મોઢું રતુમડું થઈ ઉઠયું. વિજય તેની પાસે આવી બેઠો. અને તેમણે ઘુંમટો ઉઘાડતાં વિજયાની પાંપણો ઢળી પડી. 'સુલોચને ! પ્રિયતમે ! હું આજ ઘણો આનંદમાં છું. તારા જેવી જીવનસંગિની પામી હું મારા ભાગ્યના વખાણ કરી શકું એમ છું. તું મારું સર્વસ્વ છો, જીવન છો, પ્રાણ છો ! આજે કંઈ કેટલાય સ્પંદનો ઉઠતા હશે. પણ હે સુભદ્રા ! મેં પહેલાંથી જ શુક્લપક્ષમાં શિયળ પાળવાનો નિયમ લીધો છે. તેના ત્રણ જ દિવસ શેષ છે. પછી વદ પખવાડીયું લાગતાં આપણે રતિસુખ માણી શકશું.'

આ સાંભળતાં જ વિજયા એકદમ ગ્લાન અને મ્લાન થઇ ગઈ. જાણે કેતકીની વેલ પર ઠાર પડયો. અવાચક થઇ તે વિજયશેઠ તરફ કોઇ વિચિત્ર રીતે જોઈ રહી. વિજયે ભાર દઇ કારણ પૂછતાં તેણે કહ્યું 'નાથ ! અનિચ્છાએ પાળેલું શિયળ પણ કલ્યાણમાર્ગને પ્રશસ્ત કરે છે ત્યારે આપે તો સમજીને નિયમ કર્યો છે. આપને સાંભળીને........કદાચ.......' વિજય બોલ્યો 'આપણે ધર્મના જાણ અને ઉત્તમકુળમાં ઉત્પન્ન થયેલા છીએ. છતાં આટલી બધી ગ્લાનિનું શું કારણ છે, કહો. 'વિજયા બોલ્યા 'સ્વામિ ! મેં પણ બાળવયે જ કૃષ્ણપક્ષમાં શિયળ પાળવાનો નિયમ લીધો છે.' આ

સાંભળી વિજય આંખો ફાડી સખેદ વિજયા સામે જોઈ જ રહ્યા. ને ચિંતિત થઈ એક બીજા એક બીજાની સ્થિતિ, ભાવી ગૃહસંસાર ને તેની ઉર્મીના વિચારે ચડયા. થોડીવારે સ્વસ્થ થઇ વિજયા બોલ્યા 'આર્ય! તમે બીજું લગ્ન કરી લો. મને મારી નહીં તમારા સંસારની ચિંતાથી ગ્લાનિ થાય છે.'

વિજયશેઠે કહ્યું 'મને તારો વિચાર આવે છે. મારે તો દીક્ષાની ભાવના હતી. પણ પુણ્ય નબળા હશે. વિષયથી તો ક્લેશ જ થાય છે. કાંઈ તે આરોગ્ય કે દીર્ઘાયુનું કારણ નથી. તેથી તેજ, પ્રભુત્વ કે શ્રેષ્ઠત્વ સાંપડતું નથી. તે માત્ર ચંચળ મનની ઉત્સુકતા જ છે.' ઈત્યાદિ અધ્યાત્મની સમજભરી વાત વિજયશેઠે કરી.

શ્રી વિશેષાવશ્યકવૃત્તિમાં કહ્યું છે કે 'પ્રેતની જેમ સ્ત્રીના શરીરને વળગી, પોતાના સર્વ અંગ–ઉપાંગને મહાપરિશ્રમ ઉપજાવી જે જીવો રતિક્રીડા કરે છે તેમને તે સમય પૂરતા પણ સુખ શી રીતે કહેવાય?'

માટે વિજયશેઠે પત્નીને કહ્યું 'ભદ્રે! પશુ–પક્ષીને પણ વિષય તો સાવ સુલભ છે. તેમાં શું મહત્ત્વ છે? આ જીવે દેવ વગેરેના ભવમાં અસંખ્યકાળ સુધી પાર વિનાના વિષયો ભોગવ્યા છે. ગુરુ મહારાજો કહે છે કે 'કલ્પવાસી દેવોને એક વારના વિષયસેવનમાં બે હજાર વર્ષ વીતી જાય છે. તેથી નીચલા દેવોને પાંચસો પાંચસો ઓછા વર્ષ પર્યંત એકવારનો ભોગવટો ચાલે છે એટલે જ્યોતિષ્ક-દેવોને દોઢહજાર વર્ષ, વ્યંતરદેવોને હજારવર્ષ અને અસુરકુમારાદિ ભુવનપતિદેવોને એકવાર વિષય ભોગવતા પાંચસો વર્ષ વીતી જાય છે. હે કમલનયન! પદાર્થજન્ય સુખ ક્ષણિક, પરના સંયોગ પર આધારિત સુખ વસ્તુતઃ તો દુઃખ જ છે. કેમકે તે મનના સંકલ્પ અને ઉપચારથી પેદા થયેલું છે. કહ્યું છે કે–જેમ આફરો ચડયો હોય કે સન્નિપાતાદિ રોગ થયો હોય ત્યારે, કવાથ વગેરેના ખોટા ને ઉંધા ઉપચાર કરવાથી તે દુઃખ માટે જ થાય છે. તે વિષય-સેવન પણ ખોટો ને ઉંધો ઉપચાર હોઇ દુઃખ માટે જ થાય છે.

એટલે કે–તે સુખ નથી પણ સુખાભાસ છે. પરાધીન બધું દુઃખ જ છે. સુખ તો માત્ર સિદ્ધપરમાત્મા જ માણે છે. આત્માનંદમાં

અવરોધ કરનારા. શાતા કે અશાતા વેદનીયકર્મથી ઉદ્ભવેલા, સંયોગ-વિયોગના સ્વભાવવાળા, ખરાબ અંતવાળા આ માની લીધેલા સુખને સુખ કેમ કહેવાય? શાતા કે અશાતા તો સોના કે લોઢાની બેડી પહેરવા જેવું. સાચુ સુખ તો શાતા-અશાતા બંનેના આત્યંતિક અભાવથી જ ઉત્પન્ન થઈ શકે. સંસારમાં દેહ અને ઇંદ્રિયની અનુકૂળતાને સુખ કહેવામાં આવે છે. પરંતુ ખરેખર તો સર્વ દુઃખ અને ક્લેશનું મૂળ કારણ જ શરીર અને ઇંદ્રિયો છે. માટે મારૂં મન વિષયોમાં મુંઝાતું નથી. તે માટે કહ્યું છે કે-

**विषस्य विषयाणां च पश्यतां महदन्तरम् ।**

**उपभुक्तं विषं हन्ति, विषयाः स्मरणादपि ॥ १ ॥**

અર્થ :-અરે, વિષ અને વિષયનું અંતર તો જુઓ કેટલું મોટું છે? (લોકો સમજ્યા વિના વિષ સાથે સરખાવે છે.) વિષ તો ખાધું હોય ને જઠરમાં પહોંચી જાય તો મૃત્યુ થાય પરંતુ વિષયો તો સ્મરણમાત્રથી મારી નાંખે છે. માટે હે મહાભાગ! તારા પણ સારા ભાવ ને ઉત્તમ નિયમ છે. માટે આપણે બંનેને અચિંત્ય શીલપાલનનો લાભ મળી ગયો છે. આપણે ગંગા જેવું નિર્મળ શિયળ મન-વચન-કાયાથી જીવનપર્યંત પાળશું. કોઇને જણાવશું નહી. તેમ છતાં આપણી વાત જે દિવસે ઉઘાડી પડશે તે દિવસે આપણે અવશ્ય સંયમ લેવું. આવો અટલ નિર્ણય લઈ તે બંને પોતાના પ્રાણની જેમ શિયલનું રક્ષણ કરવા લાગ્યા. તેઓને એક જ પલંગમાં સાથે સૂવું પડતું છતાં તેમનામાં કદી ચંચળપણું કે બાલીશપણું આવ્યું ન હતું. તેઓ એટલા નિર્મળ સત્ત્વશાલી થયાં કે એક શય્યામાં સાથે સૂતાં શરીરનો કદી સ્પર્શ થતો તો પણ તેમને કદી કામ ઉદ્દિપ્ત થતો ન હોતો. તેઓ એકાંતમાં બેઠા હોય ત્યારે પણ શીલગુણની, તેના મહાત્મ્યની કે તેને આચરનાર મહાપુરુષોની જ કથની તેઓ કહ્યા-ગાયા કરતા. આવી રીતે ભાવ-સંયમીનું જીવન જીવતા કેટલોક સમય ચાલ્યો ગયો.

એવામાં એકવાર ચંપાનગરીમાં વિમળસેન નામના કોઇ કેવળજ્ઞાની મુનિ પધાર્યા. દેશનાના અંતે ત્યાંના નગરશેઠ જિનદાસે કહ્યું 'ભગવન! મેં એવો અભિગ્રહ કર્યો છે કે-ચોર્યાશી હજાર સાધુ મહારાજોને પારણું કરાવવું. આ મારી અભિલાષા કયારે પૂર્ણ થશે?' કેવળી ભગવંતે કહ્યું 'ભાગ્યશાલી! આટલા બધા સુપાત્ર સાધુઓનો

ચોગ તમારા ઘરે કેવી રીતે થઈ શકે? માનો કે કદાચ દૈવયોગે એ સંભવિત થાય પણ એટલા બધા મુનિરાજોને તમારા ઘરેથી શુદ્ધ આહાર–પાણી કયાંથી મળી શકે?' આ સાંભળી ખિન્ન થયેલા શ્રાવકે પૂછયું 'મારી આ ભાવના દરિદ્રીના મનોરથની જેમ નિષ્ફળ જશે? તો મને સદા માટે અસંતોષ રહેશે. કોઇ ઉપાય હોય તો કહો ને' તે કેવળી ભગવંતે કહ્યું 'ભલા શ્રાવક! કચ્છ દેશમાં મહાભાગ્યશાલી વિજયશેઠ અને વિજયાશેઠાણી નામે પતિ–પત્ની રહે છે. તેમની તમે આહારાદિથી ભકિત કરશો તો ચોર્યાસી હજાર સાધુ મહારાજના પારણા જેટલો લાભ મળશે. કારણ કે શુકલ અને કૃષ્ણ એમ બંને પખવાડીયા બ્રહ્મચર્યવ્રત ધારણ કરનાર દંપતીને ભોજન કરાવ્યાથી ચોર્યાશી હજાર સાધુઓને પારણું કરાવ્યાનો લાભ મળે છે.'

આ સાંભળી શેઠે વિજયશેઠનો સંપૂર્ણ વૃત્તાંત જાણ્યો ને ઉત્કટ ભકિતવાલા હૃદયે તેઓ કચ્છમાં આવ્યા. વિશિષ્ટ પ્રકારે દંપતીની ભકિત કરી અને તેમનું અતિદુષ્કર વ્રત તેમ જ જીવનની ઉત્તમતા તેમણે મોટા જનસમૂહમાં પ્રગટ કરી. વિજયશેઠના માત-પિતા પણ આ વાત જાણી આશ્ચર્ય પામ્યા. જિનદાસશેઠ મનોરથ પૂરા કરી ઘરે પાછા ફર્યા. વિજયશેઠ વિજયાશેઠાણીએ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થતાં દીક્ષા લીધી ને મુકિત પણ પામ્યા. આમ શીલના માહાત્મ્યથી તે પતિ–પત્ની હજારો મુનિ કરતાં વિશેષતાને પામ્યા માટે સર્વ સુખનું કારણ ને સર્વ દુઃખનું નિવારણ કરતા શીલવ્રત પાળવામાં સહુએ ઉદ્યમ કરવો.

# હરિબળ માછીની કથા

કાંચનપુર નામનું સમૃદ્ધ નગર. જિતારિ નામના પ્રતાપી રાજા ત્યાં રાજ્ય કરે. તેમને રૂપ–રૂપના અંબાર જેવી પુત્રી. નામ હતું વસંતશ્રી તે જ નગરમાં હરિબળ નામક માછી રહે. તે થોડા દિવસો પૂર્વે જ પરણ્યો હતો. તેની પત્ની મહાકર્કશા હતી. હરિબળ રોજ સવારમાં જાળ લઈ માછલા પકડવા જતો ને પાપવ્યાપારથી જીવન-નિર્વાણ કરતો. છતાં ઘરમાં ઘણી જ અછત રહેતી ને કોકવાર ખાવા પીવાના સાધનોમાં વાંધા પડતા, ઘરમાં ક્લેશ ઉગ્રરૂપ લેતો. એકવાર પત્નીના ઝઘડાથી કંટાળી નદીએ જતો હતો ત્યાં કિનારે અતિશાંત એક મુનિને જોઈ એ સાશ્ચર્ય તેમની પાસે ગયો. મુનિએ તેને ઉપદેશ આપતાં કહ્યું 'જેમ મેરુ પર્વતથી કાંઈ મોટું નથી, સમુદ્રથી વધુ કશું ગંભીર નથી, આકાશથી વધારે કાંઈ વિસ્તૃત નથી તેમ અહિંસાથી વધીને કશો ધર્મ નથી. બધું જાણ્યું પણ પરની પીડા ન જાણી તો શું જાણ્યું ? પરાળના પુળા જેવા ગ્રંથો ભણી ગયા છતાં અહિંસા હાથ ન લાગી તો પરિશ્રમ એળે ગયો.' મહાભારતમાં લખ્યું છે—

**यो दद्यात् कांचनं मेरुं-कृत्स्नां चैव वसुन्धराम् ।**
**एकस्य जीवितं दद्याद् न च तुल्यं युधिष्ठिर ! ॥**

અર્થ :–હે યુધિષ્ઠિર ! કોઈ સોનાનો મેરુ દાનમાં આપે કે કોઈ આખી પૃથ્વીનું દાન કરે તેના કરતાં એક જીવને જીવિતદાન આપનાર વધી જાય છે.

ઈત્યાદિ દયાધર્મના મહિમાને જાણી હરિબળ ઘણો રાજી થયો, ને દુભાતાં મને બોલ્યો: 'પ્રભુ! જેમ કોઈ રાંક ચક્રવર્તીના એઠાં ભોજનને ન છોડી શકે તેમ મારા જેવો રાંક હિંસા છોડી શકતો નથી. માછીમારના કુળમાં જન્મ્યો છું ને માછલા પકડવા સિવાય કાંઈ જાણતો નથી, તેમ છતાં ઘણીવાર ખાવાના સાંસા પડી જાય છે.' મુનિએ કહ્યું : 'તારે દયામાર્ગમાં ડગલું તો ભરવું જોઈએ વધારે નહિં તો પ્રથમ જાળનું માછલું જીવતું પાછું પાણીમાં છોડી દેવું.' હરિબળે રાજી થઈ એ નિયમ લીધો.

નદીએ જઈ તેણે જાળ નાંખી, પાછી ખેંચી તો મજાનું સુંદર માછલું આવ્યું. નિયમ પ્રમાણે તેણે છોડી મૂકયું. પાછી જાળ નાંખી થોડીવારે પાછી ખેંચતા એ જ આવ્યું માટે તેને નિશાન કરી છોડી દીધું. કેટલીક વારે પાછું એ જ માછલું પકડાયું. એટલે જાળ પાણીમાં રાખી તેને દૂર છોડી આવ્યો. ફરી એ જ માછલું પકડાયું. તેણે અલગ અલગ જગ્યાએ જઇને જાળ નાંખી, પણ કાં તો માછલાં પકડાયા નહીં ને પકડાય તો એ એક જ માછલું વારે વારે પકડાય. આમ ને આમ સાંજ પડી ગઈ. ઘરે ખાલી હાથે જાય તો કર્કશા જોડે ઝઘડો જ થાય. છેવટે તે જાળ સંકેલી ઉભો થયો. તે ક્ષેત્રના દેવતાએ આ યુવાન માછીની આવી ધાર્મિક દઢતા જોઈ પ્રત્યક્ષ થઈ કયું : 'માછી! તારી દઢતા જોઇ મને ઘણી પ્રસન્નતા થઇ છે. તું કહે તે હું તારું કાર્ય કરી આપું.' હરિબળે આશ્ચર્યચકિત થઇ કહ્યું : 'મારી ઉપાધિના કાંઇ પાર નથી. તમને શું શું કહું? પણ ટુંકમાં એટલી જ પ્રાર્થના કરું છું કે મારા પર કોઈ આપત્તિ આવે તો તરત સહાયક થજો.' 'ભલે.' કહી દેવ અદશ્ય થઇ ગયો. દેવદર્શનનો આનંદ, આખા દિવસમાં કાંઈપણ મેળવ્યા વિના ઘરે જવાનો ત્રાસ આદિ વિચારમાં તે ચાલ્યો જતો હતો, અંધારું ઘેરું બનતું જતું હતું. નિષ્ઠુર પત્નીથી તેને કંટાળો આવ્યો હતો તેથી ઘેર ન જતાં છેવટે ગામ બહારના શૂન્ય દેવળમાં જઈ સૂઈ ગયો.

આ તરફ તે જ નગરની નવયુવતી રાજકન્યા વસંતશ્રીને તેજ નગરના સુંદર શ્રેષ્ઠીપુત્ર હરિબળ સાથે પ્રણય થતાં તેણે હરિબળ સાથે પરદેશ નાસી જવાનું નક્કી કરી ગામ બહારના દેવળમાં અમુક રાત્રે મળવાનો સંકેત કર્યો. તે રાત્રે રાજકુમારી પોતાની સારભૂત વસ્તુ લઇ, પાણીદાર ઘોડા પર બેસી તે દેવળના દરવાજે આવી. આ તરફ શ્રેષ્ઠીપુત્રે વિચાર્યું: 'આપણે વણિક કુળમાં ઉત્પન્ન થઈ બહારવટીયા જેવું કામ કેમ કરી શકીયે. વાણિયાને રાજકન્યા પોસાય પણ નહીં ને ગુણીજનોથી નિંદિત કાર્ય થાય પણ નહીં. એની સાથે જવામાં બીજા જોખમો ઘણાં, ઇત્યાદિ વિચારી તે પોતાની શય્યામાંથી ઉઠયો જ નહીં. નીતિકારો કહે છે કે 'સ્ત્રી જાતિમાં દંભ, વણિકમાં ડર, ક્ષત્રિયમાં રોષ અને બ્રાહ્મણ જાતિમાં સ્વભાવિક રીતે જ લોભ રહેલ છે.'

રાજકુમારી ઘોડેથી ઉતરી મંદિરદ્વારે આવીને હરિબળ, ઓ હરિબળ! હું આવી ગઇ છું, ચાલો આપણે જલ્દીથી અહિંની હદ

ઓળંગી જઇએ. બધાં શકન સારા થયા છે. આપણા મનોરથ શીઘ્ર સફળ થશે. હરિબળ હુંકારો દઈ ઉભો થયો. તે બંને એકજ ઘોડા પર બેઠાં ને ઘોડો હવાની જેમ પુરપાટ જાય દોડયો. રાજકુમારી હરિબળને પોતે કેવી રીતે સાહસ કરીને નિકળી, તેના માટે થઈ માતા-પિતા રાજ્ય આદિ છોડયું ઈત્યાદિ કહેતી બોલાવતી જાય પણ હરિબળ તો માત્ર હુંકારો જ આપે. કુંવરીએ વિચાર્યું વણિકપુત્ર છે, ઘર-બાર છોડીને જતાં ક્ષોભના લીધે બોલતા નથી, પણ જયારે મોંસૂજણું થયું ત્યારે કુંવરીને સમજાયું કે આ કોઈ બીજો પુરુષ છે. તે ઘોર વિમાસણાં પડી કે જેમ ગ્રીષ્મ ઋતુમાં તૃષાતુર હાથી દોડતો તળાવે પાણી પીવા જાય, ને પાણી પાસેના કાદવમાં ખૂંચી જતાં દુર્ભાગ્યે તીર ને નીર બંનેથી ભ્રષ્ટ થાય, તેમ આ કોઈ નિર્ભાગી, હીનકુળમાં જન્મેલા મૂર્ખ અને અનિષ્ટ પુરુષની સંગત કરતાં મરણ સારૂં, આ મેં શું કર્યું? આ ફેરફાર ત્યાં જ કેમ ન જણાયો ?

રાજકુંવરીને વિરક્ત, ઉદાસ ને શૂન્ય જોઇ હરિબળે વિચાર્યું 'મને ધિક્કાર છે. મેં છલના-પ્રપંચ કરી આને છેતરી છે. મારે ત્યાં જ કહી દેવું જોઇતું હતું કે હું કોણ છું. આમ ચિંતામાં પડેલા હરિબળ પાસે દેવે આવીને કહ્યું 'રાજપુત્રી ખિન્ન ન થા. આ હરિબળ પુણ્યવાન હોઇ ધર્મના પ્રતાપે તેનો મહાન ભાગ્યોદય થવાનો છે. તું બીજાની ઇચ્છા ન કર આ તને સુખી કરશે.' કુંવરીએ હરિબળ સામું જોયું તો તે કામદેવ જેવો કમનીય લાગ્યો. પરસ્પર લાગણી થઇ. દેવની સાક્ષીએ બંને ગાંધર્વ વિવાહથી પરણ્યાં. આગળ ચાલી વિશાલી નગરીમાં આવ્યા. સારૂં ઘર ભાડે રાખી ત્યાં બંને રહ્યા હરિબળની ઢબ-છબ ને બોલચાલમાં સંસ્કારિતા આવવા લાગી. કેટલીક સારી ભેટ લઇ રાજસભામાં આવ્યો. રાજમાન્ય થયો ને તેનું આવાગમન વધતું રહ્યું.

મંત્રીએ એકવાર લાગ જોઈ હરિબળની પત્નીની સુંદરતાના રાજા પાસે વખાણ કર્યા, તેથી રાજાને તેની ઈચ્છા થઈ, વસંતશ્રીને તે લુબ્ધ થઇ ઝંખી રહ્યો. ભરી સભામાં રાજાએ કહ્યું 'ઘણાં સમયની મારી ઉત્કટ ઇચ્છા છે ને સાહસિક વગર પૂરી થાય એમ નથી. હવે અવસર આવ્યો છે, કેમકે આપણને હરિબળ જેવો સાહસિક મળ્યો છે. સહુએ પુછયું, 'શી છે મહારાજાની ઇચ્છા?'

રાજાએ કહ્યું ' મારૂં નિમંત્રણ લંકાધિપતિ વિભીષણને પહોચાડવાનું છે. ' 'સહુ બોલ્યા, ખરેખર આ કાર્ય તો હરિબળ જ કરી શકે.' રાજાએ કહ્યું ' મને વિશ્વાસ છે. સહુએ તાળી પાડી હરિબળને માન આપ્યું. હરિબળે ઉભા થઈ થોડા દિવસમાં એ કામ પતાવી ઘરે આવીશ એમ જણાવ્યું. ઘરે આવી તેણે વસંતશ્રીને વાત કરી. જતી વખતે પત્નીને કહ્યું ' તું ધર્મ પર વિશ્વાસ રાખજે ને મારી વાટ જોજે. મેં કરેલી પ્રતિજ્ઞા મારે પાળવી જ રહી. નીતિકાર કહે છે કે માથું કપાય કે વધ-બંધન થાય પણ ઉત્તમ પુરુષો આદરેલું પાર પાડે છે. ' ને એ સમુદ્રકાંઠે આવી વિચારે છે. કે વિદ્યાધર સિવાય કોણ દરીયો પાર કરી શકે ? ત્યાં તો પેલા દેવે તેને ઉપાડી લંકાના ઉપવનમાં ઉતાર્યો. ત્યાં સુંદર હવેલી જોઈ તે વિસ્મય પામતો અંદર ગયો.

એક શય્યાપર એક યૌવના અચેત પડી હતી. પાસે જ એક તુંબડી ભરેલી હતી. ચકિત થઈ તેણે એ નારીને ઉઠાડી પણ ઉઠી નહી. પાછી વિચાર કરી તુંબડીનું પાણી તેના શરીરે છાંટયું તો ઉંઘમાંથી જાગે તેમ તે આળસ મરડી બેઠી થઈ. હરિબળને જોઈ તેને આશ્ચર્ય થયું. લાજનાં લાલ શેરડા તેના મુખ પર ઉપસી આવ્યા. ઉભા થઈ તેણે હરિબળનો પરિચય માંગ્યો. હરિબળે ટુંકાણમાં સર્વ વાત કહી અને તેનો પરિચય પૂછયો તે યુવતીએ કહ્યું :- લંકાના દેવમંદિરના પૂજારીની હું પુત્રી છું. એક નૈમિત્તિક પાસેથી મારા પિતાએ જાણ્યું કે તેમની દિકરીને પરણનાર પ્રતાપી રાજા થશે; આ જાણી રાજ્યના લોભથી મારા પિતામાં એવી મૂર્ખતા પાંગરી કે તેમણે મને પરણવાની ઇચ્છા કરી.

લોભ માણસને સહેલાઇથી ઉન્માર્ગે લઇ જઈ શકે છે. નિશાંધ, દિવાંધ, જાત્યંધ, માયાંધ, ક્રોધાંધ, કામાંધ અને લોભાંધ, આ ક્રમે કરીને અધિકાધિક અંધ હોય છે. હું નાસી ન જાઉં કે બીજું કાંઈ ન કરું, માટે તે મને મૂર્છિત કરી પછી જ બહાર જાય છે. પાછા આવીને આ તુંબીની સુધાથી સચેત કરે છે. તેમની આ દુર્બુદ્ધિના કારણે સર્વ સ્વજનોથી હડધૂત થઈ અહીં આવ્યા છે. આ મારી વ્યથાભરી કથા છે. મારૂં મૃત્યુ નહીં થવાનું હોય માટે જ હે મહાભાગ ! તમે અહીં સમયસર આવી ચડયા ને તમને સુધા સિંચવાનો વિચાર આવ્યો ને હું સચેત પણ થઈ. તો હમણાં ને હમણાં તમે મને પરણી લો. હરિબળે તેનું

પાણિગ્રહણ કર્યું". તે કન્યાએ કહ્યું 'હવે અહીંથી આપણે શીઘ્ર ચાલ્યા જવું જોઇએ. વિભીષણને તમારા રાજા સાથે કશો જ સંબંધ ન હોઈ આમંત્રણ આપવાની આવશ્યકતા નથી. છતાં તમે અહીં સુધી આવ્યા છો એની ખાત્રી માટે હું અહીંનું ખડ્ગ તમને લાવી આપું છું" એમ કહી પૂજારીની કન્યા લંકાનું ખડ્ગ લઇ આવી. તે સ્ત્રીની બુદ્ધિથી વિસ્મિત થયેલ હરિબળ ખડ્ગ પત્ની અને અમૃતની તુંબી સાથે દેવની સહાયથી વિશાલા નગરીમાં આવ્યો.

આ તરફ રાજા, હરિબળના પ્રયાણ પછી ગુપ્તવેશે હરિબળના ઘરે આવ્યો. એકલી વસંતશ્રીને જોઈ રાજા છુટ લેવા લાગ્યો, ચતુર વસંતશ્રી પરિસ્થિતિ પામી ગઈ. ધીરજ રાખી સમય પારખી તેણે રાજાને કહ્યું 'હજી મારા પતિના પાકા સમાચાર આવતાં સુધી ધૈર્ય રાખવું જોઇએ. મારે તેને છેહ ન દેવાય' રાજાએ કહ્યું 'તેના મૃત્યુમાં તારે સંદેહ રાખવો ન જોઇએ.' છતાં જે કહે તે; એમ કહી રાજા મહેલે પાછો ફર્યો ને વિચારવા લાગ્યો કે કદાચ હરિબળ પાછો ફરે તો પણ એ આ નગરમાં નહીં આવી શકે. આ વસંતશ્રી ભોળી છે ને છેહની વાત કરે છે. ભલે બે ચાર દિવસ પછી વાત.

હરિબળ લંકાની કન્યા કુસુમશ્રીને એક સ્થાનમાં બેસાડી ગુપ્ત રીતે પોતાને ઘેર આવ્યો. ચિંતામાં પડેલી વસંતશ્રીએ તેને જોયો ને આનંદમાં ઘેલી જેવી થઈ ગઈ. બંનેએ પોતપોતાની વીતક કહી સંભળાવી. હરિબળે ઉદ્યાનમાં જઈ સમાચાર રાજાને મોકલાવ્યાં કે 'હું વિભીષણને તમારું નોતરું આપી આવ્યો છું મારી સાહસિક વૃત્તિથી પ્રસન્ન થઇ તેમણે પોતાની પુત્રી મને પરણાવી સકુશળ અહીં પહોંચાડયો છે ઇત્યાદિ. આ સાંભળી રાજાને વિશ્વાસ થયો નહીં. પણ તેણે માણસો મોકલી ખબર કઢાવી તો તેના વિસ્મયનો પાર ના રહ્યો. નગરમાં વાત ફેલાતાં પ્રજાજનોનો ધસારો હરિબળને જોવા ધસ્યો. અનિચ્છાએ પણ રાજાએ તેનો આડંબરપૂર્વક નગર-પ્રવેશ કરાવ્યો. કુશળ ક્ષેમના ઉપચાર પછી રાજાએ પૂછતાં તેણે પોતાની હકીકત નિવેદન કરતાં કહ્યું: 'હું ગમે તેમ કરી સમુદ્ર સુધી તો પહોંચ્યો પછી તો સમુદ્રને જોઇને પણ તમ્મર આવવા લાગ્યા.

કાંઠે બેસી વિચારતો હતો તેવામાં પાણીમાંથી નિકળતો વિકરાળ રાક્ષસ મેં જોયો. જરા પણ ડર્યા વિના મેં એને લંકામાં જવાનો માર્ગ પૂછતાં તેણે કહ્યું: 'તું અહીં સળગી મરે તો લંકા પહોંચે.' મારે તો કોઇ પણ ભોગે આપનું કામ કરવું હતું. પછી શું? ચિતા ખડકી, સળગાવીને પડ્યો તેમાં. થોડીવારમાં બધું રાખ. રાક્ષસે રાખની ઢગલી વિભીષણ સામે મૂકતાં બધી વાત જણાવી. મારા સત્ત્વથી પ્રસન્ન થયેલા વિભીષણે મને અમૃત છાંટી ઉભો કર્યો ને આ પુત્રી પરણાવી. પછી મેં આપના આમંત્રણની વાત કરી તો એ કહે: 'અમારે અમારી મહત્તા સાચવવાની હોય એના આવ્યા પહેલાં તે રાજાના ઘેર મારાથી જવાય નહીં.' એમ કહી તેમણે ચંદ્રહાસ ખડ્ગ આપી તમને યાદ કર્યા છે.' રાજાએ બધી વાત સાચી માની. પણ તેથી વસંતશ્રીને મેળવવાની ઇચ્છા ઓર વધી. તેણે મંત્રી સાથે વિનિમય કર્યો કે આને ફરી કોઇ સંકટમાં ફસાવી પૂરો કરવો. નીતિમાં કહ્યું છે કે: 'રાજા, ચોર, સર્પ, ચાડીયો, તુચ્છદેવો, હિંસક પશુ, શત્રુ અને પ્રેતાદિ દુષ્ટ હોવા છતાં છિદ્ર વિના-છળ વિના ફાવી શકતાં નથી.'

એકવાર હરિબળે રાજાને જમવા નોતર્યા. રાજા મંત્રીવર્ગાદિ સાથે જમવા આવ્યો ત્યાં હરિબળની અતિસુંદર પત્ની જોઈ તેની વાસના ભભૂકી ઉઠી. મંત્રી સાથે મસલત કરી કે, 'યમરાજને આમંત્રણ આપવાના કપટથી તેને જીવતો બાળવો અને આ રમણીઓને ઉપાડી રાજમહેલમાં નાંખવી.'

ભરી સભામાં હરિબળની સાહસવૃત્તિના વખાણ કરી રાજાએ કહ્યું: 'યમરાજનું મારે આવશ્યક કામ પડ્યું છે. તેની પાસે અગ્નિ-માર્ગે (બળીને) જવાય તેમ છે. ઘણો વિચાર કર્યો પણ તમારા જેવો કોઈ સત્વશાલી સાહસી જણાયો નહીં.' હરિબળ સમજી ગયો કે મારા મૃત્યુની રાજાને દુર્બુદ્ધિ આપનાર મંત્રી જ છે. રાજાનું કથન સ્વીકારી તે ઘરે આવ્યો. વિચાર્યું, દુષ્ટોનું હિત કરવાથી અનિષ્ટ જ થાય છે. રોગને ભાવતું આપીએ તો રોગ વધે! હવે આ શઠને શિક્ષા જ થવી જોઇએ, તેણે દેવને યાદ કરી બીના જણાવી. હરિબળને સમજાવી દેવ અદૃશ્ય થયા.

આ તરફ રાજાએ મોટી ચિતા તૈયાર કરાવી. હરિબળ બધાના દેખતાં તેમાં જઇ બેઠો. રાજાની આજ્ઞાથી ચિતાની ચારે

તરફ મોટી મશાલો લગાડવામાં આવી ને ભડભડ કરી મોટી જવાળાઓથી હરિબળ ઘેરાઇ ગયો. તેનું શરીર સોનાની જેમ ચમકવા લાગ્યું. ક્ષણવારમાં તે ત્યાંથી અદૃશ્ય થયો. ને દેવે તેને તેના ઘરે પહોંચાડયો. ચિતા ઠરી ગઇ ને રાજાએ રાખ પણ બીજે નખાવી દીધી. રાજા બની ઠનીને હરિબળના ઘરે આવ્યો. હરિબળની બંને પત્નીઓને ખબર જ હતી કે રાજા આવવા જોઇએ. તેમણે રાજાને આદર આપી બેસાડયા. આજે રાજા ગેલમાં હતા. તેમની આંખોમાં ઉચ્છૃંખલતા દેખાતી હતી. હરિબળની પત્ની સાવધાની પૂર્વક દૂર રહેતી ને ઉત્તર આપતી હતી. છેવટે રાજાએ ચોકખા શબ્દોમાં શય્યાભાગી થવા જણાવ્યું ને પરિસ્થિતિની ગંભીરતા સમજાવતા કહ્યું કે 'હવે તમારે મારી ઇચ્છાને સ્વયંની ઇચ્છા સમજીને વર્તવું જોઇએ. તેમ ન કરો તો મને કોઈ રોકી શકે તેમ નથી. મારે ડગ ભરવા પડે તે કરતાં તમે સામે આવો એ વધારે સુભગ ને સારૂં સિદ્ધ થશે.'

વસંતશ્રીએ હાવકાઇથી કહ્યું: 'મહારાજા! અમે તો આપના સેવકની પત્નીઓ છીએ. અમારી પાસે આપની આ અપેક્ષા ઉચિત નથી. આ તો રક્ષકોએ જ ચોરી કરવા, પ્રહરીઓએ જ ધાડ પાડવા, પાણીમાંથી આગ અને સૂરજમાંથી અંધારું વર્ષવા જેવી વાત છે.' આમ અનેક રીતે રાજાને સમજાવવા છતાં ન માન્યો ને વધારે છકવા લાગ્યો ત્યારે ગોઠવણ મુજબ રાજાને બંધનમાં નાખી તે સ્ત્રીઓએ તેને જાણે મથી નાંખ્યો. સંતાયેલા હરિબળે આ તમાશો જોયો. વહેલી પરોઢે બંધનમાં રીબાતા રાજાને દાસીએ છોડયો ને તે મોઢું સંતાડી મહેલમાં ચાલ્યો ગયો.

હરિબળે વિચાર્યું 'કપટ કરીને આ મંત્રી મને મારી નખાવશે. માયાવીની સાથે માયા ન કરી શકનારો મૂઢ પરાભવ પામે છે. જેમ કવચ વગરના માણસમાં પેસીને તીક્ષ્ણબાણ પીડા કરે છે તેમ શઠ લોકો પણ અંદર પેસીને નાશ કરે છે. માટે પ્રથમ આ મંત્રીની ખબર લેવી જરૂરી છે.' આમ વિચારી કોઈ માણસને વિચિત્ર વેશ પહેરાવી હરિબળ રાજસભામાં આવ્યો. રસ્તામાં અને રાજસભામાં તેને જોઇ પ્રજા ને રાજા વગેરે આશ્ચર્ય પામ્યા કે આ શું કહેવાય ? રાજાએ માન આપી તેને બેસાડયો. યમનું તેના દરબારનું સ્વરૂપ રાજાએ પૂછતાં હરિબળે વ્યવસ્થિત ઉત્તરો આપ્યા ને કહ્યું 'મહારાજ ! યમરાજનું વર્ણન કરવું મારા

ગજાં ને ભેજા બહારની વસ્તુ છે. કારણ કે મહાન્ યોગીરાજો પણ તેના ભયથી ત્રસ્ત થઈ યોગાભ્યાસ કરે છે. ત્રિભુવનજન તેમની ચાકરી કરે છે. મેં અતિઆદર પૂર્વક આપનું આમંત્રણ તેમને આપ્યું ત્યારે તેમણે કહ્યું. 'આ માસ છડીદારને સાથે લઇ જાવ અને તેની સાથે રાજાના મંત્રીને સત્વર અહીં મોકલી આપો. મારી રીત-ભાતને આવશ્યકતા તે અહીં આવીને જોઇલે તો પછી મારી સગવડ સારી સાચવી શકે. તેની સાથે સાથે રાજાને ત્યાં હું સરળતાથી આવી શકીશ.' પેલા બનાવટી છડીદારે પણ મંત્રીને કહ્યું 'આપ શીઘ્ર ચાલો, હું લેવાજ આવ્યો છું.' 'મંત્રીને તૈયાર કરી ચિતામાં નાખવામાં આવ્યો ને તેનો નાશ થયો.

હરિબળે રાજાને વાસ્તવિક વાત સમજાવી કહ્યું 'રાજા! પરસ્રીના સંગના પરિણામ સારા નથી. આપને સારા ઘરની રાજ-કન્યા પત્ની તરીકે મળેલી છે. માટે કુબુદ્ધિ છોડી આપ ચિરકાળ રાજ કરો. મેં માત્ર મંત્રીને મૃત્યુ પમાડયો છે ને સ્વામીદ્રોહના પાતકથી બચવા આપનો નાશ કર્યો નથી. મને ઘણો ખેદ થાય છે. પણ ના છુટકે જ મારે મંત્રીને મારવો પડયો છે. કારણ કે એ આપને નિરંતર પાપબુદ્ધિ આપ્યા કરતો હતો.' હરિબળની ચતુ-રાઈથી રાજા ઘણો પ્રસન્ન થયો. આગળ જતાં આ જ રાજાની પુત્રી હરિબળને પરણી.

આ તરફ કંચનપુરના રાજા જિતારિએ પોતાની પુત્રી વસંતશ્રી ને જમાઇ હરિબળની ભાળ મળતાં મોટા આડંબરપૂર્વક તેમને તેડાવ્યાં. અદ્‌ભુત યોગ્યતાથી રંજિત થયેલા રાજાએ હરિબળને પોતાનું રાજ્ય આપી નિવૃત્તિ લીધી. હરિબળ રાજા થયા. બધો જ પ્રતાપ અહિંસાધર્મનો છે એમ નમ્રપણે માનવા લાગ્યા. પોતાના દેશમાં અહિંસાની ઘોષણા કરાવી. એક ગુરુ મહારાજના ઉપદેશથી તેમણે સાતે વ્યસનોનો આખા દેશમાંથી ત્યાગ કરાવ્યો ક્રમે કરી ધર્મ આરાધનામાં આગળ વધતાં પુત્રને રાજ્ય ભળાવી ત્રણે રાણીઓ સાથે દીક્ષા સ્વીકારી. પ્રાંતે હરિબળમુનિ મુક્તિ પામ્યા. કૃતકૃત્ય થયા.

આ હરિબળનું ચરિત્ર સાંભળીને હે ભવ્યો! 'પરિપૂર્ણ ફળને આપનાર અહિંસા-જીવદયા માટે શ્રેષ્ઠ પુરુષાર્થ કરો. જોયું ને! નાના પણ નિયમે કેવું ફળ આપ્યું.

# કમલની વિચિત્ર પ્રતિજ્ઞા ?

શ્રીપુર નામના નગરમાં શ્રીપતિ નામના ધર્મિષ્ઠ શેઠ રહે. તેમને કમલ નામનો એક પુત્ર. તે બધી કળામાં નિપુણ પણ ધર્મથી સદા દૂર રહે. જ્યાં દેવ–ગુરુનું નામ આવે ત્યાં તેને ઉભા રહેવામાંય અડચણ. એકવાર શેઠે તેને શિખામણ આપતાં કહ્યું 'દીકરા! બોંતેર કળામાં આપણે નિપુણ છતાં જો ધર્મકળા ન જાણતા હોઇએ તો આપણે અજાણ જ કહેવાઇએ. સર્વ કળામાં શ્રેષ્ઠ તો ધર્મકળા છે.

કમળે કહ્યું 'આપણે કોઇનું ખરાબ ન કરીયે, આપણે મેળવેલું આપણી રીતે વાપરીયે એ ધર્મ જ ને? સ્વર્ગને મોક્ષ બધું અહીં જ છે. કેટલીક વાર તો ધર્મની વાત કરનાર પોતાના સ્વાર્થને ધર્મના નામે જ સાધે છે. તમને ગમે તો તમે તમારે ધર્મ કર્યા કરો. આપણા ગળે તો વાત ઉતરતી નથી.' એમ કહી બહાર ફરવા નીકળી જાય. બાપાની વાત પૂરી સાંભળે પણ નહી. એકવાર શેઠે કહ્યું 'તું મારી સાથે ગુરુ મહારાજનાં દર્શને તો ચાલ. સાંભળવાથી કાંઇ ચોંટી જતું નથી' એમ સમજાવી તેને લઇ ઉપાશ્રયે આવ્યા. ગુરુ મહારાજે કહ્યું: 'જો ભાઇ, હું તને ધર્મકથા કહું તે તું અમારી તરફ ધ્યાન રાખી બરાબર સાંભળજે ન સમજાય તો પૂછજે.' ધર્મકથા કહી ગુરુજીએ પૂછયું 'તને સમજણ પડી ને?' તેણે કહ્યું, 'જી મહારાજ, થોડી પડી ને થોડી ન પડી. કેમકે તમે બોલતા હતા ત્યારે તમારો ઘોઘરો (ગળાની હાડકી) ઉંચો નીચો થતો હતો તે મેં એકસો આઠ વાર ગણ્યો. પણ પછી તમે બહુ ઉતાવળે બોલવા લાગ્યા એટલે ગણવું મુશ્કેલ થઇ ગયું.'

આ સાંભળી બેઠેલા માણસો હસી પડયાં. મહારાજશ્રીએ પણ અયોગ્ય જાણી તેની ઉપેક્ષા કરી. વળી એક બીજા ઉપદેશક ધર્મ ગુરુ પાસે શેઠ કમલને સમજાવીને લઈ આવ્યા. તેમણે કમલની વાત સાંભળી હતી એટલે તેને કહયું 'તારે અમારી સામે જોવાની આવશ્યકતા નથી. તું તારે અમારા ઉપદેશમાં ધ્યાન રાખજે.' ઉપદેશ પૂર્ણ થયે તેમણે પૂછયું 'કેમ કાંઈ સમજાયું કે?' તેણે કહયું 'જી મહારાજ, આપે ઉપદેશ શરુ કર્યો ત્યારથી હજી સુધીમાં એક હજાર ને આઠ કીડીયો આ દરમાં ગઇ છે તે મેં બરાબર ગણી છે. આમ અસંબદ્ધ બોલતો જોઇ ત્યાં બેઠેલા માણસોએ તેને ઠપકો આપ્યો અને સભ્યતા રાખવા કહયું. કમલ ઉઠીને ચાલ્યો ગયો.

એકવાર તે ગામમાં ઉપદેશ લબ્ધિવાળા સર્વજ્ઞસૂરિજી મહારાજ પધાર્યા. કમલને શેઠ પટાવી ઉપાશ્રયે લાવ્યા. આચાર્યશ્રીએ કમલની વિચિત્રતા જાણી. તેમણે કમલને લાગણીપૂર્વક બોલાવ્યો અને અવસર મળતાં પાછો આવજે એમ કહ્યું. કમલ એકલો જઇ ચડયો. આચાર્યશ્રીએ કમલને પૂછયું તું શું જાણે છે?' કમલે કહ્યુ 'હું તો માત્ર સ્રીમાં જાણું છું.' આચાર્યશ્રીએ અકળાયા વિના પાછું પૂછયું 'સ્રીઓના ભેદ અને લક્ષણ જાણે છે?' તેણે કહ્યું 'હું થોડું જાણું છું, પણ આપ કહો તેથી તેમાં વૃદ્ધિ થશે.' આચાર્યશ્રીએ સહુ પ્રથમ પદ્મિની નારીના ગુણ–સ્વભાવ–દેખાવ–રુચિ આદિની વાત કહી. આવી સન્નારી મહાપતિવ્રતા અને દ્રઢમનોબળવાળી હોય છે. તેમાં કેવું સત્ત્વ શૌર્ય અને ઔદાર્ય હોય છે ઇત્યાદિ ઉદાહરણ પૂર્વક સમજાવ્યું. આ જાણી કમલ તો મહારાજજીની વાતમાં લટ્ટુ થઈ ગયો અને તેમને સ્રીકથાના મર્મજ્ઞ જાણી આદરની દૃષ્ટિથી જોવા લાગ્યો. સમય થતાં આચાર્યશ્રીએ કહ્યું 'કમલ અવસર થઇ ગયો. હવે ચિત્રિણીનાં લક્ષણાદિ કાલે જણાવીશું.'

બીજા દિવસે એ વગર બોલાવ્યે આવ્યો. આમ એ રોજ આવવા લાગ્યો ને સૂરિજી તેને શૃંગાર, હાસ્ય–વિનોદ, શૌર્ય આદિની કથા કહેતા રહ્યા. મનગમતી વાતનો રસીયો કમલ નવરો પડે ને ઉપાશ્રયે આવે. એમ કરતાં માસકલ્પ પૂર્ણ થતાં મહારાજજીએ વિહારની તૈયારી કરી. તેમણે કમલને કહ્યું 'ભાઈ, હવે અમે વિહાર કરશું. માટે તું કંઇક નિયમ લે.' તે સાંભળી વ્યંગ કરવાના સ્વભાવવાળો કમળ બોલ્યો 'સાહેબ! મારે તો ઘણા બધા નિયમો છે. જુઓ, આપઘાત કરવાનો, મીઠાઇમાં નળીયા ખાવાનો, થોરનું દુધ પીવાનો, આખુ નાળીયેર ખાવાનો, બીજાનું ધન લઈ પાછું આપવાનો, સ્વયંભૂરમણ સમુદ્રની પેલીપાર જવાનો, એમ ઘણાં નિયમો મારે છે.' આચાર્યશ્રી બોલ્યા 'કમલ, અમારી સાથે આમ બોલવું તને શોભતું નથી. ગુરુઓની હાંસી કરવાથી ભવ જ વધે છે. હવે અમે જઈએ છીયે. આટલો સમય અમારી પાસે બેસીને તું શું શિખ્યો? નિયમ વગરનો માણુસ માણુસ જ નથી. એકાદ નિયમ લઈશ તો સદા માટે અમારૂં સંભારણું રહેશે, માટે કોઈક નિયમ તો લેવો જ જોઇએ.'

આ સાંભળી કમલ ઝંખવાઈ જઈ બોલ્યો, ઠીક સાહેબ ત્યારે કરાવો નિયમ. કે અમારી પાડોશમાં રહેતા જગાકુંભારના માથાની ટાલ જોઈને જ મોઢામાં કાંઈ નાખવું.' આચાર્યદેવે આ પણ લાભનું કારણ જાણી નિયમ કરાવ્યો અને તેને બરાબર પાળવાની ભલામણ કરી વિહાર કર્યો. કમલ આ નિયમને સચ્ચાઈથી પાળવા લાગ્યો. એકવાર રાજદરબારે ગયેલા કમળને પાછા ફરતાં મોડું થઇ ગયું. તે જમવા બેસતો જ હતો કે તેની માતાએ તેને યાદ કરાવ્યું 'કે તેં આજે જગાકુંભારની ટાલ જોઈ કે નહીં?' કમળને ભૂખ, થાક ને કંટાળો ઘણો આવ્યો પણ ઘણાં દિવસથી નિયમો પાળતો હતો તેથી કુંભારની ટાલ જોવા ઉઠયો. ખબર પડી કે જગાકુંભાર તો ગામ બહાર માટી લેવા ગયા છે. તે ઉપડયો તેની તપાસમાં ફરી ફરીને કંટાળી ગયો પણ કયાંય જગો જડે નહી? ટાલ જોયા વિના જમાય નહી. તે હીંમત કરી શોધવા આગળ વધ્યો ત્યાં એક મોટા ખાડામાં જગોકુંભાર ઉભો ઉભો માટી ખોદે, માથે પાઘડી બાઘડી કાંઇ નહી. ટાલ જોતાં જ આનંદમાં આવી ગયેલો કમલ જોરથી બોલી ઉઠયો 'જોઈ લીધી રે જોઇ લીધી. એ જ વખતે કુંભારને ધનભરેલી માટલી જમીન ખોદતાં મળેલી. તે સમજયો કે 'કમલ ધનની માટલી જોઈ ગયો. જો તે રાજમાં કહી દેશે તો ધન જશે ને ઉપાધિ આવશે માટે લાવ તેને સમજાવી અહીં જ રોકી લઉં.'

એમ વિચારી કુંભારે ઉંચા હાથે સાદ કરી ઉભા રહેવા કહયું. કમલે કહ્યું 'હવે શું? જોઈ લીધી. કુંભારને વિશ્વાસ થઈ ગયો કે આણે ધનની ચરી ખરેખર જોઈ લીધી છે. કુંભારે દોડીને કહ્યું 'અરે, કોઇને કહીશ નહી. આપણો અડધો અડધ ભાગ' ચબરાક કમલ સમજી ગયો કે આમાં કાંઇ ભેદ છે. તે બોલ્યો 'ચાલ, ચાલ અડધાવાળા! અર્ધે શું થાય?' કુંભારે કહ્યું 'તું પાછો તો વળ. તું કહીશ તેમ કરશું.' 'સારું' કહી કમળ ત્યાં આવ્યો. કેટલુંક ધન કુંભારને આપી રાજી કર્યો અને મોંઘુ પણ દેખાવે સામાન્ય એવું પોતે લઇ ઘરે આવ્યો. તેથી તે મહાધનાઢય થયો. તે એક દિવસ વિચારવા લાગ્યો કે આ બધો શ્રી સર્વજ્ઞસૂરિજીનો પ્રતાપ છે. મશ્કરીમાં લીધેલા નિયમથી આવો લાભ થયો. જો સાચા અંતઃકરણથી નિયમ લેવામાં આવે તો તેનાથી કયો લાભ ન થાય? આમ શ્રદ્ધા થવાથી તેણે નાના–મોટાં કેટલાંક નિયમ લીધાં. તેના ઘોરમિથ્યાત્વનો નાશ થયો. ને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ. ફરીથી

સર્વજ્ઞસૂરીશ્વરજી મહારાજનો યોગ થતાં તેમની પાસે તેણે શ્રાવકના બારે વ્રત સ્વીકાર્યાં. અને ધર્મ આરાધી સ્વર્ગગામી થયો.

યુક્તિપૂર્વક શાસ્ત્રની વાર્તા કહેવાથી શ્રી સર્વજ્ઞસૂરીશ્વરજીએ નાસ્તિક અને જડ એવા કમલને ધર્મિષ્ઠ બનાવ્યો.

આમ

સામાન્ય ગણાતા નિયમે પણ જુઓ કમલનાં જીવનમાં કેવું પરિવર્તન આણી દીધું.

માટે હે સુજ્ઞબંધુઓ!

આપ પણ આની યથાર્થતા સમજી અને માનવજીવનને સફળ બનાવવા કંઈક નિયમો ધારણ કરશો એ જ અભિલાષા!!!



# પચ્ચક્ખાણનો મહિમા

## યાને

## દામન્નકનું દૃષ્ટાંત

હસ્તિનાપુર નગરમાં સુનંદ નામે એક શ્રેષ્ઠિપુત્ર વસતો હતો. તેને જિનદાસ નામના શ્રાવક જોડે મૈત્રી હતી. જિનદાસ અવાર નવાર તેને પચ્ચક્ખાણનો મહિમા કહ્યા કરતો. એકવાર તે સુનંદને ગુરુ મહારાજ પાસે લઈ ગયો. ગુરુ મહારાજે પચ્ચક્ખાણનું સ્વરૂપ તથા પરિણામ સમજાવ્યું. સુનંદે મદ્ય અને માંસના ત્યાગનું શુદ્ધભાવથી પચ્ચક્ખાણ લીધું.

કેટલાક વખત પછી ભીષણ દુકાળ પડયા. લોકો માંસ ખાતા થઈ ગયા. ખાદ્યાન્નના અભાવે સુનંદના ઘરમાં નિરાશા અને કકળાટ થવા લાગ્યા. તેના વડિલો તેને ખૂબ ઠપકો આપી સમજાવવા લાગ્યા કે 'તારો સાળો માછલા લાવી કુટુંબનો નિર્વાહ કરે છે ને તું આવા વિષમ સમયમાં તારો નિયમ લઈને ફરે છે? તું દુઃખી થાય છે ને સહુને દુઃખી કરે છે.'

અંતે તેને જાળ લઈ માછલા મારવા મોકલ્યો. તે સાળા સાથે દૂરના ગંદા ખાબોચિયામાં માછલા પકડવા ચાલ્યો. ત્યાં જઈ તેણે જાળ નાખી, નાના માછલા હતાં તે તેમાં સપડાઈ આવતાં પણ દયાળુ સુનંદ તેમને પાછા પાણીમાં છોડી મૂકતો. આ જોઈ સાળાએ કહ્યું. 'જીજા! તમે પેલા મુંડકા લોકોની વાગ્જાળમાં ફસાયા લાગો છો, માટે જ આ જાળમાં આવેલી જીવિકા છોડી દો છો પણ દુઃખજાળમાં ફસાયેલા તમારા પરિવારને શી રીતે છોડાવશો? આ ક્ષુદ્ર જંતુની દયા ખાવી ને કુટુંબ માટે જ નિર્દય બનવું? આ દયાળુપણું અમને સમજાતું નથી.' આમ ઘણું કહ્યું છતાં સુનંદે હસીને કાઢી નાખ્યું.

બીજા દિવસે પણ તેણે એકે માછલું પકડયું નહી. ઘરના લોકોને ઉત્તર આપતા તેણે કહ્યું. 'મને માછલા પકડવાનો અભ્યાસ નથી. તેથી હું પકડી શકતો નથી.' આ સાંભળી કુટુંબીઓ તેને શિખવવા લાગ્યા પણ તેથી તેની ધર્મભાવનામાં ફર્ક આવ્યો

નહીં. ત્રીજા દિવસે પાછી જાળ નાખી, તેમાં ફસાયેલા એક માછલાને છોડાવતાં માછલાનો પાંખ જેવો એક તરફનો ભાગ જુદો પડી ગયો. આથી સુનંદને ઘણું જ લાગી આવ્યું. કે નાહકનું આવું પાપ શા માટે કરવું જોઇએ? તેણે ઘરે આવી જણાવી દીધું કે 'પોતે આ ઘોર પાપ નહીં કરે.'

ઘરથી નિકળી તે નિર્જન સ્થાનમાં આવ્યો અને અતિ ઉત્સાહ અને પ્રફુલ્લપણે તેણે સર્વ આહારના ત્યાગ સ્વરૂપ નિરવશેષ અનશનનું પચ્ચક્ખાણ કર્યું. પ્રાણાંતે મૃત્યુ પામી તે રાજગૃહીના શેઠ મણિકારને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થયો. સમારોહપૂર્વક તેનું નામ દામન્નક રાખવામાં આવ્યું. તે આઠ વર્ષનો થતાં નગરમાં મહામારીનો ઘોર ઉપદ્રવ થયો. તેમાં દામન્નકનું આખું કુટુંબ મૃત્યુ પામ્યું. ભય પામેલા દામન્નક નગર છોડી નાસી ગયો. કેટલાક સમયે રખડતા રખડતા પાછો પોતાના નગરમાં આવ્યો ને સાગરદત્ત શેઠને ત્યાં નોકર તરીકે રહેવા લાગ્યો.

એકવાર બે મુનિરાજો સાગરદત્તને ત્યાં ગૌચરી પધાર્યા. નિમિત્તના જાણ મોટા મુનિએ નાનાને કહ્યું 'આ નોકરી કરતો છોકરો મોટો થઇ આ ઘરનો સ્વામી થશે. એક તરફ ઓથમાં ઉભેલા સાગરદત્ત આ વાત સાંભળી ગયા ને એને માથે વજ્ર પડવા જેવું દુઃખ થયું. છેવટે તેણે નિશ્ચય કર્યો કે આજે જ આ છોકરાને મારી નાખવો. બીજ જ ન હોય તો અંકુર ક્યાંથી થશે? અને શેઠે એક ચાંડાળને સાધ્યો કે તારી પાસે હું છોકરાને મોકલીશ. તેને મારી નાખજે. તને ઘણું દ્રવ્ય આપીશ અને તેની છેલ્લી (ટચલી) આંગળી નિશાની તરીકે મને બતાવજે. ચાંડાળ કબૂલ થયો શેઠે દામન્નકને લાડવાની લાલચ આપી પેલા ચાંડાળને ત્યાં મોકલ્યો. ભોળો બાળક હસતો રમતો ત્યાં પહોંચ્યો.

હરિણના બચ્ચા જેવા ભોળા ને નિર્દોષ બાળકને જોઇ ચાંડાળને દયા આવી. તેણે તરત તેની ટચલી આંગળી કાપી સંરોહિણી ઔષધિનો પાટો બાંધ્યો. દામન્નક તો ભયાક્રાંત થઇ રડી ઉઠયો. ચાંડાળે કહ્યું 'છોકરા જીવવાની ઇચ્છા હોય તો અહીંથી જલ્દી ભાગ તારી પછવાડે મૃત્યુ ભમે છે.' આ સાંભળી તે ભાગ્યો ને જે ગામડામાં સાગર શેઠનું ગોકુળ (ધણ) રાખ્યું હતું ત્યાં પહોંચ્યો.

તેને વિનયવાન જાણી ગોપાલકે તેને પોતાનો પુત્ર કરી રાખ્યો. તે નીરાંતે રહેવા ને વધવા લાગ્યો, ક્રમે કરી યુવાન થયો.

એકવાર સાગર શેઠ ગોકુળમાં આવ્યા ને તેમણે દામન્નકને ઓળખ્યો. કપાયેલી આંગળીથી તેમને ખાત્રી થઈ ગઈ. તેમણે દામન્નકને મારવાનો નિશ્ચય કરી ઉપાય શોધી કાઢયો. ગોપાલકને કહ્યું 'અતિઆવશ્યક કાર્ય હોઇ આ યુવાનને મારે પત્ર લઈ મોકલવાનો છે.' તેણે હા પાડતાં શેઠે કાગળ લખી આપ્યો. તે લઈ દામન્નક રાજગૃહી આવ્યો. સીમાડામાં કામદેવનું મંદિર હતું થાકીને તે ત્યાં બેઠો ને થોડીવારમાં તેને ઊંઘ આવી ગઇ. થોડીવારે સાગરશેઠની વિષા નામની સુંદર સોહામણી યુવાન કન્યા કામદેવની પૂજા કરવા આવી. (એ સમયમાં પતિ યોગ્ય કન્યાઓ સારો પતિ મેળવવાની ઇચ્છાથી કામદેવની પૂજા કરતી) ત્યાં તેણે સૂઈ ગયેલા સુંદર યુવાન પાસે પોતાના પિતાની મુદ્રાવાળો કાગળ જોયો. ને કૌતુકવશ ઉપાડી– ઉઘાડી વાંચ્યો તેમાં લખ્યું હતું કે:–

ગોકુલથી લિ૰ સાગરદત્ત, સુપુત્ર સમુદ્રદત્તને સસ્નેહ જણાવવાનું કે આ કાગળ લાવનારને વિના વિલંબે વિષ આપજો આ બાબતમાં જરાય પૂછવાપણું કે સંદેહ રાખવો નહીં. લિ૰ સાગરદત્ત.

દામન્નકના સૌષ્ઠવ અને રૂપ પર મુગ્ધ થઇ ગયેલી વિષા આ વાંચતાં જ અજંપો અનુભવવા લાગી. તેણે તરત વિષની આગળ એક કાનો પોતાની આંખના કાજળથી ખેંચી કાઢયો જેથી વિષનું વિષા થઇ ગયું. સાવધાનીપૂર્વક કાગળ પાછો મૂકી વિષા હરખાતી હરખાતી ઘેર આવી. થોડીવારે દામન્નક જાગ્યો અને શેઠના ઘરે જઈ સમુદ્રદત્તને શેઠનો પત્ર આપ્યો. કાગળ વાંચી તેને ઘણો આનંદ થયો.

બાપાએ કોઇ સારું મુહૂર્ત જાણી ઘડીયાં લગ્ન લીધાં હશે! એમ જાણી શ્રેષ્ઠી પુત્રે પોતાની બહેનને મોટા સમારંભપૂર્વક સ્વજનસમક્ષ દામન્નકને પરણાવી. દામન્નક તેની સાક્ષે સુખ ભોગવતો ત્યાં જ રહેવા ને વિલાસ કરવા લાગ્યો. એ તરફના બધાં કાર્યો પતાવી કેટલાક દિવસે સાગરદત્ત શેઠ પોતાના ઘેર આવ્યા ને વિષા દામન્નકના લગ્નની વાત જાણી આભા જ બની ગયા,

ઘણા ક્રુદ્ધ અને ખિન્ન પણ થયા. તેમણે વિચાર્યું અરેરે! આવ ઊંધું થયું. મરવાને બદલે આ તો જમાઈ થયો. કોઈ પણ પ્રપંચથી આને મારવો જ પડશે. કારણ કે દીકરી રાંડે એના કરતાં શત્રુ વધે એ વધારે ખરાબ કહેવાય.

ખીજાયેલા શેઠ ધુંઆપુંઆ થતા પેલા ચાંડાલ પાસે ગયા ને ગુસ્સામાં તેને ખુબ જ વઢવા લાગ્યા ને કહ્યું 'દુષ્ટ તારા વિશ્વાસે રહ્યો ને તેં મને છેતર્યો. પેલો છોકરો તારો શું સગો થતો હતો તેની આંગળી કાપી તેને જતો કર્યો ?'

આ સાંભળી ચાંડાળે કહ્યું 'શેઠ! કોણ જાણે કેમ જીવનમાં પહેલી જ વાર તેને જોઈ મને દયા આવી ગઈ. પણ કશો વાંધો નહીં. મને હવે બતાવો એ ક્યાં છે? હું તેને અવશ્ય મારી નાખીશ.' શેઠે તેને માતૃકાદેવીનું સ્થાન બતાવતાં કહ્યું "આજે સાંજે તે દુષ્ટને હું માતૃકાદેવીના મંદિરે મોકલીશ. તું તેને ત્યાં પૂરો કરી નાંખજે. ધ્યાન રાખજે આ વખતે ચૂક્યો તો પરિણામ સારૂં નહીં આવે."

શેઠે ઘેર આવીને જમાઈ-પુત્રીને કહ્યું "તમે આજે સાંજે માતૃકાદેવીની પૂજા કરવા જજો. આપણો એવો કુળાચાર છે. દેવીની કૃપાથી તમારૂં કલ્યાણ થશે." સાંજ સમયે બંને જણ તૈયાર થઈ દેવીના મંદિરે ચાલ્યાં, રસ્તામાં સમુદ્રદત્ત તેમને સામે મળ્યો. તેણે બેન-બનેવીને પૂછ્યું કે "આવા કસમયે-રાત્રિ પડવાના અવસરે તમે ક્યાં ઉપડયાં?" દામન્નકે દેવીપૂજાની વાત કહી. તેના સાળાએ કહ્યું "અરે રાત પડવા આવી. મારી બેનને લઈ એ જગ્યાએ અત્યારે જવું ઉચિત નથી. રાત્રે પૂજા પણ થાય નહી. માટે તમે પાછા ફરો, આ નૈવેદ્યાદિ હું દેવીને ચડાવી શીઘ્ર પાછો આવું છું" એમ કહી. આગ્રહપૂર્વક તેણે ફળ નૈવેદ્યાદિ લઈ બહેન-બનેવીને પાછા મોકલ્યા સમુદ્રદત્ત જેવો મંદિરમાં પેઠો કે તરત પેલા ચાંડાળે તેને છરી ઘોંચી દીધી-તે તત્કાળ મૃત્યુ પામ્યો. આ તરફ દામન્નકને ઘેર પાછો ફરેલો જોઈ, તેની પાસેથી સમુદ્રદત્તના સમાચાર સાંભળતાં જ શેઠ મંદિરે પહોંચ્યા. ત્યાં જાણે દેવીને દીકરાનું બલિદાન આપ્યું હોય એવું દૃશ્ય જોઈ તેને આઘાત લાગ્યો અને ત્યાં ને ત્યાં જ તે મૃત્યુ પામ્યા, તે ઘરમાં બીજો કોઈ જ પુરુષ ન હોવાથી દામન્નકને તે ઘરનો સ્વામી બનાવવામાં આવ્યો.

એકવાર પરોઢમાં દામન્નકે કોઇ મંગલપાઠકના મોઢે એક ગાથા સાંભળી. એનો ભાવાર્થ એવો હતો કે 'કોઇ દુર્બુદ્ધિ જીવ નિરપરાધીને અનર્થ પહોંચાડવા ગમે તેટલા પ્રપંચ કરે પરંતુ તેથી કશી હાનિ તો નથી થતી પણ લાભનું કારણ પણ બને છે, દુઃખ દેવા કરેલા પ્રયત્નો સુખનું જ કારણ બને છે. કેમકે ભાગ્ય જેના પક્ષમાં હોય તેને બીજો શું કરવાનો હતો.

આ ગાથા તેણે ત્રણવાર ગાઈ. આનંદિત થયેલા દામન્નકે પોતાના અનગંળ દ્રવ્યમાંથી તેને ત્રણ લાખ રૂપીયા આપ્યા. જયારે વાત રાજાએ જાણી ત્યારે તેણે પૂછયું "ભાઇ! ઉદારવૃત્તિ હોય અને દાનની ભાવના પણ હોય છતાં આટલું બધું દ્રવ્ય તો મોટા મહારાજા પણ આપી શકતા નથી. તેં શા કારણે આપ્યું?" ત્યારે ઉત્તરમાં દામન્નકે બાળપણાથી માંડી આજ સુધીનું પૂરૂં વૃત્તાંત સંભળાવ્યું.

એકવાર જ્ઞાની ગુરુનો સમાગમ થતાં દામન્નકે પોતાનો પૂર્વભવ જાણ્યો. પૂર્વભવનું જ્ઞાન થતાં તેને પચ્ચક્ખાણનો પ્રકટ મહિમા જાણવામાં આવ્યો. તે ધર્મનો વિશેષ રાગી થયો. પ્રાંતે પામી તે સ્વર્ગે ગયો. ત્યાંનું આયુ પૂર્ણ થયે તે મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થશે. તે કેવળી થઇ મુક્તિએ જશે.

પૂર્વભવમાં કરેલા પચ્ચક્ખાણના પ્રતાપે તેને કોઇ અવરોધ નડયાં નહી. શત્રુએ મારવા સુધીના કરેલા અનેક પ્રયત્નો નિષ્ફળ થયા ને તે તેના જ ઘર-પુત્રીનો સ્વામી થયો. અંતે સિદ્ધિગતિને પણ શીઘ્ર જ પામશે. માટે સર્વે એ પ્રયત્ન અને ભાવનાપૂર્વક પચ્ચક્ખાણ કરવા ને પાળવાં.



# સાવધાન !!!

એક નવયુવકનાં લગ્નની તૈયારી ચાલતી હતી. લગ્નના દિવસે વરરાજા મિત્રો સાથે જિનમંદિરે દર્શન કરવા જાય છે. ત્યાં ઘણા ભાગ્યશાળીઓ સ્નાત્ર ભણાવવા ભેગા થયા છે. સોનાની થાળી, સોનાનો કળશ વગેરે ઉત્તમ સામગ્રી ગોઠવાઇ ગઇ છે. કોઈ ચાંદીના નખથી પુષ્પો વીણે છે તો કોઇ અન્ય સાધનો સાફ શુદ્ધ કરે છે. આમ સ્નાત્રની ભવ્ય તૈયારી ચાલી રહી છે. એ જોઇ વરરાજાને મનમાં થાય છે કે 'ધિક્કાર છે મારા પ્રભુભક્તિરહિત જીવનને !' આ પુણ્યાત્માઓ કેવી સુંદર ભક્તિ કરે છે? હું મોહમાં જ મસ્ત બન્યો છું. પૂર્વનું પુણ્યધન ખોઇ રહ્યો છું. આ રીતે ભક્તિમય જીવન જીવાય તો કેવું સરસ ! એના હૃદયમાં એક શુભભાવ જાગ્યો અને એણે સ્નાત્રીયાઓને વિનંતી કરી કે તમે પરમાત્માની સુંદર ભક્તિ કરો છો. હું અભાગી છું. તમારી ભક્તિ આગળ મારી ભક્તિ તુચ્છ છે છતાં મારી પાસે સવા લાખ સોનામહોરની કિંમતનું અત્તર આવ્યું છે તે હું ઘેર જઈ તરત મોકલી આપું છું તે ત્રિલોકનાથ અરિહંત પરમાત્માની ભક્તિમાં વાપરી મને લાભ આપજો.

વરરાજા ઘેર આવે છે. લગ્નનો સમય થઇ ગયો છે. ધમાલ મચી છે, વરરાજા ક્યાં ? સૌ ભારે ઉતાવળ કરે છે. ભાઈ તૈયાર થા. વરરાજા એમાં અટવાઈ ગયો. અત્તર મોકલવાનું ભૂલી ગયો. વરરાજા વરઘોડે ચઢી લગ્નના માંડવે આવે છે. ચોરીમાં બેસી જાય છે. હસ્તમેળાપ પહેલાં ગોર કહે છે, વરકન્યા '**સાવધાન.**' આ સાવધાન શબ્દ સાંભળતાં જ વરરાજા સાવધ બની જાય છે અને યાદ આવે છે કે **પ્રભુભક્તિ** માટે અત્તર મોકલવાનું તો રહ્યું ! તરત જ વરરાજા ઊભો થઇ ગયો. મહાસુગંધી અત્તર લઇ દેરાસરે પહોંચ્યો. સ્નાત્રીયાઓ રાહ જોઇને બેઠા હતા. એમાંના કેટલાક ઉતાવળિયા કહે–ભાઇ સાહેબ લગ્નની લગનીમાં ભૂલી ગયા લાગે છે. એટલામાં જ વરરાજા અત્તર લઇને આવે છે અને પહેલાં તો નમ્રભાવે માફી માગે છે. એના મનમાં આ ભૂલ બદલ ભારે અફસોસ થયો છે. એ મોટા મનના માનવીનું મન ત્યાં જ ભાવનાએ ચઢ્યું- હે જગદ્ગુરુ ! લાખો દેવવિમાનોનાં માલિક

ઇન્દ્રો દેવાંગનાઓના ભોગ છોડી, વૈભવ અને વિલાસને પડતા મૂકી આપના સ્નાત્ર માટે, આપની ભક્તિકાજે દોડાદોડ કરે છે. હું મોહાંધ ચામડાની પૂતળીમાં મોહ્યો છું. ઘણો જ પાપી છું પામર છું. મારો ગુનો માફ કરો. મુજ અધમનો ઉદ્ધાર કરો ! મારી આ ભક્તિ સ્વીકારો........મનમાં ભાવનાનો વેગ છે. હાથે મહાસુગંધથી મઘમઘતા અત્તરની શીશી કાઢી અભિષેક કરે છે. અભિષેક કરતાં કરતાં ત્યાં જ એ વરરાજા ક્ષપકશ્રેણિ માંડી ઘાતિકર્મનો ક્ષય કરે છે અને કેવલજ્ઞાન પામે છે. આ દષ્ટાંત કોઇ પણ શુભ ક્રિયામાં લયલીન બનવાની પ્રેરણા આપે છે.

અને કોઈ પણ હિસાબે આપેલ વચનનું પાલન કરવું. આ પણ એક શ્રાવકનું કર્તવ્ય છે.

# "ધર્મો રક્ષતિ રક્ષિતઃ" (સત્ય ઘટના)

[ "ધર્મ તેનું જ રક્ષણ કરે છે કે જે કટોકટીનાં પ્રસંગે પણ ધર્મનું રક્ષણ કરે છે.... પ્રાણાંતે પણ પોતાના નિયમનો ભંગ કરતો નથી"... ઉપરોક્ત આર્ષ વાકયને ચરિતાર્થ કરતી નિમ્નોકત સત્ય ઘટના આપણને કટોકટીનાં પ્રસંગોમાં પણ લીધેલી પ્રતિજ્ઞાનું ચુસ્તતાથી પાલન કરવાનું અનોખું બળ આપી જાય છે.]

થોડા સમય પહેલાંની આ વાત છે.

મુંબઈના એક પરામાં બનેલી આ સત્ય ઘટના છે.

કલિકાલમાં પણ પુણિયા શ્રાવકના સામયિકની યાદ અપાવે એવા હતા એક ધર્મનિષ્ઠ સુશ્રાવક ભારે ઉલ્લાસપૂર્વક નિયમિત રીતે તેઓ દરરોજ સામાયિક આદિ ધર્માનુષ્ઠાનો કરતા.

એક દિવસની વાત છે. દરરોજની માફક સામાયિકમાં મસ્ત બનીને આત્માનંદમાં ઝીલતા એ શ્રાવકને અચાનક વડીનીતિ જવાની જોરદાર કુદરતી હાજત ઉત્પન્ન થઈ. બે ઘડી (૪૮ મિનિટ) નાં સામાયિકની પ્રતિજ્ઞાને પૂર્ણ થવાને હજી દશેક મિનિટની વાર હતી.

આવા પ્રસંગે પછીથી પ્રાયશ્ચિત લેવાનું વિચારીને પણ લીધેલા સામાયિકના નિયમમાં બાંધછોડ કરવાનું વિચારનારા મનુષ્યોની પંક્તિમાં બેસનારા આ સુશ્રાવક નહોતા. મનને મકકમ બનાવીને પોતાના નિયમમાં અડગ જ રહ્યા !... અને માંડ પાંચેક મિનિટ પસાર થઈ હશે ત્યાં તો અચાનક મોટા ધડાકા સાથે એ જૂના મકાનનો એક ભાગ તૂટી પડયો. એની સાથે પેલું સંડાશ પણ ધરાશાયી બની ગયું. જો આ વખતે એ શ્રાવક સામાયિકની પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરીને સંડાશમાં ગયા હોત તો ???...

જ્યારે આ સુશ્રાવકને પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો ત્યારે તેમનું હૈયું સર્વજ્ઞ ભગવંતોના પ્રતિજ્ઞાધર્મના આયોજન ઉપર ઓવારી ગયું !!!...

આ નાનીશી સત્ય ઘટના પણ આપણા સૌના કાનમાં પ્રતિજ્ઞાની મહત્તા અને લીધેલા નિયમોમાં કટોકટીનાં પ્રસંગોમાં પણ અડગ રહેવાની કેવી અનોખી પ્રેરણા આપી જાય છે !...

卐

# બે પ્રકારનાં નિયમો અંગે સમજ

જેમ કોઈ ડોકટર કે વૈદ્ય દર્દીને દવા આપે છે અને સાથે સાથે તેની 'કરી' (કુપથ્ય ત્યાગ) પાળવાનું પણ કહે છે. કોઈ દર્દી ફક્ત દવા લે પણ જો ડોકટર કે વૈદ્યે બતાવેલી કરીનું પાલન ન કરે તો ઊલટું દર્દ મટવાને બદલે કદાચ વકરી પણ પડે.

આરોગ્યને ઇચ્છતા દર્દીએ 'દવા' અને 'કરી' બંનેનું સેવન કરવું જોઇએ. બેમાંથી એકની પણ ઉપેક્ષા કર્યે ન જ ચાલે...

તેવી જ રીતે '**વિધેયાત્મક નિયમો**' એ 'દવા'ને સ્થાને છે જ્યારે '**નિષેધાત્મક નિયમો**' એ 'કરી'ને સ્થાને છે.

વાસનાઓ અને કર્મો રૂપી રોગથી મુક્ત થઈ અને આત્મિક આરોગ્યને ઇચ્છતા જીવોએ બંને પ્રકારનાં નિયમોનું પાલન કરવું આવશ્યક અને અનિવાર્ય ગણાય. બેમાંથી એકની પણ ઉપેક્ષા કર્યે ન જ પાલવે.

તો ચાલો, આપણે પણ આજથી જ આ પુસ્તિકામાં દર્શાવેલા ઉપરોક્ત બંને પ્રકારનાં નિયમોને આપણા જીવનમાં વણી લેવા કટિબદ્ધ બનીએ અને મોંઘેરા માનવ ભવને સફળ બનાવીએ.

# વિધેયાત્મક (Positive) નિયમો

## (૧) ઉત્થાન (નિદ્રાત્યાગ)

(અ) દરરોજ સૂર્યોદયથી ઓછામાં ઓછો ૧ કલાક કે ૦।। કલાક પહેલાં ઊઠી જઇશ–નિદ્રાત્યાગ કરીશ.

(બ) છેવટે સૂર્યોદય થયા પહેલાં તો જરૂર ઊઠી જઇશ. સૂર્યોદય થયા પછી ઊઠાશે તે દિવસે...............નો ત્યાગ.

આત્મ – કલ્યાણની આવી સોનેરી તક પ્રાપ્ત થયે છતે, હવે બેમર્યાદ નિદ્રા – પ્રમાદ તો મને નહિ જ પોષાય.

**નોંધ :—**

## (૨) ધર્મ–જાગરિકા (આત્મ–ચિંતન)

દરરોજ સવારે ઊઠતાંવેંત ઓછામાં ઓછી બે મિનિટ સુધી પણ હું નીચે મુજબ આત્મ–ચિંતન જરૂર કરીશ.

(૧) હું મૂળ સ્વરૂપે કોણ છું ? (શરીરથી ભિન્ન, અનંત જ્ઞાન–દર્શન–આનંદ–વીર્યમય, જ્યોતિ સ્વરૂપ, નિત્ય આત્મા છું.)

(૨) અહીંથી કયાંથી આવ્યો છું ? (અનાદિ કાળથી, અનંત ભવોથી, કર્મ પ્રમાણે, આ સંસારની ૮૪ લાખ જીવ યોનિઓમાં ભટકતો ભટકતો અહીં આવ્યો છું.)

(૩) અહીંથી કયાં જઇશ ? (મેં જ આ જન્મમાં કરેલા કર્મ પ્રમાણે દેવ–મનુષ્ય–તિર્યંચ કે નરક ગતિમાં.)

(૪) કયાં જવા જેવું છે ? (જન્મ–જરા–મૃત્યુ આદિ આ સંસારનાં તમામ દુઃખોથી રહિત અને અનંત આત્મિક સુખનાં ધામ એવા મોક્ષમાં.)

(૫) શું કરવા જેવું છે ? (આત્માની ઊર્ધ્વગતિ માટે સુદેવ – ગુરૂ ધર્મની આરાધના......)

તથા મારું કુળ કયું ? આજે કઈ તિથિ છે ? કરવા જેવું શું શું

નથી કરતો? અને ન કરવા જેવું શું શું કરી રહ્યો છું? આત્મ કલ્યાણને માટે મેં કયા કયા વ્રત નિયમો લીધા છે? ઈત્યાદિ.

નાશવંત એવા કંચન-કામિની-કુટુંબ-કાયા અને કીર્તિ આદિની પાછળ નિત્ય એવા આત્માની તદ્દન ઉપેક્ષા કરવા જેવી મહામૂર્ખતા ભરેલી ભૂલને હવેથી હું આ નિયમનું પાલન કરવા દ્વારા જરૂર સુધારી લઈશ.

**નોંધ :-**

---

## (૩) નમસ્કાર મહામંત્રનું સ્મરણ (જાપ)

**(અ)** દરરોજ મંત્રાધિરાજ શ્રી નમસ્કાર મહામંત્રનું ૧૦૮ વાર સ્મરણ (જાપ) બનતી એકાગ્રતા અને ભારે શ્રદ્ધાપૂર્વક કરીશ.

**(બ)** છેવટે સવારે ઊઠતાંવેંત અને રાત્રે સૂતાં પહેલાં ૧૨-૧૨ નવકાર અને ભોજન પહેલાં ત્રણ-ત્રણ નવકાર જરૂર ગણીશ.

અનંત ઉપકારી, અનંત ગુણોનાં ભંડાર, પરમ પવિત્ર એવા શ્રી પંચ પરમેષ્ઠી ભગવતોનું નિયમિત રીતે સ્મરણ કર્યા વિના હવે મને નહિ જ ચાલે.

**નોંધ :-**

---

## (૪) માતા-પિતાદિ વડિલોને નમન

**(અ)** દરરોજ સવારે મારા પરમ ઉપકારી માતા-પિતા આદિ વડિલોને હું જરા પણ સંકોચ રાખ્યા વિના ભારે બહુમાનપૂર્વક પગે લાગીશ. અને તેઓનો વિનય જાળવવા અને અવિનય ટાળવા હંમેશા પ્રયત્નશીલ રહીશ.

**(બ)** માતા-પિતાની ગેરહાજરીમાં, તેઓનાં ઉપકારોનું સ્મરણ કરી, તેઓની છબીને પગે લાગીશ.

**(ક)** માતા-પિતાની છબી પણ નહિ હોય તો માનસિક રીતે તેમનું સ્મરણ કરી પગે લાગીશ.

માતા-પિતાના ઉપકારોને પણ વફાદાર નહિ રહે તે દેવ-ગુરુનાં અનંત ઉપકારોને શી રીતે સમજી શકે? આ વાત હવે મને બરાબર સમજાઇ છે. તેથી ઉપરોક્ત નિયમનું હું જરૂર સુંદર રીતે પાલન કરીશ.

**નોંધ :-**

---

## (૫) પ્રતિક્રમણ

**(અ)** દરરોજ સવાર-સાંજ...છેવટે સવારે કે સાંજે, પાપોનાં પ્રાયશ્ચિત્ત રૂપ પ્રતિક્રમણ સમૂહમાં કે છેવટે એકલો જરૂર કરીશ.
જે દિવસે પ્રતિક્રમણ નહિ થાય તેના બીજા દિવસ...નો ત્યાગ.

**(બ)** છેવટે આઠમ-પાંખીના જરૂર પ્રતિક્રમણ કરીશ **અથવા**

**(ક)** મહિનામાં.........પ્રતિક્રમણ જરૂર કરીશ.

**(ડ)** પ્રતિક્રમણ-વિધિ નહિ આવડતી હશે અને પ્રતિક્રમણ કરાવનાર કોઈ નહિ હોય તો પુસ્તકમાંથી જોઇને પણ પ્રતિક્રમણ જરૂર કરીશ. **અથવા** પવિત્ર વસ્ત્રો પહેરી, કટાસણા પર બેસી, જમણો હાથ ભૂમિ પર સ્થાપી, ત્રણ નવકાર ગણીશ. અને ત્યારબાદ ૫ બાંધી નવકારવાળીનો જાપ કરી ૪૮ મિનિટ પછી ફરી એ જ રીતે ત્રણ નવકાર ગણ્યા બાદ જ ઉઠીશ.

**(ઇ)** પ્રતિક્રમણ વિધિ શીખી ન લઉં ત્યાં સુધી....નો ત્યાગ.
સાંસારિક કાર્યોનાં બહાનાથી કે ધ્યાન આદિના ઓઠાં હેઠળ, ત્રિલોકગુરુ તીર્થંકર પરમાત્માએ બતાવેલી આવી પવિત્ર ધર્મ ક્રિયાઓની ઉપેક્ષા કે અપલાપ હું નહિ જ કરૂં...

**નોંધ :-**

---

## (૬) ૧૪ નિયમની ધારણા :-

દરરોજ સવાર-સાંજ સચિત્ત-દ્રવ્ય વિગઈ.....વગેરે ૧૪ નિયમોની ધારણા જરૂર કરીશ. અને એ દ્વારા મારા આત્માને નિરર્થક કર્મબંધથી બચાવી લઈશ.

૧૪ નિયમ ધારવાની સમજ ગુરુ મહારાજ પાસેથી અથવા

વ્રતધારી સુશ્રાવક પાસેથી મેળવી લઈશ.

૧૪ નિયમ ધારવાની શરૂઆત ન કરી શકું ત્યાં સુધી....નો ત્યાગ.

**નોંધ :-**

---

## (૭) પ્રભુદર્શન (ચૈત્યવંદન)

(અ) દરરોજ શ્રી જિનમંદિરમાં જઈ મારા અનંત ઉપકારી, ત્રિલોકીનાથ, દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માનાં દર્શન-ચૈત્યવંદન ભારે ઉલ્લાસ અને વિધિપૂર્વક કરીશ.

(બ) ચૈત્યવંદન વિધિ ન આવડતી હશે તો પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા અને ત્રણ ખમાસમણ દઈ, પ્રભુ-સમક્ષ બેસીને ૧ બાધી નવકારવાળી કે છેવટે ૧૨ નવકાર ગણીશ અને વિધિ શીખી લેવાનો ઉપયોગ રાખીશ.

(ક) ચૈત્યવંદન વિધિ શીખી ન લઉં ત્યાં સુધી..........નો ત્યાગ.

(ડ) માંદગી આદિ સંયોગવશાત્ દેરાસરમાં જઈ ન શકાય તે દિવસે પ્રભુજીની છબીનાં દર્શન કરીશ. પરંતુ મારા અનંત ઉપકારી દેવ-ગુરુના દર્શન-વંદન કર્યા વિના મુખમાં અન્ન પાણી નહિ નાખું.

(ઇ) શરતચૂકથી પણ પ્રભુ દર્શન કર્યા વિના મુખમાં કાંઈપણ નંખાશે તે દિવસે..........નો ત્યાગ.

**નોંધ :-**

---

## (૮) જિનપૂજા

(અ) દરરોજ સમ્યકૂત્વ-શુદ્ધિ અને આત્માની નિર્મળતાના પવિત્ર હેતુથી મારા અનંત ઉપકારી શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજા (બની શકે તો સ્વ-દ્રવ્યથી) ભારે મસ્તીપૂર્વક કરીશ. જે દિવસે જિનપૂજા નહિ થઈ શકે તે દિવસે........નો ત્યાગ.

(બ) છેવટે મહિનામાં........દિવસ જિનપૂજા જરૂર કરીશ.

(ક) લાંબી મુસાફરી આદિ પ્રસંગે દેરાસરમાં જઇ જિનપૂજા નહિ કરી શકાય તેમ હશે તે દિવસે ૧૦–૧૫ મિનિટ આંખો બંધ કરી માનસિક રીતે જિનપૂજા કરીશ. પરંતુ સાંસારિક કાર્યોનાં ઓઠા હેઠળ આત્મશુદ્ધિની આવી પવિત્રતમ ધર્મ-ક્રિયાઓનો ભોગ હવે તો હું કોઈપણ સંજોગોમાં નહિ જ આપું.

નોંધ :-

---

## (૯) ગુરુવંદન

(અ) દરરોજ એક પણ ઉપાશ્રયે જઈ ત્યાં બિરાજમાન નિષ્પાપ જીવન જીવતા પ્રત્યેક ત્યાગી સાધુ યા સાધ્વી ભગવંતોને હું અબ્ભુટ્ઠિયા પાઠ સહિત વિધિપૂર્વક વંદન કરીશ. અને તેમનાં દર્શન-વંદનાદિ દ્વારા મારા આત્માને પાવન બનાવીશ.

(બ) ગુરુવંદન વિધિ ન આવડતી હોય તો ત્રણ ખમાસમણ દઇ સુખ શાતા પૂછીશ અને વિધિ શીખી લેવાનો ઉપયોગ રાખીશ.

(ક) ગુરૂવંદન વિધિ ન શીખી લઉ ત્યાં સુધી...........નો ત્યાગ.

(ડ) માંદગી આદિ અનિવાર્ય સંયોગવશાત્ ઉપાશ્રયે જઈ શકાય તેમ ન હશે તો અથવા ગુરુ મહારાજની ગેરહાજરીમાં તેઓશ્રીની છબીને વંદન કરીશ. છબી પણ નહિ હશે તો માનસિક રીતે ગુરુવંદન કરીશ. પરંતુ ં વિના મુખમાં અન્ન-પાણી નહિ જ નાખું.

નોંધ :-

---

## (૧૦) ચારિત્રની ભાવના

(અ) ઘરમાં યથાશક્તિ ચારિત્રનાં ઉપકરણો-ઓઘો મુહપત્તિ, પાત્રા, કામળી વગેરે વસાવી દરરોજ સવારે મુખમાં કાંઈપણ નાખ્યા પહેલાં, તેમની સમક્ષ હાથ જોડી, મસ્તક નમાવીને એવી ભાવના ભાવીશ કે 'એવો ધન્ય દિવસ મારો કયારે આવશે કે જયારે હું ભવસાગર પાર ઉતરવા માટે મહાન જહાજ સમાન એવા પરમ પવિત્ર ચારિત્ર માર્ગ-સાધુ જીવનનો સ્વીકાર કરી ગુરુ મહારાજની સેવા અને આજ્ઞાપાલન કરવા પૂર્વક તેનું

સુંદર રીતે પાલન કરીશ'...તથા ચારિત્રધારી પૂજનીય સાધુ-સાધ્વી ભગવંતોની હાર્દિક અનુમોદના તથા તેઓને વંદના કરીશ.

(બ) જ્યાં સુધી હું ચારિત્રમાર્ગનો સ્વીકાર ન કરી શકું અથવા મારા એકાદ પણ સંતાનને પ્રેરણા આપી પરમ પવિત્ર ચારિત્ર માર્ગનો સ્વીકાર ન કરાવું ત્યાં સુધી મારે........નો ત્યાગ.

(ક) ચારિત્ર લેવા ઇચ્છતા મારા સંતાનોને ચારિત્રનો સ્વીકાર કરવામાં અંતરાય રૂપ નહિ બનું. પરંતુ રાજી – ખુશીથી આશીર્વાદપૂર્વક તેમને રજા આપીશ અને ઠાઠ-માઠ પૂર્વક તેમને દીક્ષા અપાવીશ.

(ડ) શાસ્ત્રસંમત, બાળદીક્ષાનો વિરોધ નહિ કરું. કદાચ કોઇ ભારેકર્મી આત્મા બાળ-દીક્ષા કે ચારિત્રનો વિરોધ કરતો હશે તો તેને ટેકો નહિ આપું પરંતુ તેને વિરોધ કરતો અટકાવવા બનતી કોશિષ કરીશ.

નોંધ :-

---

## (૧૧) નવકારશી આદિ પચ્ચક્ખાણ

(અ) ૧૦૦ વર્ષ નરકમાં રહી ભોગવવા યોગ્ય પાપકર્મોનો નાશ કરનાર, નાનું છતાં મહાલાભદાયી એવું ઓછામાં ઓછું નવકારશીનું પચ્ચક્ખાણ હું દરરોજ ભારે બહુમાનપૂર્વક જરૂર કરીશ. (સૂર્યોદય બાદ ઓછામાં ઓછી ૪૮ મિનિટ પછી જમણો હાથ ભૂમિપર સ્થાપન કરી ત્રણ નવકાર ગણ્યા બાદ જ ભોજન કરવું તેને નવકારશી કહેવાય. નવકારશીના સમય પહેલાં મુખશુદ્ધિ પણ ન કરી શકાય.)

(બ) ચાતુર્માસ પર્યંત દરરોજ આયંબિલ એકાસણા કે બ્યાસણાનું પચ્ચક્ખાણ કરીશ.

(ક) છેવટે ત્રણ ટાઇમથી વધારે વખત પાણી સિવાય કોઇપણ વસ્તુ મુખમાં નહિ નાખું.

"જીવવા માટે ખાવાનું છે. પણ ખાવા માટે જીવવાનું નથી"....
આ વાક્યનું રહસ્ય મને બરાબર સમજાયું છે. તેથી પશુની માફક

નિરંકુશ રીતે ખા – ખા કરવાની ખાઉધરાપણાની કુટેવ (આહાર સંજ્ઞા) ને આધીન હું નહિં થાઉં.

**નોંધ :–**

---

## –: (૧૨) પર્વતિથિઓમાં વિશેષ તપ :–

(અ) આઠમ–પાંખી આદિ પર્વતિથિઓનાં દિવસમાં યથાશકિત ઉપવાસ, આયંબિલ, એકાસણું. બ્યાસણું આદિ તપ જરૂર કરીશ....

(બ) શારીરિક અસ્વસ્થતાને કારણે કદાચ ઉપરોકત તપ નહિ કરી શકાય તેમ હશે તો તે દિવસે મિષ્ટાન, ફરસાણ તેમજ લીલોતરીનો ત્યાગ કરીશ.

"પ્રાયઃ કરીને પરભવનાં આયુષ્યનો બંધ પર્વતિથિઓમાં વિશેષે કરીને થાય છે." એ સર્વજ્ઞ વચન પર મને બરાબર શ્રદ્ધા છે. તેથી દુર્ગતિનું આયુષ્ય ન બંધાય તે માટે પર્વતિથિઓમાં તો જરૂર અણાહારી પદ (મોક્ષ) ની ભાવના પૂર્વક યથાશકિત તપ કરીશ.

**નોંધઃ–**

---

## (૧૩) પૌષધ

(અ) આઠમ-પાંખી આદિ પર્વતિથિઓમાં સર્વ આરંભ–સમારંભનો ત્યાગ કરી, આત્મગુણોની પુષ્ટિ કરનારૂં અને મુનિજીવનના અભ્યાસ રૂપ એવું પરમ પવિત્ર પૌષધવ્રત હું જરૂર કરીશ.

(બ) છેવટે ચાતુર્માસના............પૌષધ જરૂર કરીશ. પૌષધવ્રતની વિધિ નહિ આવડતી હશે તો પણ કોઇ વિધિના જાણકાર સુશ્રાવકની સાથે પૌષધ જરૂર કરીશ. અને વિધિ શીખી લેવાનો ઉપયોગ રાખીશ. પરંતુ તીર્થંકર પરમાત્માઓએ બતાવેલ એકાંતે આત્મ હિતકર એવા ધર્માનુષ્ઠાનોની ઘોર ઉપેક્ષા કરવાનું પાપ તો હું નહિ જ કરૂં......

**નોંધ :–**

## (૧૪) વ્યાખ્યાન શ્રવણ

(અ) આત્મકલ્યાણનાં પવિત્ર ઉદ્દેશ પૂર્વક દરરોજ ગુરુમુખેથી શ્રી જિનવાણીનું શ્રવણ (વ્યાખ્યાન-શ્રવણ) ભારે શ્રદ્ધા અને બહુમાન પૂર્વક કરીશ. (વ્યાખ્યાન બંધ હોય તે દિવસ સિવાય.)

(બ) જે દિવસે કોઈપણ સંયોગવશાત્ તેમ ન થઈ શકે તે દિવસે દરરોજ કરતાં ૦ા કલાક વિશેષ ધાર્મિક વાંચન કરીશ અથવા ૧ બાધી નવકારવાળી ગણીશ અથવા..............નો ત્યાગ

સમ્યક્જ્ઞાન વિના આત્માનો ઉદ્ધાર શક્ય નથી. તેથી સમ્યક્ જ્ઞાન રૂપી જલના નિર્મળ સરોવર સમાન ત્યાગી સાધુ-સાધ્વી ભગવંતોનો યોગ થવા છતાં તરસે મરવા જેવી મૂર્ખતા હું નહિ કરું...

નોંધ :-

---

## (૧૫) શાસન રક્ષાર્થે કાઉસ્સગ્ગ

વિશ્વ કલ્યાણકર પરમ તારક શ્રી જિનશાસનની રક્ષાર્થે હું દરરોજ ૧૨ લોગસ્સ (૪૮ નવકાર) અથવા ૪ લોગસ્સ (૧૬ નવકાર) નો કાઉસ્સગ્ગ જરૂર કરીશ.

જમાનાવાદ અને ભૌતિકવાદ દ્વારા શ્રી જિનશાસન ઉપર અનેક રીતે પ્રહારો થઈ રહ્યા છે. તેની સામે ટક્કર ઝીલવા માટે કેવળ માનવીય સ્થૂલબળ પહોંચી શકે તેમ નથી. આથી સૂક્ષ્મ-દૈવી બળોની જાગૃત અર્થે હવેથી હું દરરોજ આ નિયમનું પાલન કરીશ અને દેવ-ગુરુ ધર્મ આદિ શાસનના કોઈપણ અંગોની નિંદા યા વિરોધ કરનારને તેમ કરતાં અટકાવવા બનતી કોશિષ કરીશ. પરંતુ ભૂલેચૂકે તેને ટેકો તો નહિ જ આપું.

નોંધ :-

## (૧૬) સુપાત્ર દાન

(અ) દરરોજ ભોજન પહેલાં, નિષ્પાપ જીવન જીવતા સંસાર ત્યાગી સાધુ–સાધ્વી ભગવંતોને ભાવપૂર્વક વહોરાવવા માટે થોડી રાહ જોઇશ. અને મારા મહાન પુણ્યોદયથી ગુરુ મહારાજ ગોચરી અર્થે મારે ઘેર પધારશે તો ભારે હર્ષોલ્લાસ સહિત વિધિપૂર્વક સૂઝતા અન્ન–પાણી આદિ દ્વારા સુપાત્ર દાન કરી મારી જાતને ધન્ય માનીશ તથા મારા સંતાનોને પણ સુપાત્ર દાન કરતાં શીખવાડીશ.

(બ) ગુરુ મહારાજનો યોગ નહિ થાય તે દિવસે સુપાત્ર દાન કરનારાઓની માનસિક અનુમોદના કર્યા બાદ જ ભોજન કરીશ.

સુપાત્રદાનની મહત્તા શાલિભદ્ર આદિનાં દ્રષ્ટાંતો દ્વારા સારી રીતે સમજ્યા પછી હવે એ લાભથી વંચિત રહેવું મને નહિ પોષાય.

**નોંધ :–**

---

## (૧૭) સાધર્મિક ભક્તિ

દરરોજ ઓછામાં ઓછા ૧ સાધર્મિક બંધુ (સમાન ધર્મ પાળનાર–જૈન) ની અન્ન–પાણી આદિ દ્વારા ભક્તિ કરીશ.

જે દિવસે એ લાભ નહિ મળે તે દિવસે...........રકમ સાધર્મિક ભક્તિ ખાતે અલગ રાખીશ અને યોગ્ય અવસરે સાધર્મિક ભક્તિમાં તેનો ઉપયોગ કરીશ.

"સાધર્મિકનાં સગપણ સમાન કોઇ સગપણ નથી."

આ શાસ્ત્રવચન પુણિયા શ્રાવક આદિનાં દ્રષ્ટાંતો દ્વારા હવે મને બરાબર સમજાયું છે,

**નોંધ :–**

---

## (૧૮) અનુકમ્પાદાન

(અ) દીન દુઃખી આદિ દયાપાત્ર જીવોને રોજ ઓછામાં ઓછા ૫, ૧૦ પૈસા કે તેથી વધારે દાન વિનમ્ર ભાવે કરીશ.

(બ) "સર્વથા સહુ સુખી થાઓ, પાપ ના કોઈ આચરો,
રાગદ્વેષથી મુક્ત થઈને, મુક્તિ સુખ સહુ જગ વરો."
દરરોજ આ શ્લોક બોલી, દરેક જીવોના કલ્યાણની ભાવનાપૂર્વક ૧૨ નવકાર ગણીશ.

બીજા જીવોનું હિત ઇચ્છવાથી જ પોતાનું હિત થાય છે આ શાસ્ત્ર વાક્યનું રહસ્ય હવે મારા અંતરમાં બરાબર ઠસી ગયું છે.

નોંધ :-

---

## (૧૯) તપસ્વીઓને વંદના

દરરોજ બપોરે ભોજનની શરૂઆતમાં ૧ લુખી રોટલી ખાઇશ અને તે વખતે આયંબિલ આદિના તપસ્વીઓને ભાવપૂર્વક પ્રણામ કરીશ અને અણાહારીપદ (મોક્ષ પદ કે જ્યાં આહાર કરવાની પંચાત જ નથી હોતી) ની ભાવના ભાવીશ.

નોંધ :-

---

## (૨૦) ભોજન સમયે મૌન

જ્ઞાનાવરણીય કર્મબંધથી બચવા માટે ભોજન સમયે એઠા મોઢે નહિ બોલું. કદાચ બોલવાની જરૂર પડે તો પાણી વડે મુખ શુદ્ધિ કરીને જ બોલીશ.

નોંધ :-

---

## (૨૧) અચિત્ત પાણી-વનસ્પતિનો ઉપયોગ

(અ) સચિત્ત (સજીવ-કાચા પાણીના એક ટીપામાં નિરંતર અસંખ્ય જીવોની ઉત્પત્તિ-નાશ ચાલુ હોય છે. આ રહસ્યને જાણ્યા પછી હવેથી હું દરરોજ પીવા માટે તો અચિત્ત (નિર્જીવ) પાણીનો જ ઉપયોગ કરીશ.

(બ) તેવી જ રીતે અચિત્ત (નિર્જીવ) વનસ્પતિનો જ ખોરાક તરીકે ઉપયોગ કરીશ.

સચિત્ત પાણી કે સચિત્ત વનસ્પતિને મોઢામાં નાખવા જેટલો નિર્દય બનવું એ અહિંસાપ્રધાન જૈન ધર્મને પાળનાર એવા મને શોભે નહિ. (અચિત્ત પાણી અને વનસ્પતિની સમજ ગુરુગમથી મેળવી લઇશ.)

**નોંધ :-**

---

## (૨૨) ભોજન બાદ થાળી ધોઈને પીવી

જમ્યા પછી થાળી ધોઇને પી જઇશ.

આમ કરવાથી એઠી થાળીમાં અંતર્મુહૂર્તમાં જ ઉત્પન્ન થનાર અસંખ્ય લાળિયા બેઇન્દ્રિય સૂક્ષ્મ જીવો અને સંમૂર્છિમ સૂક્ષ્મ પંચેન્દ્રિય મનુષ્યોને અભયદાન મળે છે અને આયંબિલ તપ જેટલો લાભ થાય છે. આ નિઃસ્વાર્થ જ્ઞાનીઓના હિતકારી વચન પર મને પૂરેપૂરી શ્રદ્ધા છે અને તથા એનું પાલન હું જરૂર કરીશ.

**નોંધ :—**

---

## (૨૩) સામાયિક

(અ) મુનિ જીવનનાં આસ્વાદ રૂપ ઓછામાં ઓછો ૧ સામાયિક દરરોજ કરીશ.

(બ) છેવટે મહિનામાં........સામાયિક જરૂર કરીશ.

(ક) કદાચ સામાયિક લેવાની વિધિ નહિ આવડતી હોય તો પવિત્ર વસ્ત્રો પહેરી, કટાસણા પર બેસી જમણો હાથ ભૂમિ પર સ્થાપન કરી સામાયિકના સંકલ્પપૂર્વક ત્રણ નવકાર ગણી બે ઘડી (૪૮) મિનિટ સુધી ધર્મધ્યાન કરીશ. અને બે ઘડી બાદ એ જ રીતે ત્રણ નવકાર ગણીને ઊઠીશ.

(ડ) સામાયિકની વિધિ શીખી ન લઉં ત્યાં સુધી........નો ત્યાગ.

**નોંધ :—**

---

## (૨૪) મૌન

દરરોજ ઓછામાં ઓછો ાા કલાક મૌન પાળીશ.

અંતમુખતા, ગંભીરતા આદિ ગુણોની કેળવણી, શક્તિનો સંચય, વચન ગુપ્તિનું પાલન, માનસિક શાંતિ આદિ મૌનના અનેક ફાયદાઓ સમજ્યા પછી હવેથી હું દરરોજ આ નિયમનું પાલન કરીશ.

મારા નાથ ત્રિલોકગુરૂ પરમાત્માત્મા શ્રી મહાવીર દેવ તો દીક્ષા લીધા બાદ કેવળજ્ઞાનની ઉત્પત્તિ પર્યંત ૧૨ાા વર્ષ સુધી મૌન રહ્યા હતા. તેમનાં અનુયાયી તરીકે પણ હું આટલું તો જરૂર કરીશ.

**નોંધ : -**

---

## (૨૫) જ્ઞાન આરાધના (૧ ગાથા કંઠસ્થ)

(અ) સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ અને વૃદ્ધિ માટે દરરોજ ઓછામાં ઓછી ૧ ધાર્મિક ગાથા જરૂર કંઠસ્થ કરીશ અને અવસરે તેનો અર્થ જાણવા માટે પણ લક્ષ્ય રાખીશ. ગાથા નહિ ગોખાય તો તેના બીજા દિવસે..........નો ત્યાગ.

(બ) છેવટે મહિનામાં...........ગાથા જરૂર કરીશ.

અનાદિ કાલીન મોહનાં ઝેરને ઊતારવા માટે ગારૂડીમંત્ર સમાન એવા જ્ઞાનીઓનાં વચનોને કંઠસ્થ કરવા માટે હવે તો હું જરા પણ ઉપેક્ષા નહિ સેવું.

**નોંધ :-**

---

## (૨૬) સ્વાધ્યાય – ધાર્મિક વાંચન

(અ) દરરોજ ઓછામાં ઓછો ૦ાા કલાક સ્વાધ્યાય (પૂર્વે ગોખેલી ધાર્મિક ગાથાઓનું પુનરાવર્તન) જરૂર કરીશ. [ **અને / અથવા** ]

(બ) દરરોજ ઓછામાં ઓછો ૦ાા કલાક ધાર્મિક પુસ્તકોનુ વાંચન જરૂર કરીશ. જૈન કુળમાં જન્મ પામવા છતાં જૈન ધર્મના સિધ્ધાંતોથી અનભિજ્ઞ (અજાણ) રહેવું એ ખરેખર શરમજનક ગણાય એમ મને લાગે છે અને તે કલંકને સ્વાધ્યાય –ધાર્મિક વાંચન આદિ દ્વારા ભૂંસી નાખીશ.

**નોંધ :-**

## (૨૭) ધાર્મિક પાઠશાલા

(અ) આત્મ હિતકારી ધાર્મિક જ્ઞાનની પ્રાપ્તિ માટે દરરોજ જૈન ધાર્મિક પાઠશાલામાં જઈશ. પાઠશાલા નહિ જઈ શકાય તે દિવસે... નો ત્યાગ.

(બ) મારા બાળકોને જૈન ધાર્મિક પાઠશાલામાં મોકલવા માટે બનતી કોશિષ કરીશ. બાળક પાઠશાલામાં નહિ જાય તેના બીજા દિવસે મારે.... નો ત્યાગ.

ધાર્મિક જ્ઞાનનું મહત્ત્વ સમજ્યા પછી હવેથી આ બાબતમાં હું જરાપણ બેદરકારી નહિ સેવું.

**નોંધ :-**

---

## (૨૮) ધર્મચર્ચા

(અ) દરરોજ ઓછામાં ઓછી ૧૦ મિનિટ સુધી ઘરનાં સભ્યો સાથે ધર્મચર્ચા કરીશ.

(બ) છેવટે રાત્રે ઘરનાં સભ્યોને એકત્રિત કરી તેમની સમક્ષ ૦। કલાક પણ ધાર્મિક પુસ્તકનું વાંચન જરૂર કરીશ.

ઘરમાં શાંતિ અને સંપનું વાતાવરણ સર્જવા માટે ઘરની પ્રત્યેક વ્યક્તિમાં ધાર્મિક સંસ્કારો હોવા અનિવાર્ય છે એમ સમજ્યા બાદ હવે આ નિયમ દ્વારા ઘરના પ્રત્યેક સભ્યોને ધાર્મિક સંસ્કારોથી સુવાસિત બનાવવા હું જરૂર કોશિષ કરીશ.

(ક) જે દિવસે તેમ નહિ બની શકે તેને બીજે દિવસે.... નો ત્યાગ.

**નોંધ :-**

---

## (૨૯) બ્રહ્મચર્ય

(અ) ચાતુર્માસ દરમ્યાન સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરીશ.

(બ) છેવટે આઠમ-પાંખી-પર્યુષણ-આયંબિલ ઓળી આદિ દિવસોમાં બ્રહ્મચર્યનું પાલન કરીશ.

(ક) મહિનામાં.... દિવસ બ્રહ્મચર્યનું પાલન કરીશ.

સર્વવ્રત શિરોમણિ ચિંતામણિ રત્ન સમાન બ્રહ્મચર્ય વ્રતની મહાનતા સમજ્યા પછી આત્મિક આનંદમાં ઝીલવા માટે હું આ વ્રતને આત્મસાત્ બનાવ્યા (જીવનમાં વણી લીધા) વિના જંપીને નહિ બેસું. કોઈપણ ભોગે આ વ્રતને આત્મસાત્ બનાવીને જ જંપીશ અને તે માટે અનંત ઉપકારી તીર્થંકર પરમાત્માઓએ બતાવેલ નવ વાડોનું શક્ય તેટલી વિશુદ્ધતાપૂર્વક પાલન કરવા માટે હંમેશાં પ્રયત્નશીલ રહીશ.

**નોંધ :-**

---

## (૩૦) સંપત્તિનો સદ્વ્યય

ચાતુર્માસ દરમ્યાન ઓછામાં ઓછા........રૂ. નો ધર્મકાર્યોમાં (જિનમંદિર, જિનપ્રતિમા, જિન આગમ, સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા આ સાત ક્ષેત્રોમાં) વિનમ્રપણે સદ્વ્યય કરી પુણ્યના ઉદયથી મળેલી સંપત્તિને સાર્થક કરીશ.

**નોંધ :-**

---

## (૩૧) ૧૨ વ્રતોનું પાલન

(અ) શ્રાવકોએ ખાસ ગ્રહણ કરવા યોગ્ય સમ્યક્ત્વ સહિત શ્રાવકોના ૧૨ વ્રતોની ગુરુગમથી સમજ મેળવી તેનો સ્વીકાર કરીશ.

(બ) છેવટે પાંચ અણુવ્રતોનો તો જરૂર સ્વીકાર કરીશ.

(ક) જ્યાં સુધી તેમ ન કરી શકું ત્યાં સુધી............ નો ત્યાગ.

કમનશીબે સર્વવિરતિ (પાંચ મહાવ્રત યુક્ત સાધુ જીવન) નો સ્વીકાર તો નથી કરી શકયો ત્યાં સુધી દેશવિરતિનું પાલન તો જરૂર કરીશ. વ્રતોનું–વિરતિનું મહત્ત્વ સમજ્યા પછી હવે તેમનો સ્વીકાર કર્યા વિના મને ચેન નહિ પડે. હવે એ વ્રતોની ઉપેક્ષાને હું દેશવટો આપીને જ જંપીશ.

**નોંધ :-**

## (૩૨) પાપોનું પ્રાયશ્ચિત્ત

આત્માને શલ્યરહિત બનાવવા માટે અત્યાર સુધીની જિંદગીમાં થઈ ગયેલા કે અનાદિ–કાલીન સંસ્કારોને વશ થઈને કરી નાખેલા પાપો (જેટલા પણ યાદ આવશે તેટલા) નું ગુરુ મહારાજની પાસે પશ્ચાત્તાપ–પૂર્વક મૌખિક અથવા છેવટે લેખિત નિવેદન કરીને યથા યોગ્ય પ્રાયાશ્ચિત્ત સ્વીકારીશ, જ્યાં સુધી તેમ ન કરી શકું ત્યાં સુધી...........નો ત્યાગ.

**નોંધ –**

---

## (૩૩) લીધેલા નિયમોનું સ્મરણ

દરરોજ અથવા અઠવાડિયામાં................વખત મેં લીધેલા નિયમોને હું યાદ કરી જઈશ. અને તે પ્રમાણે વર્તાયું છે કે નહિ તે તપાસી જઈશ. શરતચૂકથી એ નિયમો પ્રમાણે વર્તવામાં જરાપણ સ્ખલના–ભૂલચૂક થઈ હશે તો તરત ગુરૂમહારાજને નિખાલસતા પૂર્વક જણાવી યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત સ્વીકારી મારા આત્માને નિર્મળ બનાવીશ.

**નોંધ :–**

---

## (૩૪) ધર્મદલાલી :–(બીજાને નિયમો સ્વીકારવાની પ્રેરણા)

ચાતુર્માસ દરમ્યાન ઓછામાં ઓછા.... આત્માઓને પ્રેરણા આપી આ પુસ્તિકામાં બતાવેલા નિયમોમાંથી યથાશકિત ઓછામાં ઓછા ૧૨ નિયમોનો સ્વીકાર કરાવી આરાધનામાં જોડી ધર્મદલાલીનું મહાન્ પુણ્ય ઉપાર્જીશ. જ્યાં સુધી તેમ ન કરી શકું ત્યાં સુધી....નો ત્યાગ.

**નોંધ :–**

લાખ બાતકી બાત હય, તોસે કહું બતાય,
જો પરમાતમ પદ ચહો, રાગદ્વેષ તજો ભાય

# નિષેધાત્મક (Negative) નિયમો

(ન કરવા યોગ્ય બાબતો અંગેના ૨૨ નિયમો)

## (૧) સિનેમા–નાટક–ટી વી.

(અ) મનની પવિત્રતાને ખતમ કરનાર અને અનેક કુસંસ્કારોને જન્મ આપનાર (Sin=પાપ, સિનેમા,=પાપની માતા) આંખો નુકશાન પહોંચાડનાર સિનેમા, નાટક, ટી. વી. નહિ જોઉં.

(બ) માતા પિતાને આગ્રહ કરી, બળાત્કારે (માતા–પિતાદિની ઈચ્છા વિરુદ્ધ) ઘરમાં વસાવેલ ટી. વી. ને વહેંચી નાખવા માટે માતા–પિતાને વિનંતી કરી, જ્યાં સુધી ઘરમાંથી ટી. વી. દૂર નહિ થાય ત્યાં સુધી........નો ત્યાગ.

(ક) પાડોશી કે સગાસંબંધી આદિના ઘરના રહેલ ટી. વી. ના કાર્યક્રમો જોવા માટે ખાસ ત્યાં નહિ જાઉં. ન છૂટકે અનાયાસે જોવાઇ જવાય તેની જયણા અથવા બાર નવકાર ગણીશ.

(ડ) થીયેટરમાં જઈને ટિકિટ કઢાવી સિનેમા–નાટક નહિ જોઉં. સ્કૂલ–કોલેજમાં ક્યારેક ભજવાતા નાટક કે ચલચિત્રો–જો તે જરાપણ અશ્લીલ ન હોય તો જોવાની જયણા.

**નોંધ :–**

---

## (૨) રાત્રિભોજન

(અ) નરકનાં પ્રથમ દ્વાર સમાન અસંખ્ય જીવોનો કચ્ચરઘાણ બોલાવતા, આરોગ્ય અને બ્રહ્મચર્ય માટે હાનિકર્તા, અજૈન શાસ્ત્રોમાં પણ જેનો નિષેધ કરવામાં આવ્યો છે એવા રાત્રિ ભોજનનાં પાપનું હવેથી હું સેવન નહિં કરું. અર્થાત્ સૂર્યાસ્ત થયા બાદ અન્ન પાણીનો ત્યાગ કરી ચોવિહારનું પચ્ચક્‌ખાણુ કરીશ. અને એનાથી થતો મહિનામાં ૧૫ ઉપવાસનો લાભ હું નહિં ગુમાવું. વેપાર–ધંધા આદિને કારણે કદાચ ચોવિહાર કરવામાં થોડીક અગવડ થતી હશે તો પણ ટિફીન આદિની વ્યવસ્થા કરીને

પણ જૈનકુળનાં આ જન્મજાત આચારને હું મારા જીવનમાં કોઈ પણ રીતે અપનાવીને જ જંપીશ.

(બ) નોકરી આદિના કારણે તેમ કરવું અશકય જેવું લાગશે તો છેવટે ચોવિહારનો લક્ષ રાખી રાત્રે એકવારથી વધારે વખત તો અન્ન પાણી નહીં જ વાપરું. અને રાત્રે એકવાર ભોજન કરતી વખતે પણ દરરોજ મનમાં પશ્ચાત્તાપ કરીશ.

(ક) રાત્રે પાણી સિવાય કાંઇ પણ મુખમાં નહિં નાખું.

(ડ) મહિનામાં........દિવસ જરૂર ચોવિહાર (રાત્રે ચારે પ્રકારના આહારનો ત્યાગ) કરીશ.

**નોંધ:-**

---

## (૩) કંદમૂળ

(અ) જેમાં સોયના અગ્રભાગ જેટલા વિભાગમાં અનંતાનંત નિગોદના જીવો રહેલા છે. એવા કાંદા, બટાટા, લસણ, ગાજર, મૂળા આદિ કંદમૂળ ગણાતી વનસ્પતિઓનું સેવન હું નહિં કરું. (દવા અર્થે જયણા) જીભના ક્ષણિક સ્વાદ ખાતર અનંતાનંત જીવોનું કચ્ચરઘાણ બોલાવવાનુ ભયંકર પાપ હું કેમ જ કરી શકું?

(બ) મારા ઘરનાં પ્રત્યેક સભ્યોને આ બાબતની સમજ આપી કંદમૂળ ભક્ષણના મહાપાપને હું ઘરમાંથી દેશનિકાલ ન કરું ત્યાં સુધી મારે........નો ત્યાગ.

**નોંધ:-**

---

## (૪) હોટલનાં ખાન - પાન

(અ) વાસી ભોજન, કંદમૂળ, દ્વિદળ, આદિ નિયમોનો ભંગ કરાવનાર, રોગી, માંસાહારી, દારૂડિયા આદિના વાસણના સંસર્ગ દોષથી તનના અને મનના આરોગ્ય માટે હાનિકર્તા એવા હોટલના ખાનપાનનું સેવન હું નહિં કરું.

(બ) કોઇ અનિવાર્ય સંજોગોમાં હોટલના ખાનપાન ચા આદિનું

સેવન કરવું પડશે તો પ્રાયશ્ચિત્ત રૂપે આયંબિલ કે એકાસણું કરીશ અથવા એક બાંધી નવકારવાળી ગણીશ.

**નોંધ :–**

---

## (૫) વાસી ભોજન

નરમ રોટલા, પુરી, શીરો, આદિ ભોજનનો સૂર્યાસ્ત પહેલાં ઉપયોગ કરી નાખવામાં ન આવે તો રાત્રિના અંધકારના પ્રભાવે તેમાં અગણિત સૂક્ષ્મ અદ્દશ્ય જીવોની ઉત્પત્તિ થઈ જાય છે. તેથી એ જીવોની હિંસાથી બચવા માટે હવેથી હું વાસી ભોજન નહિ કરૂં.

લાડુ, મોહનથાળ વગેરે સુખડી શિયાળા, ઉનાળા અને ચોમાસામાં અનુક્રમે ૩૦–૨૦–૧૫ દિવસ ચાલે ત્યાર બાદ અભક્ષ્ય થઈ જાય છે. ૧૬ પ્રહર (બે અહોરાત્ર) ઉપરાંતનું દહીં, ત્રણ દિવસથી વધારે સમયના (જેનું ચૂર્ણ થઇ શકે તેવા સુકેલા ન હોય એવાં) અથાણાં પણ અભક્ષ્ય ગણાય છે. એથી એ બધાનું પણ હું સેવન નહિં કરૂં. અને એ રીતે અગણિત જીવોને અભયદાન આપીશ.

**નોંધ :–**

---

## (૬) દ્વિદળ અને કાચા ગોરસનું મિશ્રણ

દ્વિદળ=મગ, ચણા, તુવેર, વાલ, વટાણા વગેરે કઠોળનો કાચા (પૂરતા ગરમ નહિં કરેલા એવા) ગોરસ (દૂધ, દહિં, છાસ) સાથે મિશ્રણ થવાથી અસંખ્ય સૂક્ષ્મ બેઇન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. તેથી એ અસંખ્ય જીવોની હિંસાના મહાપાપથી મારા આત્માને બચાવી લેવા હવેથી હું દ્વિદળ અને કાચા ગોરસનું મિશ્રણ ન થાય તે માટે નીચે મુજબ પૂરતી તકેદારી રાખીશ.

૧) દાળ અથવા કઠોળના શાકવાળા અથવા કઠોળમાંથી બનાવેલા મિષ્ટાન્ન–ફરસાણવાળા થાળી–વાટકા આદિને પાણીથી ધોઈ કપડા વિગેરેથી તદ્દન કોરા કર્યા વિના કાચા દહીં–છાસ વિગેરે નહિં નાખું.

(૨) ખીચડી અને કાચી છાસનો ઉપયોગ નહિં કરૂં.

(૩) વડા અને કાચી દહીંનું મિશ્રણ નહિ કરૂં........... ઈત્યાદિ.

**નોંધ :-**

---

## (૭) બજારૂ મીઠાઇ ફરસાણ

(અ) કેટલાય દિવસો-મહિનાંઓનાં વાસી, રાત્રે બનાવેલ દ્વિદળ કાચા ગોરસનાં મિશ્રણ દોષથી યુક્ત, અભક્ષ્ય પદાર્થોનાં મિશ્રણવાળા વગેરે અનેક દોષોથી યુક્ત બજારૂ મીઠાઈ-ફરસાણ મારી જીભનાં ક્ષણિક સ્વાદ ખાતર નહિ ખાઉં.

(બ) કોઈ અનિવાર્ય સંજોગોમાં તેમ કરવું પડશે તેના બીજા દિવસે..........નો ત્યાગ.

જૈન ધર્મનાં પવિત્ર આચારોને જીવનમાં અપનાવ્યા વિના મારા અંતરને હવે જંપ નહિ જ વળે.

**નોંધ :-**

---

## (૮) માંસ-મદિરા-મધ-માખણ

(અ) આ ચાર મહા વિગઇઓ કે જેઓ મન-ઇન્દ્રિયોમાં મહા-વિકારને ઉત્પન્ન કરનારી છે અને જેઓમાં તેવા જ પ્રકારનાં રંગવાળા અસંખ્ય સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ નાશ થવાથી મહા હિંસાનાં કારણ રૂપ છે. તેઓનું સેવન પ્રાણાંતે પણ નહિ કરું.

(બ) છેવટે દવા આદિ અનિવાર્ય સંયોગો સિવાય મધ-માખણનું સેવન નહિ કરૂં. માંસ-મદિરાનું સેવન તો દવાના કારણે પણ નહિ જ કરૂં.

**નોંધ :-**

## (૯) બીડી-સીગારેટ-પાન-તમાકુ-અફીણ

(અ) જીવન જીવવા માટે તદ્દન નકામા ગણાતા, તનના અને મનના આરોગ્યને માટે હાનિકર્તા, એવા બીડી-સિગારેટ પાન-તમાકુનાં વ્યસનને પનારે હું નહિ પડું. તેનું સેવન બિલકુલ નહિ કરૂં........

(બ) અગાઉથી ઘર કરી ગયેલા આ વ્યસનોનો હું ત્યાગ કરવાનો અભ્યાસ પાળીશ અને સંપૂર્ણ ત્યાગ ન કરી શકું ત્યાં સુધી........નો ત્યાગ.

નોંધ :—

---

## (૧૦) ચા-કોફી

(અ) આઠમ-પાંખી તથા પર્યુષણ જેવા પર્વ દિવસોમાં પણ પરમ કર્મ નિર્જરાના સાધક એવા તપધર્મનું આચરણ કરવામાં મહા અંતરાયભૂત એવી ચા-કોફીનું વ્યસન તરીકે સેવન નહિ કરૂં.

(બ) અગાઉથી પડી ગયેલું ચા-કોફીનું વ્યસન છોડી ન શકું ત્યાં સુધી........નો ત્યાગ.

(ક) દિવસમાં એકથી વધારે વખત ચા-કોફી નહિ પીઉં.

નોંધ:—

---

## (૧૧) ઠંડા પીણા-આઈસ્ક્રીમ

(અ) પાણીનાં એક ટીપામાં અસંખ્ય જીવો હોય છે. તેને થીજાવી ઘટ્ટ બનેલા બરફમાં તો તેનાં કરતાં પણ અગણિત જીવો હોવાથી બરફ ૨૨ અભક્ષ્યોમાંથી એક અભક્ષ્ય ગણાય છે. તેથી તેવા બરફના ઉપયોગથી બનતા આઈસ્ક્રીમ ઠંડા પીણાનું સેવન હું નહિ કરૂં.

મારી રસનાના ક્ષણભંગુર સુખ ખાતર હોંશે હોંશે અગણિત જીવોની હિંસાનું પાપ તો હું નહિ જ કરૂં.

(બ) છેવટે મારા તેવા પ્રકારના દૃઢ મનોબળનાં અભાવે લગ્ન પ્રસંગે વ્યવહાર સાચવવા ન છુટકે તેમ કરવું પડશે તો પણ તેના પ્રાયશ્ચિત રૂપે..........નો ત્યાગ કરીશ, પરંતુ જીભના સ્વાદને ખાતર તો હું ઠંડાપીણા–આઈસક્રીમનું સેવન નહિં જ કરું.

**નોંધઃ–**

---

## (૧૨) તલ–મેવો–કોથમીર લીંબડાનાં પાન તથા દરેક પ્રકારનાં પાંદડાનાં શાક

જીવ હિંસાથી બચવા માટે વર્ષા ચાતુર્માસ (અષાઢ પૂર્ણિમાથી કાર્તિક પૂર્ણિમા સુધી) માં શાસ્ત્રમાં નિષેધ કરેલા તલ, દરેક પ્રકારનો મેવો (તે જ દિવસે ગોટલાથી અલગ કરેલી પિસ્તા, બદામની મીંજ અને તેવા જ પ્રકારની અખરોટની મીંજ સિવાય), કોથમીર, લીંબડાનાં પાન તથા દરેક પ્રકારનાં પાદડાંનાં શાકનું ભક્ષણ હું નહિ કરું. અને એ દ્વારા મારા આત્માને જીવહિંસાથી બચાવી લેવા ઉપરાંત સાધુ–સાધ્વી–ભગવંતોને સૂઝતા અન્નપાણી વહોરાવવાનો લાભ પણ હું નહિ ગુમાવું.

**નોંધઃ–**

---

## (૧૩) ઉદ્‌ભટ વેષ :

(અ) મારા અને મને જોનારના અંતરમાં વિકારો ઉત્પન્ન કરનારા અને મોહભાવ વધારનારા તંગ (શરીરના અવયવો સાથે અત્યંત ફીટ,), પારદર્શક (શરીરના અવયવો દેખાય તેવા ઝીણા), અને ટુંકા (ગરદન સુધી મોઢું, કોણીના હાથ અને ઢીંચણ સુધીના પગ સિવાય શરીરના કોઇ પણ અંગોપાંગ દેખાય તેવા) કપડા અર્થાત્ ઉદ્‌ભટ વેષ–ભૂષા હું નહિ પહેરૂં.

(બ) મુનિ જીવનની સ્મૃતિ માટે સફેદ વસ્ત્રો જ પહેરીશ.

(૬) બીજા લોકોથી તદ્દન અલગ તરી આવે તેવા ભભકાદાર કલરવાળા કે વિચિત્ર ડિઝાઇનોવાળા અત્યંત આકર્ષક ફેસનેબલ કપડાં હું નહિ જ પહેરું.

'કપડા' એ શરીરની લજ્જા ઢાંકવા માટે તથા ઠંડી આદિથી શરીરની રક્ષા કરવા માટેનું સાધન છે, નહિ કે શરીરના અવયવોનું વિચિત્ર પ્રદર્શન કરવા માટે કે બીજાને પોતાના શરીર તરફ મોહિત કરવા માટે.... તથા ઉદ્ભટ વેષભૂષા પહેરીને બીજાના અંતરમાં મોહભાવ વધારવામાં નિમિત્ત બનવાથી આપણું પણ ચીકણું મોહનીય કર્મ બંધાય છે. આ વાત બરાબર સમજ્યા પછી હવેથી હું ધર્મી આત્માને છાજે તેવો અત્યંત મર્યાદા યુક્ત પવિત્ર પોષાક જ પહેરીશ.

**નોંધ :-**

---

## (૧૪) લિપ્સ્ટીક-પફ-પાવડર

શરીર પ્રત્યેના મોહભાવને વધારનાર, દેહાધ્યાસ (દેહ=શરીર એજ હું=આત્મા છું એવા પ્રકારની ભ્રાન્તિ) ને પુષ્ટ બનાવનારા, સ્વ-પરના શીલરત્નને હાનિ પહોંચાડનારા એવા લિપ્સ્ટીક પફ-પાવડરના ખોટા આડંબર હું નહીં કરૂં.

શીલ-બ્રહ્મચર્ય સમાન કોઇ આભૂષણ નથી. આવો બ્રહ્મચર્યનો મહિમા સમજ્યા પછી તેને હાનિ પહોંચાડનારા ઉપરોકત ખોટા ભભકા હું નહિ કરૂં.

**નોંધ :-**

---

## (૧૫) નિરોધ-નસબંધી-ગર્ભપાત-છુટાછેડા અને વિધવા વિવાહ

અનેક દુરાચારોને ફેલાવતા, બ્રહ્મચર્યને અત્યંત હાનિ પહોંચાડનારા, પરમ પવિત્ર સંતો દીધી આર્ય સંસ્કૃતિને છિન્ન ભિન્ન કરી નાખનારા, શાસ્ત્ર વિરુદ્ધ એવા ઉપરોકત પાપીષ્ઠ તત્ત્વોનો ભોગ હું નહિ બનું.

(૧) હું પોતે મારા જીવનમાં ઉપરોક્ત કોઈપણ તત્ત્વોને અપનાવીશ નહિ.
(૨) બીજા કોઇ ને પણ તેમ કરવા માટે પ્રેરણા નહિં આપું.
(૩) કોઇ તેમ કરતું હશે તેની અનુમોદના – પ્રશંસા પણ હું નહિ કરૂં.

**નોંધ :-**

## (૧૬) ડીટેક્ટીવ વાર્તાઓ, પ્રણયકથાઓ, સિનેસાહિત્ય

**(અ)** અનેક કુસંસ્કારોને જન્મ આપનાર અને વિષય વાસનાઓને ઉત્તેજિત કરનાર ઉપરોક્ત પ્રકારનું સાહિત્ય હું નહિ વાંચું.

**(બ)** મારા ઘરમાં કોઈ તેવા પ્રકારનું સાહિત્ય વાંચતું હશે તેને પણ સમજાવી ઉપરોક્ત પ્રકારનાં સાહિત્યને મારા ઘરમાંથી દેશવટો આપીશ. કોઇપણ આર્ય માનવને આવું સાહિત્ય વાંચવું અનુચિત ગણાય તો પછી પરમ પવિત્ર જૈન કુળમાં જન્મ પામેલા મને તો આવું કેમ જ છાજે?

**નોંધ :-**

## (૧૭) નટ – નટીઓનાં કેલેન્ડર

ઘરનાં પવિત્ર વાતાવરણને દૂષિત કરતા, બાળકોનાં માનસપટ પર પણ માઠી અસર પહોંચાડનારા, શ્રાવકનાં ઘરમાં તદ્દન ન શોભે તેવા નટ – નટીઓ ( સિને અભિનેતા – અભિનેત્રીઓ ) નાં કેલેન્ડરોને મારા ઘરમાં સ્થાન નહિ આપું, પરંતુ ઘરનાં વાતાવરણને પવિત્ર બનાવનારા શ્રી દેવ–ગુરુનાં ફોટાઓને જરૂર સ્થાન આપીશ. અને મારા ઘરનું વાતાવરણ શ્રાવકનાં ઘરને છાજે તેવું બનાવવા કોશિષ કરીશ.

**નોંધ :-**

## (૧૮) ખરાબ સોબત

'સંગ તેવો રંગ' અને 'સોબત તેવી અસર' આ કહેવત

પ્રમાણે સારા કે ખરાબ મિત્રોની જીવન ઉપર ઘણી મોટી અસર થાય છે તેથી-

(૧) આત્મા - પુણ્ય - પાપ - પરલોક આદિને નહિ માનનારા સિનેમા - જુગાર આદિની પ્રેરણા કરનારા, જાતીય બદીઓમાં ફસાયેલા, કેવળ પૈસા આદિ સ્વાર્થથી મારી સાથે મિત્રતા રાખનારા, ધર્મહીન મિત્રોની સોબત હું નહિ કરું.

(૨) વિજાતીય વર્ગ સાથે મિત્રતા બાંધવાનું આત્મઘાતી સાહસ હું દેખાદેખીથી પણ કદી નહિ કરૂં.

ખરાબ મિત્રોની સોબતથી તો અનેકોનાં જીવન બરબાદ થઇ ગયા છે. એવું જાણ્યા પછી મારા જીવનની સલામતી માટે હું સારા મિત્રોની જ સોબત રાખીશ પરંતુ ઉપરોક્ત પ્રકારનાં મિત્રોથી તો સદાય દૂર રહીશ.

**નોંધ :—**

---

## (૧૯) જુગાર - પરસ્ત્રી ગમન

આ લોકમાં અપયશ અને વધ - બંધનાદિનું કારણ, પરલોકમાં નરકાદિ દુર્ગતિમાં લઈ જનાર, પરસ્પરમાં વૈર-વિરોધ વધારનાર, જુગાર તથા પરસ્ત્રી ગમનનાં મહાપાપોનો પડછાયો પણ હું નહીં લઉં.

**નોંધ :—**

---

## (૨૦) અનીતિ

નીતિ - પ્રામાણિકતા એતો જીવનની પવિત્રતાનું મૂળ છે. આવું સમજ્યા પછી હવે હું વેપાર આદિમાં,

(૧) ભેળસેળ,

(૨) ગ્રાહકને નવી કે સારી વસ્તુ વાનગી તરીકે બતાવી, જૂની કે ખરાબ વસ્તુ આપવી,

(૩) વધારે પૈસા લઇ ઓછો માલ આપવો,

(ઙ) કોઇની ગુમ થયેલી વસ્તુ પચાવી પાડવી વગેરે પ્રકારની અનીતિનું સેવન નહિ કરૂં.

(બ) સરકારી ઇન્કમટેક્ષ (આવકવેરો), સેલટેકસ (વેચાણવેરો), વગેરે ભરવામાં પણ અનીતિ નહિ કરૂં.

અનીતિથી થતા કેટલાક સ્થૂલ લાભો કરતાં પણ પરિણામે થતા અનેક ગેરલાભોનો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરી હવેથી હું મારા જીવનને બને તેટલો નીતિસંપન્ન બનાવવા કોશિષ કરીશ.

(ક) મનની નબળાઇને કારણે ન છૂટકે ક્યાં પણ અનીતિનું સેવન કરવું પડશે તો પણ હૃદયમાં પશ્ચાત્તાપ કરીશ અને પ્રાયશ્ચિત રૂપે ૧૨ નવકાર કે ૧ બાધી નવકારવાળી ગણીશ અથવા તે દિવસે.......નો ત્યાગ કરીશ.

**નોંધ :-**

---

## (૨૧) જાતીય બદી

(અ) કોઈપણ પ્રકારની જાતીય બદીઓમાં કુમિત્રોની સોબત આદિથી હું ફસાઈશ નહિ.

આ બદીઓએ તો અનેકોનાં જીવનમાં ભયંકર ખાનાખરાબી સર્જી છે. એવું સાંભળ્યા-વાંચ્યા અને જોયા પછી હવેથી હું મારા જીવનની સલામતી માટે ભારે કાળજી રાખીશ.

(બ) પૂર્વે પડી ગયેલી કોઈપણ જાતીય બદીનું જે પળે સેવન થશે તેને બીજે દિવસે ઉપવાસ અથવા આયંબિલ કરીશ અથવા ઘી નો ત્યાગ કરીશ.

## (૨૨) સાધુ-સાધ્વી-ભગવંતોની નિંદા

(૧) કોઈપણ ગચ્છ-સમુદાયનાં પૂજનીય સંસારત્યાગી સાધુ-સાધ્વી, ભગવંતોના છદ્મસ્થપણાથી છતા કે અછતા નાના મોટા દેષોને વર્ણવી તેઓની નિંદા કરવાનું મહા પાપ હું નહિં જ કરૂં.

(૨) કોઈ તેમ કરતું હશે તો હું તેને સાંભળીશ પણ નહિ.

સામાન્ય રીતે કોઈપણ જીવની નિંદા કરાય નહિં તો પૂજનીય ત્યાગી સાધુ-સાધ્વી ભગવંતોની નિંદાનું ભયંકર પાપ તો થાય જ શી રીતે?....

**નોંધ :-**.........

# લીધેલા નિયમોની યાદી

## ( વિધેયાત્મક નિયમો )

૧

૨

૩

૪

૫

૬

૭

૮

૯

૧૦

૧૧

૧૨

૧૩

૧૪

૧૫

૧૬

## લીધેલા નિયમોની યાદી (ચાલુ)

### ( વિધેયાત્મક નિયમો )

૧૭

૧૮

૧૯

૨૦

૨૧

૨૨

૨૩

૨૪

૨૫

૨૬

૨૭

૨૮

૨૯

૩૦

# નિષેધાત્મક નિયમો

૧

૨

૩

૪

૫

૬

૭

૮

૯

૧૦

૧૧

૧૨

૧૩

૧૪

૧૫

૧૬

૧૭

૧૮

૧૯

૨૦

# દેશવિરતિધર્મ

— યાને —

## શ્રી સમ્યક્ત્વમૂલ શ્રાવકના ૧૨ વ્રતોની સંક્ષિપ્ત યાદી

સં. આગમ દિવાકર પ.પૂ. આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**નોંધ**

સમકૂત્વ સહિત બાર વ્રતના નિયમ આદિનું વાંચન કરતાં કે પહેલાં તે અંગે કાંઈ પણ નોંધ કરતાં પહેલાં "અગત્યની સૂચનાઓ" ખાસ વાંચી જવી.

# અગત્યની સૂચનાઓ

(૧) આવિભાગમાં સમ્યક્ત્વ સહિત ૧૨ વ્રતોમાં પ્રાયઃ દરેકના ત્રણ વિભાગમાં આવ્યા છે. (૧) મુખ્ય પ્રતિજ્ઞા (૨) પેટા નિયમો તથા (૩) વ્રતની રક્ષા-શુદ્ધિ-પુષ્ટિ માટે અગત્યની સૂચનાઓ......

તેમાંથી જે જે વ્રતો લેવા હોય તે વ્રતની મુખ્ય પ્રતિજ્ઞા યાવજજીવ માટે અવશ્ય લેવીજ જોઇએ; જ્યારે પેટા નિયમોમાંથી ઇચ્છા પ્રમાણે યથાશકિત નિયમો ૪-૬ મહિના કે ૧-૨ વર્ષ ઇત્યાદિ મર્યાદિત સમય માટે પણ લઇ શકાય. ત્રીજા વિભાગમાં વ્રતની રક્ષા શુદ્ધિ-પુષ્ટિ માટે આપવામાં આવેલી અગત્યની સૂચનાઓને સારી રીતે સમજીને તે મુજબ વર્તવા માટે લક્ષ રાખવો.

(૨) બારે બાર વ્રતો લેવા અસમર્થ વ્યકિતએ યથાશકિત ગમે તે ૧૧, ૧૦, ૯...છેવટ પાંચ અણુવ્રત કે ચતુર્થવ્રત આદિ એકાદ વ્રત પણ જરૂર લેવું. પરંતુ નિયમ વગરના ન રહેવું.

(૩) જે જે વ્રત-નિયમો લેવા હોય તેની આગળ 'રાઇટ'ની નિશાની કરવી. પરંતુ સાતમા વ્રતમાં ૨૨ અભક્ષ્ય, ૩૨ અનંતકાય તથા ૧૫ કર્માદાનમાંથી જેનો જેનો ત્યાગ કરવો હોય તેની આગળ X આવી ચોકડીની નિશાની કરવી.

(૪) પોત પોતાની શકિત તથા સંજોગો અનુસાર વ્રત-નિયમોની કલમોમાં કોઈ શબ્દ યા લીટી વધારવાની કે ઘટાડવાની આવશ્યકતા જણાય અગર કોઇ વિશેષ જયણા રાખવી જરૂરી જણાય તો નિયમ લેતા પહેલાં ગુરુ મહારાજને પૂછીને દરેક વ્રત નિયમને અંતે નોંધ માટે રાખેલી ખાલી જગ્યામાં તેવું લખી શકાય પેટા નિયમોની સમય મર્યાદા પણ 'નોંધ' માં લખી શકાય.

(૫) દરેક વ્રત–નિયમોમાં ગાઢ માંદગી, લાંબી મુસાફરી, સૂતક, પરાધીનતા. બેહોશ અવસ્થા તથા મરણાંત કષ્ટના પ્રસંગોમાં યથાયોગ્ય રીતે જયણા સમજી લેવી. છતાં સામાન્ય સામાન્ય કારણોને આગળ કરીને "જયણા" નો દુરૂપયોગ ન કરવો.

(૬) 'જયણા' એટલે તદન 'છૂટ' એવો અર્થ ન સમજવો. પરંતુ જયણા એટલે યતના–કાળજી–સાવધાની. અર્થાત્–"સંયોગ-વશાત્ હું હાલ અમુક બાબતનો નિયમ–પ્રતિજ્ઞા નથી લઈ શકતો છતાં તે પ્રમાણે વર્તવા માટે યતના–કાળજી–સાવધાની જરૂર રાખીશ" એવો 'જયણા' શબ્દનો ભાવાર્થ સમજવો. ટુંકમાં 'જયણા' એટલે નહિ પ્રતિજ્ઞા, નહિ છુટ પરંતુ પ્રતિજ્ઞા વિના પણ પ્રતિજ્ઞાની માફક વર્તવાની કાળજી રાખવી તે.

(૭) કોઈ તથા પ્રકારનાં સંયોગવશાત્ કોઈ વ્રત–નિયમનું યથા યોગ્ય રીતે પાલન ન થઈ શકે તો તેને બદલે અમુક વસ્તુનો ત્યાગ, અમુક નવકારવાળીનો જાપ, ઉપવાસ–આયંબિલ કે એકાશણું આદિ તપ વગેરે પ્રાયશ્ચિત નિયમ લેતી વખતે અગાઉથી ધારી લેવું અને તે નોંધ માટે રાખેલી ખાલી જગ્યામાં લખી નાખવું.

(૮) વર્તમાનમાં કોઈ કારણવશાત કેટલાક વ્રત–નિયમો ન લઈ શકાય તેમ હોય તો પણ તે રીતે વર્તવાનો અભ્યાસ પાડી ભવિષ્યમાં તે વ્રત નિયમ વિધિપૂર્વક સ્વીકારવાનો જરૂર લક્ષ રાખવો. કારણ કે કોઈ પણ પાપ ન કરવા છતાં પણ પ્રતિજ્ઞાપૂર્વક તે પાપનો ત્યાગ ન કર્યો હોય ત્યાં સુધી "અવિરતિ" નિમિત્તે કર્મબંધ ચાલુ જ રહે છે....

(૯) લીધેલા વ્રત–નિયમોનું ખૂબ જ કાળજીપૂર્વક પાલન કરવું. ભૂલથી પણ નિયમ ભંગ ન થઈ જાય તે માટે લીધેલા નિયમોને અવાર–નવાર જરૂર વાંચી જવું.

(૧૦) સાવધાની રાખવા છતાં પણ શરતચૂક આદિથી નિયમભંગ થઇ જાય તો તેની તાત્કાલિક નોંધ કરી ગુરૂ મહારાજ પાસેથી પ્રાયશ્ચિત જરૂર લઇ લેવું તથા આગળ પણ નિયમનું પાલન ચાલુ જ રાખવું.

(૧૧) વ્રતધારી શ્રાવક-શ્રાવિકાઓએ બને ત્યાં સુધી બે ટાઇમ પ્રતિક્રમણ, જિનપૂજા, રાત્રિભોજન ત્યાગ, અચિત્ત પાણીનો ઉપયોગ ઇત્યાદિનું પાલન જરૂર કરવું જોઇએ. છતાં કોઇ સંયોગોમાં દરરોજ તેમ ન થઇ શકે તેમ હોય તો પણ યથાશકિત તેમ કરવાને માટે પ્રયત્નશીલ રહી વ્રતો જરૂર લેવા પરંતુ તેટલા માત્રથી વ્રતો લેવામાં પીછેહઠ ન કરવી.

(૧૨) વ્રતો લેવામાં સરળતા રહે તથા લીધેલા વ્રત-નિયમોની યાદી રહે એજ આ પુસ્તકનો મુખ્ય આશય હોવાથી દરેક વ્રતોમાં તજવા યોગ્ય પાંચ-પાંચ અતિચાર (દોષ) વગેરે પંચપ્રતિક્રમણ (સાર્થ) ઇત્યાદિ પુસ્તકોમાંથી જાણી, વિચારી, ગુરુગમથી સમજી તેનો ત્યાગ કરવા માટે પ્રયત્નશીલ રહેવું

# "શ્રી સમ્યકૃત્વ"

(સુદેવ – સુગુરૂ – સુધર્મ પ્રત્યે અનન્ય શ્રદ્ધા)

## —: મુખ્ય પ્રતિજ્ઞા :—

વીતરાગ અને સર્વજ્ઞ એવા અરિહંત પરમાત્મા તથા સિદ્ધ ભગવંતો એ સુદેવ......શ્રી જિનાજ્ઞાપાલક પંચમહાવ્રતધારી સંસાર ત્યાગી સાધુ–સાધ્વી ભગવંતો એ સુગુરૂ......અને કેવલી ભાષિત દયામય ધર્મ તે સુધર્મ...એ સુદેવ–સુગુરૂ અને સુધર્મ રૂપ તત્તત્રયીને જ હું સંસારતારક તરીકે ભારે શ્રદ્ધાપૂર્વક જિંદગી પર્યંત માનવા પૂર્વક તેમની યથાશકિત આરાધના કરીશ.

......અને એમનાથી વિપરીત–સરાગી દેવ, આરંભ-પરિગ્રહથી યુકત મિથ્યાદ્રષ્ટિ ગુરૂ અને અસર્વજ્ઞ પ્રણીત ધર્મને કુદેવ–કુગુરૂ–કુધર્મ રૂપ સમજી, મોક્ષની ઇચ્છાથી યા સાંસારિક સુખોની ઇચ્છાથી પણ હું તેમની આરાધના નહિં કરીશ.

......કુલદેવી આદિનું ઉચિત સાચવવું પડે તેની જયણા.

**નોંધ:—**

## —: પેટા નિયમો :—

(સમ્યક્ત્વને દીપાવવા માટે યાને સુદેવ–સુગુરૂ–સુધર્મની વિશિષ્ટ કોટિની આરાધના માટે નીચેનાં નિયમો પૈકી યથાશક્તિ નિયમો જરૂર લેવા. જે જે નિયમો લેવા હોય તેની આગળ "રાઈટ" ની નિશાની કરવી. આ જ રીત ૧૨ વ્રતોના પેટા નિયમો અંગે પણ સમજી લેવી.)

---

## 'સુદેવ' તત્વની આરાધના માટેના નિયમો

### (૧) પ્રભુદર્શન (ચૈત્યવંદન)

(અ) માંદગી, મુસાફરી કે સૂતક આદિ પ્રસંગો સિવાય દરરોજ શ્રી જિનમંદિરમાં જઈ વિધિપૂર્વક ચૈત્યવંદન કર્યા સિવાય મુખમાં અન્ન પાણી આદિ કાંઈપણ નહિ નાખું.

(બ) ચૈત્યવંદન વિધિ ન આવડતી હશે તો પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા અને ત્રણ ખમાસમણ દઈ પ્રભુ સમક્ષ બેસીને ૧ બાધી નવકારવાળી યા ૧૨ નવકાર ગણીશ અને વિધિ શીખી લેવાનો ઉપયોગ રાખીશ....પરંતુ પ્રભુદર્શન કર્યા વિના મુખમાં અન્ન પાણી નહિ જ નાખું.

(ક) ચૈત્યવંદન વિધિ શીખી ન લઉં ત્યાં સુધી......નો ત્યાગ માંદગી મુસાફરી કે સૂતકનાં સંયોગોમાં પ્રભુજીની છબીનાં દર્શન–વંદન કરીશ. યા શત્રુંજય આદિ તીર્થનાં કે કોઈપણ ગામનાં મૂળ નાયક ભગવાનનાં બંધ આંખે માનસિક રીતે દર્શન–વંદન કર્યા પછી જ મુખમાં અન્ન પાણી નાંખીશ.

(ડ) શરતચૂક યા સંયોગવશાત પ્રભુદર્શન કર્યા વિના મુખમાં કાંઈપણ નંખાશે તે દિવસે.......નો ત્યાગ.

**નોંધ :-**

## (૨) જિન પૂજા

(અ) માંદગી, મુસાફરી, કે સૂતક આદિ અનિવાર્ય પ્રસંગો સિવાય દરરોજ જિનપૂજા જરૂર કરીશ....બની શકે તો સ્વદ્રવ્યથી તથા સવારના મુખમાં દાતણ–પાણી વગેરે કાંઇ પણ નાખ્યા પહેલાં જ જિનપૂજા કરીશ.

(બ) છેવટે મહિનામાં.......દિવસ જિનપૂજા જરૂર કરીશ.

(ક) માંદગી, મુસાફરી કે સૂતક આદિ સંયોગવશાત્ દેરાસરમાં જઇ જિનપૂજા નહિ કરી શકાય તેમ હશે તે દિવસે ઓછામાં ઓછી ૧૦ મિનિટ આંખો બંદ કરી માનસિક રીતે જિનપૂજા જરૂર કરીશ.

**નોંધ :**

---

## (૩) સ્નાત્રપૂજા–મોટી પૂજા

(અ) માંદગી. આદિ કારણ સિવાય દરરોજ સ્નાત્રપૂજા જરુર ભણાવીશ.

(બ) છેવટે દર મહિને યા દર વર્ષે ઓછામાં ઓછી.......સ્નાત્ર પૂજા તથા.......મોટીપૂજા શકય હશે ત્યાં સુધી જાતે હાજરી આપીને જરુર ભણાવીશ.

(ક) છેવટે નકરો આપીને મહિનામાં યા વર્ષમાં.......સ્નાત્રપૂજા તથા.......મોટીપૂજા જરુર ભણાવીશ અથવા બીજા કોઇ સ્નાત્ર–મોટીપૂજા ભણાવતા હશે તેમાં હાજરી આપીને યથાશક્તિ સહાયક બનીશ.

**નોંધ :**

卐 卐 卐

## (૪) તીર્થયાત્રા

વર્ષમાં ઓછામાં ઓછી ૧ વાર પણ શત્રુંજય આદિ નાના-મોટા એકાદ પણ તીર્થની યાત્રા જરૂર કરીશ.

નોંધ :-

## (૫) દેવદ્રવ્યવૃદ્ધિ

દર વર્ષે નવીન જિનાલય બંધાવવામાં, જૂના જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવવામાં, જિનપ્રતિમા ભરાવવામાં, જિનપ્રતિમાની અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવવામાં, વગેરે દેવદ્રવ્યની વૃદ્ધિનાં પ્રસંગોમાં ઓછામાં ઓછા........રૂા. જરૂર વાપરીશ.

કર્મસંયોગે વાર્ષિક આવક........રૂા. થી ઓછી થાય તે વખતે કદાચ આ નિયમનું પાલન ન થઈ શકે તો જયણા.

નોંધ :-

## (૬) નમસ્કાર મહામંત્ર આદિનો જાપ

(અ) દરરોજ ઓછામાં ઓછો ૧૦૮ વાર નવકાર મહામંત્રનો જાપ જરૂર કરીશ.

(બ) સવારે ઊઠતાંવેંત તથા રાત્રે સૂતાં પહેલાં ૧૨-૧૨ નવકાર તથા ભોજન પહેલાં ૩-૩ નવકાર ગણીશ.

(ક) દરરોજ 'નમો અરિહંતાણં' અને/અથવા 'ૐ હ્રીઁ અર્હં નમઃ' પદની........નવકારવાળી ગણીશ.

નોંધ :-

卐

## 'સુગુરૂ'તત્વની આરાધના માટેનાં નિયમો

### (૧) ગુરૂવંદન

(અ) ગામમાં જૈન સાધુ-સાધ્વી ભગવંત બિરાજમાન હશે તો તેમને વિધિપૂર્વક વંદન કર્યા વિના મુખમાં અન્ન પાણી નહિ નાખું.

(બ) ગુરુવંદનવિધિ ન આવડતી હશે ત્યાં સુધી ત્રણ ખમાસમણ દઈ સુખશાતા પૂછીશ અને વિધિ શીખી લેવાનો ઉપયોગ રાખીશ. ગુરુવંદનવિધિ શીખી ન લઉં ત્યાં સુધી........ નો ત્યાગ.

(ક) માંદગી આદિ અનિવાર્ય સંયોગવશાત્ ઉપાશ્રયે જઈ શકાય તેમ ન હશે ત્યારે અથવા ગુરુમહારાજની ગેરહાજરીમાં તેઓશ્રીની છબીને વંદન કરીશ. છબી પણ નહિ હોય તો માનસિક રીતે ગુરુવંદન કરીશ. પરંતુ ગુરુવંદન કર્યા વિના મુખમાં અન્ન-પાણી નહિ જ નાખું.

**નોંધ :**

---

### (૨) વ્યાખ્યાન શ્રવણ

ગામમાં સાધુ-સાધ્વી ભગવંતો બિરાજમાન હોય અને વ્યાખ્યાન ચાલુ હશે તો માંદગી-મુસાફરી જેવા અનિવાર્ય કારણો સિવાય જરૂર વ્યાખ્યાન શ્રવણ કરવા પ્રયત્નશીલ રહીશ.

**નોંધ :**

---

### (૩) સુપાત્રદાન

(અ) દરરોજ ઓછામાં ઓછું ૧ ટાઈમ પણ ભોજન પહેલાં સંસારત્યાગી જૈન સાધુ-સાધ્વી ભગવંતોને ભાવપૂર્વક

વહોરાવવા માટે થોડી રાખું જોઈશ, અને મારા મહાન પુણ્યોદયથી ગુરુ મહારાજ ગોચરી અર્થે મારા ઘરે પધારશે તો ભારે હર્ષોલ્લાસ સહિત વિધિપૂર્વક સૂઝતા અન્ન-પાણી આદિ દ્વારા સુપાત્રદાન કરીશ.

(ય) ગુરુ મહારાજનો યોગ નહિ થાય તે દિવસે સુપાત્રદાન કરનારાઓની માનસિક અનુમોદના કર્યા બાદ જ ભોજન કરીશ.

**નોંધ :-**

---

## (૪) ગુરુભક્તિ માટે દ્રવ્યવ્યય

મારી વાર્ષિક આવક·······રૂા. થી ઓછી ન થાય ત્યાં સુધી દર વર્ષે ગુરુમંદિર બંધાવવામાં, ગુરુ પ્રતિમા ભરાવવામાં, ગુરુ મહારાજને વસ્ત્ર, પાત્ર, કામળી, પુસ્તક, દવા આદિ વહોરાવવામાં, સાધુ-સાધ્વીને ભણાવનાર પંડિતનો પગાર ચૂકવવામાં.... વગેરે ગુરુભક્તિના કાર્યોમાં ઓછામાં ઓછા·······રૂા. નો સદ્વ્યય જરૂર કરીશ.

**નોંધ :-**

---

## (૫) ગુરુમંત્રનો જાપ

(અ) દરરોજ 'ૐ હ્રીઁ શ્રી ગુરુદેવાય નમો નમઃ' એ મંત્રની માળા જરૂર ગણીશ.

(બ) દરરોજ 'નમો લોએ સવ્વસાહૂણં' મંત્રની·······માળા જરૂર ગણીશ.

**નોંધ :-**

卐

## 'સુધર્મ' તત્વની આરાધના માટેનાં નિયમો :-

### (૧) સમ્યક્જ્ઞાનની વૃદ્ધિ

(અ) સમ્યક્જ્ઞાનની વૃદ્ધિ માટે, માંદગી, મુસાફરી કે સૂતક સિવાય દરરોજ ઓછામાં ઓછી ૧ ધાર્મિક ગાથા જરૂર કંઠસ્થ કરીશ.

(બ) છેવટે મહિનામાં.......ગાથા જરૂર કંઠસ્થ કરીશ.

**નોંધ :-**

---

### (૨) સ્વાધ્યાય

(અ) માંદગી આદિ કારણો સિવાય દરરોજ/દર મહિને ઓછામાં ઓછી......ગાથાઓનો સ્વાધ્યાય (પુનરાવર્તન) જરૂર કરીશ.

(બ) માંદગી આદિ કારણ સિવાય દરરોજ નવસ્મરણ પાઠ જરૂર કરીશ.

**નોંધ :-**

---

### (૩) ધાર્મિક વાંચન-ધર્મચર્ચા

દરરોજ ઓછામાં ઓછી ૧૦ મિનિટ સુધી યા ૧૦ પાનાં જેટલું ધાર્મિક વાંચન જરૂર કરીશ યા સાંભળીશ. અથવા ૧૦ મિનિટ પણ ધર્મચર્ચા જરૂર કરીશ.

**નોંધ :-**

---

### (૪) જ્ઞાનભક્તિ માટે દ્રવ્યવ્યય

મારી વાર્ષિક આવક.......રૂા. થી ઓછી ન થાય ત્યાં સુધી દર વર્ષે જ્ઞાનભંડાર આદિ માટે જૈન ધાર્મિક પુસ્તકો મંગાવી આપવા માટે, પુસ્તકોની રક્ષા માટે કબાટ મંગાવી આપવા માટે, ધાર્મિક પાઠશાળાનાં શિક્ષકોનો પગાર ચુકવવા માટે, ધાર્મિક પુસ્તકો છપાવવા માટે...વગેરે રીતે સમ્યક્જ્ઞાનની ભક્તિ માટે હું ઓછામાં ઓછા.......રૂા. નો જરૂર સદ્વ્યય કરીશ.

**નોંધ :—**

## (૫) સાધર્મિક ભક્તિ

દર વર્ષે ઓછામાં ઓછા.........રૂા. સાધર્મિક બંધુઓની ભક્તિ માટે વાપરીશ.

**નોંધ :—**

## (૬) ચારિત્રની ભાવના

(અ) ઘરમાં યથાશક્તિ ઓઘો, મુહપત્તિ, પાત્રા, કામળી વગેરે ચારિત્રના ઉપકરણો વસાવી દરરોજ સવારે તેમની સમક્ષ ચારિત્ર લેવાની ભાવના ભાવીશ. તથા ચારિત્રધારી સાધુ-સાધ્વી ભગવંતોની હાર્દિક અનુમોદના – વંદના કરીશ.

(બ) જ્યાં સુધી હું ચારિત્રમાર્ગનો સ્વીકાર ન કરી શકું અથવા મારા એકાદ પણ સંતાનને યા મિત્રો સ્નેહીઓ-સ્વજનો-માંથી કોઇને પણ પ્રેરણા આપી પરમ પવિત્ર ચારિત્રના પંથે વાળી ન શકું ત્યાં સુધી મારે.........નો ત્યાગ છે.

(ક) ચારિત્ર લેવા ઇચ્છતા મારા સંતાનોને યા અન્ય કોઇને પણ અંતરાય રૂપ નહિ બનું પરંતુ રાજીખુશીથી આશીર્વાદપૂર્વક રજા આપી દીક્ષા અપાવીશ.

(ડ) બાલદીક્ષાનો વિરોધ નહિ કરૂં. કોઇ ભારેકર્મી આત્મા બાલદીક્ષાનો વિરોધ કરતો હશે તો તેને અટકાવવા બનતી કોશિષ કરીશ.

**નોંધ :-**

## (૭) યથાશક્તિ તપશ્ચર્યા

(અ) માંદગી આદિ અનિવાર્ય કારણ સિવાય દરરોજ નવકારશીનું પચ્ચકૂખાણ જરૂર કરીશ. છેવટે મહિનામાં.........દિવસ નવ-કારશી જરૂર કરીશ.

(બ) માંદગી આદિ અનિવાર્ય કારણ સિવાય મહિનામાં...........
ઉપવાસ/આયંબિલ/એકાસણા/બ્યાસણા જરૂર કરીશ.

(ક) દર પૂનમ-અમાસનાં ઉપવાસ/આયંબિલ/એકાસણું કરીશ.

(ડ) દર વર્ષે...........અઠ્ઠમ/છઠ્ઠ જરૂર કરીશ.

**નોંધ :—**

---

## (૮) તપસ્વીઓની ભક્તિ

(અ) મારી વાર્ષિક આવક...........રૂા. થી ઓછી નહિ થાય ત્યાં સુધી દર વર્ષે તપસ્વીઓના પારણા-ઉત્તરપારણા-કરાવવામાં, તપસ્વીઓને તીર્થયાત્રા કરાવવામાં, પ્રભાવના આપી તપસ્વીઓનું બહુમાન કરવામાં, તપશ્ચર્યાનાં ઉજમણામાં વગેરે તપ તથા તપસ્વીઓની ભકિતના પ્રસંગોમાં ઓછામાં ઓછા......રૂા. નો જરૂર સદ્વ્યય કરીશ.

(બ) દરરોજ ઓછામાં ઓછો ૧ ટાઈમ ભોજનની શરૂઆતમાં ઘી વગરની લૂખી રોટલી યા થોડો પણ લૂખો ભાત ખાઈશ અને તે વખતે આયંબિલના તપસ્વીઓને હાર્દિક નમસ્કાર કરીશ.

**નોંધ :-**

---

## (૯) શાસનરક્ષાર્થે કાઉસ્સગ્ગ

**વિશ્વકલ્યાણકર શ્રી જિનશાસનરક્ષાર્થે દરરોજ ૧૨ લોગસ્સ (૪૮ નવકાર) યા ૪ લોગસ્સ (૧૬ નવકાર) નો કાઉસ્સગ્ગ જરૂર કરીશ.**

**નોંધ :-**

卐

## સમ્યક્ત્વની રક્ષા અને શુદ્ધિ માટે ખ્યાલમાં રાખવા યોગ્ય બાબતો.

(૧) વ્યાવહારિક કે ધાર્મિક કોઇપણ ક્રિયા કરતાં પહેલાં એ વિષયમાં દેવ–ગુરુ અને શાસ્ત્રની આજ્ઞાનો અવશ્ય લક્ષ રાખવો.

(૨) ગુરુ ભગવંતની આજ્ઞા યા ઇચ્છા વિરુદ્ધ મનસ્વી રીતે કાંઇ પણ ન કરવું.

(૩) જૈન ધર્મની કોઈ સૂક્ષ્મ વાત બુદ્ધિથી ન સમજાય તો પણ શ્રી જિનવચનમાં શંકા કરવી નહિ; પરંતુ પોતાની બુદ્ધિની મંદતા કબૂલ કરી જિનવચનમાં અનન્ય શ્રદ્ધા રાખવી.

(૪) જૈન ધર્મ સિવાય અન્ય ધર્મની અભિલાષા કરવી નહિ. તથા 'ધર્મ તો બધા સરખા છે' એમ માનવું કે બોલવું નહિ.

(૫) ધર્મક્રિયાઓનાં ફળ વિષે મનમાં સંશય રાખવો નહિ.

(૬) કોઇપણ ગચ્છનાં જૈન સાધુ–સાધ્વી ભગવંતોની નિંદા યા તિરસ્કાર કે અપમાન કરવું નહિ.

(૭) અરિહંત પરમાત્મા કરતાં શાસનદેવ–દેવીઓને વધારે મહત્ત્વ આપી અરિહંત પરમાત્માનો અવિનય કરવો નહિ.

(૮) આઠમ–પાંખી આદિ પર્વતિથિઓ તથા પર્યુષણ, આયંબિલની ઓળી તથા ત્રણ ચોમાસી અઠ્ઠાઇ એમ ૬ અઠ્ઠાઇઓમાં યથાશકિત તપશ્ચર્યા, બ્રહ્મચર્ય પાલન, સચિત્ત કે લીલોતરીનો તથા આરંભના કાર્યોનો ત્યાગ જરૂર કરવો. પર્વતિથિઓની ઉપેક્ષા ન કરવી.

(૯) સ્વ–ઇચ્છાથી અન્ય દર્શનીઓનાં મંદિરોમાં તીર્થોમાં, કે બાવા–સંન્યાસીઓ વગેરે પાસે જવું નહિ. તેમની પ્રશંસા કે પરિચયથી બને તેટલા છેટા રહેવું.

(૧૦) હાજીપીર, શીતલામાતા, સંતોષીમાતા, જખ્ખ બહુંતેરા, હનુમાન આદિની માનતા કરવી નહિ તથા નવરાત્રી, હોળી, ગણેશ ચોથ વગેરે લૌકિક ઉત્સવોમાં કે મેળામાં સ્વ–ઇચ્છાથી ભાગ લેવો નહિ......ઇત્યાદિ.

卐 卐 卐

# (૧) સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત

## ( સ્થુલ અહિંસા વ્રત )

### —: મુખ્ય પ્રતિજ્ઞા :—

કોઇ પણ નિરપરાધી–બિનગુનેગાર એવા બેઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના ત્રસ ( હાલતા–ચાલતા ) જીવોને મારી નાંખવાની બુદ્ધિથી હું યાવજજીવ નહિ મારૂં બીજાને પણ મારવાની પ્રેરણા નહિ આપું. પૃથ્વીકાય આદિ સ્થાવર જીવોની પણ યથાશકિત જયણા પાળીશ.

ઘર બંધાવવા, રસોઇ કરવી વગેરે આરંભ – સમારંભનાં કાર્યોમાં અને છોકરા–છૈયા, ઢોર–ઢાંખર આદિને સુધારવાની શુભ અપેક્ષાથી શિક્ષા કરવા જતાં જીવહિંસા થઈ જાય તેની જયણા.

**નોંધ :—**

---

### —: પેટા નિયમો :—

( આ વ્રતની પુષ્ટિ અર્થે નીચેના નિયમો પૈકી યથાશકિત નિયમો જરૂર લેવા. )

### (૧) જીવદયાની ટીપ

દર વર્ષે જીવદયાની ટીપમાં કે જીવદયા ભંડારમાં ઓછામાં ઓછા·······રૂા. નો સદ્વ્યય જરુર કરીશ.

**નોંધ :-**

## (૨) અનુકમ્પાદાન

દરરોજ દીન-દુઃખી, અનાથ-અપંગ આદિને ઓછામાં ઓછું ૫-૧૦ ન. પૈ. નું કે તેટલા અન્ન-પાણી આદિનું અનુકમ્પાદાન જરૂર કરીશ.

**નોંધ :—**

---

## ૧ લા વ્રતની રક્ષા અને શુદ્ધિ માટે ખ્યાલમાં રાખવા યોગ્ય બાબતો

(૧) ૭ મા ભોગોપભોગ વ્રતમાં દર્શાવેલ ૨૨ અભક્ષ્ય, ૩૨ અનંતકાય તથા ૧૫ કર્માદાનનો સર્વથા અથવા યથાશકિત અવશ્ય ત્યાગ કરવો. તથા ૮ માં વ્રતનાં નિયમોનું પણ યથાશકિત પાલન જરૂર કરવુ.

(૨) 'મર', 'મૂઓ' 'મરતો કેમ નથી ?' 'મરે તો જાન છુટે' ઇત્યાદિ શબ્દો બોલવા નહિ કે તેવું વિચારવું પણ નહિ.

(૩) કોઇ પણ જીવનું મનદુઃખ થાય તેવું વિચારવું, બોલવું, કે વર્તવું નહિ.

(૪) ઢોર-ઢાંખર છોકરા-છૈયા કે નોકર-ચાકર આદિને તે મરી જાય તેની દરકાર રાખ્યા વિના મુશ્કેટાટ બાંધવા નહિ કે લાકડી આદિનો તેવી રીતે પ્રહાર કરવો નહિં તેમના અંગોપાંગ છેદવા નહિ.

(૫) જાનવર કે મજૂર ઉપર ગજા ઉપરાંત બોજો લાદવો નહિ.

(૬) કોઇપણ જીવના આહાર પાણીમાં અંતરાય કરવો નહિ.

(૭) કારણ વિના ઘાસ આદિ વનસ્પતિ ઉપરથી ચાલવું નહિ. તથા ફૂલ-ફળ-પાન તોડવા નહિ.

(૮) ધાન્ય દળાવતાં ધનેડા આદિ ત્રસ જીવો પીસાઇ ન જાય તે માટે ઉપયોગ રાખવો.

(૯) ચુલો સળગાવતાં છાણા-લાકડા આદિ બળતણમાં ત્રસ જીવોની હિંસા ન થઇ જાય તે માટે બનતી તકેદારી રાખવી.

(૧૦) દૂધ, દહીં, ઘી, તેલ, છાસ, પાણી આદિના વાસણો તથા ફાનસ-દીવો વગેરે ઉઘાડા રાખવા નહિ.

(૧૧) બજારુ મીઠાઈ-ફરસાણ તથા સૌંદર્ય પ્રસાધનો કે વિલાયતી દવાઓ વગેરેનો ઉપયોગ કરતાં પહેલાં તેમાં ઇંડાનો રસ, માછલીનું તેલ, ચરબી, હાડકાનો ભૂકકો વગેરે અભક્ષ્ય ચીજોનો ઉપયોગ થયો છે કે કેમ? તેની માહિતી મેળવી અને ત્યાં સુધી અભક્ષ્ય ચીજોમાંથી બનાવેલી વસ્તુઓનો ત્યાગ કરવા પ્રયત્નશીલ રહેવું.

(૧૨) વિના કારણે પંખા, લાઈટ, પ્રાઇમસ, નળ વગેરે ચાલુ રાખવા નહિ. કામ થઈ રહ્યા પછી તરત જ તેમની જયણા કરવી.

(૧૩) આખું ફળ દાંત વડે ભાંગવું નહિ.

(૧૪) હાલવું-ચાલવું, ઊઠવું-બેસવું, જમવું-બોલવું, સૂવું વગેરે દરેક ક્રિયાઓ જીવહિંસા ન થાય તે રીતે જયણાપૂર્વક કરવી....ઇત્યાદિ....

**ભોગ ઉપભોગના છે, સર્વ સુખો દુઃખ ભારા,**
**તેથી તેવા સુખની નહિ, વાંછા હવે નાથ મારા.**

# * (૨) સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત

## ( સ્થૂલ સત્ય વ્રત )

### —: મુખ્ય પ્રતિજ્ઞા :—

ધર્મકાર્ય સિવાય, નીચે દર્શાવેલા કન્યા અલીક વગેરે પાંચ મોટાં જુઠાં, હું યાવજ્જીવ મારી ખાતર, સ્વજનોની ખાતર કે અન્ય કોઇની ખાતર પણ નહિ બોલું અને બીજાને પણ તેવા મોટાં જુઠાં બોલવાની પ્રેરણા નહિ કરૂં.

નાનાં જુઠાં પણ ન બોલવા માટે યથાશકિત જયણા રાખીશ.

(૧) **કન્યા અલીક :–** સગપણ આદિ પ્રસંગે કન્યા વગેરે દ્વિપદ સંબંધી મોટું જુઠું બોલવું તે. દા. ત. સારી કન્યાને ખરાબ કહેવી; ખરાબને સારી કહેવી ઈત્યાદિ.

(૨) **ગવાલીક :–** ગાય વગેરે ચતુષ્પદની લેતી–દેતી વખતે મોટું જુઠું બોલવું તે. દા. ત. દૂધારી ગાયને ઓછું દૂધ આપનારી કહેવી; ઓછું દૂધ આપનારને વધારે દૂધ આપનાર કહેવી ઇત્યાદિ.

(૩) **ભૂમિ અલીક :–** જમીન, ઘર, દુકાન વગેરેનાં વેંચાણ આદિ પ્રસંગે મોટું જુઠું બોલવું તે. દા. ત. પોતાની જમીનને પારકી કહેવી, પારકી જમીનને પોતાની કહેવી ઇત્યાદિ.

---

* આ વ્રતમાં રાજદંડે, લોકનિંદે, સામી વ્યકિતને અત્યંત આઘાત લાગે, સામી વ્યકિતનો વિશ્વાસ ઊઠી જાય તેવા કન્યા અલીક વગેરે મોટાં જૂઠનો નિષેધ જાણવો પરતું સૂક્ષ્મ જૂઠની જયણા જાણવી. અલીક=જૂઠું.

(૪) **ન્યાસાપહાર :** કોઈએ વિશ્વાસથી રાખેલી થાપણને પચાવી પાડવાના ઇરાદાથી જૂઠું બોલવું તે.

(૫) **ખોટી સાક્ષી :** સામી નિર્દોષ વ્યક્તિને પણ મોટી શિક્ષા થાય તે રીતે લાંચથી કે દ્વેષથી કોર્ટ આદિમાં ખોટી સાક્ષી ભરવી તે.

**નોંધ :-**

---

## -: પેટા નિયમ :-

### (૧) મૌન

(અ) દરરોજ·······મિનિટ/કલાક મૌન પાળીશ.

(બ) મહિનામાં·······કલાક મૌન પાળીશ.

(ક) દર······વારે કે······તિથિએ યા·······તા. ના આખો દિવસ યા······કલાક મૌન પાળીશ.

**નોંધ :-**

---

## -: ૨જા વ્રતની રક્ષા શુદ્ધિ માટે આવશ્યક સૂચનાઓ :-

(૧) હંમેશા વિચારીને જ બોલવું. ખપ પૂરતું જ બોલવું.

(૨) સાચી વાત પણ સામી વ્યક્તિને માઠું લાગે તે રીતે ન કહેવી.

(૩) નિંદા-કુથલી, ગામ-ગપાટા, કે વિકથા, કરવા કે સાંભળવામાં રસ લેવો નહિ. ઠઠ્ઠા-મશ્કરી કરવી નહિ. 'એપ્રિલ ફુલ' બનાવવું નહિ.

(૪) કોઇની ગુપ્ત વાત દ્વેષ બુદ્ધિથી જાહેર કરવી નહિ.

(૫) પોતાની પાસે મૂકેલ થાપણના માલિકનું મૃત્યુ થઇ ગયું હોય અને તેનો કોઈ વારસદાર ન હોય તો સંઘની સાક્ષીએ તે થાપણનો ધર્મ કાર્યોમાં સદુપયોગ કરી દેવો·······ઇત્યાદિ.

卐 卐 卐

## (૩) સ્થૂલ અદત્તાદાન વિરમત વ્રત

(સ્થૂલ અચૌર્ય વ્રત)

### -: મુખ્ય પ્રતિજ્ઞા :-

જેનાથી રાજદંડ ભોગવવો પડે અને લોકોમાં પણ બેઆબરૂ થવાય તેવી–તાળા તોડવા, ખાતર પાડવું, ખીસ્સા કાપવા, લૂંટ ચલાવવી વગેરે દ્વારા સજીવ કે નિર્જીવ પદાર્થોની મોટી ચોરી યાવજ્જીવ હું પોતે નહિ કરૂં; બીજાને પણ તેમ કરવાની પ્રેરણા નહિ આપું, દાણચોરી જયણા–યથાશક્તિ વર્જવા કોશિષ કરીશ.

**નોંધ :-**

---

### -: પેટા નિયમો :-

**(૧) વેપારમાં નીતિ (અનીતિનો ત્યાગ)**

(અ) જાણી જોઇને સારા–નરસા યા અસલી–નકલી માલની ભેળસેળ કરી સારા યા અસલી માલની કીંમતે વેચીશ નહિ.

(બ) ખોટા તોલ-માપ રાખી ગ્રાહકને છેતરીશ નહિ.

(ક) રાજ્ય વિરુદ્ધ મટકા, સટ્ટો, દારૂ આદિ ધંધા નહિ કરૂં.

(ડ) ભાગીદાર સાથે છેતરપીંડી–વિશ્વાસઘાત નહિ કરૂં.

**નોંધ :-**

---

ચાર દિવસનો ચટકો મટકો, દેખી મત રાચો રે;
વિણસી જાતાં વાર ન લાગે, કાય ગઢ છે કાચો રે.

## —: ત્રીજા વ્રતની વિશુદ્ધિ માટે આવશ્યક સૂચના :—

(૧) બંને ત્યાં સુધી માલિકની રજા સિવાય કોઈપણ ચીજ લેવી નહિ.

(૨) વેપાર – ધંધામાં શક્ય તેટલા ન્યાય–નીતિ પ્રામાણિકતા જાળવવા ઉપયોગવંત રહેવું

(૩) ન છુટકે ક્વચિત્ અનીતિ કરવાનો પ્રસંગ આવે તો પણ હૃદયમાં પશ્ચાત્તાપ રાખવો. પરંતુ રાજી તો ન જ થવું.

(૪) શક્ય હોય ત્યાં સુધી કર ચોરી ટાળવા પણ કોશિષ કરવી. છેવટે કર ચોરી સિવાય કોઈપણ પ્રકારની અનીતિ ન કરવા માટે તો જરૂર સંકલ્પ કરવો.

(૫) રસ્તામાં પડેલી ચીજનો કોઈ માલિક ન મળે તો તે ધન આદિ વસ્તુ દેરાસરના ભંડારમાં નાખવી. પણ પોતે તેનો ઉપયોગ કરવો નહિ.

(૬) ચોરીનો માલ ખરીદવો નહિ. તથા કોઈને પણ ચોરી કરવા માટે ટેકો આપવો નહિ. ઇત્યાદિ.

**સાધનને પણ શસ્ત્ર બનાવે, અજ્ઞ દશા પ્રભુ મારી;**
**બુધ જન હાસ્ય કરી મુજ ટાળો, મૂરખતા દુઃખકારી રે.**

卐

## (૪) સ્થૂલ બ્રહ્મચર્ય વ્રત

### મુખ્ય પ્રતિજ્ઞા :

(અ) સમાજના રીવાજ પ્રમાણે કે કોર્ટની સાક્ષીએ વિધિપૂર્વક સ્વીકારેલ પોતાની પત્ની કે સ્વપતિમાં જ યથાશક્તિ સંતોષ રાખીશ. તે સિવાય સર્વ સ્ત્રી-પુરૂષોને પરસ્ત્રી કે પરપુરૂષ માની યાવજ્જીવ પરસ્ત્રીગમન કે પરપુરૂષગમન નહિ કરૂં. બીજાને પણ તેમ કરવાની પ્રેરણા નહિ આપું. (પશુ તથા દેવ સંબંધી મૈથુનનો પણ ત્યાગ સમજી લેવો)

(બ) હવેથી સ્વસ્ત્રી/સ્વપતિ સાથે પણ યાવજ્જી બ્રહ્મચર્ય પાળીશ.

**નોંધ :-**

---

### :- પેટા નિયમો :-

(સર્વ વ્રત શિરોમણિ એવા આ વ્રતની રક્ષા, શુદ્ધિ અને પુષ્ટિ માટે નીચેના નિયમો પૈકી યથાશકિત નિયમો જરૂર લેવા.)

### ૧ પર્વ તિથિઓમાં સંપૂર્ણ શીલ

(અ) દર મહિનામાં સુદ પક્ષમાં બીજ, પાંચમ, આઠમ, અગિયારસ ચૌદસ તથા પુનમના સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળીશ. (સ્વસ્ત્રી કે સ્વપતિ સાથે પણ મૈથુનનો ત્યાગ)

(બ) વદિ પક્ષમાં બીજ, પાંચમ, આઠમ, અગિયારસ ચૌદસ તથા અમાસનાં સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરીશ.

(ક) પર્યુષણની અઠ્ઠાઈ, આસો મહિનાની આયંબિલ ઓળીની

અઠ્ઠાઇ, ચૈત્રી ઓળીની અઠ્ઠાઈ, કાર્તિક ચોમાસાની અઠ્ઠાઈ, ફાગણ ચોમાસાની અઠ્ઠાઇ તથા અષાઢ ચોમાસાની અઠ્ઠાઈમાં સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરીશ.

(ડ) દર સુદિ/વદિ પક્ષમાં સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરીશ.

(ઈ) દિવસના કાયાથી સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળીશ.

નોંધ :-

---

## (૨) નિરોધ-નસબંધી-ગર્ભપાત-છુટાછેડા અને વિધવા વિવાહનો ત્યાગ

અનેક દુરાચારોને ફેલાવતા, બ્રહ્મચર્યને અત્યંત હાનિ પહોંચાડનારા, પરમ પવિત્ર આર્યસંસ્કૃતિને છિન્ન-ભિન્ન કરી નાખનારા, અને શાસ્ત્રવિરૂદ્ધ એવા ઉપરોકત પાપીષ્ટ તત્ત્વોનું હું સેવન નહિ કરૂં. બીજાને પણ તેમ કરવાની પ્રેરણા નહિ આપું.

નોંધ :-

---

## (૩) પરાયા જોડા વાડાનો ત્યાગ

મારા તથા મારા આશ્રિત કુટુંબીજનોના સંતાનો સિવાય બીજાનાં સંતાનોના જોડા-વાડા (સગપણ) હું નહિ કરાવું,

નોંધ :-

---

## (૪) જાતીય બદીનો ત્યાગ

(અ) હસ્તદોષ આદિ કોઈપણ પ્રકારની જાતીય બદીઓનું સેવન હું નહિ કરૂં.

(બ) પૂર્વે પડી ગયેલ જાતીય કુટેવોનું જે વખતે સેવન થશે તેના

બીજે દિવસે અથવા અઠવાડિયામાં જ દંડ રૂપે ઉપવાસ અથવા આયંબિલ કરીશ.

**નોંધ :**

## (૫) અશ્લીલ સિનેમા-નાટક-ટી. વી. ત્યાગ

(અ) બ્રહ્મચર્યને હાનિ પહોંચાડનારા અશ્લીલ સિનેમા-નાટક, નહિ જોઉં. સ્કૂલ-કોલેજ આદિમાં ક્યારેક ભજવાતા નાટક કે ચલચિત્રો-જો તે જરા પણ અશ્લીલ ન હોય તો જોવાની જયણા.

(બ) ટી. વી. સર્વથા નહિ જોઉં....

(ક) છેવટે ટી. વી. ઉપર ચલચિત્ર તથા છાયાગીત અને તેવા બીજા પણ મનને દૂષિત કરે તેવા કાર્યક્રમો તો નહિ જ જોઉં.

(ડ) જ્યાં સુધી ઘરમાંથી ટી. વી. દૂર નહિ થાય ત્યાં સુધી મારે........ના ત્યાગ.

(ઈ) પાડોશી આદિના ઘરમાં રહેલ ટી. વી. ના કાર્યક્રમો જોવા માટે ખાસ ત્યાં નહિ જાઉં ન છુટકે અનાયાસે જોવાઈ જવાય તેની જયણા અથવા ૧૨ નવકાર ગણીશ.

**નોંધ :-**

## (૬) ઉદ્‌ભટ વેષ-ભૂષાનો ત્યાગ

(અ) મારા અને મને જોનારના અંતરમાં વિકારો ઉત્પન્ન કરાવનારા, અને મોહભાવ વધારનારા ફીટ, ટૂંકા પારદર્શક, ભભકદાર ફૂલરવાળા કે વિચિત્ર ડીઝાઇનોવાળા ફેસનેબલ કપડા યાને ઉદ્‌ભટ વેષભૂષા હું નહિ પહેરું.

(બ) મુનિજીવનની સ્મૃતિનિમિત્તે સફેદ વસ્ત્રો જ પહેરીશ.

**નોંધ :-**

---

## (૭) લિપ્સ્ટીક–પફ–પાવડરનો ત્યાગ

સ્વ-પરનાં બ્રહ્મચર્યને હાનિ પહોંચાડનારા, શરીર પ્રત્યેનાં મોહભાવને વધારનારા એવા લિપ્સ્ટીક – પફ – પાવડરનાં ખોટાં આડંબર હું નહિ કરૂં.

**નોંધ :—**

---

## (૮) ડીટેકટીવ વાર્તાઓ, પ્રણયકથાઓ, સિને સાહિત્ય

(અ) અનેક કુસંસ્કારોને જન્મ આપનાર અને વિષયવાસનાને ઉત્તેજિત કરનાર ઉપરોકત પ્રકારનું સાહિત્ય હું નહિ વાંચું.

(બ) મારા ઘરમાં કોઇ તેવા પ્રકારનું સાહિત્ય વાંચતું હશે તેને પણ સમજાવી ઉપરોકત પ્રકારનાં સાહિત્યને મારા ઘરમાંથી દેશવટો ન અપાવી શકું ત્યાં સુધી મારે...નો ત્યાગ.

**નોંધ :-**

---

## (૯) નટ–નટીઓના કેલેન્ડર

ઘરનાં પવિત્ર વાતાવરણને દૂષિત કરનાર નટ–નટીઓનાં કેલેન્ડરોને મારા ઘરમાં સ્થાન નહિ આપું.

**નોંધ :-**

---

## (૧૦) ખરાબ સોબત ત્યાગ

(અ) બ્રહ્મચર્યને બાધા પહોંચાડનારા, વિલાસી અને ધર્મહીન મિત્રોની સોબત નહિ કરૂં.

(બ) વિજાતીય સાથે મિત્રતા બાંધવાનું આત્મઘાતી સાહસ નહિ કરૂં.

**નોંધ :—**

## ચોથા વ્રતની રક્ષા–શુદ્ધિ અને પુષ્ટિ માટે...

(સર્વ વ્રત શિરોમણિ એવા બ્રહ્મચર્ય વ્રતની રક્ષા–શુદ્ધિ અને પુષ્ટિ માટે નીચે લખેલ શાસ્ત્રોકત નવ વાડોનું શકય તેટલી કાળજીપૂર્વક પાલન કરવા પ્રયત્નશીલ રહેવું.)

### બ્રહ્મચર્યની નવ વાડ

(૧) સ્ત્રી, પશુ તથા નપુંશક જ્યાં ન રહેતા હોય તેવા સ્થાનમાં રહેવું.

(૨) સ્ત્રીની સાથે, તથા સ્ત્રીસંબંધી રાગથી વાતો કરવી નહિ.

(૩) સ્ત્રી બેઠી હોય તે આસને પુરૂષે બે ઘડી સુધી બેસવું નહિ.

(૪) રાગપૂર્વક સ્ત્રીના અંગોપાંગ જોવા નહિ.

(૫) સ્ત્રી–પુરુષ સૂતા હોય ત્યાં ભીંત પ્રમુખના આંતરે રહેવું નહિ.

(૬) પૂર્વે ભોગવેલા ભોગોને યાદ કરવા નહિ.

(૭) અતિ સ્નિગ્ધ–રસકસવાળો માદક આહાર કરવો નહિ.

(૮) સાદું ભોજન પણ પ્રમાણથી અધિક કરવું નહિ.

(૯) શરીરની ટાપ–ટીપ કરવી નહિ.

(ઉપરોકત નવ વાડોમાં બહેનોએ 'સ્ત્રી' શબ્દ હોય ત્યાં 'પુરૂષ' અને 'પુરૂષ' શબ્દ હોય ત્યાં 'સ્ત્રી' શબ્દ શમજવો.)

આ ઉપરાંત આગળ દર્શાવેલા આ વ્રતના પેટા નિયમોનું પણ ચુસ્ત રીતે પાલન કરવાથી બ્રહ્મચર્ય વ્રત પાળવામાં સરળતા રહે છે.

卐 卐 卐

ના સંગ કરે કદિ નારીના અંગોપાંગ નિહાળે
ને જરૂર પડે તો વાત કરે પણ નયનો નીચા ઢાળે
મનથી વાણીથી કાયાથી વ્રતનું પાલન કરનારા...
એવા અણગાર અમારા...

# (૫) પરિગ્રહ પરિમાણ વ્રત

## —: મુખ્ય પ્રતિજ્ઞા :—

નીચે પ્રમાણે ક્ષેત્ર, વાસ્તુ વગેરે નવ પ્રકારનાં પરિગ્રહનું પ્રમાણ હું યાવજજીવ માટે સ્વીકારું છું. તેના કરતા વધારે પરિગ્રહ થશે તો ધર્મકાર્યોમાં ખર્ચી નાખીશ પરંતુ પોતાનાં કે કુટુંબ આદિના ઉપયોગમાં નહિ વાપરૂં.

**નોંધ :**

---

## : નવવિધ પરિગ્રહ પરિમાણ :

**(૧) ક્ષેત્ર** :- ખુલ્લી જમીન...........એકર યા........ચો. વારથી વધારે નહિ રાખું.

**(૨) વાસ્તુ** :- ઘર, દુકાન, ગોડાઉન વગેરે........થી વધારે નહિ રાખું.

**(૩) સોનું** :- ઘડાયેલું તથા નહિ ઘડાયેલું........તોલાથી વધારે નહિ રાખું.

**(૪) ચાંદી** :- ઘડાયેલી તથા નહિ ઘડાયેલી...........તોલા / કિલોથી વધારે નહિ રાખું.

**(૫) ધન** :- રોકડ રકમ...........રૂા. થી વધારે નહિ રાખું. તથા હીરા, મોતી વગેરે ઝવેરાત........રૂા. ની કિંમતથી વધારે નહિ રાખું.

**(૬) ધાન્ય** :- સર્વ પ્રકારનું.......મણથી વધારે સંગ્રહ નહિ કરૂં.

**(૭) દ્વિપદ** :- નોકર, ચાકર, દાસ-દાસી...........થી વધારે નહિ રાખું. લગ્નાદિ પ્રસંગે વધારે રાખવાની જયણા.

(૮) **ચતુષ્પદ** :- ચોપગાં જાનવર........થી વધારે નહિ રાખું.

(૯) **કુપ્ય** :- ઉપરોકત ૮ પ્રકારના પરિગ્રહ સિવાય વાસણ, કપડા, ગાદલા, ફર્નીચર વગેરે તમામ પરચૂરણ ઘરવખરી...........રૂા. ની કિંમતની વધારે નહિ રાખું.

**નોંધ** :-

---

## -: પેટા નિયમ :-

## (૧) ધંધાથી નિવૃત્તિ-ધર્મમાં પ્રવૃત્તિ

(અ) મારી પાસે રોકડ રકમ........રૂા થઈ રહ્યા પછી અવશ્ય હું વેપાર-ધંધાથી નિવૃત્ત થઇ ધર્મમય જીવન વીતાવીશ.

(બ) વ્યાજ કે ભાડાની માસિક / વાર્ષિક આવક..........રૂા. થતી હશે તો હું અન્ય ધંધાથી નિવૃત્ત થઇ ધર્મમય જીવન વીતાવીશ.

**નોંધ** :-

---

### પાંચમા વ્રતની રક્ષા-શુદ્ધિ માટે...

(૧) ધર્મક્રિયાઓમાં બાધ ન આવે એ રીતે નીતિપૂર્વક પુરૂષાર્થ કરતાં જે ધનાદિ પ્રાપ્ત થાય તેમાં જ સંતોષ રાખવો; પરંતુ પરિગ્રહ વધારવા માટે મોટા આરંભ કે અનીતિ આદિ ન કરવા.

(૨) પ્રમાણથી અધિક પરિગ્રહ થવા માંડે કે તરત જ ધર્મકાર્યોમાં ખર્ચી નાખવું; પણ પુત્રાદિનાં નામે ચડાવવા કોશિષ ન કરવી.

(૩) નકકી કરેલા પરિગ્રહ પરિમાણને અવાર-નવાર વાંચી જવું અને તે પ્રમાણે વર્તાય છે કે નહિ તેની તકેદારી રાખવી ઈત્યાદિ....

卐 卐 卐

# (૬) દિશિ વ્રત

## -: મુખ્ય પ્રતિજ્ઞા :-

હું મારી જિંદગીમાં મારા વર્તમાનકાલીન નિવાસસ્થાન...... થી પૂર્વ, પશ્ચિમ વગેરે આઠ તીર્છી દિશાઓમાં........માઇલથી બહારના ક્ષેત્રમાં અથવા ભારતથી બહાર સ્વાધીનતાપૂર્વક-સ્વેચ્છાએ નહિ જાઉં તથા ઉપર વિમાન ઉડે ત્યાં સુધી અને નીચે....... માઇલથી વધારે નીચે નહિ જાઉં.

ધર્મ માટે તથા યુદ્ધાદિ પ્રસંગે જીવનરક્ષાર્થે જવું પડે તેની જયણા. તથા ધારેલ પ્રમાણથી બહારના ક્ષેત્રમાં કાગળ, તાર, સંદેશ કે માણસ આદિ મોકલવાની જયણા છે.

**નોંધ :—**

---

## -: પેટા નિયમ :-

### (૧) વર્ષા ચાતુર્માસમાં મર્યાદા

વિશેષ જીવ વિરાધનાથી બચવા માટે તથા ધર્મમાં સ્થિરતા પ્રાપ્ત કરવાના હેતુથી, વર્ષા ચાતુર્માસ દરમ્યાન જે ગામ કે નગરમાં હું ચાતુર્માસમાં હોઇશ ત્યાંથી...... માઇલ બહારના ક્ષેત્રમાં, ધર્મકાર્ય સિવાય નહિ જાઉં.

**નોંધ:—**

---

## છઠ્ઠા વ્રતની રક્ષા તથા શુદ્ધિ માટે...

(૧) દિશાઓનું જે પ્રમાણ નક્કી કર્યું હોય તેને અવારનવાર યાદ કરી જવું.

(૨) એક દિશાના પ્રમાણમાં ઘટાડો કરી બીજી દિશામાં લોભના કારણે તેટલું પ્રમાણ વધારવાની કોશિષ ન કરવી.

(૩) મુસાફરીમાં દિશાના ધારેલા પ્રમાણમાં સંશય પડતા નિર્ણય કર્યા વિના આગળ વધવું નહિ ઈત્યાદિ.

卐 卐 卐

# (૭) ભોગોપભોગ વ્રત

## -: મુખ્ય પ્રતિજ્ઞા :-

(અ) ભોગ અને ઉપભોગની વસ્તુઓનું પરિમાણ કરવા માટે નીચે મુજબ સચિત્ત–દ્રવ્ય – વિગઇ...... ઇત્યાદિ ૧૪ નિયમોનો જિંદગીભર માટે હું સ્વીકાર કરૂં છું. દરરોજ સવાર–સાંજ એ નિયમોને યાદ કરવા તથા યથાશકિત સંક્ષેપવા માટે પ્રયત્નશીલ રહીશ.

૨૨ અભક્ષ્ય તથા ૩૨ અનંતકાયનો પણ નીચે મુજબ યથાશકિત જિંદગીભર માટે ત્યાગ કરૂં છું.

(બ) અંગાર કર્મ...વગેરે ૧૫ કર્માદાનોમાંથી સર્વને અથવા નીચે મુજબ યથાશકિત જિંદગીભર માટે ત્યાગ કરૂં છું.

**નોંધ :**

---

## ૧૪ નિયમની સંક્ષિપ્ત સમજ

(નીચે મુજબ ૧૪ નિયમોની સમજ મેળવીને પાછળ આપેલા કોઠામાં તેમનું પ્રમાણ લખવું.)

(૧) **સચિત્ત :** ફૂલ, ફળ, પાન, બીજ, લીલું દાતણ ઊગી શકે તેવું ધાન્ય, કાચું મીઠું, કાચું પાણી તથા ચલિતરસ વસ્તુઓ વગેરે સર્વ સજીવ પદાર્થોનું વજનથી પ્રમાણ ધારવું.

(૨) **દ્રવ્ય :** રોટલી, દાળ, ભાત, શાક છાસ, ઘી, દૂધ, પાણી વગેરે અલગ અલગ નામ તથા સ્વાદવાળી વસ્તુઓનું સંખ્યાથી પ્રમાણ ધારવું.

(૩) **વિગઈ :** દૂધ દહીં, ઘી, તેલ, ગોળ અને કડા (તળેલી વસ્તુઓ) એ છ વિગઇઓમાંથી વારાફરતી અથવા કોઈપણ એક કે તેથી વધુ કાચી કે પાકી વિગઇનો ત્યાગ કરવો. દૂધ–દહીં વગેરે કાચી વિગઈ કહેવાય; જ્યારે તેમાંથી બનાવેલ દૂધપાક, દહીંવડા વગેરે પાકી વિગઇ કહેવાય. પાકી વિગઇનો ત્યાગ કરનારે કાચી વિગઇ પણ ન જ ખાવી.

(૪) **ઉપાનહ (પગરખા)**:- બૂટ, ચંપલ, મોજા વગેરે તમામ પ્રકારના પગરખાનાં જોડની સંખ્યા ધારવી. નવા ખરીદતી વખતે અનેક જોડી પગરખામાં પગ નાખવા પડે તેની જયણા.

(૫) **તંબોલ**:-પાન, સોપારી, સુવા, ધાણા, વરિયાલી, તજ, લવીંગ, ઇલાયચી વગેરે મુખવાસની ચીજોનું વજનથી પ્રમાણ ધારવું.

(૬) **ચીર (વસ્ત્ર)**:-પહેરવાના તથા ટુવાલ, રૂમાલ, ચાદર વગેરે વાપરવાનાં વસ્ત્રોનું સંખ્યાથી પ્રમાણ ધારવું. ધર્મક્રિયાથે અધિક વસ્ત્રોની જયણા.

(૭) **કુસુમ**:- ફૂલ, અત્તર, ઘી, તેલ, દવા આદિ સૂંઘવા યોગ્ય વસ્તુઓનું વજનથી પ્રમાણ ધારવું. ખરીદી આદિ પ્રસંગે ઘી-તેલનાં ડબ્બાને ન સૂઘતાં આંગળી પર ઘી વગેરે લઈને સૂઘવું.

(૮) **વાહન**:-મોટર સ્કૂટર, સાયકલ, આગગાડી, વિમાન, હોડી, આગબોટ, બળદગાડી, ઘોડાગાડી, વગેરે વાહનોનું સંખ્યાથી પ્રમાણ ધારવું.

(૯) **શયન**:-ગાદલા, ગોદડા, ગાદી, તકીયા, તાલપતરી, ચટાઈ, પલંગ, ખાટલા, ખુરસી, પાટલા, બાંકડા વગેરે સૂવા તથા બેસવા માટે પાથરવાનાં તમામ સાધનોનું સંખ્યાથી પ્રમાણ ધારવું. ગાદલા વગેરેની થપ્પી ઉપર બેસવું નહિ. અનિવાર્ય સંયોગોમાં બેસવું જ પડે તો તેને એક જ આસન તરીકે ગણવાની જયણા રાખી શકાય.

(૧૦) **વિલેપન**:-કેસર, અત્તર, પાવડર, સાબુ, દવા વગેરે શરીર ઉપર ચોપડવાની વસ્તુઓનું વજનથી પ્રમાણ ધારવું.

(૧૧) **બ્રહ્મચર્ય**:-સ્વપત્ની કે સ્વપતિમાં સંતોષ, પરસ્ત્રી કે પરપુરૂષનો ત્યાગ અથવા કાયાથી સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનું ધારવું.

**(૧૨) દિશિ :-** પૂર્વ આદિ આઠ દિશામાં, ઉપર તથા નીચે એમ ૧૦ દિશામાં જવા આવવાનું માઈલ આદિથી પ્રમાણ ધારવું.

**(૧૩) સ્નાન :** કેટલી વાર સ્નાન કરવું તેનું સંખ્યાથી પ્રમાણ ધારવું, પ્રભુપૂજાર્થે તથા સૂતક પ્રસંગે પ્રમાણથી અધિકવાર સ્નાન કરવું પડે તેની જયણા ધારવી.

**(૧૪) ભક્ત-પાન :-** રાંધેલું અન્ન, પાણી, સુખડી, ફળ આદિ ખાવા યોગ્ય તમામ પદાર્થોનું વજનથી પ્રમાણ ધારવું.

---

(આ ૧૪ નિયમો ઉપરાંત બીજા પણ કેટલાક નિયમો આ સાથે ધારવાનો વ્યવહાર છે તે આ પ્રમાણે)

(૧) **પૃથ્વીકાય :-** માટી, રેતી, કાંકરા પથ્થર, શિલા, મીઠું વગેરેનું વજનથી પ્રમાણ ધારવું. ખેતી તથા કૂવા વગેરે ખોદાવવાના પ્રસંગે એકર તથા ચો. ફુટથી પ્રમાણ ધારવું.

(૨) **અપ્કાય :-** પીવા તથા વાપરવા માટેનાં પાણીનું વજનથી યા બેડાની સંખ્યાથી કે બાલદીથી પ્રમાણ ધારવું.

(૩) **તેઉકાય :-** ચૂલા, ભઠ્ઠી, સગડી, પ્રાયમસ, દીવા, બલ્બ, ટયુબલાઇટ, ઇસ્ત્રી, હાથબત્તી, બીડી, સીગારેટ વગેરે અગ્નિ કે વિજળીનાં સાધનોનું સંખ્યાથી પ્રમાણ ધારવું.

(૪) **વાઉકાય :-** ઇલેકટ્રીક પંખા, હાથપંખા, વગેરે વાયુકાયનાં સાધનોનું સંખ્યાથી પ્રમાણ ધારવું.

(૫) **વનસ્પતિકાય :-** ખાવા માટે તથા અન્ય ઉપયોગ માટે વનસ્પતિકાયના આરંભનું વજનથી પ્રમાણ ધારવું.

(૬) **ત્રસકાય :-** બેઇંદ્રિયાદિક નિરપરાધી ત્રસ જીવને જાણી જોઇને મારી નાખવાની બુદ્ધિથી ન મારવાની ધારણા કરવી.

(૧) **અસિ**:–તલવાર, બંદૂક, સોય, કાતર, સૂડી, ચપ્પુ, ઘંટી વગેરે હથિયારો, ઓજારો કે યંત્રોનું સંખ્યાથી પ્રમાણ ધારવું.

(૨) **મસિ**:–ઈન્ડીપેન, બોલપેન, સ્કેચપેન, સ્લેટ, પેન, ચોક, શાહીના ખડિયા, નોટબુક, કાગળ વગેરે લખવાનાં સાધનોનું સંખ્યાથી પ્રમાણ ધારવું.

(૩) **કૃષિ**:–ખેતી તથા અન્ય વ્યવસાયોમાં ઉપયોગમાં આવતા સાધનોનું સંખ્યાથી પ્રમાણ ધારવું

દા. ત. કોસ, કોદાળો પાવડો, દાંતરડું, દુકાન, પેઢી ગોડાઉન વગેરે.

---

## -: ૧૪ નિયમની પ્રતિજ્ઞા :-

નીચે લખ્યા મુજબ ૧૪ નિયમની ધારણા હું યાવજ્જીવ માટે કરૂં છું. નીચે લખ્યા કરતાં વધારે પ્રમાણમાં ભોગ-ઉપભોગની વસ્તુઓનો ઉપયોગ હું જિંદગીભરમાં કોઈપણ દિવસ નહિ કરૂં. તથા દરરોજ સવાર–સાંજ આ ૧૪ નિયમોને યાદ કરવા તથા યથાશકિત સંક્ષેપવા માટે પ્રયત્નશીલ રહીશ.

---

## -: ૧૪ નિયમોનો કોઠો :-

| નિયમનું નામ | દિવસ માટે | રાત્રિ માટે |
|---|---|---|
| (૧) સચિત્ત | ..........કિલો | ................ |
| (૨) દ્રવ્ય | ..........દ્રવ્ય | ................ |
| (૩) વિગઈ | ..........કાચી/પાકી | ................ |
| (૪) ઉપાનહ (પગરખા) | ..........જોડી | ................ |

| નિયમનું નામ | દિવસ માટે | રાત્રિ માટે |
|---|---|---|
| (૫) તંબોલ | ..........તોલા | ............... |
| (૬) ચીર (વસ્ત્ર) | ..........નંગ | ............... |
| (૭) કુસુમ | .........ગ્રામ | ............... |
| (૮) વાહન | .........નંગ | ............... |
| (૯) શયન | .........નંગ | ............... |
| (૧૦) વિલેપન | .........ગ્રામ | ............... |
| (૧૧) બ્રહ્મચર્ય | સંપૂર્ણ/સ્વદારા સંતોષ | ............... |
| (૧૨) દિશિ | ............માઇલ | ............... |
| (૧૩) સ્નાન | ..........વાર | ............... |
| (૧૪) ભક્તપાન | ..........કિલો | ............... |
| (૧) પૃથ્વીકાય | ............કિલો/મણ | ............... |
| (૨) અપ્કાય | ............બેડા/બાલદી | ............... |
| (૩) તેઉકાય | ............સાધન | ............... |
| (૪) વાઉકાય | ..........સાધન | ............... |
| (૫) વનસ્પતિકાય | કિલો/મણ | ............... |
| (૬) ત્રસકાય | ...........જયણા | ............... |
| (૧) અસિ | ...........સાધન | ............... |
| (૨) મસિ | ..........સાધન | ............... |
| (૩) કૃષિ | ...........સાધન | ............... |

ઉપર મુજબ ચૌદ નિયમ ધારી દરરોજ સવાર—સાંજ ગુરૂમુખેથી, વ્રતધારી શ્રાવક પાસેથી કે છેવટે સ્વયં નીચે મુજબ 'દેશાવગાસિક' પચ્ચક્ખાણ લેવું.

## ૧૪ નિયમનું પચ્ચક્ખાણ

દેસાવગાસિયં ઉવભોગં પરિભોગં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ); અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ (વોસિરામિ).

**નોંધઃ—**

---

## —: ૩૨ અનંતકાય :—

(જેમાં સોયના અગ્રભાગ જેટલા વિભાગમાં પણ અનંતાનંત નિગોદનાં જીવો રહેલા હોય છે એવા નીચેનાં ૩૨ અનંતકાયનો સર્વથા છેવટે યથાશક્તિ ત્યાગ કરવો. જેનો ત્યાગ કરવો હોય તેની આગળ × એવી નિશાની કરવી.)

| | |
|---|---|
| (૧) બટાટા | (૨) ડુંગળી |
| (૩) લસણ | (૪) ગાજર |
| (૫) મૂળા (પાંચે અંગ) | (૬) લીલું આદુ |
| (૭) લીલી હળદર | (૮) લીલો કચ્ચૂરો |
| (૯) સૂરણકંદ | (૧૦) વજ્રકંદ |
| (૧૧) ખીલોડા (કંદ) | (૧૨) ખિરિસુઆ (કંદ) |

| | |
|---|---|
| (૧૩) લોઢી=પદ્મિની કંદ | (૧૪) કૂણી આંબલી |
| (૧૫) કુમળાં પાંદડાં (કૂંપળ) | (૧૬) ફણગાવેલા કઠોળનાં અંકૂર |
| (૧૭) કુંવાર | (૧૮) થોર |
| (૧૯) ગળો | (૨૦) ગરમારો |
| (૨૧) ભૂમિફોડા (બિલાડી ટોપ) | (૨૨) લૂણીની ભાજી |
| (૨૩) થેગની ભાજી | (૨૪) પાલકની ભાજી |
| (૨૫) વત્થુલાની ભાજી (પ્રથમ ઊગતી) | (૨૬) લીલી મોથ |
| (૨૭) શતાવરી | (૨૮) વિરાલી |
| (૨૯) અમૃતવેલ | (૩૦) સૂઅરવલ્લી |
| (૩૧) વાંશકારેલા | (૩૨) લૂણવૃક્ષની છાલ |

## -: અનંતકાયની પ્રતિજ્ઞા :-

ઉપરોકત ૩૨ અનંતકાયનો હું સર્વથા અથવા છેવટે × આવી નિશાનીવાળા અનંતકાયનો જિંદગીભર માટે ત્યાગ કરૂં છું.

(અજાણપણામાં, ભેળસેળમાં ખવાઇ જવાય અથવા ગાઢ બિમારીમાં ન છૂટકે ખાવું પડે તેની જયણા.)

**નોંધ :-**

卐

# ૨૨ અભક્ષ્ય

## —: પ્રતિજ્ઞા :—

હું યાવજજીવ માટે નીચે જણાવેલ ૨૨ અભક્ષ્યોનો સર્વથા ત્યાગ કરૂં છું....અથવા છેવટે × આવી નીશાનીવાળા અભક્ષ્યનો ત્યાગ કરૂં છું.

ભેળસેળમાં, અજાણપણામાં ખવાઇ જવાય અથવા ગાઢ બિમારીમાં ન છુટકે ખાવું પડે તેની જયણા.

**નોંધ :-**

---

(નીચેના ૨૨ અભક્ષ્યોમાંથી જેનો ત્યાગ કરવો હોય તેની આગળ × આવી નિશાની કરવી. બનતાં સુધી બધા જ અભક્ષ્યનો અવશ્ય ત્યાગ કરવો.)

(૧) વડના ટેટા

(૨) પારસ પીપળાની ટેટી

(૩) પ્લક્ષ પીપળાની ટેટી

(૪) ઊંબરા (ગુલર)ની ટેટી

(૫) કાલુંબરની ટેટી

(૬) માંસ

(૭) મદિરા

(૮) મધ

(૯) માખણ

(૧૦) બરફ

(૧૧) ઝેર (અફીણ વગેરે)

(૧૨) કરા

(૧૩) કાચી માટી (કાચું મીઠું વગેરે)

(૧૪) રાત્રિ-ભોજન

(૧૫) બહુબીજ (અંજીર, ખસખસ વગેરે)

(૧૬) અનંતકાય-બત્રીસ

(૧૭) બોળ અથાણા

(૧૮) ઘોલવડાં (કઠોળ અને કાચા ગોરસના મિશ્રણ-વાળી ચીજો)

(૧૯) રીંગણા

(૨૦) અજાણ્યાં ફળ-ફૂલ

(૨૧) **તુચ્છ ફળ** ( બોર, જાંબુ, પીલુ, ગુંદા વગેરે ),

(૨૨) **ચલિત રસ** :- જેના સ્વાદ, ગંધ, વર્ણ તથા સ્પર્શ ચલિત થઇ ગયા હોય - મૂળ સ્વાદ વગેરે કરતાં બદલાઈ ગયા હોય તેવી સર્વ ચીજો.

**દા. ત.** (૧) વાસી રોટલી, નરમ પુરી, શીરો, ભાત, ઢોકળાં, વગેરે અન્ન.

(૨) આર્દ્રા નક્ષત્ર પછીની કેરી તથા રાયણ

(૩) ચોમાસામાં ૧૫ દિવસ, ઉનાળામાં ૨૦ દિવસ અને શિયાળામાં ૩૦ દિવસ, પછીની સુખડી.

(૪) ૧૬ પહોર ( ૨ અહોરાત્ર ) પછીનું દહીં-છાસ

(૫) તરતમાં વીયાએલી ગાયનું દૂધ ૧૦ દિવસ સુધી, ભેંસનું ૧૫ દિવસ સુધી તથા બકરીનું ૮ દિવસ સુધી અભક્ષ્ય છે.

(૬) ફાટી ગયેલું કે બગડી ગયેલું દૂધ તથા બળી વગેરે.

**નોંધ :—**

---

## :- પેટા નિયમ :-

### (૧) અચિત્ત પાણી-વનસ્પતિનો ઉપયોગ :-

**(અ)** દરરોજ અચિત્ત પાણીનો પીવા માટે ઉપયોગ કરીશ.

( મુસાફરીમાં જયણા અથવા મહિનામ—દિવસ જયણા. )

**(બ)** સચિત્ત ફળ આદિ વનસ્પતિનું ભક્ષણ નહિ કરૂં.

**નોંધ:-**

## (૨) હોટલના ખાન-પાનનો ત્યાગ

(અ) વાસી ભોજન, કંદમૂળ, દ્વિદળ વગેરેના નિયમોનો ભંગ કરાવનાર,....રોગી, માંસાહારી, દારૂડિયા આદિના વાસણનાં સંસર્ગ દોષથી તનના અને મનનાં આરોગ્યને માટે હાનિકર્તા એવા હોટલના ખાન-પાનનું સેવન હું નહિ કરૂં.

(બ) કોઈ અનિવાર્ય સંયોગોમાં ખાન-પાન ચા આદિનું સેવન કરવું પડશે તો પ્રાયશ્ચિત્ત રૂપે આયંબિલ કે એકાસણું કરીશ અથવા ૧ બાંધી નવકારવાળી ગણીશ.

નોંધ :-

---

## (૩) બજારૂ મીઠાઈ ફરસાણનો ત્યાગ

(અ) કેટલાય દિવસોનાં વાસી, રાત્રે બનાવેલા, અભક્ષ્ય પદાર્થોના મિશ્રણવાળા વગેરે અનેક દોષોથી યુકત બજારૂ મીઠાઇ-ફરસાણ મારી જીભના ક્ષણિક સ્વાદ ખાતર નહિ ખાઉં.

(બ) કોઇ અનિવાર્ય સંયોગોમાં તેમ કરવું પડશે તેના બીજા દિવસે..........નો ત્યાગ.

( કોઇ તથા પ્રકારનાં સંયોગોમાં ખાસ ઓર્ડર આપીને મીઠાઇ ફરસાણ લેવાની જયણા )

નોંધ :-

## (૪) ત્રણ ટાઇમથી વધારે ખાવાનો ત્યાગ

(અ) દિવસમાં ત્રણ ટાઈમથી વધારે વખત નહિ ખાઉં. દવા માટે જયણા.

(બ) ઊભા ઊભા કે હાલતાં ચાલતાં નહિ ખાઉં.

**નોંધ :-**

---

## (૫) રાત્રિ ભોજન ત્યાગ

(અ) સર્વથા રાત્રિભોજન નહિ કરૂં. દવાની જયણા.

(બ) દર પૂનમ-અમાસનાં યા દર રવિવારે જરૂર ચોવિહાર કરી રાત્રિ ભોજનનો ત્યાગ કરીશ.

( ક ) છેવટે રાત્રે એકવારથી વધારે વખત તો ભોજન નહિ જ કરૂં.

**નોંધ :—**

---

## (૭) ચોમાસામાં તલ-મેવો-કોથમીર તથા પાંદડાનાં શાકનો ત્યાગ

જીવહિંસાથી બચવા માટે વર્ષા ચાતુર્માસમાં તલ, દરેક પ્રકારનો મેવો (તે જ દિવસે ગોટલાથી અલગ કરેલી પિસ્તા, બદામ તથા અખરોટની મીંજ સિવાય), કોથમીર, લીંમડાનાં પાન તથા દરેક પ્રકારનાં પાંદડાંનાં શાકનું ભક્ષણ હું નહિ કરૂં. ઉનાળામાં પણ તલનું ભક્ષણ નહિ કરૂં....

**નોંધ :-**

# -: ૧૫ કર્માદાન :-

## —: પ્રતિજ્ઞા :—

નીચે લખેલા મહાહિંસાના કારણ એવા ૧૫ કર્માદાન (જેનાથી પુષ્કળ કર્મનું આદાન - આગમન થાય છે તે) માંથી સર્વનો અથવા × આવી નિશાનીથી યુક્ત કર્માદાનનું હું યાવજ્જીવ માટે ત્યાગ કરૂં. છું. (જે કર્માદાનનો ત્યાગ કરવો હોય તેની આગળ× આવી નિશાની કરવી).

**નોંધ :-**

---

(નીચેના ૧૫ કર્માદાનોનો વેપાર-ધંધાની રીતે, આજીવિકા ચલાવવાના સાધન તરીકે ત્યાગ જાણવો. પરંતુ ઘર કાર્ય માટે ક્વચિત્ તેમ કરવું પડે તેની જયણા સમજવી.)

(૧) **અંગારકર્મ :** જેમાં અગ્નિનો મુખ્યતયા ઉપયોગ હોય તેવા ધંધા દા. ત. ચૂનો, ઈંટ, નળીઆ, કોલસા આદિ પકવી તેનો વ્યાપાર કરવો તથા લુહાર, સોની, કંસારા, કંદોઈ, કુંભાર, ભાડભુંજા ઇત્યાદિના ધંધા........

(૨) **વનકર્મ :** વનસ્પતિ અને તેના અંગોનું છેદન-ભેદન કરી તેનો વેપાર કરવો તે. દા. ત. લાકડા વેરવાનો તથા વેંચવાનો ધંધો, લીલાં ફળ વેંચવાનો ધંધો, ફૂલ વેચવાનો માળીનો ધંધો, રૂ વેંચવાનો ધંધો, અનાજનો ધંધો ઇત્યાદિ.

(૩) **શકટ કર્મ :** ગાડાં, મોટર, રેલ્વે, વિમાન, વહાણુ, આગબોટ વગેરે વાહનો અને તેનાં અવયવો-સ્પેરપાર્ટ્સ બનાવી વેંચવાનો ધંધો કરવો તે.

(૪) **ભાટક કર્મ :** ખટારા, ટેકસી, સાઈકલ, સ્કૂટર, ઘોડા, બળદ, ઊંટ વગેરે તથા મકાનો ભાડે આપવાનો ધંધો કરવો તે.

(૫) **સ્ફોટક કર્મ :** કૂવા, તળાવ, બોરીંગ, ખેતી, ખાણ આદિ માટે જમીન ફોડવાનો ધંધો કરવો તે.

(૬) **દંતવાણિજ્ય :** હાથીદાંત, કસ્તૂરી, મોતી, હાડકાં, ચામડાં, શીંગડા, આદિ પ્રાણિઓનાં અંગોનો વેપાર કરવો તે.

(૭) **લક્ષા વાણિજ્ય :** લાખ, ગળી, ગુંદર, મનઃ શિલા, હરતાલ, સાજીખાર, સાબુ આદિ બનાવી તેનો વેપાર કરવો તે.

(૮) **રસ વાણિજ્ય :** દૂધ, ઘી, તેલ, ગોળ, ખાંડ, મધ, દારૂ આદિ બનાવી તેનો વેપાર કરવો તે.

(૯) **વિષ વાણિજ્ય :** અફીણ, સોમલ, વચ્છનાગ, ડી. ડી. ટી. ટીક ટવેન્ટી વગેરે ઝેર કે ઝેરી દવાઓ તથા બંદૂક, પિસ્તોલ, તલવાર, છુરી વગેરે જીવઘાતક અસ્ત્ર-શસ્ત્રો બનાવી તેનો વેપાર કરવો તે....

(૧૦) **કેશ વાણિજ્ય :** પશુ પક્ષી તથા મનુષ્યોનો તેમ જ તેમના વાળ, ઊન, પીંછાં આદિ વેચવાનો ધંધો કરવો તે.

(૧૧) **યંત્ર પીલન કર્મ :** મીલ, કારખાના, જીન, ઘંટી, ઘાણી વગેરે યંત્રો ચલાવવાના ધંધા કરવા તે.

(૧૨) **નિર્લાંછન કર્મ :** પશુ-પંખી કે મનુષ્યનાં અંગોપાંગ છેદવા, ડામ દેવા, નાક-કાન વીંધવા, બળદ વગેરે ખસી કરવા ઇત્યાદિનો ધંધો કરવો તે.

(૧૩) **દવદાન કર્મ**: જંગલ, ઘર, ખેતર, વિગેરેને આગ લગાડવાના ધંધા કરવા તે.

(૧૪) **સરોવર આદિ શોષણ કર્મ**: કૂવા, તળાવ, સરોવર આદિનાં પાણી ઊલેચવાનાં ધંધા કરવા તે.

(૧૫) **અસતી પોષણ કર્મ**: કૂતરા, બિલાડા, કૂકડા, મેના, પોપટ, વગેરે પશુ–પક્ષીઓને પાળી–પોષી તેનો વેપાર કરવો તથા વેશ્યા, કસાઇ, માછીમાર, ચોર, જુગારી વગેરેને પોષી તેમના દ્વારા આજીવિકા મેળવવાના ધંધા કરવા તે.

[ઉપરોક્ત ૧૫ કર્માદાનો તથા બીજા પણ જલ્લાદ, કોટવાળ, જેલર વગેરેનાં ક્રૂર પરિણામવાળા કાર્યો શ્રાવકોએ કરવા જોઇએ નહિ. છતાં પણ જેના વિના ન ચાલી શકે તેમ હોય તેની યથાયોગ્ય રીતે મર્યાદા બાંધવી.]

**નોંધ :-**

---

## સાતમા વ્રતની રક્ષા—શુદ્ધિ માટે......

(૧) ૨૨ અભક્ષ્ય, ૩૨ અનંતકાય, સચિત્ત–અચિત્ત, ચલિત રસ આદિની વિશેષ સમજ 'અભક્ષ્ય–અનંતકાય વિચાર' આદિ પુસ્તકોમાંથી તથા ગુરૂગમથી મેળવવા માટે તત્પર રહેવું.

(૨) ૧૪ નિયમ તથા ૧૫ કર્માદાનની પણ વિશેષ સમજ ઉપરોક્ત રીતે મેળવવા તત્પર રહેવું.

(૩) પર્વતિથિઓ તથા પર્વ દિવસોમાં આરંભ–સમારંભનાં કાર્યોનો તથા લીલોતરીનો ત્યાગ કરવો........ઈત્યાદિ.

# (૮) અનર્થદંડ વિરમણ વ્રત

વ્યાખ્યા :- શરીર, કુટુંબ આદિનાં નિર્વાહનાં પ્રયોજનથી જે સપાપ પ્રવૃત્તિ કરવી પડે તે અર્થદંડ કહેવાય. પરંતુ તેવા કોઇપણ પ્રયોજન વિના જે કેવળ ટેવને આધીન થઈને કે કુતૂહલવૃત્તિથી પ્રેરાઇને યા ક્ષુલ્લક શોખને ખાતર સપાપ પ્રવૃત્તિ કરાય તે બધી અનર્થદંડ કહેવાય...........ટુંકમાં અનર્થ એટલે અર્થ-પ્રયોજન વિના જ આત્મા કર્મથી દંડાય તેવી માનસિક, વાચિક કે કાયિક પ્રવૃત્તિને અનર્થદંડ કહેવાય. તેના 'અપધ્યાન આચરિત' વગેરે ૪ પ્રકાર છે, તેનો યથાશક્તિ ત્યાગ કરવા માટે નીચેની પ્રતિજ્ઞા લેવી.

---

## -: મુખ્ય પ્રતિજ્ઞા :-

(૧) **અપધ્યાન આચરિત ત્યાગ** :- હું મારી જિંદગીમાં કદી પણ આર્ત-રૌદ્રધ્યાનને વશ થઈ આત્મહત્યા નહિ કરૂં, કોઈનું ખૂન નહિ કરૂં; તથા ધર્મકરણીના બદલારૂપે સ્વર્ગાદિ સુખોની માગણી કરવી ઇત્યાદિ નિયાણું નહિં બાંધું. એ સિવાય પણ આર્ત-રૌદ્ર ધ્યાન ઓછું કરવા માટે કે ન કરવા માટે યથાશક્તિ પ્રયત્નશીલ રહીશ.

(૨) **પ્રમાદ આચરિત ત્યાગ** :-

(અ) હું મારી જીંદગીમાં જુગાર, માંસ, મદિર, ચોરી, શિકાર, પરસ્ત્રીગમન તથા વેશ્યાગમન એ સાત મહાવ્યસનનું સેવન નહિ કરૂં.

(બ) સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા અને રાજકથા એ ચાર વિકથાઓ તથા નિંદા-કુથલીનો યથાશકિત ત્યાગ કરવાને માટે સદા પ્રયત્નશીલ રહીશ.

(ક) કોઇને ફાંસી અપાતી હશે તો જોઈશ નહિ; તથા સાપ-નોળિયા, કૂતરા, પાડા, હાથી, મલ્લ વગેરેની લડાઇ તે કુસ્તી રસપૂર્વક જોવા નહિ જાઉં.

(ડ) અશ્લીલ સિનેમા-નાટક, પ્રણયકથા, ડિટેકટીવ કથા વગેરેનો યથાશક્તિ ત્યાગ કરવા માટે પ્રયત્નશીલ રહીશ.

(ઇ) અનિવાર્ય પ્રસંગ સિવાય નદી, કૂવા, તળાવ, સરોવર, સમુદ્ર, સ્વીમીંગ બાથ વગેરેમાં અંદર પડીને સ્નાન નહિ કરૂં.

આ ઉપરાંત પણ વિના કારણે વધારે પડતી નિદ્રા, વિના કારણે ફૂલ, ફળ, પાન તોડવા ચોખ્ખો રસ્તો મૂકીને ઘાસ ઉપર પગ દઈ ચાલવું, ઘી, તેલ, પાણી આદિના વાસણો ઉઘાડા રાખવા ઈત્યાદિ પ્રમાદ આચરણનો યથાશકિત ત્યાગ કરવા માટે પ્રયત્નશીલ રહીશ.

(૩) **હિંસા પ્રદાન ત્યાગ :**-માગ્યા વિના કોઇને પણ બંદૂક, તલવાર, પિસ્તોલ, છુરી, ચપ્પુ, કોદાળો, પાવડો, અગ્નિ આદિ હિંસક સાધનો નહિ આપું. દાક્ષિણ્ય ખાતર ઘરની જ કોઇ વ્યકિતને કૂવચિત્ આપવું પડે તેની જયણા.

(૪) **પાપ-ઉપદેશ ત્યાગ :**-વગર પૂછયે કોઇને પણ ખેતર ખેડો, વિવાહ કરો, કૂવો ખોદાવો, ઘર બંધાવો, શત્રુને મારો, બળદને ખસી કરો ઈત્યાદિ પાપ-ઉપદેશ રૂપ સલાહ નહિ આપું. વ્યાવહારિક ફરજને કારણે કવચિત્ ન છૂટકે તેમ કરવું પડે તેની જયણા.

**નોંધ :-**

## : પેટા નિયમ :

### (૧) બીડી સીગારેટ, પાન-સોપારી. તમાકુ-અફીણ-છીંકણીનાં : વ્યસનનો ત્યાગ :

(અ) જીવન જીવવાને માટે તદ્દન નકામા ગણાતા, તનના અને મનના આરોગ્યને માટે હાનિકર્તા એવા ઉપરોક્ત વ્યસનોનું સેવન હું નહિ કરૂં.

(બ) છેવટે દિવસમાં એકથી વધારે વખત તો પાન-સોપારીનું સેવન નહિ જ કરૂં.

(ક) અગાઉથી ઘર કરી ગયેલા આ વ્યસનોનો ત્યાગ કરવાનો હું અભ્યાસ પાળીશ અને સંપૂર્ણ ત્યાગ ન કરી શકું ત્યાં સુધી..........નો ત્યાગ.

**નોંધ :—**

---

### (૨) -: ચા-કોફીના વ્યસનનો ત્યાગ :-

(અ) વ્યસન તરીકે ચા-કોફીનું સેવન નહિ કરૂં.

(બ) અગાઉથી પડી ગયેલ ચા-કોફીનું વ્યસન છોડી ન શકું. ત્યાં સુધી...........નો ત્યાગ.

(ક) દિવસમાં એકથી વધારે વખત ચા- કોફી નહિ પીઉં.

**નોંધ :-**

---

### આઠમા વ્રતની રક્ષા-શુદ્ધિ માટે...

(૧) પોતાના જીવનમાં શરીર તથા કુટુંબના નિર્વાહને માટે તેમજ આત્માર્થે કરવા યોગ્ય કાર્યો સિવાય કેવળ શોખ, વ્યસન કે કુતૂહલ વૃત્તિનાં પોષણ અર્થે મન-વચન-કાયાનો કઈ કઈ રીતે દુરૂપયોગ થાય છે તે આત્મનિરીક્ષણ દ્વારા નક્કી કરી તેનાથી બચવા માટે સતત પ્રયત્નશીલ રહેવું.

(૨) અનિવાર્ય અને આવશ્યક સાંસારિક ફરજોનું પાલન કરતાં બચેલો સમય તો ધર્મ આરાધનામાં જ ગાળવા લક્ષ રાખવો.

(૩) હિંસક સાધનો બધા દેખે તેમ ખુલ્લા રાખવા નહિ. ઇત્યાદિ.

# (૯) સામાયિક વ્રત

ઓછામાં ઓછું બે ઘડી (૪૮ મિનિટ) સુધી મન-વચન-કાયાના બધા જ સાવદ્ય (પાપકારી) વ્યાપારો (પ્રવૃત્તિઓ) નો વિધિસહિત પ્રતિજ્ઞાપૂર્વક કરણ-કરાવણની કોટિએ ત્યાગ કરી ધર્મધ્યાનમાં મન-વચન-કાયાને પરોવી રાખવાતે સામાયિક વ્રત....

## — મુખ્ય પ્રતિજ્ઞા —

જ્યાં સુધી સર્વવિરતિ સામાયિક (સાધુપણું) ન લઈ શકું ત્યાં સુધી ઉપરોકત રીતના સામાયિક દરરોજ, દર મહિને અથવા દર વર્ષે ઓછામાં ઓછા........તો હું જરૂર કરીશ.

ગાઢ માંદગી, મુસાફરી આદિ અનિવાર્ય સંયોગવશાત્ તેમ નહિ કરી શકાય તો બીજા દિવસે, બીજા મહિને યા બીજા વર્ષે તેની પૂર્તિ કરી લઇશ.

**નોંધ :-**

---

## — પેટા નિયમ —

### (૧) પ્રતિક્રમણ

(અ) માંદગી, મુસાફરી જેવા અનિવાર્ય સંજોગો સિવાય દરરોજ બે ટાઈમ પ્રતિક્રમણ જરૂર કરીશ.

(બ) છેવટે પૂનમ-અમાસના જરૂર પ્રતિક્રમણ કરીશ.

(ક) મહિનામાં........વાર જરૂર પ્રતિક્રમણ કરીશ.

**નોંધ :-**

---

### (૨) સામાયિક-પ્રતિક્રમણ વિધિનો અભ્યાસ

(અ) જ્યાં સુધી મને સામાયિક વિધિ નહિ આવડતી હશે. ત્યાં સુધી, સામાયિકના વસ્ત્રો પહેરી, કટાસણા પર બેસી,

જમણો હાથ ભૂમિ પર સ્થાપન કરી સામાયિકના સંકલ્પ પૂર્વક ત્રણ નવકાર ગણી બે ઘડી (૪૮ મિનિટ) સુધી ધર્મધ્યાન કર્યા બાદ ફરી એ જ રીતે સામાયિક પારવાનાં સંકલ્પ પૂર્વક ત્રણ નવકાર ગણીને જ ઉઠવા રૂપ સામાયિકની ઉમેદવારી દરરોજ, મહિનામાં કે વર્ષમાં..........વાર જરૂર કરીશ. તથા સામાયિક વિધિ શીખી ન લઉં ત્યાં સુધી ............નો ત્યાગ.

(બ) દૈવસિક / રાઈ / પાક્ષિક પ્રતિક્રમણવિધિ શીખી ન લઉં ત્યાં સુધી........નો ત્યાગ.

**નોંધ :**

---

## (૩) ક્રોધ કષાયનો ત્યાગ

(અ) સામાયિકનાં પ્રાણ સ્વરૂપ સમતાભાવનો નાશ કરનાર ક્રોધ કષાયનું જે પળે સેવન થશે ત્યારથી માંડીને ૬ કલાક સુધી અન્ન-પાણીનો ત્યાગ અથવા ૧૨ નવકાર ગણીશ.

(બ) ક્રોધનાં આવેશમાં આવી જઈને કદી કોઈનાં ઉપર પણ હાથ, પગ, લાકડી આદિ દ્વારા પ્રહાર તો નહિ જ કરું. જે દિવસે આ નિયમનો ભંગ થશે તેના બીજા દિવસે ઉપવાસ / આયંબિલ અથવા એકાસણું કરીશ.

**નોંધ :-**

---

## નવમા વ્રતની રક્ષા-શુદ્ધિ માટે...

(૧) સામાયિકમાં ૩૨ દોષોનો ત્યાગ કરવા પ્રયત્નશીલ રહેવું.

(૨ ૪૮ મિનિટ થાય કે તરત જ સામાયિક પારવા માટે ઉતાવળ ન કરવી.

(૩) સામાયિકમાં નિદ્રા-વિકથા આદિ પ્રમાદ ન કરતાં ધર્મ-ધ્યાનમાં જ લીન રહેવું. ઇત્યાદિ

卐 卐 卐

# (૧૦) દેશાવગાસિક વ્રત

-: વ્યાખ્યા :-

છઠ્ઠા દિશિ વ્રતમાં જિંદગીભર માટે નક્કી કરેલા દિશાના પરિમાણમાં દરરોજ માટે સંક્ષેપ કરવો તથા બીજા પણ અહિંસા આદિ વ્રતોની મર્યાદામાં દરરોજ સંક્ષેપ કરવો તેને દેશાવગાસિક વ્રત કહેવાય છે અને તેને માટે સાતમા વ્રતમાં જિંદગીભર માટે ધારેલા સચિત્ત-દ્રવ્વ-વિગઇ વગેરે ૧૪ નિયમોને દરરોજ સવાર-સાંજ સંક્ષેપીને દેશાવગાસિકનું પચ્ચક્ખાણ લેવામાં આવે છે.

તથા હાલ એકાસણા-ઉપવાસ વગેરે પચ્ચક્ખાણ પૂર્વક એક દિવસમાં ઓછામાં ઓછા ૧૦ સામાયિક કરવા-તેને પણ દેશાવગાસિક વ્રત કહેવામાં આવે છે.

---

-: મુખ્ય પ્રતિજ્ઞા :-

(અ) હું યાવજ્જીવ દરરોજ સવાર-સાંજ સચિત્ત-દ્રવ્ય-વિગઇ આદિ ૧૪ નિયમની ધારણા કરીશ.

(બ) એકાસણા આદિ તપ સહિત એક દિવસમાં ઓછામાં ઓછા ૧૦ સામાયિક કરવા રૂપ દેશાવગાસિક દર વર્ષે ઓછામાં ઓછા...........જરૂર કરીશ.

**નોંધ :—**

---

**દશમા વ્રતની રક્ષા-શુદ્ધિ માટે......**

(૧) દરરોજ સવાર-સાંજ ૧૪ નિયમ ધારતી વખ આગળ ધારેલા ૧૪ નિયમો પ્રમાણે વર્તાયું છે કે નહિ તે બરાબર તપાસી જવું.

(૨) ૧૦ સામાયિક રૂપ દેશાવગાસિકમાં નિદ્રા-વિકથા આદિ પ્રમાદ ન કરતાં ધર્મધ્યાનમાં જ મન-વચન-કાયાને જોડવા ઈત્યાદિ.

卐 卐 卐

# (૧૧) પૌષધ વ્રત

-: વ્યાખ્યા :-

જેના દ્વારા ધર્મની-આત્માના જ્ઞાનાદિ ગુણોની પુષ્ટિ થાય તે ધાર્મિક અનુષ્ઠાન વિશેષને પૌષધ કહેવામાં આવે છે. તેના ૪ પ્રકાર છે તે આ પ્રમાણે.

(૧) **આહાર ત્યાગ પૌષધ :–** અશન – પાન – ખાદિમ – સ્વાદિમ એ ચાર પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરવો અર્થાત્ ચોવિહાર ઉપવાસ કરવો તે... અથવા છેવટે તિવિહાર ઉપવાસ, આયંબિલ કે એકાશણું કરવા દ્વારા અંશતઃ આહારનો ત્યાગ કરી ધ્યાનમાં લીન બનવું તે.

(૨) **શરીર સત્કાર ત્યાગ પૌષધ :** સ્નાન આદિ શરીરની શોભા–ટાપટીપનો ત્યાગ કરી આત્મિક ગુણોમાં રમણતા કેળવવી તે.

(૩) **બ્રહ્મચર્ય પૌષધ :** દેવ – મનુષ્ય તથા તિર્યંચ સંબંધી મૈથુનનો ત્યાગ કરી આત્મિક ગુણોમાં રમણતા કેળવવી તે.

(૪) **અવ્યાપાર પૌષધ :** સાવદ્ય (પાપકારી) સર્વ પ્રવૃત્તિઓનો મન – વચન – કાયાથી કરણ – કરાવણ કોટિએ ત્યાગ કરી ધર્મધ્યાનમાં લીન બનવું તે

**આઠમ–ચૌદસ–પૂનમ–અમાસ તથા પર્યુષણ પર્વની ત્રીજ, ચોથ, પાંચમ એમ વર્ષમાં ૭૫ પર્વ દિવસો દરમ્યાન ૪ પ્રહર કે ૮ પ્રહર સુધી સામાયિકની રીતે રહી વિધિપૂર્વક ઉપરોક્ત ચારે પ્રકારના પૌષધ કરવાની શાસ્ત્ર આજ્ઞા છે. પરંતુ તેટલી શકિત ન હોય તો છેવટે વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા અમૂક ૮ પ્રહરના કે ૪ પ્રહરના પૌષધ કરવાની ધારણા કરવી તે પૌષધ વ્રત કહેવાય છે.**

## —: મુખ્ય પ્રતિજ્ઞા :—

હું યાવજ્જીવ માટે દર વર્ષે ઓછામાં ઓછા..........૮ પ્રહરનાં / ૪ પ્રહરનાં પૌષધ જરૂર કરીશ.

**નોંધ :-**

---

## -: પેટા નિયમ :-

### (૧) પર્વ દિવસોમાં આરંભ ત્યાગ

દર પૂનમ-અમાસનાં તથા પર્યુષણનાં ૯ દિવસ દરમ્યાન કે છેવટે સંવત્સરીનાં દિવસે તો અવશ્ય વેપાર-ધંધા બંધ રાખી વિશેષે કરીને ધર્મધ્યાનમાં મન-વચન-કાયાને પરોવીશ.

**નોંધ :—**

---

### (૨) સ્નાન આદિ ટાપટીપનો ત્યાગ

કદાચ પૌષધ નહિ કરી શકાય તો પણ પૂનમ-અમાસ આદિ પર્વ દિવસોમાં મુનિજીવનનાં અનુકરણ રૂપે સ્નાન, તેલ, પાવડર આદિ દ્વારા શરીરની ટાપટીપ નહિ કરૂં. પ્રભુપૂજાર્થે સ્નાન કરવું પડે તો પણ મર્યાદિત પાણીથી સાબુ વિના જ સ્નાન કરીશ.

**નોંધ :**

---

### અગિયારમા વ્રતની રક્ષા-શુદ્ધિ માટે...

(૧) પૌષધમાં દિવસે લાંબા પગ કરીને સૂવું નહિ.

(૨) કામળીના સમયે કામળીનો બરાબર ઉપયોગ રાખવો.

(૩) રાત્રિ-પૌષધમાં દંડાસણનો ઉપયોગ બરાબર જાળવવો.

(૪) પૌષધ દરમ્યાન નિંદ્રા-વિકથાદિ પ્રમાદ ન કરતાં ધર્મધ્યાનમાં અપ્રમત્તપણે લીન રહેવું.

(૫) પર્વ દિવસોમાં કદાચ પૌષધ ન કરી શકાય તો પણ લીલોતરી ત્યાગ, આરંગ ત્યાગ તથા બ્રહ્મચર્ય પાલન, તપશ્ચર્યા આદિ યથાશક્તિ જરૂર કરવા. ઇત્યાદિ....

# (૧૨) અતિથિ સંવિભાગ વ્રત

**-: વ્યાખ્યા :-**

પર્વ દિવસે ઉપવાસ સહિત પૌષધ કરી, બીજે દિવસે એકાસણાનું પચ્ચકખાણ કરી, સંસારત્યાગી સાધુ-સાધ્વી ભગવંતોને, સૂઝતા આહાર-પાણી આદિ દ્રવ્યો ભકિતપૂર્વક વહોરાવી, બાકી રહેલ આહાર-પાણી દ્વારા એકાશણું કરવું તેને અતિથિ સંવિભાગ વ્રત કહેવામાં આવે છે.

સાધુ-સાધ્વી ભગવંતોની ગેરહાજરીમાં વ્રતધારી ધર્મનિષ્ઠ શ્રાવક-શ્રાવિકાને જમાડીને પણ ઉપરોકત રીતે અતિથિ સંવિભાગ વ્રત કરી શકાય છે.

---

## —: મુખ્ય પ્રતિજ્ઞા :—

હું યાવજ્જીવ દર વર્ષે ઉપરોકત પ્રકારનું અતિથિ સંવિભાગ વ્રત ઓછામાં ઓછા........વાર જરૂર કરીશ તથા સિવાયના દિવસોમાં પણ શકયતા પ્રમાણે સાધુ-સાધ્વી ભગવંતોને સુપાત્ર દાન કરવા માટે યથાશકિત હંમેશા તત્પર રહીશ.

**નોંધ :**

---

**બારમા વ્રતની રક્ષા-શુદ્ધિ-પુષ્ટિ માટે........**

(૧) સુપાત્રદાન કરવાની પાછળ કોઈપણ પ્રકારના સાંસારિક લાભની ઇચ્છા ન રાખવી પંરતુ કેવળ ત્યાગ માર્ગના લક્ષથી જ દાન આપવું.

(૨) સમ્યકત્વનાં પેટા નિયમો તરીકે દર્શાવેલા 'સુપાત્રદાન' તથા 'સાધર્મિક ભકિત'નાં નિયમો પ્રમાણે વર્તવાનો જરૂર લક્ષ રાખવો.

(૩) દાન આપીને પોતાની જાતને ધન્ય માનવી તથા દાન લેનારને પોતાનો ઉપકારી માનવો.......ઈત્યાદિ.

નિત્ય આરાધવા યોગ્ય ચિંતન મનન શ્રેણી

# આરાધનાની બંસરી લાગે સલુણી....

卐

પુદ્ગલ પદાર્થોની પારાવાર આસક્તિમાં ફસાયેલા અને ત્યાગમાર્ગે
સંયમશૂરા રહેવાની અસક્તિનો એકરાર કરતા આજના
સત્વહીન મમતાભર્યા જીવોને સમતાભર્યા સયમી
જીવનનો સ્વાદ લગાડે તેવી, ખુમારીભર્યું
અને વીરતાભર્યું જીવન જીવવાની ઈચ્છા
જગાડે તેવી, આત્માના અનંત
સુખનો અનુભવ કરાવવા,
બહિરાત્મા મટી,
અંતરાત્મા
બની

પરમાત્માની કક્ષાએ પહોંચવા સુધીની પ્રેરણા પૂરી પાડે તેવી ઘણી ઘણી ઉપયોગી બોધપ્રદ બાબતો અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબને** વિનંતી કરતા શીઘ્ર ૧૬ ભાવનાઓ તથા અષ્ટ પ્રવચન માતા સમ્યકત્વનાં ૬૭ બોલ, ૧૦ પ્રકારની આરાધના, શ્રાવકની કરણી વગેરે પર અદ્ભુત કૃતિઓની રચના કરી આપી જે ખરેખર કંઠસ્થ કરી નિત્ય મનન કરવા યોગ્ય છે.

**તદ્ઉપરાંત**

આરાધનામાં ઉદ્યમશીલ બનાવનાર, વિભાવદશામાંથી સ્વભાવ દશામાં આવવા માટે, વિરાધકભાવમાંથી આરાધક ભાવમાં આવવા ચિંતનાત્મક સાહિત્ય મૂકેલ છે. નિત્ય ચિંતન મનન દ્વારા અનાદિકાળની અજ્ઞાનતાનો છેદ ઉડે.

એજ શુભાભિલાષા.

# સોળ ભાવનાનું ચાર ચોઢાળીયાવાળું સોળ ઢાળીયું

રચયિતા :

અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

દુહા

પ્રણમી શ્રી પ્રભુવીરને, ભાવું ભાવના બાર,
અનંત દુઃખકર્મો ટળે, છુટી જાય સંસાર ॥ ૧ ॥

અનિત્ય અશરણ સંસાર તિમ, એકત્વ અન્યત્વ ધાર
અશુચિ આશ્રવ સંવર તથા, નિર્જરા ધર્મ વિચાર ॥ ૨ ॥

લોક સ્વરૂપ બોધિ દુર્લભા, એ બાર મૈત્ર્યાદિચાર
ગૌતમનીતિ 'ગુણ' કહે, ભાવના મોક્ષદાતાર ॥ ૩ ॥

## શ્રી બારભાવના સ્વરૂપ પ્રાર્થનાઓ

### પહેલી અનિત્ય ભાવના પ્રાર્થના

( રાખના રમકડાં–એ–દેશી )

હે પ્રભુ આપ પસાયથી કહું, મુજને અનિત્ય સંસાર રે
સર્વ અનિત્ય છતાં નિત્ય સમજી, કરે તું કેમ વ્યવહાર રે....હે

દર્ભ છેડા પર રહ્યા જલબિંદુ, ઈન્દ્ર ધનુષ વિચાર
સ્વપ્ને મળેલ સમૃદ્ધિ જેવાં, સર્વ વિનશ્વર ધાર રે.
હે પ્રભુ....॥ ૧ ॥

રહે ન સમૃદ્ધિ રહે ન લક્ષ્મી, રૂપ યૌવન જાનાર
આયુ જીવન સત્તા સ્થિર ન રહે. અસ્થિર મિત્ર પરિવાર રે.
હે પ્રભુ....॥ ૨ ॥

ઈન્દ્ર ચક્રી રાજા અબ્જોપતિ, સત્તાધીશો અસ્થિર,
સર્વાર્થસિદ્ધ દેવાયુ ખૂટે, કઈ વસ્તુ જગ સ્થિર રે.
હે પ્રભુ....॥ ૩ ॥

ભીખ માંગતો થયો મુંજ મહા નૃપ, રાવણ સુભૂમ વિચાર
સંખ્ય અસંખ્ય જીવ મિત્ર કુટુંબ, નિત્ય મરતાં દેખે સુધાર રે
હે પ્રભુ....॥ ૪ ॥

સર્વ અનિત્ય વિજળી જેમ જાણી, ભરતની જેમ વિચાર
ગૌતમ નીતિ 'ગુણ' કહે ભાવના, અનિત્ય ભાવ શિવકાર રે.
હે પ્રભુ....॥ ૫ ॥

## બીજી અશરણ ભાવના પ્રાર્થના

( સેવું ધ્યાવું દેવ પ્યારા—એ દેશી )

પ્રભુ મુજને શરણું આપો છું અશરણતિમ અસહાય
વહાલા દુઃખીયાના આધાર
આપશરણવિણ સ્વકર્મ જોરે આ જીવ નરકે જાય
અસહ્ય દુઃખ ભોગવે ત્યાં રડતો, કોઈ ન છોડાવે ત્યાંય, વહાલા ॥૧॥

અજ્ઞાને કરી કર્મ વારંવાર તિર્યંચ ગતિને પાય.
છેદન ભેદન કર્તન દહનાદિ, બહુ દુઃખ સહે અસહાય, વહાલા ॥૨॥

નરસુરગતિ પામી શરણા હિણ જીવોથી દુઃખ ભોગવાય
મહા બળીયા ચક્રી ઇન્દ્રોને રડતા જમ લઇ જાય, વહાલા ॥૩॥

કુટુંબ સમૃદ્ધિ માતતાત મંત્ર, ઔષધિથી ન રક્ષાય
સાતપાતાલે સ્વર્ગે સંતાય, તોય લઇ જાય યમરાય, વહાલા ॥૪॥

લે અરિહંત સિદ્ધમુનિ જિનધર્મનું શરણું નિત્ય સુખદાય
ગૌતમ નીતિ 'ગુણ' કહે અનાથી, અભયની જેમ કરાય... ॥૫॥

卐

## ત્રીજી સંસાર ભાવના પ્રાર્થના

( જાવો જાવો અય મેરે સાધુ—એ દેશી )

આપો આપો હે પ્રભુજી સુમતિ, ભવ જાણું દુખકાર,
ભવજાણું દુઃખકાર પ્રભુજી, ભવજાણું દુઃખકાર, આપો આપો
અજ્ઞાને જીવ પાપ કર્મ કરી, સાતે નરકે જાય
રડતો ભોગવે દુઃખ અસહ્ય ત્યાં, છુટવાનો ન ઉપાય, આપો ॥૧॥

પરમાધામી દુઃખ આપે વળી, ક્ષેત્ર જ દુઃખ બહુ ત્યાંય,
પરસ્પર યુદ્ધથી દુઃખ પામે બહુ, શસ્ત્રાદિથી ભેદાય, આપો ॥૨॥

કર્મે ગાય બળદ બકરા ઘેટાદિ થાય કપાય
મરઘા માછલા મૃગ ભુંડાદિ, થાય છેદાય પીડાય, આપો ॥૩॥

દાસ શેઠ થાય શેઠ દાસ થાય, પત્ની માતા થાય
માતા સ્ત્રી થાય, પિતા પુત્ર થાય, મિત્ર બંધુ અરિ થાય આપો ॥૪॥

ભવદુઃખ વિચિત્રતા બહુ દેખી, અનંતા થયા અણગાર
ગૌતમ નીતિ 'ગુણ' કહે ભવ તજી
સેવો ચારિત્ર સુખકાર આપો. ॥૫॥

## ચોથી એકત્વભાવના પ્રાર્થના

( સાહેબ શિવ વસીયા– એ દેશી )

પ્રભુજી આપ પસાયથી રે, ભાવું એકત્વભાવ, પ્રભુ મુજ મન વસીયા
એક આવ્યો એક જ જશે રે, સહ કુટુંબાદિ અભાવ, પ્રભુ મુજ ॥૧॥
પાપ પુણ્ય પોતે કરે રે, ભોગવે પોતે ફળ તાસ, પ્રભુ મુજ
એક કરે બીજા ભોગવે રે, એ વાણી અસત્ય વિલાસ. પ્રભુ મુજ ॥૨॥
માત તાત સ્ત્રી પુત્ર આદિ રે, સાથે ન આવે પરિવાર, પ્રભુ મુજ
ધન સંપત્તિ ઘર મહેલાદિ રે, આવે ન તુજ સહધાર. પ્રભુ મુજ ॥૩॥
ભવભવ ભટકે એકલો રે, દુઃખ સહે એકલો અપાર, પ્રભુ મુજ
દુઃખનો ભાગ કોઇ લે નહિ રે, ધર્મથી દુઃખ જાનાર, પ્રભુ મુજ ॥૪॥
નમિરાજા દાહ જવરે દુઃખી રે, એકત્વ ભાવે સુખી થાય, પ્રભુ મુજ
ગૌતમ નીતિ 'ગુણ' કહે સુખી રે, એકત્વ ભાવનાએ થાય. પ્રભુ મુજ ॥૫॥

*

## પાંચમી અન્યત્વ ભાવના પ્રાર્થના

( મનમોહન મેરે — એ દેશી )

પ્રભુજી સદ્બુદ્ધિ દ્યો મન મનમોહન મેરે,
આવે અન્યત્વ વિચાર, મન.
કુટુંબ તારાથી અન્ય છે. મન. માતા પિતા પરિવાર, મન. ॥૧॥

ધન સંપત્તિ મંજુષાદિ મન. દેહ ગજ અશ્વરથ સાર. મન.
ઘરહાટ વાડી પેઢી બંગલાઓ, મન.
સુવર્ણાદિ સર્વ અન્યધાર, મન. ॥૨॥

અન્યકાજે પાપો કર્યા ઘણા, મન. દુઃખ પામ્યો અનંતીવાર, મન.
જીવો પીડયા હિંસાદિ કરી, મન. પામ્યો ન દુઃખનો પાર, મન. ॥૩॥

કોણીક સૂરિકાંતા ચૂલિની, મન. અન્યરસે થયા પાપકાર, મન.
અન્ય તજી રમ આત્મામાં, મન. જ્ઞાનાદિ. સ્વધન વિચાર, મન. ॥૪॥

મુક્તિ મરુદેવા ગૌતમજ્ઞાન લે. મન. અન્યત્વ ભાવના ધાર મન.
ગૌતમ નીતિ 'ગુણ' સૂરિ કહે. મન. ભાવના ભવનાશકાર. મન. ॥૫॥

## છઠ્ઠી અશુચિભાવના-પ્રાર્થના

( મનમંદિર આવો રે – એ દેશી )

જિનદેવ મનમંદિર રે, આવીને સહાય કરો;
અશુચિ ભાવના માંહે રે, લાવી મુજ મનને ધરો. જિનદેવ ॥૧॥
દેહ અશુચિથી ભરીઓ રે, કયારે શુચિતા ન ધરે;
સગે સુગંધી વસ્તુને રે, દુર્ગંધ ઝરતી કરે. જિનદેવ ॥૨॥
નર સ્ત્રી દેહ નવ બાર દ્વારે રે, નિત્ય અશુચિજ ઝરે;
સ્નાનાદિ યત્ન સહસથી રે, પવિત્રતા દેહ ન ધરે. જિનદેવ ॥૩॥
મલ્લીકુંવરી પુતળી ભર્યા રે, અન્નાદિની દુર્ગંધથી;
પ્રતિબુદ્ધા છ નરપતિ રે, મુક્તિ લે સંયમતપથી. જિનદેવ ॥૪॥
દેહમોહ મૂકી તપ સંયમે રે, દેહને જોડી મુક્તિ લીઓ;
ગૌતમ નીત 'ગુણ' કહે રે, ચારિત્રે બહુને મોક્ષ દીઓ. જિનદેવ ॥૫॥

卐

## સાતમી આશ્રવ ભાવના-પ્રાર્થના

( પ્રભુજી સુખકર સમકિત દીજે–એ દેશી )

પ્રભુજી બુદ્ધિ દ્યો મુજ મન પેસે, આશ્રવ ભાવનાસાર;
ઇન્દ્રિય કષાય અવ્રત, યોગદોષો મિથ્યાત્વ સહ વિચાર. પ્રભુજી ॥૧॥
કરિ સ્પર્શ મત્સ્ય રસ ભ્રમર સુગંધે,
પતંગ રૂપે મૃગ ગીતથી રે;
એક એક ઇન્દ્રિય વશતાએ દુઃખિત,
કેવો દુઃખીવશ પાંચે ઇન્દ્રિથી રે. પ્રભુજી ॥૨॥
ક્રોધ માન માયા લોભ કષાયથી,
જીવ બહુ દુઃખીયા સંસારે;
હિંસાયે ગોત્રાસાદિ, અસત્યે વસુરાજાદિ,
ચોરી કરી મંડિતાદિ ચોરે રે. પ્રભુજી ॥૩॥
મૈથુને પરિગ્રહે ત્રિભુવન દુઃખી,
તિમ મન વચ કાય યોગથી રે;
આશ્રવ હેતુ એ સર્વ પ્રવૃત્તિ ત્યજ,
અનંત દુઃખી તું આશ્રવથી રે. પ્રભુજી ॥૪॥
મિથ્યાત્વ સહ એ આશ્રવ ભજનારા,
અનંત જીવો થયા દુઃખી રે;
ગૌતમ નીતિ 'ગુણ' કહે મિથ્યાત્વ સહ,
આશ્રવ તજી થાઓ સુખીયા રે. પ્રભુજી ॥૫॥

## આઠમી સંવર ભાવના પ્રાર્થના

( ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી એ દેશી )

પ્રભુ મુજ ચિત્તો આવીને આપો, સંવર ભાવના સાર
ઇરિયા ભાષા એષણા આદાન નિક્ષેપ.
પારિઠાપન સમિતિ ધાર રે ભવિજીવ.
આતમ સ્વરૂપ વિચારી, બહાર ન જાઓ અવિચારી રે,
ભવિજીવ ॥૧॥
શોભન મન વચ કાયયોગ ધારી, બાવીશ પરિષહ ધારો
ક્રોધ ક્ષમાથી માન વિનયથી, માયા આર્જવથી સંહારો રે,
ભવિજીવ ॥૨॥
લોભ નિષ્પૃહતા એ જીતી તપ સંયમ,
સત્ય શૌચાકિંચન્ય બ્રહ્મધારો
એ દશયતિધર્મ અષ્ટ પ્રવચનમાત સહ,
સતત જીવનમાં ઉતારો રે, ભવિજીવ ॥૩॥
હિંસા અસત્ય ચોરી મૈથુન પરિગ્રહ, તજીબાર ભાવના ભાવો
ઈમ આશ્રવ ટાળી સંવર પામી, કર્મ નિર્જરી મોક્ષે જાવોરે.
ભવિજીવ ॥૪॥
વીર પ્રભુની પરે પરિષહો જીતો, સંવરને વિકસાવો.
ગૌતમ નીતિ **'ગુણસાગર સૂરિ'** કહે,
સંવરે લ્યો મુક્તિ લ્હાવોરે, ભવિજીવ ॥૫॥

× × ×

## નવમી નિર્જરા ભાવના પ્રાર્થના

( ગિરૂઆ રે ગુણતુમ તણા—એ દેશી )

પ્રભુજી મુજ સુબુદ્ધિ દીઓ, કર્મ નિર્જરા ભાવ આવે રે,
નિર્જરા ભેદ બાર જે કહ્યા, તે તપને કરો ભાવેરે, પ્રભુજી ॥૧॥
તપભેદ નિર્જરાભેદ જે, તે કારણે કાર્યારોપરે,
તપથી સર્વકર્મ ક્ષય થાયે, તપ કરો કર્મે કરી કોપરે, પ્રભુજી ॥૨॥
અણસર ઉણોદરિ વૃત્તિ સંક્ષેપ, રસ ત્યાગ કાયકલે શલીનતારે,
પ્રાયશ્ચિત વિનય વૈયાવચ્ચ, સ્વાધ્યાય ધ્યાન ઉત્સર્ગતારે,
પ્રભુજી ॥૩॥
છ છ બ્રાહ્માભ્યંતર તપ ભેદએ, એથી કર્મ નિર્જરા થાયરે,
દૃઢ પ્રહારી મહાહત્યારો, તે તપ કરી મોક્ષે જાય રે, પ્રભુજી ॥૪॥
સુખી થાવું હોય તો તપ કરો, તપવિણ દુઃખો ન જાય રે,
ગૌતમ નીતિ **ગુણસૂરિ** કહે, તપથી શાશ્વત સુખ થાય રે,
પ્રભુજી ॥૫॥

## દશમી ધર્મ ભાવના – પ્રાર્થના

(ભરતને પાટે ભૂપતિ રે – એ દેશી)

પ્રભુ વીતરાગ સર્વજ્ઞ થઇ રે, ધર્મ કહ્યો સુખકાર ભવિજન,
તેથી જિન ધર્મ સર્વ શ્રેષ્ઠ છે રે, પૃથ્વી સૂર્ય ચંદ્રાદિ આધાર ભવિજન
જિમ જિમ જિન ધર્મ સેવીએ રે, તિમ તિમ વૃદ્ધિ થાય ભવિજન ॥૧॥
સમ્યગદાન શીલતપ ભાવના રે, જિનધર્મ ચાર પ્રકાર ભવિજન
અભયસુપાત્ર ધર્મોપગ્રહિ રે, દાન દ્યો જગ જયકાર ભવિજન ॥૨॥
સર્વ વિરતિ દેશ વિરતિ લઇ રે, કરો શીલસેવના સાર, ભવિજન
બાહ્યાભ્યંતર બાર ભેદથી રે, તપ કરી કરો ભવપાર ભવિજન ॥૩॥
સ્વપરોદ્ધારક ધર્મ ભાવના રે, ભાવો સતત શિવકાર ભવિજન
શાલિભદ્રાદિ દાને શીલથી રે, સ્થૂલભદ્ર જંબૂકુમાર ભવિજન ॥૪॥
તપથી ધન્નો ભાવે ભરતજી રે, કર્યો ધર્મે આત્મ ઉદ્ધાર ભવિજન
ગૌતમ નીતિ 'ગુણ સૂરિ' કહે રે, સદા ધર્મભાવના ધાર ભવિજન ॥૫॥

## અગીયારમી લોકસ્વરૂપ ભાવના–પ્રાર્થના

(ગિરિવર દર્શન વિરલા પાવે – એ દેશી)

પ્રભુજી લોકસ્વરૂપ ભાવ ભાવું તારક આપશ્રીના પ્રભાવે પ્રભુજી
કેડે બે હાથ રાખી પગ પહોળા કરી,
ઉભેલા પુરૂષ જેવો લોક દેખાવે પ્રભુજી ॥૧॥
અધોલોક સાધિક સાત રજુ છે,
ઉર્ધ્વલોક સાતરાજ અલ્પઉણો છે, પ્રભુજી
મધ્યલોક એક રજુ છે પહોળો,
વચ્ચે એક લાખ યોજન જંબૂદ્વીપ પ્રભુજી ॥૨॥
તેને ફરતા બે બે ગુણા સાગર દ્વીપો,
અંત્ય અર્ધ રાજ સ્વયંભૂરમણ સાગર છે
નીચે સાતે નારકો ઉપર દેવલોકો,
વચ્ચે ભરતૈરવત વિદેહાદિ માનવો છે, પ્રભુજી ॥૩॥
ધર્માધર્માકાશ પુદ્ગલ જીવાસ્તિકાય,
કાળષટ્ દ્રવ્યભૃત ચૌદરાજ લોક છે પ્રભુજી
પૃથ્વી અપ તેઉ વાઉ વણસઈ વિકલેન્દ્રિય,
તિર્યંચ નારક નરસુર પણે દુઃખીયો છે પ્રભુજી ॥૪॥
ચૌદરાજ લોકમાં અનંતભવ ભટકી,
અનંતાનંત દુઃખ પરંપરા સહી છે
ગૌતમ નીતિ 'ગુણ' કહે દુઃખ ટાળો,
શાશ્વત સુખ દ્યો એ આશા રહી છે. પ્રભુજી ॥૫॥

## બારમી બોધિ દુર્લભ ભાવના-પ્રાર્થના

(ધન ધન નેમિનાથ ભગવાન-એ દેશી)

પ્રભુજી ઇચ્છિત દેજો આજ, દુર્લભ બોધિ હૃદયે ધરીને,
શીઘ્ર પામું હું મુક્તિરાજ, હૃદયે સમ્યગ ભાવ ભરીને;
જગમાં દશ દૃષ્ટાંતે દુર્લભ, કહ્યો મનુષ્ય અવતાર,
આર્ય દેશ પણ મળવો દુર્લભ, દુલહો સુકુલ દરબાર. પ્રભુજી ॥૧॥
અનાર્ય દેશોમાં માનવભવજો, મળે તો તે પાપકાર;
કસાઈ મચ્છીમારાદિ કુલોમાં, મળે તો દુઃખ અપાર. પ્રભુજી ॥૨॥
સુકુળ મળે તોયે જૈન દેવ, ગુરુ ધર્મ દુર્લભ બહુધાર;
દુર્લભ જિનવાણી શ્રવણેચ્છા, દુર્લભ ધર્મ વિચાર. પ્રભુજી ॥૩॥
વિઘ્ન કરે કુસંગ વિકથાદિ, અનાદિ મોહ સંસ્કાર;
સદ્ભાગ્યે મળ્યું બોધિ રત્ન તો, મેળવ મોક્ષ આધાર. પ્રભુજી ॥૪॥
પ્રમાદે ખોઇશ બોધિ રત્ન તો, દુઃખિત ભમશે અપાર;
ગૌતમ નીતિ ગુણ કહે બોધિએ, સાધી લે શિવ સુખસાર. પ્રભુજી ॥૫॥

卐

## તેરમી મૈત્રી ભાવના-પ્રાર્થના

(મનડું કિમહિ ન બાજે એ દેશી)

મૈત્રી ભાવના ભાવું હે, પ્રભુજી મૈત્રી ભાવના ભાવું;
સર્વ જીવોને મિત્ર માનું હું, કોઇને ન વૈરી ધ્યાવું.
હે પ્રભુજી ॥૧॥
સંસારે ભમતાં સર્વે સ્વજનો, સર્વે શત્રુઓ પણ થાય,
શત્રુ સંબંધથી કોઈ ન સુખીયા, મૈત્રીથી સર્વસુખ પાવે
હે પ્રભુજી ॥૨॥
સર્વે જીવો થયા માત પિતાશ્રી, બંધુ પુત્ર પૌત્રાદિ
દુર્ગતિ સર્વે જીવો નહીં પામો, કોઇ ન પામો દુઃખાદિ
હે પ્રભુજી ॥૩॥
દુઃખકર હિંસા અસત્ય ચોરી મૈથુન, પરિગ્રહાદિ કોઇ ન કરો
મિથ્યાત્વ ટાળી સર્વે સમકિત પામો, જિનશાસન રસ ધારો
હે પ્રભુજી ॥૪॥
સર્વ વિરત લઈ સમ્યગ આરાધી,
સવી શાશ્વત સુખ પામો
ગૌતમનીતિ ગુણસાગર સૂરિ કહે,
ધર્મથી મોક્ષ વિસામો હે પ્રભુજી ॥૫॥

## ચૌદમી પ્રમોદ ભાવના-પ્રાર્થના

(શાન્તિ જિન એક મુજ વિનતિ-એ દેશી)

અથવા

(વીર જિન એક મુજ વિનતિ સાંભળો)

દેવ મુજ પ્રમોદ ભાવના દીયો, ગુણવંતોના ગુણ ગાઉં રે
અરિહંત, સિદ્ધ, અનંત ગુણી, ગુણ થુણીએ પ્રભુ ધ્યાઉં રે, દેવમુજ ॥૧॥

આચાર્ય ઉપાધ્યાય સાધુ ગુણો, ગાઉં ધ્યાઉં આનંદ પાઉં રે,
અવધિ મનપર્યવ કેવલ જ્ઞાનીઓના ગુણ ગાઉં રે, દેવમુજ ॥૨॥

જૈનાગમ પઠન પાઠનપરા, ઉગ્રતપકાર સ્તવી ધ્યાઉં રે,
જિનાજ્ઞા ઉપદેશીને તારતા, શાસન વિસ્તારકા ગાઉં રે, દેવમુજ ॥૩॥

જિનમંદિર ઉપાશ્રયાદિ કારકા, તીર્થે સંઘ લઈ જતા ધ્યાઉં રે
ધર્મ દાનશીલ તપ ભાવના, રૂપ કરતા શ્રાવકો ગાઉં રે, દેવમુજ ॥૪॥

દુઃખહરા સુખકરા તિમ સુખી, ગુણી અનુમોદી હર્ષ પાઉં રે,
ગૌતમ નીતિ ગુણ સૂરિ કહે, ગુણી ગુણ ગાઈ શિવ જાઉં રે દેવમુજ ॥૫॥

## પંદરમી કરુણા ભાવના-પ્રાર્થના

(અજિત જિણંદશું પ્રીતડી-એદેશી)

પ્રભુજી તુમ ચરણે રહી, કરૂણા ભાવના હો, ભાવું ચિત્ત લગાય કે
જીવો અનેક રીતે દુઃખીયા છે તેમના દુઃખોને હો જોઈ કરુણા થાય કે
પ્રભુજી ॥૧॥

ખાનપાન, વસ્ત્રભાજન શય્યાદિ, સ્ત્રી પુત્રાદિની હો જોઈ કરૂણાઆવે કે,
ઘરક્ષેત્ર વાડીપેઢી હટ્ટાદિ ચિંતાથી પડે હો, દેખી કરૂણા આવે કે
પ્રભુજી ॥૨॥

ધન સમૃદ્ધિ વૃદ્ધિ લોભથી, સંતોષવિણ હો કરતા પાપ અપાર કે
હિંસા અસત્ય ચોરી માયાદિ, પાપભયવિણ હો, કરે બહુ દુઃખકારક કે
પભુજી ॥૩॥

આર્તરૌદ્ર ધ્યાને કાર્યો કરે, ફળ ન ચિંતવે હો ન કરે આત્મ વિચાર કે
જીવો ધર્મ પામે તેવા યત્ન કરો, દુઃખ ટાળો હો, કરો પાપ તજનાર કે
પ્રભુજી ॥૪॥

ચક્રી બ્રહ્મદત્તાદિ ધર્મહીન જે, કરૂણાયોગ્ય તે પણ હો, જાય નરક
મોઝાર કે
ગૌતમ નીતિ '**ગુણ સૂરિ**' કહે, ધર્મે દુઃખ નાશ હો થાઓ ધર્મ
કરનાર કે
પ્રભુજી ॥૫॥

# સોળમી માધ્યસ્થ્ય ભાવના-પ્રાર્થના

( અંતરજામી સુણ અલવેસર-એ દેશી )

પ્રભુજી મારી વિનતિ સ્વીકારો, મુજ સર્વ દુઃખ નિવારો
અનંત ભવભમી અનંત દુઃખે રડી, લીધો છે શરણુ તમારો
જિનદેવ વિનતિ કરૂં છું આજ મુજ માધ્યસ્થ્યભાવ આપો
આપો આપો ને જિનરાજ, મુજ શાશ્વતસુખ આપો ॥૧॥

નિત્ય હિંસા કરે અસત્ય બોલે, ચોરી પણ નિત્ય કરતા
સમજાવ્યા સમજે નહી ત્યારે, સંત માધ્યસ્થ્ય ભાવ ધરતા,
જિનદેવ ॥૨॥

વેશ્યાને સેવે પર ભાર્યાદિ સેવે, કયાં કયાં માર પણ ખાવે
સમજાવ્યા સમજે નહી ત્યારે, સંત માધ્યસ્થ્ય ભાવલાવે,
જિનદેવ ॥૩॥

દારૂ પીએ, માંસ ખાય, જુગાર રમે, હિંસા ઉદ્યોગાદિ સ્થાપે,
સમજાવ્યા સમજે નહી તો સંત, માધ્યસ્થ્ય ભાવે મન આપો
જિનદેવ ॥૪॥

સુદેવ ગુરૂ ધર્મ નિંદે જમાલી જિમ, ઉત્સૂત્ર બોલે બોધ ન લીએ
ગૌતમ નીતિ 'ગુણુ' કહે ન કરો કોપ,
સમતા ધર્મ મુકિત દીએ, જિનદેવ ॥૫॥

## કળશ

ભીનમાલના શેઠ ઘમંડીરામ કેવલચંદજી ગોવાણીએ,
મુંબઇ તિરુપતિ એપાર્ટે, બે હજાર અડત્રીશે ચોમાસુંએ
કરાવ્યું ત્યાં શ્રાવણ શુદિ બીજે સોળ ભાવના પૂરી કરી.
કર્તા અચલગચ્છપતિ આર્ય કલ્યાણ
ગૌતમ નીતિ 'ગુણાબ્ધિસૂરિ' ॥૧॥

# અષ્ટ પ્રવચન માતા-સ્વાધ્યાય

રચનાકર: શીઘ્રકવિ અચલગચ્છાધિપતિ પા પૂ. આ. ભ.
શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ. સા.

( દુહા )

પ્રણમી શ્રી જિનદેવને, પ્રવચન માતને ધાર
માતાની જેમ રક્ષા કરી, પહોંચાડે શિવ સાર ॥૧॥

સમિતીરિયા ભાષૈષણા, આદાન નિક્ષેપ થાય
પારિઠાપના પાંચ સમિતિ ત્રણ, ગુપ્તિ મન વચકાય ॥૨॥

એ આઠ પ્રવચન માતામય, મુનિ જીવન જો થાય,
ગૌતમ નીતિ ગુણ કહે તો, મોક્ષે શીઘ્ર જવાય. ॥૩॥

## પહેલી ઈરિયા સમિતિ સ્વાધ્યાય.

( સ્વામી સીમંધર વિનતિ-એ દેશી )

ધન ધન શાસને મુનિવર, ઈરિયા સમિતિ સંભાળે રે
નિશ્ચયે કાય ગુપ્તિ ધરે, ધ્યાને કાઉસગ્ગે સ્થૈર્ય પાળે રે
ધન ધન ॥૧॥

અપવાદે ઈરિયા સમિતિ ધરે, ચપળતા કરે ન મુનિ રાય રે
જિન દર્શન વિહાર તિમ ગૌચરી, સ્થંડિલ માટે મુનિ જાય રે....
ધનધન ॥૨॥

ફરે નહી એ ચાર હેતુ વિણ, શકિત છતે સ્થિરવાસ ન થાય રે
સાડા ત્રણ હાથ દ્રષ્ટિ પોંજના, કરતા વિચરે મુનિરાય રે
ધન ધન ॥૩॥

જીવરક્ષાને કરતા સદા, સંવરાચરણે લીન થાય રે
પ્રમાદ રાગદ્વેષ મોહ ટાળતા, આત્મરમણે સ્થિર થાય રે
ધન ધન ॥૪॥

ગ્રામાનુગ્રામે મુનિ વિચરતાં, ઉપદેશે ઉપકાર કરાય રે
ગૌતમ નીતિ 'ગુણસૂરિ' કહે, ઈરિયા સમિતિએ શિવ થાય રે
ધન ધન ॥૫॥

## બીજી ભાષા સમિતિ

(ધન ધન શાસન મંડન મુનિવર–એ દેશી)

ધન ધન શાસન મંડન મુનિવરા
ભાષા સમિતિ રે મુનિવર વચધરે, ગુપ્તિ ઉત્સર્ગે છે જાણ,
સમિતિ અપવાદે આચરણીયા, એમ કહે શ્રી જિન ભાણ. ધનધન ॥૧॥

સપાપ ભાષા મુનિ બોલે નહીં, ધર્મોપદેશ દેનાર,
ઘર ક્ષેત્ર વાડી સંસારી કાર્યોની, શ્લાઘા ન કરે લગાર. ધનધન ॥૨॥

જીવો હિંસાદિ કાર્ય કરતા થાએ, એવું નહીં બોલનાર,
બોધિ પામે ધર્મ પણ કરતા થાયે, એવો બોધ દેનાર. ધનધન ॥૩॥

શાસ્ત્ર વાંચે ભણે શાસ્ત્ર સ્વાધ્યાય કરે, અરિહંત સિદ્ધ ગુણગાય,
ગુરુ આચાર્ય ઉવજ્ઝાય મુને ગુણ ગાવે,
તીર્થ ગુણ ગાતા થાય. ધનધન ॥૪॥

એમ મુનિવરો ભાષા સમિતિ પાળે, લીન થાય આત્મ ગુણમાંય,
ગૌતમ નીતિ 'ગુણ સૂરિ' કહે શિવ દીયે,
ભાષા સમિતિ જગમાંય ધનધન. ॥૫॥

## ત્રીજી એષણા સમિતિ

(ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો–એ દેશી)

ધનધન શાસન મંડન મુનિવરા રે, રમતા આત્મ વિચાર;
એષણા સમિતિ ત્રીજી મન ધરી રે, નહીં પુદ્ગલે રમનાર. ધનધન ॥૧॥

અનંત ભવ ભ્રમણો નરકાદિનારે, દુઃખોનો કરતા વિચાર;
અણહારી પદ લેવા મન કરે રે, આહાર ન ઇચ્છે લગાર. ધનધન ॥૨॥

તજ પરભાવ રમણતા દુઃખ કરી રે, ઉત્સર્ગે ચિંતવનાર;
અપવાદ છ કારણે દેહને રે, આપે નિર્દોષ આહાર. ધનધન ॥૩॥

દોષ સડતાલીશ ટાળે આહારનારે, ભ્રમરની જેમ લેનાર;
આહાર કે સ્ત્રી રૂપરંગે રમે નહીં રે,
રહે બ્રહ્મચારી અવિકાર. ધનધન ॥૪॥

માસાર્ધમાસ તપ કરે વિગઈ તજેરે, શાસ્ત્રાધ્યયનાદિ કરનાર;
મુનિવાંદી ગૌતમ નીતિગુણ કહે રે,
એષણા સમિતિ શિવકાર. ધનધન ॥૫॥

## ચોથી આદાન નિક્ષેપ સમિતિ

( પંથડો નિહાળું રે બીજા જિનતણો રે—એ દેશી )

ધન ધન શાસન મંડન મુનિવરો, ચોથી સમિતિ પાળનાર
પરિગ્રહ દુઃખકર મુનિ રાખે નહીં, આત્મ સ્વરૂપે રમનાર. ધનધન ॥૧॥

સંવેગી સંવરતા વિકસાવી, નિર્જરા કરતા જાય.
દુઃખદાયી પરભાવને છોડીને, ગજસપરે શિવ જાય ધનધન ॥૨॥

અપવાદે અલ્પ ઉપધિ સેવતા, નગ્નતા ચોલપટ્ટે જાય.
જીવરક્ષાર્થે ઓઘો મુહપત્તિ, નદ્યાદિ હેતુ દંડ હોય. ધનધન ॥૩॥

શીતાદિ હેતુ કંબલ વસ્ત્રાદિ, મૂર્ચ્છા ન રાખે જરાય
વસ્ત્ર પાત્રાદિ બે વાર પડિલેહે, અંતે જીવરક્ષાકરાય. ધનધન ॥૪॥

વસ્તુ લે મુક પોંજી પ્રમાર્જી કરે, બારી બારણાદિ પોંજાય,
કહે ગૌતમનીતિ 'ગુણ' આદાન નિક્ષેપ, સમિતિએ પણ મોક્ષ થાય.
ધનધન ॥૫॥

## પાંચમી પારિષ્ઠાપનિકા સમિતિ

( અભિનંદન જિન દરિસણ તરસીએ—એ દેશી )

ધનધન શાસન મંડન મુનિવરા રે, જીવરક્ષે ચિત્તલાય
પારિઠાપનિકા સમિતિ ધારતા રે, દેહનો રાગ છોડાય, ॥૧॥

ઉત્સર્ગે જિન કલ્પી મુનિવરા રે, અલ્પ મલોત્સર્ગ હોય
વૈરાગી તપ કરે મુનિરાજીઆ રે, પરઠવણ ક્રિયા કમ હોય ॥૨॥

અપવાદે પણ સ્થવિર મુનિઓથી રે, પ્રાણી રક્ષણે મન દેવાય
મલ પ્રસ્રવણ ખેલ શ્લેષ્માદિ પરઠવણા રે, નિર્જીવ ભૂમિએ કરાય
ધનધન ॥૩॥

ખપથી વધુ આહારાદિ લાવે નહીં રે, રોગાદિ કારણે પરઠાય
પ્રાયશ્ચિત્ત લીએ પરઠવણ ક્રિયાતણો રે, મન પશ્ચાત્તાપ કરાય
ધનધન ॥૪॥

હિંસાદિ પાપ પરઠવણે થાય નહી રે, મુનિથી એમ વર્તાય
ગૌતમ નીતિ 'ગુણ' કહે હિંસા કષાયના રે,
ત્યાગથી મુક્તિ લેવાય ધનધન ॥૫॥

## છઠ્ઠી ઢાળ – પ્રથમ મન ગુપ્તિ

( સંભવ દેવ તે ધુર સેવો સવે રે–એ દેશી )

ધનધન શાસન મંડન મુનિવરા રે, મનને વશ કરનાર
મન મોહ રાજાનો પ્રધાન છે રે, આર્તરૌદ્ર ધ્યાન કાર. ધનધન ॥૧॥
ક્રોધ માન માયા લોભ મનમાં વસે રે, જે છે દુર્ગતિ દેનાર
હિંસા જૂઠ ચોરી મૈથુન પરિગ્રહા રે, મન વસે દુઃખ દાતાર,
ધનધન ॥૨॥

મનને જો વશ નહી કરાય તો રે, સાતમી નરકે પણ લઈ જાય,
મુનિવરોથી સાધાયેલ મન થકી રે, કેવલ મુકિત પણ લેવાય.
ધનધન ॥૩॥

દષ્ટાંત પ્રસન્નચંદ્ર રાજર્ષિનો રે, વિચારો મનગુપ્તિ થાય,
મનને આશ્રવધર જો કરાય રે, તો દુઃખ મુકિત કરી ન શકાય.
ધનધન. ॥૪॥

આશ્રવ રોકી સંવર નિર્જરામાં રે, મન ધરી આત્મલીન થવાય,
ગૌતમ નીતિ 'ગુણ' કહે મોક્ષમાં રે, એવા સાધકથી જવાય.
ધનધન ॥૫॥

## સાતમી ઢાળ – બીજી વચન ગુપ્તિ

( સુવિધિ જિનેશ્વર પાય નમીને – એ દેશી )

ધનધન શાસન મંડન મુનિવરા, વચન ગુપ્તિ સ્વયંધારે રે,
વચનાશ્રવને ટાળવા મુનિવરો, શાસ્ત્ર સ્વાધ્યાય વધારે રે....
ધનધન. ॥૧॥

અનુક્રમે વચન ગુપ્તિ કરી લઇને, વચનના પાપ નિવારે રે,
ભાષા પુદ્ગલ વર્ગણા લેવા મુકવાનું, કાર્ય ન વચન ગુપ્તિ કરે રે.
ધનધન. ॥૨॥

વચનો અસંખ્ય અનંત જીવોનો, ઘોર સંહાર કરાવે રે,
બહુ ઝગડા ભયંકર યુદ્ધો પણ, વચનોથી જ્યાં ત્યાં થાવે રે.
ધનધન ॥૩॥

વચનો વૈર કરાવે બહુ પીડે, અનેક અનેક અનર્થો કરાવે રે,
મૌન વિણ આત્મ રમણુતા ન થાવે, કર્મ નિર્જરા પણ નાવેરે.
ધનધન. ॥૪॥

સર્વે તીર્થંકરો છદ્મસ્થકાળે મૌન, સાધના કરી જ્ઞાન પાવે રે,
ગૌતમ નીતિ 'ગુણ' કહે મહામુનિવરો, વચન ગુપ્તિએ શિવજાવે રે.
ધનધન ॥૫॥

## ( આઠમી ઢાળ - ત્રીજી કાય ગુપ્તિ

( અરણિક મુનિવર ચાલ્યા ગોચરી—એ દેશી )

ધનધન શાસન મંડન મુનિવરા, કાય ગુપ્તિ ધરે જે હોજી;
તપ્ત લોખંડ ગોળા જેવો દેહ છે, ફરે ત્યાં જીવ સંહારેજી ધનધન ॥૧॥
દેહ ફરે ફરકે ત્યાં લગી બંધ છે, કહ્યું ભગવતી સૂત્રમાંયજી
તેથી ચપળતા કરે નહી એહવી, જેહથી ભવ ભટકાયજી. ધનધન ॥૨॥
દેહ હલચલથી જીવ હિંસા ઘણી, હિંસાથી કર્મ બંધાયજી:
નરકાદિમાં જાય જીવો તેહથી,
અસહ્ય દુઃખોથી ત્યાં પીડાયજી. ધનધન ॥૩॥
ક્ષમા મૃદુતા સરલતા નિર્લોભતા, ધારી બ્રહ્મધર મુનિરાયજી;
યોગથી આસનોથી કાર્યોત્સર્ગથી,
ધ્યાનથી બહુ સ્થિર થાયજી. ધનધન ॥૪॥
જ્ઞાન દર્શન ચારિત્ર ગુણો આત્માના, એમાં સ્થિર થઈ રમાયજી:
ગૌતમ નીતિ 'ગુણ' કહે કાય ગુપ્તિથી,
બહુભવિ મોક્ષે જાયજી. ધનધન ॥૫॥

## મોક્ષ સાધક જૈન મુનિવર

( વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી—એ દેશી )

ધનધન શાસન મંડન મુનિવર, મહાવ્રતોને શુદ્ધ પાળે રે;
પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે,
આત્મ ગુણોને અજવાળે રે. ધનધન ॥૧॥
સ્ત્રીઓના રૂપ અંગોપાંગ ન જોવે, ઘરે કે માર્ગે વાતો ન કરે રે;
દેહ વસ્ત્રાદિ પરમૂર્છાન રાખે, દેહ રૂપ રંગ ન વધારે રે. ધનધન ॥૨॥
ન રમે પાંચે ઇન્દ્રિઓના વિષયોમાં, વિગઇઓનો ત્યાગ કરતા એ:
શાસ્ત્રાધ્યયન સ્વાધ્યાય સતત કરે,
ઉપવાસ આંબીલાદિ કરતારે. ધનધન ॥૩॥
ક્રોધ માન માયા લોભ નિંદા, ન કરે ગુણી ગુણ ગાવે રે;
શાસ્ત્ર ગુરુની આજ્ઞાન ઓળંગે, શાસન ઉન્નતિ કરાવે રે. ધનધન ॥૪॥
આપ વખાણ ન કરે ન કરાવે, મુનિ વૈયાવચ્ચ કરે ભાવે રે;
ગૌતમ નીતિ 'ગુણ' કહે સંપીને રહે,
આત્મામાં રમી મોક્ષે જાવે રે. ધનધન ॥૫॥

卐 卐 卐

### કળશ

અચલગચ્છીય શ્રેષ્ઠિ ધરમંડીરામ, કેવલચંદજી ગોવાણીએ;
મુંબઈ તિરુપતિ એપાર્ટે બે હજાર આડત્રીસે ચોમાસું એ
કરાવ્યું ત્યાં શ્રાવણ શુદિ આઠમે અષ્ટ પ્રવચન માતા પૂરી કરી.
કર્તા અચલગચ્છાધિપતિ આર્ય કલ્યાણ ગૌતમ નીતિ-
ગુણાબ્ધિસૂરિ ॥૧॥

## સમકિત સડસઠીનું ચોઢાળિયું

[ રચિયતા: **અચલગચ્છ દિવાકર, શીઘ્રકવિ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.** ]

### દુહા

જિન જિનવાણીને નમી, સમકિત સડસઠ ભેદ
કહું સુણો સમકિતપ્રદ ગુરૂ, ઉપકાર માનો અખેદ. ॥૧॥

કોટિ કોટિ ભવમાં કરો, ભવિ જો સકલ ઉપાય
સમકિતપ્રદ ગુરૂનો નહીં, ઉપકાર વાળી શકાય. ॥૨॥

વિણ સમક્તિ દાન શીલ તપ, આદિ ક્રિયા ન દે મુકિત
નાશે દર્શન મોહ તો, સમકિત મળે જિન ઉકિત. ॥૩॥

સદ્દહણા ચાર લિંગત્રણ, વિનય ભેદ દશ સાર
ત્રણ શુદ્ધિ પાંચ દૂષણો, પ્રભાવક આઠ પ્રકાર. ॥૪॥

પાંચ ભૂષણ પાંચ લક્ષણો, ષટ્ જયણા છ આગાર
ષટ ભાવના ષટ્ સ્થાન એ, સડસઠ બોધિ પ્રકાર. ॥૫॥

卐

### ઢાળ ૧ લી,

"ધનધન શાસન મંડન મુનિવરા" એ દેશી

જિન કહ્યા નવ તત્ત્વ જાણે શ્રદ્ધાએ, કરે તસ અર્થ વિચાર
શ્રદ્ધાએ નવતત્ત્વ પરમાર્થ જાણવો, પહેલી સદ્દહણા સાર.
ધનધન સમકિત પામેલ ભવિ જીવો ॥૧॥

શુદ્ધ માર્ગ બતાવે મુકિતનો, સંવેગ રંગે રમનાર
એવા શાસ્ત્રજ્ઞ મુનિવર સેવીએ, બીજી સદ્દહણા ધાર. ધનધન ॥૨॥

યથાછંદ નિહ્નવ કુશીલ પાસત્થાદિ, વેશ વિંડબનાકાર
દૂર તજો એવા સમકિત વમનારા, ત્રીજી સદ્દહણા સાર. ધનધન ॥૩॥

સંગ જ તજીએ પરદર્શનીઓનો, ચોથી સદ્દહણા ધાર
વાર્દ્ધિમાં ગંગાજલ લૂણપણું પામે, તિણે હીણ સંગ ત્યાજય સાર.
ધનધન ॥૪॥

ત્રણ લિંગમાં પહેલું લિંગ છે, શિવપ્રદ શ્રુત અભિલાષ
એથી શાસ્ત્ર શ્રવણમાં સાકરથી, અધિક જ આવે મીઠાશ
ધનધન ॥૫॥

અટવી ઉતરેલ ભૂખ પીડિત દ્વિજને, ઘેબરે જેવો હર્ષ થાય
તેથી અધિક હર્ષ ધર્મ કરણે આવે, બીજુ લિંગ દિલ પાય
ધનધન ॥૬॥

પ્રમાદ તજી સેવા ગુરુદેવોની, કરે વિદ્યા સાધક જેમ
ત્રીજા લિંગને પામી સમકિતી, શાશ્વત સુખ મળે એમ ધનધન ॥૭॥

ભાવથી વિનય કરાય અરિહંતોનો, સિદ્ધોનો વિનય કરાય,
વિનય કરાય જિનમૂર્તિ મંદિરનો, જિન શાસ્ત્રનો વિનય કરાય,
ધન ધન ॥૮॥

જૈનાચાર્યોનો જૈન ઉવજઝાયોનો, જૈન સાધુઓનો કરાય,
પ્રવચન જૈન ચતુર્વિધસંઘનો, ક્ષમાદિ ધર્મનો કરાય, ધનધન ॥૯॥

વિનય કરાય તિમ સમકિત દર્શનનો, એ દશનો વિનય કરાય,
બાહ્ય ભક્તિ આંતર પ્રેમ બહુમાને, ગુણ સ્તવનાથી કરાય,
ધનધન ॥૧૦॥

અવગુણાચ્છાદન આશાતના વારીને, પાંચ ભેદે દશનો કરાય,
ગૌતમનીતિગુણ કહે ધર્મમૂળએ, વિનયથી મોક્ષે જવાય,
ધનધન ॥૧૧॥

卐

ઢાળ બીજી—ભરતને પાટે ભૂપતિ રે—એ દેશી

સમકિતની ત્રણ શુદ્ધિઓ રે, મન વચ કાય પ્રકાર સલૂણા
જૈન સુદેવ ગુરૂ ધર્મ વિણ રે, અસત્ય એ મન શુદ્ધિ ધાર સલૂણા
ધન્ય ધન્ય સમકિતી જીવને રે, મિથ્યાત્વને તજનાર, સલૂણા ॥૧॥

જિન ભક્તિએ જે ન પામીએ રે, તે બીજાથી ન પમાય, સલૂણા
પરમ ભક્તિએ એવું બોલીએ રે, વાણી શુદ્ધિ કહે જિનરાય સલૂણા
ધન્ય ધન્ય ॥૨॥

ન નમે જિન વિના અન્ય દેવને રે, છેદન ભેદન થાય તોય, સલૂણા
એ કાયા શુદ્ધિ ત્રીજી કહી રે, એથી ભવિજીવ મુકિત હોય સલૂણા
ધન્ય ધન્ય ॥૩॥

પાંચ દૂષણ સમકિત તણા રે, પહેલું દૂષણ શંકા ધાર સલૂણા
શંકા વીતરાગ સર્વજ્ઞના રે. વચને ન કરવી લગાર, સલૂણા
ધન્યધન્ય ॥૪॥

બીજું દૂષણ કાંક્ષા પરિહરો રે, કરાવે કુમત અભિલાષ, સલૂણા
ઇષ્ટપ્રદ કલ્પ વૃક્ષ પામીને રે, કેમ કરો બાવળ આશા સલૂણા
ધન્ય ધન્ય ॥૫॥

વિતિગિચ્છા ત્રીજું દૂષણ તજો રે, ધર્મફળ સંશયકાર, સલૂણા,
પરપાખંડી પ્રશંસા દૂષણ તજો રે, પરમત પુષ્ટિકાર, સલૂણા,
ધન્ય૦ ॥૬॥

તજો પરિચય પરપાખંડીનો રે, એ દૂષણ ધર્મભ્રષ્ટકાર, સલૂણા,
પાંચ દૂષણ તજો બોધિને રે, મલીન કે ભ્રષ્ટ કરનાર, સલૂણા.
ધન્ય૦ ॥૭॥

ધન ધન શાસને મુનિવરા રે, કરતા જગ ઉપકાર, સલૂણા,
શાસને આઠ પ્રભાવક કહ્યા રે, પ્રથમ મહાપ્રાવચની ધાર સલૂણા.
વિદ્યમાન શાસ્ત્રોનાં અર્થનો રે,
પાર પામેલ ગુણાગાર, સલૂણા ધનધન ॥૮॥

પ્રખર ધર્મ વ્યાખ્યાતા બીજો રે, જિમ મુનિ નંદિષેણ ધાર, સલૂણા
ઉપદેશથી વૈરાગિત કરે રે, નિત્ય દશ ચારિત્રી કરનાર સલૂણા
ધનધન ॥૯॥

મલ્લવાદી જિમ તર્કને ભણી રે, વાદી ત્રીજો વાદકાર, સલૂણા
રાજસભામાં જીતી વાદીને રે, જિન શાસન જયકાર, સલૂણા
ધનધન ॥૧૦॥

અન્ય દર્શનીને પરાજિત કરે રે, જિમ ભદ્રબાહુસ્વામી ધાર, સલૂણા
નિમિત્તી ચોથો પ્રભાવક કહ્યો રે, શાસને યશ દાતાર, સલૂણા
ધનધન ॥૧૧॥

જિનાજ્ઞા પ્રમાણે મહા તપ કરે રે, શાસન દીપાવે ક્ષમાકાર, સલૂણા
તપસ્વી પ્રભાવક પાંચમો રે, સંવર નિર્જરા કરનાર સલૂણા
ધનધન ॥૧૨॥

વિદ્યા મંત્રોથી શાસન જય કરે રે,
છઠ્ઠો વજ્રસ્વામી જિમ એહ, સલૂણા
શાસન દીપાવે અંજન યોગ સિદ્ધ રે,
કાલિક પરે સપ્તમ તેહ, સલૂણા. ધનધન. ॥૧૩॥
અષ્ટમ કવિવર સુકાવ્યોથી રે, નૃપ બોધે સિદ્ધસેન જેમ સલૂણા
જ્યારે એવા ન પ્રભાવકો રે, ત્યારે શાસન દીપે કરે તેમ, સલૂણા
ધનધન ॥૧૪॥
મોટા સંઘો લઇ યાત્રા કરે રે, પ્રતિષ્ઠાદિ મહોત્સવ કાર સલૂણા
ગૌતમ નીતિ 'ગુણ' કહે પ્રભાવકો રે, થાય બહુ ભવિ તારણહાર.
સલૂણા ધનધન ॥૧૫॥

## ઢાળ ત્રીજી – ગિરૂઆ રે ગુણ તુમ તણા – એ દેશી

ભૂષણ પાંચ સમકિત તણા, સમકિતને શોભાવે રે,
પહેલું ધર્મક્રિયામાં નિપુણપણું, તપવંદનાદિ કરે ભાવે રે....ભૂષણ ॥૧॥
બીજું તારક તીર્થ સેવના, તારે તે તીર્થ કહેવાય રે,
ત્રીજું ગુરૂદેવની સેવા કરે, અતિશય ભાવ લગાય રે....ભૂષણ ॥૨॥
ચોથું ધર્મદઢતા દેવાદિથી, ચલાવ્યો ન કદી ચાલનાર રે,
પાંચમું ધર્મપ્રશંસા બહુજન કરે, તેવી પ્રભાવના કરનાર રે....ભૂષણ ॥૩॥
લક્ષણ પાંચ સમકિત તણા, પહેલું શમ લક્ષણ સાર રે,
કોપ ન અપરાધી પર કરે, દંડ દેવા ન કરે વિચાર રે....ભૂષણ ॥૪॥
સંવેગ બીજું સુરનર સુખને, દુઃખ માને ઇચ્છે મોક્ષ સુખને રે,
નિર્વેદ ત્રીજું ઇચ્છે ભવ તજવા, માની નરક જેવું ભવને રે....ભૂષણ ॥૫॥
અનુકંપા ચોથું દયા દુઃખીયાની, દ્રવ્યે ધર્મ હીનની ભાવે રે
પાંચમું આસ્તિકતા સાચા જ છે, જિનવચનો એવું ધ્યાવે રે....ભૂષણ ॥૬॥
ષટ્ યતના સમકિત તણી, પરધર્મી ઋષિદેવાદિને રે;
પર તીર્થી ગૃહીત જિન–ચૈત્યને પણ,
કરવા ન વંદન નમનાદિને રે....ષટ્ યતના. ॥ ૭ ॥
હસ્ત જોડવા તે વંદન જાણો, નમન તે મસ્તક નમાવવું રે;
દાન ન દેવું અન્ન વસ્રાદિ,
ભકિત ગૌરવાદિ ન કરવું રે....ષટ્ યતના. ॥ ૮ ॥

વારંવાર દાન તે અનુપ્રદાન, કુપાત્રે તે નવિ કરવું રે:
ન પાત્રમતિયે કુપાત્રે દેવું,
ફળ ન અનુકંપા જેવું રે....ષટ્ યતના. ॥૯॥

આલાપ તે કહ્યા વિણ કહેવું, આલાપ ફરી ફરી તે સંલાપ રે;
ન કુતીર્થી સહુ વંદન નમન દાન,
અનુપ્રદાન આલાપ સંલાપ રે....ષટ્ યતના. ॥૧૦॥

એ છ યતનાથી સમકિત રક્ષો, શોભે ધર્મ વ્યવહાર રે;
કહે ગૌતમ નીતિ 'ગુણ' અપવાદે,
જયણાના અનેક પ્રકાર રે....ષટ્ યતના. ॥૧૧॥

卐

## ઢાળ ચોથી

ત્રીજે ભવ વર સ્થાનક તપ કરી—એ દેશી

ઉત્સર્ગે વ્રત દ્રઢતાથી પાળો, અપવાદે કહ્યા છ આગાર;
નૃપ આજ્ઞાથી કાર્તિકને કરવું પડયું, તેથી ન વ્રત ભાંગનાર રે. ભવિકા.
સમકિત આગાર વિચારો, જિન વચનોને સ્વીકારો રે.
ભવિકા. ॥૧॥

ગણ તે સમુદાય બલ તે ચોરાદિક, દેવ તે ક્ષેત્રપાલાદિ;
ગુરુ તે જનકાદિક વૃત્તિ તે આજીવિકા,
જાણો તે ભીમ અટવ્યાદિ રે. ભવિકા. ॥૨॥

નૃપ ગણ બલદેવ ગુરુ વૃત્તિ છ આગાર, કારણે કોઈ સ્વીકારાય;
આગાર ઉપયોગે વ્રત ભંગ ન થાવે,
દોષ લાગે તે દંડ જાયે રે. ભવિકા. ॥૩॥

હવે સમકિતની છ ભાવના જાણો, ભાવનાથી મોક્ષ લેવાય;
મોક્ષફળ ધર્મ વૃક્ષનું મૂળ છે સમકિત, એ ભાવ ચિત્તે રખાય રે. ભવિકા.
સમકિત ભાવના ધારો, જિન વચનોને સ્વીકારે. રે. ભવિકા. ॥૪॥

ધર્મનગરનું સમકિત દ્વાર છે, બોધિથી ધર્મે પ્રવેશાય;
સમકિત પીઠ છે ધર્મ પ્રાસાદનું,
દ્રઢ પીઠે મહેલ દ્રઢ થાય રે. ભવિકા. ॥૫॥

સર્વ ગુણોનું નિધાન છે સમકિત, નિધિ વિણ રત્નો ન રક્ષાય;
આધાર બોધિ શમદમાદિ ગુણોનો,
આધાર વિણ ન રહેવાય રે. ભવિકા. ॥૬॥

જ્ઞાન ચારિત્રાદિ રસ પાત્ર છે સમકિત,
પાત્ર વિણ રસ વહી જાય;
એ છ ભાવના સમકિતની ભાવો,
બોધિ રક્ષો શિવદાય રે. ભવિકા. ॥૭॥

ષટ્ સ્થાન છે જ્યાં સ્થિર થાય સમકિત, પહેલું આત્મ છે ઈમ ધારો;
દેહ ભિન્ન દેહે ખીર નીર પરે રહી,
ચલનાદિ ક્રિયા કરનારો રે. ભવિકા,
સમકિત સ્થાન છ ધરો, જિન વચનોને સ્વીકારો રે. ભવિકા. ॥૮॥

નિત્ય છે આત્મા ભૂતસ્મરી ભવકારી, અનિત્ય દેવાદિ રૂપધારી;
કર્મોનો કર્તા છે આત્મા હિંસા જૂઠ,
ચોરી મૈથુનાદિ કર્મ કારી રે. ભવિકા. ॥૯॥

કર્મફળ દુઃખ સુખનો ભોકતા છે આત્મા નરક સ્વર્ગાદિ પામનારો;
આત્માને મોક્ષ છે અષ્ટ કર્મ ક્ષય કરી,
શાશ્વત સુખ મોક્ષે જાનારો રે. ભવિકા. ॥૧૦॥

સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્ર છે, જગમાં મોક્ષ ઉપાયો;
ગૌતમ નીતિ 'ગુણ' કહે ધન્ય આત્મા,
જેણે સર્વ શ્રેષ્ઠ બોધિ પાયો રે. ભવિકા. ॥૧૧॥

**કળશ**

અચલગચ્છીય શ્રેષ્ઠિ ધર્મંડીરામ કેવલચંદજી ગોવાણી એ,
મુંબઈ તિરૂપતિ એપાર્ટે બે હજાર આડત્રીશે ચોમાસું એ;
કરાવ્યું ત્યાં ભાદરવા સુદિ એકમે, સમકિત સડસઠી પૂરી કરી
કર્તા અચલગચ્છપતિ આર્ય કલ્યાણ ગૌતમ નીતિ ગુણાબ્ધિ સૂરિ ॥૧॥

卐

# શ્રી પુણ્યપ્રકાશ સ્તવન પંચઢાળીયું

રચયિતા : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

દુહા

અનંત તીર્થંકર નમી, અંતિમ પ્રભુ નમી વીર
દશ પ્રકાર આરાધના, કરી લે કરી દિલ સ્થિર ॥૧॥

આલોઇ અતિચાર ધુર, વ્રત લે જીવ ખમાવ
પાપ સ્થાન વોસિરાવ સર્વ, ચાર શરણુ લે ભાવ ॥૨॥

નિંદઅ-શુભ દુષ્કાર્ય નિજ, સત્કર્તવ્યો અનુમોદ
શ્રેષ્ઠ ભાવ ધર અવસરે, લે શુભ અણસણ ગોદ ॥૩॥

અંતે પણ નવકાર સ્મર, જિન દેવો કહે સાર
મોક્ષ સાધક અધિકાર દશ, એ છે મોક્ષ દેનાર ॥૪॥

卐

(ઢાલ-પહેલી)

રાખના રમકડા—એ દેશી

અતિચાર આલોઉં અનંતા, ભવો ભવમાં જે કીધાં રે,
જ્ઞાન દર્શન ચારિત્ર તપ વીર્યના, મન વચ કાયાએ સીધાં રે,
અતિચાર.

જ્ઞાન જ્ઞાનીની સાધુની શાસ્ત્રોની, પોથી પાટી આદિની જેહ.
જ્ઞાન ઉપકરણોની કીધી આશાતના, મિચ્છામિ દુક્કડં તેહ રે
અતિચાર ॥૧॥

જિનવચ શંકા અન્ય ધર્મ ઇચ્છા, ધર્મ ફળ સંદેહ જેહ.
પરમતિ પ્રશંસા પરિચય કીધાં, મિચ્છામિ દુક્કડં તેહ રે,
અતિચાર ॥૨॥

જિનાલય મૂર્તિ સાધુ ધર્મ સંઘની, કરી નિંદા આશાતના જેહ,
દેવ દ્રવ્ય વિણાસ્યું વિણસતાં ઉવેખ્યું, મિચ્છામિ દુક્કડં તેહ રે
અતિચાર. ॥૩॥

સાધુ પણે અષ્ટ પ્રવચન માતા, પ્રમાદે ન પાળી જેહ.
તિમ શ્રાવકપણે સામાયિક પોષધે, મિચ્છામિ દુક્કડં તેહ રે
અતિચાર. ॥૪॥

સાધુ શ્રાવકાદિ પણે મન વચ કાયાએ, ચારિત્ર વિરાધ્યું જેહ.
અજયણાએ હિંસાદિ થાય જે, મિચ્છામિ દુકકડં તેહ રે
અતિચાર. ॥૫॥

શક્તિ છતાં બાર ભેદે જૈન તપ, કીધું ન પ્રમાદે જેહ.
ધર્મમાં ત્રિકરણે વીર્ય ન વાપર્યું, મિચ્છામિ દુકકડં તેહ રે
અતિચાર. ॥૬॥

ઈમ જ્ઞાન દર્શન ચારિત્ર તપ વીર્ય, અતિચાર આચર્યા જેહ.
વારંવાર આ ભવ પર ભવોમાં, મિચ્છામિ દુકકડં તેહ રે
અતિચાર. ॥૭॥

ખેડયા ખેત્ર તળાવ કૂવા, ભોંયરાદિ ખોદાવ્યા એહ.
ઘરમાળ ચણાવી લિંપણાદિકરી, પૃથ્વી કાય હણ્યા તેહ રે
અતિચાર. ॥૮॥

સ્નાન ધોવણ વાળી ઘરાદિ કરતાં, અપકાય હણીયા એહ.
ખુરા ચૂલ ભઠ્ઠી ભુંજણ રાંધણ, રંગણ તાપણાદિ તેહ રે
અતિચાર ॥૯॥

અગ્નિ કાયંકરી કર્માદાન સેવી, તેઉ વાઉ હણીયા એહ.
વનસ્પતિ વાવી, કાપી, છેદી, છુંદી, ફૂલ ફલાદિ હિંસ્યા તેહ રે-
અતિચાર. ॥૧૦॥

કાપી શાક ચટણી અથાણા કરી, શુકવી શેકી પોંક એહ.
તિલ અળસી એરંડા સીંગાદિ, ઘાણીમાં પીડયા તેહ રે-
અતિચાર. ॥૧૧॥

ધાન્ય પીસી રાંધી પીસાવી રંધાવી, પીલી શેલડી કંદ વેંચ્યા એહ.
વનસ્પતિકાય હણ્યા ઇમ પાંચે, એકેન્દ્રિય સર્વ જીવે તેહ રે-
અતિચાર. ॥૧૨॥

હણ્યા હણાવ્યા હણતાં અનુમોદ્યા, સવી જીવી ખમાવું એહ.
આ ભવ અનંત ભવોમાં દુભવ્યા જીવ, મિચ્છામિ દુક્કડં તેહ રે-
અતિચાર. ॥૧૩॥

કૃમી કીડા જળો પુરા અળસીયા, ઈયળ વાળા ચલ રસના.
ગાડર ગંડોલા અથાણાદિના, જીવ દુહવ્યા બેઇન્દ્રયના રે-
અતિચાર. ॥૧૪॥

કુંથુઆ, કીડી, ચાંચડ, માંકડ, ઉધેહી કાનખજુરીઆ
મંકોડા જૂ લીખ ધનેડાદિ, જીવ દુહવ્યા તેઇન્દ્રિયા રે-
અતિચાર. ॥૧૫॥

ભમરા ભમરી માખી મચ્છર, વીંછી તીડ પતંગીયા,
કંસારી ડાંસ મસા ઢિંકણાદિ, જીવ દુહવ્યા ચઉરિન્દ્રિયા રે-
અતિચાર. ॥૧૬॥

જલે મત્સ્યાદિ સ્થલે મૃગલાદિ, ગગને પક્ષી આદિ સંતાપ્યા.
પોપટ પાંજરે કુતરાદિ સવી, જીવ દુહવ્યા પચેન્દ્રિયા રે-
અતિચાર. ॥૧૭॥

ભવોભવ બિતિ ચઉરિન્દ્રિ, પંચેન્દ્રિ, જીવ હણ્યા હણાવ્યા દુભવ્યા જેહ.
હણાતા અનુમોદ્યા મિચ્છામિ દુક્કડં, ખમાવું વારંવાર તેહ રે-
અતિચાર. ॥૧૮॥

અસત્ય બોલી ઠગ્યા ચોરી કરી લૂંટયા, સુરનર તિરિ મૈથુન સેવ્યા.
વિષય લંપટ થયો પરિગ્રહે રાચ્યો, ભવોભવ પરિગ્રહ રહી ગયા રે-
અતિચાર. ॥૧૯॥

રાત્રિ ભોજન કર્યા કંદ મૂળ ખાધાં, બાવીશે અભક્ષ્યો ભક્ષ્યા.
લઇ વ્રત પચ્ચખાણ ભાંગ્યા કર્યા પાપ, સ્વગુણ ગાયા પરનિંદ્યા રે,
અતિચાર. ॥૨૦॥

અનંત ભવોમાં ઇમ પાપ કર્યા મેં, મિચ્છામિ દુક્કડં તેહ રે.
ગૌતમ નીતિ 'ગુણ' કહે મોક્ષ સાધક, પહેલો અધિકાર એહ રે,
અતિચાર. ॥૨૧॥

卐

**( ઢાળ બીજી )** ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી—એ દેશી.

ગુરુ પાસે લેવા પાંચ મહાવ્રત, અથવા લેવા વ્રત બાર.
લીધા વ્રત શુદ્ધ પાળો સંભારો, એ બીજો અધિકાર રે ભવિકા.
મોક્ષ મારગ આરાધો, આરાધી મોક્ષ સાધો રે. ભવિકા. ॥૧॥
લાખ ચોર્યાશી યોનિ સર્વ જીવો, ખમાવીએ વારંવાર.
સર્વ મિત્ર છે કોઇ ન શત્રુ, ચિંતવી દ્વેષ નિવાર રે ભવિકા. ॥૨॥
વૈરી સ્વજન સાધર્મિક સંઘને, ખમાવી અપ્રીતિ નિવાર;
ખમવું ખમાવવું એ ધર્મ સાર છે, એ ત્રીજો અધિકાર રે.
ભવિકા. ॥૩॥

હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા લોભ,
રાગ, દ્વેષ, કલહ, કૂડા આળ, ચાડી રતિ અરતિ દે ક્ષોભ રે.

ભવિકા. ॥૪॥

નિંદા માયા મૃષાવાદ મિથ્યાત્વએ, પાપસ્થાનક દુઃખકાર;
અઢાર એ પાપસ્થાનક વોસિરાવું, ત્રિવિધે ત્રિવિધે વારંવાર રે.

ભવિકા. ॥૫॥

પાપસ્થાનક છોડયાવિણ નહીં મુક્તિ, એ જિન વચન વિચાર;
ગૌતમ નીતિ 'ગુણ' કહે મોક્ષ સાધક, એ ચોથો અધિકાર રે.

ભવિકા. ॥૬॥

(ઢાળ ત્રીજી) સાંભળજો મુનિ સંયમ રાગે-એ દેશી

અસાર અશરણ આ સંસારે, શરણ પહેલું અરિહંત રે;
બીજું શરણ છે સિદ્ધ પરમાત્મા, ત્રીજું શરણ સાધુસંત રે.

....અસાર૦ ॥૧॥

જૈન ધર્મનું શરણ છે ચોથું, એ ચાર શરણ સ્વીકાર રે;
અન્ય શરણ ત્યાગો મોક્ષ સાધક, એ પાંચમો અધિકાર રે.

....અસાર૦ ॥૨॥

અનંત ભવોમાં કર્યા પાપકર્મો, પ્રતિક્રમું નિંદું હું તેહરે;
સૂત્ર ઉત્થાપ્યા ઉત્સૂત્ર ભાખ્યા, પાપકર્મ નિંદું એહ રે.

....અસાર૦ ॥૩॥

ચકકી, ઘાણી, શસ્ત્રો, યંત્રો, હળાદિ, ભવોભવ મૂકયા જેહ રે;
જીવોને પીડતા હિંસા કરતા, વોસિરાવું સવી તેહ રે.

....અસાર૦ ॥૪॥

ભવોભવ પરિવારો કરી પોષ્યા, બહુ પાપો કરી જેહ રે;
તે તિમ અન્ય ભવે સાથે ન આવ્યા, ધનાદિ પરિગ્રહ તેહ રે.

....અસાર૦ ॥૫॥

દુષ્કૃત ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું, નિંદું હું દુષ્કૃત વારંવાર રે;
ગૌતમ નીતિ 'ગુણ' કહે મોક્ષ સાધક, એ છઠ્ઠો અધિકાર રે.

....અસાર૦ ॥૬॥

卐

## ( ઢાળ ચોથી )

ધનધન શાસન મંડન મુનિવરા—એ દેશી

---

ધન્ય દિન જેમાં ધર્મ કાર્યો કર્યા,
અભયદાન દીધાં બહુ જીવોને, વિરતિ સ્વીકારી ભવનાવ;
દાન દીધાં જૈન સાધુસાધ્વીને, સત્પાત્ર પોષ્યા સુભાવ.
ધન્ય દિન. ॥૧॥

ભકિત કરી ચતુર્વિધ જૈન સંઘની, તીર્થયાત્રાઓ કરી સાર;
જિન પૂજા પૌષધ પ્રતિક્રમણાદિ, સામાયિક કર્યા ધરી પ્યાર.
ધન્ય દિન. ॥૨॥

જિનાલય ઉપાશ્રય જ્ઞાન ભંડારાદિ, કર્યા કર્યો શાસ્ત્ર ઉદ્ધાર;
જિન મંદિર જીર્ણોદ્ધાર કરાવીયા, તપ કર્યા અનેક પ્રકાર.
ધન્ય દિન ॥૩॥

શત્રુંજયાદિ તીર્થોના સંઘો કાઢીયા, કર્યા બહુ દીન ઉદ્ધાર;
અનુમોદું સર્વ ધર્મ કાર્ય મોક્ષ સાધક, એ સાતમો અધિકાર.
ધન્ય દિન. ॥૪॥

મુમુક્ષુ ભાવવિણ આત્મ કલ્યાણ નહી,
સંસારે દુઃખ છે અપાર.
સર્વ વિરતિધર કયારે થઇશ હું, છોડીશ કયારે આ સંસાર.
ધન્યદિન ॥૫॥

ચારિત્ર વિણ અનંત કાળ ભટકયો હું,
પામ્યો ન દુઃખનો પાર.
બંધાવી જિનાલય ઉપાશ્રયો લક્ષ્મીનો, સદ્વ્યયકર મોહ વાર.
ધન્યદિન ॥૬॥

છોડી કષાય, દાન, શીલ, તપ, ભાવને,
આરાધ શુભ ભાવ ધાર.
ગૌતમ નીતિ 'ગુણ' કહે મોક્ષ સાધક એ આઠમો અધિકાર.
ધન્યદિન ॥૭॥

卐

## (ઢાળ પાંચમી)

અજિત જિણંદ શું પ્રીતડી—એ દેશી

અવસર આવે અણસણ કરો, ચારે આહારનો હો કરી લ્યો પચ્ચખાણ કે
દેહધન કુટુંબ મમતા તજો, રમો આત્મામાં હો,
મન ધરી જિન આણ કે. અવસર–૧

ચઉગતિ આહાર અનંત કર્યા, પામ્યો તૃપ્તિ નહો,
દુર્લભ અણસણ ભાવ કે;
ધન ધન્ના શાલિભદ્ર સ્કંધકાદિ, અણસણ કરી હો,
પામ્યા કર્મ અભાવ કે. અવસર–૨

ભવ એક કરી મોક્ષમાં જાશે, મોક્ષ સાધક હો, નવમો અધિકાર કે;
સતત મહામંત્ર નવકાર ગણો, એ મહામંત્ર હો,
છે મોક્ષ દાતાર કે. સતત–૩

નવકારે સર્પ ધરણેન્દ્ર થયો, ભીલ ભીલડી હો,
ભૂપતિ રાણી થાય કે;
શ્રીમતીને સાપ ફૂલમાળા, જોગી સુવર્ણ નર હો,
શિવકુમારે કરાય કે. સતત–૪

દુઃખ દુર્ગતિ નવકારે ટળે, સ્વર્ગ સંપત્તિ હો,
મળે મોક્ષ પણ થાય કે;
મોક્ષ સાધક અધિકાર એ, દશમો સુખદાયી હો,
એ દશે મોક્ષ દાય કે. સતત–૫

ભાગ્યે પ્રભુ મહાવીર મળ્યા, આવ્યો શરણે હો,
પ્રભુ દુઃખ નિવારો કે;
ગૌતમ નીતિ **ગુણસૂરિ** કહે, દેવ દયાળુ હો,
ભવ સમુદ્ર ઉતારો કે. ભાગ્યે–૬

### કળશ

અચલગચ્છે શેઠ ઘમંડીરામ, કેવલચંદજી ગોવાણીએ,
મુંબઇ તિરૂપતિ એપાર્ટે બે હજાર આડત્રીશે ચોમાસું એ;
કરાવ્યું ત્યાં ભાદરવા વદિ પાંચમે, પુણ્ય પ્રકાશ સ્તવના કરી,
કર્તા અચલગચ્છપતિ આર્ય કલ્યાણ
ગૌતમ નીતિ **ગુણાબ્ધિસૂરિ** ॥૧॥

卐

# શ્રી વીરજિન સ્તવન

રચયિતા : અચલગચ્છાધિપતિ, યુગ પ્રભાવક, પ. પૂ. આ. ભ.

**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી** મ. સા.

( રાગ–શાંતિજિન એક મુજ વિનંતિ )

**( લઘુ પુણ્યપ્રકાશ સ્તવન )**

---

વીર જિન વિનાતે સાંભળો, ભવદવ ટાળવા મુજરે; ૧
પાપ મુજ હૃદય સંતાપતા, આલોઉં સાક્ષીએ તુજરે. વી૦

દુઃખમય દુઃખફલ દુઃખની, પરંપરાને સરજનારરે; ૨
અનાદિ સંસાર છે કર્મથી, ટાળ પ્રભુ દયા ધરનારરે. વી૦

વિષય ક્રોધાદિમાં રાચતાં, પાપ કરતાં અવિચારરે; ૩
રાગ દ્વેષે ભવ ભટકતાં, નવી કર્યો આત્મ વિચારરે. વી૦

અતિ અધમ દુઃખી મુજ પર દયા, લાવી દઈ જ્ઞાન કર સહાયરે; ૪
આત્મશુદ્ધિ સહ જીવની, મુક્તિ પણ જેમ થઈ જાયરે. વી૦

દર્શન જ્ઞાન ચારિત્ર તપ, વીર્યના જેહ અતિચારરે; ૫
અજ્ઞપણે આચર્યા દેવ મેં, મિચ્છામિ દુક્કડં સારરે. વી૦

અરિહંત સિદ્ધ આચાર્ય તિમ, ઉપાધ્યાય મુનિ સંતરે; ૬
જગત ઉપકારી પરમેષ્ઠિઓ, છે થયા અનંત ગુણવંતરે. વી૦

સકલ એ ગુણી તથા અન્ય પણ, ગુણધરા જીવ જગ જેહરે; ૭
સર્વ એ જીવ મેં દુહવ્યા, મિચ્છામિ દુક્કડં તેહરે. વી૦

પૃથ્વી અપ તેઉ વાયુ તથા, વનસ્પતિકાય ત્રસ કાયરે; ૮
આરંભ લોભાદિથી મેં હણ્યા, નિરપરાધી અસહાયરે. વી૦

વળી હિંસા અનૃત સ્તેય મૈથુન, પરિગ્રહાદિતિમ જેહરે; ૯
આચરી જીવ વિરાધીયા, મિચ્છામિ દુક્કડં તેહરે. વી૦

સર્વ–વિરત્યાદિ વ્રત નિયમ લઈ, દોષ બહુ આચર્યા જેહરે; ૧૦
ઇમ ભવોભવ કર્યા દોષ જે, મિચ્છામિ દુક્કડં તેહરે. વી૦

દોષ આલોઈ મહાવ્રત લહ્યા, લહ્યા બહુ નિયમવ્રત સારરે; ૧૧
વિરતિ વિણ આત્મ કલ્યાણ નહિ, વિરતિ છે મોક્ષ દેનારરે. વી૦

લાખ ચોર્યાસી યોનિ તણા, જીવ સર્વે ખમાવું જ રે; ૧૨
વેર કોઈ જીવ સાથે ન મુજ, મિત્ર છે જીવ સવા મુજરે. વી૦

ધર્મનું સાર છે ક્ષામણા, તિણે ખમાવું વારંવારરે; ૧૩
સર્વ જીવો મુજ ક્ષામણા, આપજો સ્વપર હિતકારરે. વી૦

હિંસા મૃષા ચોરી પરિગ્રહ અબ્રહ્મ, ક્રોધ માન માયા લોભ રાગરે; ૧૪
દ્વેષ કલહ રતિ અરતિ મૈથુન માયામૃષા નિંદા મિથ્યાત્વાઘરે. વી૦

અઢાર એ પાપસ્થાનક કહ્યા, મોક્ષ પથ વિઘ્ન કરે જેહરે; ૧૫
સેવ્યા દુર્ગતિપ્રદા દુઃખદા, નિંદુ વોસીરાવું સવિ તેહરે. વી૦

શરણુ લહું શ્રી અરિહંતનું, જેહ ભવ જલનિધિ નાવરે; ૧૬
અનુત્તર જગત ઉપકારકા, શરણુ કરે દુઃખ અભાવરે. વી૦

શરણુ લહું સિદ્ધ ભગવંતનું, મોક્ષમાં જેહનો વાસરે; ૧૭
અનંતજ્ઞાનાદિ ચઉ લીન જે, પૂર્ણ જસ આત્મ વિકાસરે. વી૦

શરણુ લહું સાધુ ભગવંતનું, સાધતા જેહ શિવરાજરે; ૧૮
રક્ષા ઉદ્ધાર કરે સર્વનું, રહે પરમ સંયમ સાજરે. વી૦

શરણુ લહું શ્રી જિનધર્મનું, જે સકલ દુઃખ હરનારરે; ૧૯
સર્વ સુખ સંપત્તિ મૂળ જે, શરણાગત મોક્ષ દેનારરે વી૦

સંપત્તિ કુટુંબ દુઃખદાયકા, કોઈ નહિં શરણ દાતારરે; ૨૦
અરિહંતાદિ શરણ ચાર છે, સર્વ દુઃખ મુક્તિ કર્તારરે વી૦

દેવ-ગુરૂ-ધર્મ આશાતના, કરી ઉત્સૂત્ર કહ્યા જેહરે; ૨૧
સ્થાપ્યા ઉન્માર્ગ ગુણી ઘાતીયા, નિંદું પાપો મુજ તેહરે; વી૦

પાપ કરતા અધિકરણ બહુ, ભવોભવ મેલીયા જેહરે; ૨૨
તિમ કુટુંબ પરિગ્રહ પાપકર, નિંદુ વોસીરાવું સવી તેહરે. વી૦

અરિહંત સિદ્ધ આચાર્ય તિમ, ઉવજ્ઝાય સાધુ અનંતરે; ૨૩
જગત ઉપકાર ગુણ અનંત જસ, પ્રણમી અનુમોદું બહુ ખંતરે. વી૦

અન્ય જીવોમાં પણ સદ્ગુણો, હોય જિન માન્ય સવી જેહરે; ૨૪
વિવેક બુદ્ધિ ધરી આત્મમાં, અનુમોદું ચિત્તથી તેહરે વી૦

પંચ પરમેષ્ઠિ આરાધીયા, સંઘ તીરથની કરી સેવરે; ૨૫
જૈન ધરમ નૈકવિધ આચર્યો, અનુમોદું એ શુભકરણી દેવરે. વી૦

ભાવના બાર અનિત્યાદિ તિમ, મૈત્રી પ્રમોદ કરુણાદિરે; ૨૬
મુજ મન રટણ રહો એહનું, કાપે સંસાર અનાદિરે. વી૦

અવસર જાણી અણસણ લઉં, ત્યાગી સવી આધિઉપાધિરે; ૨૭
આહાર ચઉ ત્યાગી ચઉ શરણ લઇ, ચિત્ત ધરી સમતા સમાધિરે. વી૦

સર્વ સુખપ્રદ સકલ દુઃખહર, મંત્રપતિ શાસ્ત્ર સવી સારરે; ૨૮
જિનેશપદ દાતા નવકાર મુજ, સ્મરણે રહો અવિરત ધારેરે. વી૦

આરાધનાના અધિકાર દશ, રાગ દ્વેષ વિષય કષાયરે; ૨૯
હરજો મુજ આત્મ શુદ્ધિ થશે, જેહથી શિવસુખ થાયરે. વી૦

સાલ વીરમોક્ષ પચીશસો, શ્રાવણ પૂર્ણિમા દિનરે; ૩૦
કચ્છ-બિદડામાં ચોમાસું રહી, આરાધના કીધી અદીનરે. વી૦

દશ અધિકારે આરાધના, ઇમ મુજ સાંભળી દેવરે; ૩૧
ગૌતમ નીત 'ગુણ' સૂરિ કહે, દેજો મુજ ભવોભવ સેવરે. વી૦

## શ્રાવકની કરણી

શ્રાવક તું ઊઠે પરભાત, ચાર ઘડી રહે પાછલી રાત;
મનમાં સમરે શ્રી નવકાર, જિમ પામે ભવસાયર પાર. ૧

કવણ દેવ કવણ ગુરુ ધર્મ, કવણ અમારૂં છે કુલ ધર્મ;
કવણ અમારો છે વ્યવસાય, એવું ચિંતવજે મનમાંય. ૨

સામાયિક લેજે મન શુદ્ધ, ધર્મની હઈડે ધરજે બુદ્ધ;
પડિકકમણું કરે રયણીતણું, પાતક આલોઈ આપણું. ૩

કાયા શકતે કરે પચ્ચખ્ખાણ, સૂધી પાલે જિનની આણ;
ભણજે ગણજે સ્તવન સજ્ઝાય, જિણ હુંતી નિસ્તારો થાય. ૪

ચીતારે નિત ચૌદ નિયમ, પાલે ધ્યાન જીવતાં સીમ;
દેહરે જઇ જુહારે દેવ, દ્રવ્ય ભાવથી કરજે સેવ. ૫

પૂજા કરતાં લાભ અપાર, પ્રભુજી મોટા મુક્તિ દાતાર;
જે ઉથાપે જિનવર દેવ, તેને નવદંડકની ટેવ. ૬

પોશાલે ગુરુ વંદજે જાય, સુણજે વખાણ સદા ચિત્ત લાય;
[illegible] સૂજતો આહાર, સાધુને દેજે સુવિચાર. ૭

સાહમિવત્સલ કરજે ઘણું, સગપણ મોટું સાહમીતણું;
દુઃખિયા હીણા દીનને દેખ, કરજે તાસ દયા સુવિશેષ. ૮
ઘર અનુસારે દેજે દાન, મોટાશું મ કરે અભિમાન;
ગુરુને મુખ લેજે આખડી, ધર્મ ન મૂકીશ એકે ઘડી. ૯
વારૂ શુદ્ધ કરે વ્યાપાર, ઓછા અધિકાનો પરિહાર;
મ ભરજે કેની કુડી સાખ, કૂડા જનશું કથન મ ભાંખ. ૧૦
અનંતકાય કહ્યા બત્રીશ, અભક્ષ્ય બાવીશે વિશ્વાવીશ,
તે ભક્ષણ નવી કીજે કિમે, કાચાં કુણાં ફૂલ મત જિમે. ૧૧
રાત્રિ ભોજનના બહુ દોષ, જાણીને કરજે સંતોષ,
સાજી સાબુ લોહ ને ગલી, મધુ ધાવડી મત વેચો વલી. ૧૨
વલી મ કરાવે રંગણ પાસ, દૂષણ ઘણાં કહ્યાં છે તાસ,
પાણી ગલજે બે બે વાર, અણગલ પીતાં દોષ અપાર. ૧૩
જીવાણીના કરજે યત્ન, પાતક છંડી કરજે પુણ્ય,
છાણાં ઇંધણ ચૂલો જોય, વાવરજે જિમ પાપ ન હોય. ૧૪
ધૃતની પરે વાવરજે નીર, અણગલ નીર મ ધોઇશ ચીર,
બારે વ્રત સૂધાં પાલજે, અતિચાર સઘળા ટાલજે. ૧૫
કહ્યા પન્નરે કર્માદાન, પાપતણી પરહરજે ખાણ,
માથે મ લેજે અનરથ દંડ, મિથ્યા મેલ ન ભરજે પિંડ. ૧૬
સમકિત શુદ્ધ હૈડે રાખજે, બોલ વિચારીને ભાંખજે,
પાંચ તિથિ મ કરો આરંભ, પાલો શીયલ તજો મન દંભ. ૧૭
તેલ તક્ર ઘૃત દૂધ ને દહીં, ઉઘાડા મત મેલો સહી,
ઉત્તમ કામે ખરચો વિત્ત, પર ઉપકાર કરો શુભ ચિત્ત. ૧૮
દિવસ ચરિમ કરજે ચોવિહાર, ચારે આહાર તણો પરિહાર,
દિવસ તણાં આલોએ પાપ, જિમ ભાંગે સઘલાં સંતાપ. ૧૯
સંધ્યાયે આવશ્યક સાચવે, જિનવર ચરણ શરણ ભવભવે,
ચારે શરણ કરી દઢ હોય, સાગારી અણસણ લે સોય. ૨૦
કરે મનોરથ મન એહવા, તીરથ શત્રુંજય જાયવા,
સમેતશિખર આબુ ગિરનાર, ભેટીશ હું ધનધન અવતાર. ૨૧
શ્રાવકની કરણી છે એહ, એહથી થાયે ભવનો છેહ,
આઠે કર્મ પડે પાતલાં, પાપતણાં છુટે આમલા. ૨૨
વારૂ લહિયે અમર વિમાન, અનુક્રમે પામે શિવપુર ઠાણ,
કહે જિન હર્ષ ઘણે સસનેહ, કરણી દુઃખ હરણી છે એહ.

## આપ સ્વભાવમાં રે, અબધુ સદા મગનમેં રહેના

આપ સ્વભાવમાં રે. અવધુ સદા મગનમેં રહેના;
જગત જીવ હૈ કરમાધીના, અચરિજ કછુઅ ન લીના. આપ૦ ૧
તૂ નહિ કેરા કોઇ નહિ તેરા, કયા કરે મેરા મેરા;
તેરા હૈ સો તેરા પાસે, અવર સબ હૈં અનેરા. આપ૦ ૨
વપુ વિનાશી તું અવિનાશી, અબ હૈ ઈનકું વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આપ૦ ૩
રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈસા. આપ૦ ૪
પારકી આશા સદા નિરાશા, એ હૈં જગ જનકા પાસા;
વો કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા. આપ૦ ૫
કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઓ અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલકી બાજી. આપ૦ ૬
શુદ્ધ ઉપયોગ ને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ–કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી. આપ૦ ૭

卐

## સુજ્ઞ શ્રાવિકાઓ ! આટલું તો જરૂર વાંચો...વંચાવો...અને અમલમાં મૂકો !!!

અય બહેનો ! યાદ રાખો. ઝેરને ઝેર તરીકે માનવાનો ઇન્કાર કરીને, તેને અમૃત તરીકે માનીને કોઇ ખાઈ જાય તો શું એ ઝેર ખાનારનાં પ્રાણ લીધા વિના રહે ખરું ! ખેરનાં અંગારાને રંગીન રમકડા સમજીને પકડવા પ્રયત્ન કરનાર બાળક દાઝયા વિના રહી શકે ખરું ? જો ના, તો એવી જ રીતે એમ. સી. નું પાલન ન કરવું તે બહેનોને માટે શારીરિક, માનસિક ધાર્મિક, તેમજ સામાજિક દૃષ્ટિએ અનેક રીતે ભયંકર નુકશાનકારક હોઇ જ્ઞાની ભગવંતોએ જે પાપનો ત્યાગ કરવાનો ભારપૂર્વક અનુરોધ કર્યો છે તથા આજે વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ અમેરિકા વગેરેનાં ડોકટરોએ પણ એમ. સી.નું પાલન ન કરવાથી અનેકવિધ નુકશાનો થતા હોવાનું જાહેર કર્યું છે–તેવા એમ. સી. ન પાળવાના ભયંકર પાપને કોઇ બહેનો પાપ તરીકે ન સ્વીકારે એટલા માત્રથી એ પાપ તરીકે મટી જનાર નથી માટે એમ. સી. નું પાલન કઈ રીતે કરવું જોઇએ તેની નીચેના લખાણમાંથી સુંદર સમજ મેળવી આ ભયંકર પાપથી વિરમવાનો દૃઢ સંકલ્પ કરો એજ અભ્યર્થના. પરમાત્મા સહુને સદ્‌બુદ્ધિ આપો.

## M. C. ઋતુવંતી બહેનોને ખાસ સૂચના :

૧ બીજાં વસ્ત્રોને અડકવું નહીં. રાત્રે ફરવું નહી.

૨ હાથે કલમથી લખવું નહીં.

૩ ધર્મચર્ચા તેમ જ પ્રભુનાં દર્શન કરવા નહી. ગુરુને વાંદવા નહીં. ગુરુનું નામ પણ લેવું નહીં. સામાયિક, વ્યાખ્યાન, પ્રતિક્રમણ વગેરે સાંભળવા કરવા નહીં.

૪ ગોર-દેવની આગળ ધૂપ-દીવો-પૂજાદિક કરવા નહીં.

૫ સંઘમાં નવકારશી, સાધર્મિક વાત્સલ્ય, લગ્ન, મરણાદિ કોઈ પણ પ્રસંગે જમવા જવું નહીં.

૬ દેવ-દેવી, હનુમાનને ફૂલ-ફળ, તેલ, સિંદૂર, સ્નાન વગેરે કાંઇ કરવું નહીં, તેમ જ દ્રવ્યનો હોમ પણ કરવો નહીં.

૭ પ્રભાવના લેવી નહીં.

૮ પૂજા-પ્રતિષ્ઠાનું બલિદાન રાંધવું નહીં.

૯ ભણવું-ગણવું-વાંચવું નહીં.

૧૦ ભોજન-પાણી કોઇને આપવું નહીં.

૧૧ શ્રીમંતાદિના ઘરે ગીત ગાવા જવું નહીં.

૧૨ ધાન્ય સાફ કરવું નહીં. તેમ જ અડકવું પણ નહીં.

૧૩ કોઈ વસ્તુ રાંધવી કે દળવી નહીં. ખાંડવી નહીં. તેમ જ દવા પણ વાટવી નહીં.

૧૪ શાક લીલું, સૂકું, કાપવું કે સ્પર્શ કરવું નહીં.

૧૫ ગોળ, સાકર, દૂધ, દહીં, ઘી-તેલ, સુખડી આદિક વસ્તુને અડકવું નહીં.

૧૬ ઋતુવંતીએ યાચક લોકોને હાથથી લોટ કે ધાન્ય આપવું નહીં.

૧૭ છાણ - વાસીદું કરવું નહીં, ગાય-ભેંસ વગેરેને દોહવા-છોડવા-બાંધવા નહીં.

૧૮ અથાણું આથવું નહીં, પાપડ વડી કરવા નહીં, માટી લાવવી નહીં.

૧૯ પાણી ભરવું નહીં.

૨૦ કોઈ સાથે લડવું નહીં. હિંચોળે હિંચકવું નહીં.

૨૧ પાન-સોપારી ખાવાં નહીં.

૨૨ દાતણ અંજન કરવું નહીં.

૨૩ ભરત ભરવું નહી. લૂગડા વિગેરે પણ સીવવાં નહીં અને ઓઘા પાઠા વગેરે કંઈ ભરવું નહીં.

૨૪ ઢોર માટે ખાણ, જુવાર, કપાસિયા વગેરે બાફવા નહીં.

૨૫ રમત રમવી નહી. તેમ જ એકાંતે વાત કરવી નહીં.

૨૬ લાડુ વગેરે પુષ્ટિકારક આહાર કરવો નહીં.
૨૭ ખાવામાં ધાતુનાં વાસણ વાપરવા નહીં પણ માટી, લાકડા, કે પત્થરના વાપરવા.
૨૮ ભૂમિ પર સૂવું. પણ પાટ પલંગે સૂવું નહીં.
૨૯ ચા કે કોફી પીવી નહીં, હાથોહાથ તાંબી આપવી નહીં.
૩૦ માથામાં તેલ નાંખવું નહીં, સ્વજનોને મળવા જવું નહીં.
૩૧ રાસ-મંડળ સાથીઆ પૂરવા નહીં.
૩૨ નહાવું-ધોવું નહીં, સેંથો પાડવો નહીં, માથાના વાળ ઓળવા નહીં.
૩૩ બાળક ધવરાવવો નહીં.
૩૪ જાત્રાએ જતાં ગાડી વગેરેમાં બેસવું નહીં, અને બેસો તો "તીર્થ ફરસતાં પડે નરકમાં."
૩૫ પાણી ભરીને દેરાસરમાં આપવું નહીં, અને આપે તો "સમક્તિ પામે નહીં ને નરકમાં પડે."
૩૬ ચોવીશ પહોર સુધી એક જગાએ બેસી રહેવું, પછી તે જગાએ લીંપણ કરવું અને ગૌમૂત્ર છાંટાને પવિત્ર કરવી.
૩૭ ઋતુવંતી નારી પહેલે દિવસે ચંડાલણી સરખી, બીજે દિવસે બ્રાહ્મણની ઘાત કરનાર સરખી અને ત્રીજે દિવસે ધોબણ સરખી ગણવી.
૩૮ ઋતુવંતીનું મુખ જોતાં એક આયંબિલ લાગે.
૩૯ ઋતુવંતીની સાથે વાતો કરીએ તો પાંચ આયંબિલ લાગે.
૪૦ વળી કહ્યું છે કે કમલા રાણીએ પ્રભુને વાંદી અને ફૂલ ચડાવ્યાં તેથી તે લાખ ભવ સુધી રખડી.
૪૧ ઋતુવંતી દેવતાને લે તો અઠ્ઠમ લાગે. અને અડકે તો છઠ્ઠ લાગે, માટે કાંઇ કરવું નહીં.
૪૨ ઋતુવંતીને ખાતાં ભોજન વધે તે અન્ન ઢોરને નાંખે તો બાર ભવ ભૂંડા થાય.
૪૩ ઋતુવંતી વિષય ભોગવે તો નવ લાખ ભવ રખડે.
૪૪ ઋતુવંતી પોતાના હાથે સાધુને વહોરાવે તો લાખ ભવ રખડે.
૪૫ ઋતુવંતીએ વહાણમાં બેસવું નહીં. નદી-તળાવમાં સ્નાન કરવું નહીં અને લૂગડાં ધોવા નહીં.

તેથી આ બધું વિચારીને ચોવીશ-પહોર સુધી દોષ-રહિત જે નિયમો શુદ્ધ રીતે પાળશે તો ઉત્તરોત્તર સુખને પામશે.

## પાશ્ચાત્યોની દૃષ્ટિએ :

- અમેરિકામાં "M. C. વાળી રેડ ઈન્ડીયન બાઈઓ માથા ઉપર હાથ લગાડતી નથી." એવું મિસ્ટર ફ્રેઝરે પોતાના સંશોધનપૂર્ણ ઇતિહાસમાં નોંધ્યું છે.
- યુરોપિયન ઇતિહાસમાં મિસ્ટર ફ્રેઝરે એમ નોંધ્યું છે કે: "યુરોપિયન બાઈઓ એમ માને છે કે M. C. દરમ્યાન માછલી, પાઉં કે દૂધ વગેરે ખાદ્ય પદાર્થોને હાથ લગાડવાથી તે ચીજો બગડી જાય છે.
- ફ્રાન્સમાં ખાંડની ફેકટરીમાં ઊકળતી ખાંડને ઠારતી વખતે M. C. વાળી બાઈઓને દાખલ થવા દેતા નથી, કેમકે M. C. વાળી સ્ત્રીના પડછાયાથી ખાંડ કાળી પડી જવાનું તેઓ ચોક્કસ માને છે.
- દક્ષિણ ફ્રાન્સમાં રેશમની ફેકટરીમાં રેશમ તેમજ અત્તર વગેરે સુગંધી દ્રવ્યને M. C. વાળી બાઈઓ હાથ ન લગાડે તેનું પૂરતું ધ્યાન રખાય છે. નહિ તો તેની સુવાસ બગડી જવાનું તેઓ માને છે.
- જર્મનીમાં એવી માન્યતા છે કે M. C. વાળી સ્ત્રીઓ દારૂના ગોડાઉનમાં જાય તો દારૂ બગડી જાય.
- વિલાયતમાં કેટલાક ડોકટરો ઓપરેશન થીએટરમાં M. C. વાળી સ્ત્રીઓને આવવા દેવામાં જોખમ માને છે.
- નાઈઝર સરકારે દેવળમાં M. C. વાળી સ્ત્રીઓને આવવા માટે સખ્ત પ્રતિબંધ મૂકયો હતો.
- આફ્રિકા કોનોગોની સ્ત્રીઓ M. C. દરમ્યાન સ્પેશ્યલ જુદા બાંધેલા ઝુંપડામાં ત્રણ દિવસ રહે છે અને તેનો ધણી M. C. વાળી પોતાની સ્ત્રીની છાતી ઉપર ત્રણ ખૂણાવાળો સ્કાર્ફ બાંધે છે.
- ન્યુઝીલેન્ડમાં M. C. વાળી સ્ત્રીઓ જમીન ઉપર પગ દેવાનું ઉચિત નથી માનતી તેથી જમીનથી અદ્ધર ઊંચે લટકાવેલ પાંજરામાં M. C. વાળી સ્ત્રીઓ ત્રણ દિવસ રહે છે.
- પેપુ મુલકની સ્ત્રીઓ M. C. દરમ્યાન ચાલુ ઘરમાં રહેતી નથી, જુદા ઝુંપડામાં રહે છે.
- લેબેનોનના ખેડૂતો એમ માને છે કે M. C. વાળી સ્ત્રીઓનો પડછાયો ઝાડ કે વનસ્પતિ ઉપર પડવો ન જોઇએ. તેમ જ એવું પણ માને છે કે "ઘોડા ઉપર M. C. વાળી સ્ત્રીઓએ બેસવું નહિ."

• **જૈન ધર્મની દૃષ્ટિએ :** ઋતુવંતી સ્ત્રીએ M. C. દરમ્યાન ઘરનું કંઈ પણ કામ કરવું નહી. દેરાસર વગેરે પવિત્ર સ્થાનોમાં જવું નહીં. પુસ્તક (ધર્મનું કે કોઈપણ), છાપાં તેમ જ નવકારવાળી, કટાસણું વગેરે ધર્મના ઉપકરણોને અડવું નહીં. સાધુઓ તેમ જ પવિત્ર પુરુષો આદિને તેમનું મુખ દેખાઈ ન જાય તેનું પૂરતું ધ્યાન રાખવું. શાસ્ત્રકારોએ ઋતુવંતીનું મુખ જોવાનું એક આયંબિલનું અને વાત કર્યાનું પાંચ આયંબિલનું પ્રાયશ્ચિત જણાવ્યું છે.
(પ. પૂ. અભયસાગરજી ગણિવર્ય મ. સા. સંકલિત 'વિવેકના અજવાળા' માંથી સાભાર)

---

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો
ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિદુક્કડં.

---

卐

અમૃતવેલ સ્વાધ્યાય દર્શિત

# સાધના-માર્ગ

૧ જ્ઞાનદૃષ્ટિને ઉજ્જવળ બનાવવી.
૨ મોહના સંતાપને દૂર કરવો.
૩ ચિત્તની ચપળતા ઉપર કાબૂ મેળવવો.
૪ ક્ષમાદિ ગુણનું રક્ષણ કરવું.
૫ ઉપશમ અમૃતનું સદા પાન કરવું.
૬ સાધુ પુરૂષોનાં ગુણગાન ગાવાં.
૭ દુર્જનોનાં કડવાં વચન સહર્ષ સહન કરવાં.
૮ સજ્જનોને સન્માન આપવું.
૯ ક્રોધ-માન-માયા-લોભને નિષ્ફળ બનાવવા.
૧૦ મધુર અને હિતકારી સત્ય વચન બોલવું
૧૧ સમ્યગ્દર્શનની તીવ્ર રૂચિ જગાડવી.
૧૨ કુમતિનો ત્યાગ કરવો.
૧૩ અરિહન્તાદિ ચારનું શરણું સ્વીકારવું.
૧૪ સર્વજીવો સાથે મૈત્રીભાવના ભાવવી.
૧૫ ગુણી પુરૂષો પ્રત્યે પ્રમોદ ધારણ કરવો.
૧૬ દીન-દુઃખી પ્રત્યે કરૂણા રાખવી.
૧૭ અવિનીત-નિર્ગુણી પ્રત્યે મધ્યસ્થભાવ રાખવો.

૧૮ પોતાના દુષ્કૃતના નિંદા–ગર્હા કરવી.
૧૯ પરનિંદાનો ત્યાગ કરવો.
૨૦ સુકૃતની અનુમોદના–પ્રશંસા કરવી.
૨૧ સ્વપ્રશંસાની ઈચ્છા ન રાખવી.
૨૨ બીજાનો નાનો પણ ગુણ જોઈ–સાંભળીને હર્ષ પામવું.
૨૩ પોતાના અલ્પ દોષની પણ ઉપેક્ષા ન કરવી પણ તેને ઉપાયો દ્વારા ટાળવા પ્રયત્નો કરવો.
૨૪ સ્વભૂમિકાને ઉચિત્ત સદનુષ્ઠાનનું આસેવન કરવું.
૨૫ આત્મપરિણામોને સ્થિર બનાવી શુદ્ધાત્મભાવના ભાવવી.
૨૬ સ્થિરતાપૂર્વક પરમાત્મા કે અંતરાત્માના સહજ સ્વરૂપને નિહાળવું
૨૭ આત્માના નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિરૂપ સહજધર્મની ધારણા કરવી.
૨૮ આત્મધ્યાનમાં સ્થિર બનવું.
૨૯ આત્મજ્ઞાનની રૂચિને અત્યંત તીવ્ર બનાવવી.
૩૦ રાગ–દ્વેષની મલિનવૃત્તિઓનો નાશ કરવો.
૩૧ મહાપુરૂષોનાં અનુભવ–વચનોનું દિનરાત વારંવાર પરિશીલન કરવું.
૩૨ પ્રશાન્ત અને સમત્વભાવને ધારણ કરવો.

卐

નિરંતર મનન કરવા લાયક

# શ્રી પંચસૂત્ર

## પ્રથમ સૂત્ર, શબ્દાર્થ–ભાવાર્થ

વીતરાગ સર્વજ્ઞ, દેવેન્દ્રોથી પૂજાયેલા, વસ્તુ સ્વરૂપને સત્ય સ્વરૂપે કહેનાર, ત્રણલોકના ગુરુ, અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ.

તે અરિહંત ભગવંતો કહે છે, આ જગતમાં જીવ અનાદિનો છે, જીવનો સંસાર અનાદિ કર્મસંયોગથી બનેલો છે' એ સંસાર દુઃખરૂપ છે. દુઃખરૂપ ફળને આપનાર છે અને દુઃખની પરંપરાને ચલાવનારો છે, એ સંસારનો નાશ શુદ્ધધર્મથી થાય. શુદ્ધધર્મની પ્રાપ્તિ, મિથ્યાત્વાદિ પાપકર્મોના નાશથી થાય અને એ પાપકર્મોનો નાશ, તથા ભવ્યત્વાદિના પરિપાકથી (આત્માની યોગ્યતાના વિકાસથી) થાય. તથા ભવ્યત્વના પરિપાકના ત્રણ સાધનો છે. (૧) ચાર શરણનો સ્વીકાર (૨) દુષ્કૃત ગુર્હા (૩) સુકૃતની અનુમોદના. માટે સંસારથી મુક્ત થવાની ઈચ્છાવાળાએ હંમેશા નિર્મળ ભાવે આ ત્રણ ઉપાયોનું સેવન, સંક્લેશ વખતે વારંવાર અને અસંક્લેશ વખતે ત્રિકાળ સમ્યક્ પ્રણિધાન સાથે કરવું જોઈએ.

• ઐશ્વર્યાદિ ઋદ્ધિવાળા ત્રણલોકના નાથ, તીર્થંકર નામકર્મ આદિ ઉંચા પુણ્યના ભંડાર, રાગદ્વેષમોહનો ક્ષય કરનાર. વગર માંગે ન કલ્પી શકાય તેવું ફળ આપનાર ચિંતામણી રત્નસમાન, ભવસાગરમાં જહાજ સમાન, એકાંતે શરણ કરવા યોગ્ય, અરિહંત ભગવંતોનું જાવજ્જીવ મારે શરણ હો !

• જેઓના જરા, મરણ વગેરે સર્વથા નાશ પામ્યા છે, કર્મનું કલંક ચાલ્યું ગયું છે; જેમના સર્વ પ્રકારના દુઃખ પીડાઓ નાશ પામ્યા છે, જેઓ કેવળજ્ઞાન-કેવળદર્શનના ધારક છે, મોક્ષમાં બિરાજમાન છે, અનુપમ સુખના ભંડાર અને સર્વથા કૃતકૃત્ય એવા સિદ્ધ ભગવંતોનું મારે શરણ હો !

• તેમજ પ્રશાંત અને ગંભીર આશયવાળા સાવદ્યયોગથી વિરામ પામેલા, પંચાચારના જ્ઞ-પ્રત્યાખ્યાન પરિજ્ઞાવાળા, પરોપકાર કરવામાં અત્યંત રકત, કમળ આદિની ઉપમાવાળા, ધ્યાન-અધ્યયનમાં પરોવાયેલા, વિશુદ્ધ થતા ભાવવાળા, સાધુ-ભગવંતોનું મારે શરણ હો !

તથા જગતમાં જે કોઇ સુર-અસુર અને મનુષ્યો છે. તેમનાથી પૂજાયેલા, મોહ અંધકારનો નાશ કરવામાં સૂર્યતુલ્ય, રાગ અને દ્વેષરૂપ ઝેરનો નાશ કરવા માટે પરમમંત્ર તુલ્ય, સર્વ કલ્યાણની સાધનામાં હેતુભૂત, કર્મવનને બાળવા માટે અગ્નિ જેવા, આત્માના સિદ્ધભાવના સાધક એવા કેવલી ભગવંતે કહેલા ધર્મનું મારે જાવજ્જીવ શરણ હો !

આ ચારના શરણે ગયેલો હું ગુરુસાક્ષીએ દુષ્કૃતોની ગર્હા કરૂં છું-મેં અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ અને સાધ્વીઓ પ્રત્યે, બીજા પણ માનનીય અને પૂજનીય ધર્મસ્થાનો તેમજ અનેક જન્મના માતા, પિતા, બંધુ, મિત્ર કે ઉપકારી પ્રત્યે અથવા સામાન્યથી મોક્ષમાર્ગમાં સાધનભૂત અથવા અસાધનભૂત સર્વ વસ્તુ પ્રત્યે, જે કાંઈ વિપરિત આચરણ કર્યું, ન કરવા યોગ્ય આચરણ કર્યું, ન ઇચ્છવા જોગ ઇચ્છયું, આવું જે કાંઈ પાપનો અનુબંધ કરાવનારૂં પાપ, સૂક્ષ્મ કે બાદર (નાનું કે મોટું) મનથી, વચનથી કે કાયાથી, મેં પોતે કર્યું, બીજા પાસે કરાવ્યું કે કોઇથી કરાતા પાપને સારૂં માન્યું [અનુમોદ્યું] તે પણ રાગથી. દ્વષથી કે મોહથી, આ જન્મમાં કે અન્ય જન્મમાં કર્યું હોય, તે સઘળું પાપ ગુરુસાક્ષીએ ગર્હા કરવા યોગ્ય છે. દુષ્કૃત તજવા યોગ્ય છે. આવું મેં કલ્યાણમિત્ર

ગુરુભગવંતના વચનથી જાણ્યું અને મને શ્રદ્ધાથી રુચ્યું. અરિહંત દેવ અને સિદ્ધભગવંતની સાક્ષીએ હું દુષ્કૃત્યની ગર્હા કરૂં છું. મારૂં એ દુષ્કૃત્ય મિથ્યા થાઓ! મિથ્યા થાઓ!! મિથ્યા થાઓ!!!

મારી આ દુષ્કૃતગર્હા સમ્યક્ પ્રકારે થાઓ. ફરી એ દુષ્કૃત ન કરવાનો મારે નિયમ હો! આ વાત મને ખુબ જ ગમી છે. એ માટે અરિહંત ભગવંતોની અને કલ્યાણમિત્ર ગુરુભગવંતની હિતશિક્ષા વારંવાર ઇચ્છું છું.

મને દેવ અને ગુરુનો સુયોગ મળો. મારી આ પ્રાર્થના સફળ થાઓ! આ પ્રાર્થનામાં મને બહુમાન થાઓ અને આ પ્રાર્થનાના પ્રભાવે મારા આત્મામાં મોક્ષનું બીજ પડો અને ફળરૂપે મોક્ષ મળો.

મને દેવગુરુનો સુયોગ પ્રાપ્ત થતાં, હું તેઓની સેવાને યોગ્ય થાઉં, તેઓની આજ્ઞાપાલનને યોગ્ય થાઉં, તેઓની આજ્ઞાને બહુમાન પૂર્વક સ્વીકારનારો થાઉં અને નિરતિચારપણે તેઓની આજ્ઞાનો પાલક બનું.

મોક્ષનો અર્થી બનેલો હું યથાશક્તિ સુકૃતને સેવુ છું અને સર્વ અરિહંતોના અનુષ્ઠાનની, સર્વ સિદ્ધોના સિદ્ધપણાની, સર્વ આચાર્યોના પંચાચારની, સર્વ ઉપાધ્યાયોના સૂત્રદાનની, સર્વ સાધુઓની સાધુક્રિયાની સર્વે શ્રાવકોના મુકિતસાધક યોગોની, સર્વ દેવો તથા કલ્યાણની ઇચ્છાવાળા સર્વજીવોના, મોક્ષ માર્ગને અનુકૂળ યોગોની અનુમોદના કરૂં છું.

સર્વશ્રેષ્ઠ ગુણોથી યુકત શ્રી અરિહંતાદિના સામર્થ્યથી મારી આ અનુમોદના સારી રીતે વિધિપૂર્વકની થાઓ, શુદ્ધ આશયવાળી થાઓ. સમ્યક્ સ્વીકારવાળી અને નિરતિચાર–અતિચાર વિનાની થાઓ.

શ્રી અરિહંત ભગવંતો અચિંત્ય શક્તિથી યુકત છે. વીતરાગ છે. સર્વજ્ઞ છે. પરમ કલ્યાણ સ્વરૂપ છે. જીવોને પરમ કલ્યાણની સાધનમાં શ્રેષ્ઠ આલંબનરૂપ છે.

હું મૂઢ છું, અનાદિ મોહથી વાસિત છું, વાસ્તવમાં હિતાહિતનો અજાણ છું. તેથી હિતાહિતને સમજનારો થાઉં. અહિતથી પાછો ફરનારો થાઉં, હિતમાં પ્રવૃત્તિ કરનારો થાઉં અને સર્વ જીવો સાથે ઉચિત વર્તન કરી, સ્વહિતનો આરાધક થાઉં.

આ પ્રમાણે હું સુકૃતને ઇચ્છું છું, સુકૃતને ઇચ્છું છું, સુકૃતને ઇચ્છું છું.

આ 'પાપ પ્રતિઘાત-ગુણ બીજાધાન' નામના સૂત્રનો પાઠ કરવાથી, સાંભળવાથી અને એના અર્થની વિચારણા કરવાથી, આપણે પૂર્વે બાંધેલાં અશુભકર્મોનો રસ મંદ પડે છે, કર્મોની સ્થિતિ ઘટી જાય છે. નિર્મૂળ નાશ પામે છે. એટલું જ નહિ પણ આ સૂત્રના પાઠથી, શ્રવણથી અને ચિંતનથી આત્મામાં પ્રગટતા શુભ પરિણામથી, જેમ સર્પાદિના ડંખ આગળ દોરી બાંધવાથી ઝેર આગળ વધતું નથી. તેમ અશુભ કર્મ નિરનુબંધ (સામર્થ્ય વિનાનું) થાય છે. ઉદયમાં આવે, તો પણ આત્માને મોહવશ કરવામાં અસમર્થ બની જાય છે. સુખપૂર્વક ખપાવી શકાય એવું બને છે. ફરી એવા કર્મનો બંધ થતો નથી.

વળી જેમ ઉત્તમ ઔષધનો વિધિ અને પરેજી પૂર્વક પ્રયોગ કરવાથી સુંદર આરોગ્ય પ્રાપ્ત થાય છે તેમ આ સૂત્રનો પાઠ કરવાથી શુભ કર્મના અનુબંધનો પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે. શુભ કર્મોની પરંપરા પુષ્ટ થાય છે. તેથી ઉત્કૃષ્ટભાવવાળું શુભ કર્મ જ બંધાય છે.

આ પુણ્યાનુબંધી પુણ્યકર્મ પ્રકૃષ્ટ હોય છે. અકૃષ્ટભાવથી ઉપાર્જેલું હોય છે, અવશ્ય ફળ આપનારૂં હોય છે.

માટે અશુભભાવને રોકવાપૂર્વક આ સૂત્રનો અવશ્ય પાઠ કરવો જોઇએ, સાંભળવું જોઇએ અને સારી રીતે એના અર્થની વિચારણા કરવી જોઇએ.

દેવ-દાનવોથી નમાયેલા, ઇન્દ્રોએ તથા ગણધરો પણ જેઓને નમસ્કાર કર્યા છે, તે પરમગુરુ વીતરાગ ભગવંતને નમસ્કાર થાઓ!

નમસ્કાર કરવા યોગ્ય બીજા પણ સિદ્ધ ભગવંતો તથા આચાર્યાદિને નમસ્કાર થાઓ. સર્વજ્ઞ ભગવંતનું શાસન જય પામો! સમ્યક્ત્વની પ્રાપ્તિથી જગતના જીવો સુખી થાઓ!

સુખી થાઓ! સુખી થાઓ!

સર્વથા સહુ સુખી થાઓ, પાપ ના કોઈ આચરો;
રાગદ્વેષથી મુક્ત થઇને, મુક્તિ સુખ સૌ જગવરો

**શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ**
**સંચાલિત**
**'દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ ગ્રન્થ પ્રકાશન કેન્દ્ર'**

## ૦ પ્રકાશિત પુસ્તકોની નામાવલિ ૦

૧ દાદાશ્રી કલ્યાણસાગરસૂરિ જીવન ચરિત્ર (હિન્દી)
૨ જીવન ઉન્નતિ યાને તીર્થયાત્રા
૩ બાર વ્રતોનો ચાર્ટ ૪ ચૌદ નિયમનો ચાર્ટ
૫ આરાધના દિપિકા ૬ દેશ વિરતિ દિપિકા
૭ પર્યુષણ અષ્ટાહિન્કા વ્યાખ્યાન ભાષાન્તર (પ્રતાકારે)
૮ શ્રી શ્રાવકના ૨૧ ગુણોનો ચાર્ટ ૯ જૈન કથા સંદોહ
૧૦ શ્રી શત્રુંજય ગુણસ્તવમાલા ૧૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર
૧૨ ગુણપરાગ
૧૩ શ્રી ૨૮ વિવિધ પૂજા સંગ્રહની પુસ્તિકાઓ
૨૯ યુવક પરિષદ-પરિચય પુસ્તિકા
૩૦ અંતરના અમી
૩૧ બારસા સૂત્રનોસાર
૩૨ સ્તવન ચોવીસી (પરીક્ષાર્થી માટે)
૩૩ } અક્ષયનિધિ તપ (ગુજરાતી તથા હીન્દી)
૩૪ }
૩૫ પૌષધાદિ આરાધના વિધિ (હીન્દી)
૩૬ પ. પૂ. અચલગચ્છાધિપતિશ્રીનું જીવન ચરિત્ર (હીન્દી)
૩૭ શ્રી અચલગચ્છ વિવિધ પૂજા સંગ્રહ (હીન્દી)
૩૮ શ્રી અચલગચ્છ પટ્ટાવલી (હીન્દી)
૩૯ શ્રી અર્હદ્ જ્યોતિ ગુણમાલા (હીન્દી)
૪૦ 'આત્મમંગલ'
૪૧ શ્રાવક જનતો તેને રે કહીએ....
૪૨ થી ૪૪ ગુણ મંજુષા ૧-૨-૩
૪૫ શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિ ગ્રંથ
૪૬ અચલગચ્છના ઇતિહાસની ઝલકો

**નોંધ:-** ઉપરોકત પુસ્તિકાઓ સાધુ સાધ્વીજીઓને સિલકમાં હશે ત્યાં સુધી ભેટ મળશે. ૦ જ્ઞાન ભંડારોને પોષ્ટની ટિકિટ મોકલવાથી ભેટ મળશે. અથવા સંઘના પત્ર પર પણ ભેટ અપાશે. આજે જ ઉપરોકત પુસ્તકો વસાવી લેશો.

卐

# મંગલ પ્રેરણા

અહો! અનંત પુણ્યરાશિ એકત્રિત થઈ ત્યારે મળ્યો છે આ માનવ અવતાર!... દશ દશ દ્રષ્ટાન્તે દુર્લભ!!... દેવોને પણ સ્પૃહણીય!!! જેની એક એક પળ લાખેણી! અરે, ભૂલ્યો.... લાખેણી નહિ પણ અમૂલ્ય!!! અને વળી સાથે સાથે સુદેવ-ગુરુ-ધર્મની સામગ્રી!... અહો! છતાં... છતાં પણ હે આત્મન્! જો તું આવા ક્ષણ ભંગુર અને પરિણામે કટુ-તુચ્છ વિષય-ભોગોને ખાતર, અચિંત્ય ચિંતામણી સમાન ધર્મની ઉપેક્ષા કરી રહ્યો છે! તો અફસોસ! તારા જેવો કમનશીબ બીજો કોણ???... નહિ... નહિ... સરોવર કાંઠે આવીને તરસ્યા પાછા જવું એ તો કેમ જ ચાલે? કિનારે આવેલી નૌકા ડુબી જાય એ તો કેમ જ પોષાય???... માટે હે આત્મન્! ઉઠ... જાગ, તારી અનંત આત્મશક્તિ પર શ્રધ્ધા રાખ અને અનંત જ્ઞાની એવા પરમ કૃપાળુ જિનેશ્વર પરમાત્માએ બતાવેલ ઉભયલોકમાં હિત-કારી એવા સર્વવિરતિ(સંયમ)ધર્મનો સ્વીકાર કરીને તારા આત્મસ્વરૂપમાં સ્થિર થા...

... પણ જો કદાચ હાલ તુરત તું તેમ કરવાને માટે અસમર્થ હોય તો છેવટે જ્યાં સુધી સંયમ ન લઈ શકાય ત્યાં સુધી આ પુસ્તિકામાં દર્શાવેલ શ્રાવક જીવનની વિવિધ આરાધનાનું સાચું સ્વરૂપ ગુરુ-ગમથી સારી રીતે સમજી અને વહેલી તકે તેનો યથાશક્તિ સ્વીકાર કરવામાં એક પળનોય વિલંબ કરીશ મા! જેથી પાછળથી પસ્તાવું ન પડે! જો જે આવો અવસર ફરી ફરી નહિ આવે!

પ્રિય પાઠક, મને આશા અને પૂર્ણ વિશ્વાસ છે કે તારા આ કલ્યાણ મિત્રની આટલી ઈચ્છા તો તું પૂર્ણ કરીશ જ...

'ગુણબાલ'